# 1

# એક અકસ્માત

અકસ્માતોની વધતી જતી શૃંખલા, જ્યાં જુઓ ત્યાં પાર વગરના અકસ્માતો સર્જાયા કરે. કોઈ અંત નથી આ વાતનો. શહેર હોય કે ગામડું હોય, આકાશ હોય કે રત્નાકર ઘૂઘવતો હોય. અકસ્માત રોક્યા રોકાય એમ નથી. અકસ્માતોની ઘટમાળ જીવનમાં અને દુનિયામાં ચાલતી જ રહેવાની એ પણ કુદરતી કરામત જ છે...

'ગુજરાત એક્સપ્રેસને નડેલો અકસ્માત ૭૦ જણાં ઘાયલ.'

'એસ. ટી. બસ ખાડામાં ઊંધી પડવાથી ૧૦ માણસો માર્યાં ગયાં અને ૧૭ જણાને ઈજા થઈ.'

'હોડી હોનારતમાં ૪ (ચાર) માનવી ડૂબી ગયા. બીજા જેમને તરતાં આવડતું હતું તે તરીને સામે કિનારે પહોંચી ગયા.'

'સંજય ગાંધીને નડેલા વિમાની અકસ્માતમાં તેમનું થયેલું મૃત્યુ. શોકમાં ડૂબી ગયેલું સંપૂર્ણ ભારત.'

ઓટોરિક્ષા-બસ (એસ.ટી.) ટ્રક અડફેટથી અમુક જણાં મરી ગયાં... વગેરે...વગેરે...

આવા આવા અકસ્માતોથી ભરપૂર સમાચારો વાંચીને અમુલખરાય ચોક્સી કંટાળી ગયા હતા. ત્રાસી ગયા હતા. અકસ્માતથી ભરપૂર આ માનવીની જિંદગીની કોઈ જ કિંમત નથી. તેથી જ જ્યારે જ્યારે કાન્તાબહેન પોતાનો દીકરો (કાન્તાબહેન અમુલખરાયનાં પત્ની)





અમર જ્યારે જ્યારે બહારગામ જાય અથવા જવાનો હોય ત્યારે :

'બેટા, સંભાળીને જોઈ સાચવીને જજે હોં...'

'બેટા, શાંતિથી જવું અને શાંતિથી આવવું. કોઈ દિવસ ઉતાવળ તો કરવી જ નહીં.'

'બેટા, અમથું અમથું વાગે તોય... વાગ્યું અને તેની પાછળ દોડાદોડ દવા-દારૂનો ખર્ચ, જેથી સંભાળવું'- વગેરે શબ્દોથી કાન્તાબહેન જ્યારે અમરને સમજાવતાં ત્યારે -

'તારો સ્વભાવ જ એવો છે... સાવ બળેલી ને બળેલી જ રહેવાની. તારા છોકરાને કાંઈ નહીં થાય. અમુલખરાય અકળાતા.' જવાબમાં કાન્તાબહેન : 'તમારે શું ? છોકરો મારો ઝૂંટવાઈ જાય.'- અમુલખરાય અમરની સામે જોતા ત્યારે બાપ-દીકરો બંને મરક મરક હસી પડતા.

અમુલખરાય ચોક્સી હીરા-ઝવેરાત, માણેકના આ શહેરના એક નંબરના વેપારી હતા. મહાજનોમાં તેમની ગણના થતી. તેઓ ભારે ઉદાર અને ધાર્મિક વૃત્તિના. સવારના નાહી-ધોઈ પથારી સેવા-પૂજા કરી રણછોડજીના મંદિરે જતા, ત્યાર પછી પોતાની દુકાને વેપારમાં જોડાઈ જતા. સાંજે દુકાન વધાવી ઘેર આવતા અને પછી મંદિરે ઈશ્વરભજન કરવા ઊપડી જતા. એ ભલા-એમનો વ્યાપાર ભલો અને એમના ભગવાન ભલા. કાન્તાબહેન પણ મમતાળુ અને ભારે શ્રદ્ધા રાખતાં ભગવાનમાં... એમનો એકનો એક દીકરો અમર આગળ-પાછળ કોઈ નહીં. સાસુ, સસરા, નણંદ, ભોજાઈ, દિયેર, દેરાણી, જેઠ-જેઠાણી કોઈ નહીં. સાવ શાંત સરોવર જેવી તેમની જિંદગી હતી. અમુલખરાય એમના વેપારમાં (દુકાન તથા પેઢી અને દુકાનના ત્રણ મુનીમો, ત્રણચાર નોકર) વેપારના વાયદામાં તાર, ટેલિફોન અને રૂપિયાની આવકજાવકમાં ડૂબેલા રહેતા. પૈસા પૈસાનો હિસાબ ગણતા રહેતા. અમર પોતાની દુનિયામાં પોતાના મિત્રોમાં અને પોતાના સાહિત્યમાં મશગૂલ રહેતો, જ્યારે કાન્તાબહેન ઘરકામમાં નોકરચાકર

જોડે કામ કઢાવવામાં, તેમની સાથે માથાકૂટ કરવામાં મશગૂલ રહેતાં. શહેરમાં બે આધુનિક મકાન, બજારમાં (બે ધમધોકાર ચાલતી દુકાનો; એ પેઢી એક દુકાન) આધુનિક ફ્લૅટ, મકાનમાં આધુનિક સુખ-સગવડ... શેઠ અમુલખરાય વાદળી રંગની ફિયાટ રાખે. અમર માટે વાસ્પા સ્કૂટરની સગવડ હતી. ભલભલાને અદેખાઈ આવે તેવી અમુલખરાય-કાન્તાબહેન-અમરનાં સુખસાહ્યબી હતાં પણ ત્રણેય જણ સીધાં, સરળ, સાદાં, ભોળાં અને નિર્દોષ સ્વભાવનાં હતાં. દરેકને ગમી જાય તેવાં હતાં. ભલભલા તેમની સુખસાહ્યબી જોઈને ઈર્ષ્યાની આગમાં બળી જતા પણ તે વાતની અમુલખરાય, કાન્તાબહેન કે અમરને પરવા ન હતી. તેમનો સ્વભાવ તો કોઈ વહી જતા ઝરણા જેવો નટખટ અને મનોરમ પહેલેથી જ હતો...

આજે સવારે કાન્તાબહેનથી જ્યારે સ્ટેન્ડિંગ કિચન પર દૂધનું પવાલું ઊંધું વળી ગયું ત્યારે તેમના મનમાં શંકા-કુશંકાનાં વાદળો ઘેરાવા લાગ્યાં.

અમરે બી.એડ્.ની પરીક્ષા પાસ કરી હતી. પ્રથમ વર્ગમાં અને આજ રોજ નોકરી અંગે ઇન્ટરવ્યૂ આપવા જવાનો હતો. કાન્તાબહેનના મનમાં છેક રાત્રે સૂતાં ત્યારથી જ આનંદ હતો. સવારે છોકરાને ઘી અને કંસાર જમાડી મોકલીશ, એટલે નોકરીનું પાકું.

જ્યારે અમુલખરાયે હવે : 'નોકરી-બોકરી કર્યા કરતાં વેપારમાં ઝંપલાવે તો સારું'. કહી વેપારની લાઇનમાં જોડાઈ જવાની સલાહ આપી ત્યારે -

'બાપુજી, હમણાં તમે છો એટલે મારે નિરાંત છે. હું તો નોકરી, બસ શોખને ખાતર જ કરું છું...' અમરે હસીને જવાબ વાળેલો.

અને કાન્તાબહેને અમર ઇન્ટરવ્યૂ આપવા જાય તે પહેલાં :

'બેટા, સંભાળીને સાચવીને જજે હોં...!'

'બેટા, શાંતિથી જવું અને શાંતિથી આવવું. કોઈ દિવસ ખોટી ઉતાવળ તો કરવી જ નહીં.'



'બેટા, અમથેઅમથું વાગ્યું તોય વાગ્યું અને તેની પાછળ દોડા-દોડ, દવા-દારૂનો ખર્ચ, જેથી સંભળાવું-'

'બેટા, રસ્તે જતાં આડે બિલાડી ઊતરે તો પાછા ફરવું, છીંક આવે તો રોકાઈ જવું.'

બાની પુરાણકથા વધુ આગળ ચાલે નહીં તે માટે અમરે બા-બાપુજીને પ્રણામ કરી સ્કૂટર મારી મૂક્યું...

અમુલખરાય આજે રજા હોઈ બેઠાબેઠા અઠવાડિયાનાં છાપાંનાં પાનાં ઊલટાવતા હતા. એમની નજરે અકસ્માતો જ અકસ્માતો દેખાતા હતા. અમુલખરાય આ બધું વાંચી અકળાતા હતા. લોકો કેટલા બધા બેદરકાર થઈ ગયા છે ? પોતાના જાન-માલની લગીરે પડી છે ? બસ, જ્યાં જુઓ ત્યાં આંખો મીંચીને જાય નાઠા. એમને મન રસ્તો એટલે ફૂલ-છોડનો બગીચો....

એવામાં ટ્રીઈઈઈન... ટ્રીઈઈઈ ફોનની ઘંટડી. સામે છેડેથી :

'અમુલખકાકા, આપણા અમરભાઈ ઇન્ટરવ્યૂ આપીને પાછા આવતા હતા ત્યારે તેમના સ્કૂટરને કોઈ ટ્રકવાળો ટક્કર મારીને ભાગી ગયો છે... અમર હાલ મિશનના દવાખાનામાં છે. બેભાન હાલતમાં છે. કાકીને વાત કરશો નહીં.' સામે છેડેથી અમરનો બાળ-લંગોટિયો ભાઈબંધ કિશોર ગભરાયેલો ગભરાયેલો બોલતો હતો. મિશનમાં (દવાખાનામાં) અમરને દાખલ કરીને તેણે સીધો ફોન અમુલખરાયને કર્યો હતો.

અમુલખરાયના તો આ વાત સાંભળીને બસ હાંજા જ ગગડી ગયા. જેમ તેમ કરીને તૈયાર થઈને તેમણે ડ્રાઈવર ઈશ્વરને બોલાવ્યો.

કાન્તાબહેને જ્યારે પૂછ્યું ત્યારે : 'બહાર જઈને આવું છું.' કહી ઝડપથી વાદળી ફિયાટનું બારણું ખોલી ગાડીમાં બેસી ગયા અને કાકાએ કહ્યું :

'આઈ. વી. મિશન દવાખાનામાં લઈ લે, ભઈલા'.

આ બાજુ અમરે મોતની સાથે બાથ ભીડી હતી. અમરના

શરીરમાંથી વધારે પડતું લોહી વહી ગયેલું હતું. તે બેભાન અવસ્થામાં હતો. તેનું શરીર પાટાપિંડીએથી ભરપૂર હતું અને હાલ ઑક્સિજન પર રાખવામાં આવ્યો હતો. તેની હાલત ચિંતાજનક તો હતી જ... જ્યારે કાન્તાબહેને આ વાત જાણી ત્યારે રોતાંકકળતાં આવ્યાં અને કકળાટ કરવા લાગ્યાં. બધાએ તેમને સાંત્વન આપ્યું. અમુલખરાયે પણ દિલાસો આપ્યો. ડૉ. શાહ પણ આવી ગયા...

'હવે પહેલાં કરતાં સારું છે.' આશ્વાસનના શબ્દો કહી ગયા પણ બધાના જીવ તો પડીકે બંધાયા હતા.

અમર મોતની સાથે ખેલ ખેલી રહ્યો હતો.

■

# 2

# નોકરી મળી

એક બાજુ અમરની બીમારી પૂરી થઈ એટલે કે 'અકસ્માતમાં ઘવાયેલા હોઈ' તેને કારણે આવી ગયેલો મંદવાડ. જાણે શિયાળામાં અચાનક વરસી પડેલું માવઠું અને બીજી બાજુ અમરને પટેલ ઍન્ડ શાહ હાઈસ્કૂલમાં હાયર સેકન્ડરી ટીચર તરીકેનો ઍપોઈન્ટમેન્ટ લેટર મળ્યો... કાન્તાબહેન અને અમુલખરાયને મન તો સાત સોનાનો સૂરજ ઊગ્યો. બંને જણ હરખમાં આવી ગયાં. કાન્તાબહેન અને તે તેમણે રાખેલી બાધા પૂરી કરવા ડાકોર-અંબાજી ઊપડી ગયાં અને જાત્રાએથી પાછાં આવી પેંડા વહેંચ્યા... બધાને.

પહેલો દિવસ, નોકરીનો પહેલો દિવસ.

એક અનોખો અનુભવ નવા જગતમાં ઊતરી આવ્યો હોય તેમ અમરને લાગતું હતું. પોતે માલદાર બાપનો બેટો હોય તેમ આદર,



માન, સત્કારથી, બોલાવતાં હતાં. અમરને આ વાત જ ગમતી ન હતી, પોતે એક માલદાર બાપનો બેટો હોવાને કારણે લોકો તેને માન આપે, તેની વાહ-વાહ કરે તે તેને ગમતું ન હતું, બરાબર લાગતું ન હતું. નોકરીને પહેલે દિવસે તે સ્ટાફના તેમ જ આચાર્ય, સભ્યોની સાથેની મુલાકાતમાં અટવાયેલો રહ્યો... સ્કૂલના આચાર્ય ત્રિવેદી સાહેબ, ઉપાચાર્ય જોશી સાહેબ, બીજા શિક્ષકભાઈઓ-દીનકરભાઈ, ચારુલતાબહેન, ઉષાબહેન, મંદાકિની, ચંદ્રકાન્ત, ઉમેશભાઈ, ધનરાજભાઈ, વડીલ કાકા કરસનકાકા, ડ્રૉઈંગ ટીચર ગોવિંદભાઈ અને વિનોદભાઈનો સ્વભાવ તેને અનુકૂળ લાગ્યો... આ બધામાં ફક્ત અંજના પરીખ સાવ અતડી રહેતી હતી. તે આખો દિવસ વીતી ગયો છતાં એક શબ્દ પણ પોતાની સાથે બોલી ન હતી...

અંજના પી. પરીખ...

અંજના પી. પરીખ., પી. પરીખ એટલે પ્રબોધરાય પરીખ. એ કાઠિયાવાડ બાજુના કોઈ ગામની હતી તેવું વાતવાતમાં વિનોદભાઈએ જણાવ્યું હતું. અંજના પોતે એમ.એ.બી.એડ્. ફર્સ્ટક્લાસ (હિન્દી સાહિત્ય) હતી. જ્યારે પોતે એમ.એ.બી.એડ્. ફર્સ્ટક્લાસ (ગુજરાતીમાં) હતો... સાહિત્યરસિક હતો એટલે જોડી જામશે, તેણે વિચાર્યું.વાતવાતમાં સાંજ પડી ગઈ. વાર્તાલાપો, મુલાકાતો અને અવનવી ઓળખાણ-પિછાણોમાં સમય, વહેતી સરિતા સમાન પહેલાં ઝડપી લાગ્યો...

- સાંજે ઘેર પહોંચ્યો ત્યારે-

અમરને તેની બાએ, સ્કૂટર લઈને નોકરી કરવા જાય છે તો સાચવીને જવું અને સાચવીને આવવું, શિખામણ આપવા માંડી ત્યારે;

'હવે એને પાણી-બાણી પીવા દઈશ કે પછી શિખામણના પોટલાથી જ તેનું પેટ ભરી દઈશ ?' અમુલખરાય ખિજાયા...

'હવે તમે તમારે બેસો ને... ગઈ વખત કેવું થયું હતું, ભૂલી ગયા... એટલી વારમાં ?' બબડી કાન્તાબહેન રસોડા તરફ વળી ગયા અને મહારાજને થાળીઓ લાવવા જણાવ્યું.

બધાં ડાઈનિંગ ટેબલ પર બેઠાં. વાતવાતમાં : 'અમર બેટા હવે તને

નોકરી તો મળી ગઈ. હવે કોઈક સારી જગા જોઈને કોઈ સારી છોકરી સાથે તને પરણાવી દઈએ એટલે અમારે ઘેર નંદ ઘેર આનંદ ભયો.' આજે કાન્તાબહેન પોતાના છોકરાને નોકરી મળી હતી એટલે જરા વધારે ઉત્સાહમાં લાગતાં હતાં. આજે શિખંડ, પૂરી ને બત્રીસ ભોજન બનાવ્યાં હતાં...

આમ તો અમર : 'જો બા દરેક વાતની ઉતાવળ નહીં સારી. પહેલાં નોકરી શોધવા ગયો ત્યારે ટ્રક અકસ્માત થયો અને બેત્રણ મહિના દવાખાનાની હવા ખાધી મફતમાં. હવે હું છોકરી શોધવા જઈશ તો... ઉપર ભગવાનને ઘેર પહોંચી જઈશ પાછો નહીં આવું, એવું બોલવા વિચાર્યું પણ બાપુજી (અમુલખરાય) શાંતિથી જમતા હોઈ તેણે પણ પોતાનું મન શિખંડ, પૂરી અને બટટા-વડાંમાં પરોવ્યું...

જમી-પરવારીને અમર બાજુમાં પોતાના ફળિયામાં રહેતા વિનોદભાઈ જાનીને ઘેર ગયો. વિનોદભાઈ જાની પોતે પટેલ ઍન્ડ શાહ હાઈસ્કૂલના સંસ્કૃતના જૂના અને જાણીતા ટીચર (શિક્ષક) હતા. એમનો સ્વભાવ લપલપિયો... જે વાતની લપ લઈને બેસે તે વાતને પડતી મેલે તો વિનોદભાઈ શાના ?

'આપણી શાળાના આચાર્યનું તો કંઈ ભેજું છે ?'

'પેલા દિનકરભાઈને તો કશું યાદ રહેતું નથી. પછી ચારુલતાબહેનની તો વાત જ શી કરવી ? તેઓ તેમની ફેશન અને લિપ્સ્ટિકમાંથી ઊંચાં નથી આવતાં ! ઉષાબહેન અને મંદાકિનીબહેન તો કાબરની જેમ આખો દિવસ બોલ બોલ કરે છે...'

આ સાંભળી અમરે મનમાં ને મનમાં કહ્યું :...ત્યારે તમેય હું આવ્યો છું ત્યારથી કાઉ-કાઉ કર્યા કરો છો.' તે શબ્દો મનમાં ને મનમાં રાખીને અમર ઉવાચ :

'વિનુભાઈ, તમેય ક્યાં ઓછું બોલો છો ?'

'ના, મારો સ્વભાવ જ એવો છે. મારાથી બોલ્યા વગર ના રહેવાય. એ તો એમ વાત છે ને ભાઈ, બોલે તેના બોર વેચાય... જે ના બોલે તેનો ભાવ કોણ પૂછે ! પેલી અંજનાબહેનને કોઈ પૂછે છે ? આખો દિવસ બસ ઘુવડની જેમ બસ મોં ફુલાવીને ફર્યા કરવું એ તો કાંઈ રીત છે ?'



'હશે વિનુભાઈ, એમાં તમારે શો વાંધો આવ્યો ? એ ના બોલે એમાં તમારે શું અને મારે શું ?' અમરે બગાસું ખાધું તે વિનુભાઈની લપલપથી કંટાળ્યો હતો. તેવામાં શારદાબહેન ચા લઈને આવ્યાં. તે જોઈને... : 'અરે, માશી તમે શા માટે તકલીફ લીધી...? વળી હું તો જમીને આવ્યો છું.' અમરે વિવેક કર્યો.

'અરે, એમાં તકલીફ શેની ? ભલા માણસ તમારે ઘેર અમે આવીએ છીએ ત્યારે ચા પીધા વગર પાછાં ક્યાં જઈએ છીએ ?'

શારદાબહેનને બદલે વિનુભાઈ વળી પાછા મેદાનમાં કૂદી પડ્યા અને પોતાની લવ-લવ સાથે પોતે જ્યારે અમરને ઘેર આવે ત્યારે ચા મળશે તે વાતનું પાકું કર્યું...

'વિનુભાઈ, એક વાત કરવી ભૂલી ગયો... કાલે તો સ્કૂલમાં રજા છે એટલે કાલે શો પ્રોગ્રામ છે !' અમર ઉવાચ...

'મારો પ્રોગ્રામ ! બસ, કાંઈ નહીં, ખાઓ, પીઓ, લહેર કરો.' વિનુભાઈ બોલ્યા.

અને વિનુભાઈ બીજુ કાંઈ બોલે તે પહેલાં... : 'કાલે અમારે દુકાને રજા નથી એટલે સાંજ સુધી દુકાને રહીશ અને સાંજના દુકાન વધાવીને પછી નદીપુલ ફરવા જઈશું. તમને ટાઈમ હોય તો આવજો.' કહી વિનુભાઈ વધુ લપલપ ન કરે એટલા માટે અને તેને પોતાને ઊંઘ આવતી હતી એટલે અમર પોતાના ઘર તરફ ઊપડ્યો.

ઘર એટલે ઘર... ઘરના બે મજલા હતા. નીચેનો ભાગ દીવાનખંડ, બીજા બે રૂમ જુદા, ને ત્રીજો રૂમ અમરનો, એક રસોડું (કિચન), પાછળ જાજરૂ, બાથરૂમ અને રસોડાની બાજુમાં સ્ટોરરૂમ... એક રૂમમાં રમાશંકર મહારાજ (બ્રહ્મચારી) રહેતા હતા. ડ્રાઈવર, કામવાળી બાઈ ગંગા અને બીજો એક નોકર કામ વખતે હાજર રહી રાત્રે ઘેર વહી જતાં. ઉપર કાન્તાબહેનનો પૂજાવાળો રૂમ એટલે ભગવાનનું મંદિર. તેની જોડે અમુલખરાય ચોક્સીના વેપાર-ધંધાનો રૂમ એટલે એક ઑફિસ જેવું અને બાકીના બે રૂમ કે જે રૂમમાં એક ઓરડો ખાલી રહેતો, પણ ખાસ મહેમાન માટે અને બીજા રૂમમાં શેઠશેઠાણીનો બેડરૂમ હતો.

પોતાના ઘરનો ફાટક ખોલી અવાજ ન થાય તે રીતે બંધ કરી, પોતાના રૂમમાં જઈ કપડાં બદલી બગાસાં ખાતો અમર નિંદરે ઢળ્યો. આજે તેનો નોકરીનો પ્રથમ દિવસ હતો એટલે તે ખૂબ જ શાક્યો હતો.

■

# 3

# વિકસતા સંબંધો

સંબંધોની દુનિયા છે.

સંબંધો છે તો દુનિયા છે. દુનિયાને કારણે સંબંધો વિકસે છે. ફૂલે છે, ફાલે છે. સંબંધો વિકસવા માટે કુદરતે કોઈ ઋતુ નક્કી કરી નથી. જાણ્યે-અજાણ્યે સંબંધો બંધાઈ જતા હોય છે. સંબંધોને કારણે જ મનમાં, હૃદયમાં દુઃખ, નિરાશા, ગ્લાનિ, ઉદ્‌વેગ જન્મતા હોય છે.

વહેલી સવારે કાન્તાબહેનની પૂજાની આરતીએ અમરને જગાડ્યો. તેણે બારી ખોલી. પવનની ઠંડી મીઠી લહેરખી આવી. અમરે બહાર જોયું તો બહાર પ્રકાશપુંજ વિખરાયેલો પડ્યો હતો... પથારી છોડી દઈ તે રૂમની બહાર આવ્યો અને સવારની તમામ ક્રિયાવિધિ આટોપી પ્રાતઃક્રિયામાં પરોવાયો.

પરવારીને એ દુકાને જવા તૈયાર થયો : 'બેટા, ચા-નાસ્તો કરતો જા. વાર નહીં લાગે...' કાન્તાબહેનની વાણીમાં મમતાની છોળો ઊછળતી હતી.

'બા, બાપુજી તો ક્યારનાય દુકાને ગયા છે અને આજે રજા છે અને દુકાને નહીં જુએ તો પાછા ચિડાશે.'

'જો અમર, એક વાર ખાવાનું નામ લીધું છે અને તું ભૂખ્યો દુકાને જાય અને તને કંઈક થાય તો... લે ચાલ, જલદી ચાલ, ચા ઠંડી પડી જશે, અને હા સ્કૂટર જરા ધીમેથી ચલાવજે હોં... નકામું.'



અમરે વધારાની લપછપ કરવાની પડતી મૂકી અને ચુપચાપ બિસ્કિટ-ચા આરોગી લીધાં અને પોતે દુકાન તરફ ગમન કર્યું...

આજે સવારથી જ દુકાનના બધા નોકરો તેમ જ મહેતાજી (બે) અને બીજો સ્ટાફ આજે ખુશ હતો... જ્યારે અમર દુકાને ગયો ત્યારે અમુલખરાય બીજા એક વેપારી સાથે બીજી દુકાને ગયા હતા એટલે -

'છોટા શેઠ આજે કાંઈક મોં મીઠું કરાવો.' સૌથી વડીલ ગણાતા મહેતાજી સીતારામભાઈએ વાતની શરૂઆત કરી. અસલમાં અમુલખભાઈ શેઠ એક દુકાને-હીરાઝવેરાતનો વેપાર કરતા જ્યારે બીજી દુકાને નાણાંની લેવડ-દેવડ અને ધીરધારનો ધંધો કરતા. ખાસ કરીને અમુલખ શેઠ પેલી દુકાને વધુ બેસતા... હા, દિવસના ત્રણથી ચાર આંટા મારી જતા... એમને ક્યાં પોતાના પગે આવવાનું હતું. ફિયાટ ગાડી હતી અને ડ્રાઈવર સેવામાં હાજર હતો. અહીંની દુકાને (પેઢી પર) બે મહેતાજી અને બીજો સ્ટાફ હતો. જ્યારે પેલી દુકાને બે સૅલ્સમેન, અમુલખરાય પોતે અને એક મહેતાજી વહીવટ સંભાળતા...

વડીલ મહેતાજી સીતારામભાઈની વાતમાં બીજા મહેતાજી રાધેશ્યામે હાજીયો પુરાવ્યો.

'અરે નાના શેઠ... (બધા અમરને લાડપ્યારથી નાના શેઠ કહેતા) આજે તો ખુશીની મહેફિલ થવી જોઈએ...'

'ખરી વાત છે હોં, શેઠ સાહેબ.' બીજા સ્ટાફે પણ સૂર પુરાવ્યો.

અમર આમેય દિલનો ઉદાર માણસ... તેને ક્યાં પૈસાનો હિસાબ રાખવાનો હતો અને તેને ક્યાં પૈસાની કમી હતી !

'મહેતાજી ૧૦૦/- એક સો રૂપિયાનાં મીઠાઈ, નાસ્તો લાવી બંને દુકાનોના (પેઢી તેમ જ પેલી દુકાન) સ્ટાફને વહેંચી દો...' મહેતાજી સીતારામને આ સૂચના કરી અમર પોતે કાચની કેબિનમાં બેસી ગયો. જ્યારે બાપુજી (અમુલખભાઈ)ની ગેરહાજરી હોય ત્યારે અમર કેબિનમાં બેસી કામકાજ (પેઢીનું) સંભાળતો, હિસાબ કિતાબોની દેખરેખ રાખતો અને ફાઈલોમાં ડૂબી જતો... વેપારી બાપનો દીકરો હોઈ અમરને આ બધું વારસામાં મળ્યું હતું...

સમયને વીતતાં વાર લાગતી નથી. સમય પોતાની એકધારી ગતિએ વહેતો રહે છે. કોણ તેને અટકાવી શક્યું છે !

બપોરના સાડાત્રણ વાગ્યા એટલે અમર દુકાનમાં બહાર (પેઢીમાં બહાર) કાયમી કેબિન છોડીને આવ્યો. તે પોતાના સ્ટાફની રૂમમાં જઈ આડી-અવળી વાતો કરી, ચાપાણી કરી સ્વસ્થ (ફ્રેશ) થઈ રહ્યો હતો.

વિચાર કરતો અમર પોતાની પેઢી 'શ્રોફ અમુલખરાય ચોક્સી'ના ઓટલે ઊભો રહ્યો.

તેની નજર સામે ગઈ... તે ચમક્યો... તેનું આશ્ચર્ય વધી ગયું... સામે એક મધ્યમવર્ગની બાંધણીવાળું મકાન આલીશાન ઈમારત નહીં, તેના પેઢીના મકાન સામે ઝરૂખો હતો... આ ઝરૂખામાં અંજના પરીખ ઊભી હતી... બજારના આવડા મકાનના ઝરૂખામાંથી તે ઊભી ઊભી બજારનાં ભીડ-ભાડ, ગિર્દીને જોતી હતી. જેવી અંજનાની નજર અમર પર પડી... અમર તેને અપલક નયને નીરખી રહ્યો હતો. દિગ્મૂઢ બનીને... શ્વેત સાડી ને બ્લાઉઝ, માથાના વાળ છૂટા અને હાથમાં પકડેલો કાંસકો (દાંતિયો) લઈને ઊભેલી અંજના બગીચામાં કોઈ પુષ્પની સમાન શોભતી અંજના. મરક મરક આસમાનના તારાઓ જેમ હસે તેમ મલકાતી અંજનાને વિહ્વળ નજરે અમર જોઈ રહ્યો. આ પહેલી નજરની બીમારીને કારણે અમર વધુ બેચેન બન્યો... એક દિવસનો સૂક્ષ્મ પરિચય એટલે સહેજ મલકાઈ હોઠ પર નિર્દોષ હાસ્ય લાવી અંજના ઝરૂખામાંથી પોતાના મકાનમાં ઘૂસી ગઈ.

બાઘાની માફક તાકીને ઊભેલો અમર, તાબૂતની જેમ ઊભેલો અમર કોણ જાણે ક્યાં ડઘાઈ ગયો તેની તેને ખબર રહી નહીં.

આ રીતે એક દિવસના અલ્પ પરિચયે તેની (અંજના) તરફ અકારણ ખેંચાવું યોગ્ય નથી. તેને અને મારે શું ? અમર મનોમન વિચારતો હતો.

આ બાજુ અંજના વિચારતી હતી -

તેના નવા આવતા શિક્ષકભાઈ : શું નામ ? કદાચ અમર હોઈ શકે. તેની સામે કેવી રીતે ભાન ભૂલીને જોઈ રહી હતી...! મોટા



ભાઈ અતુલભાઈ જોઈ ગયા હોત તો કેવી ભૂંડી લાગત...

આ બાજુ અમર - 'આ તેનું ઘર હશે !'

આ બાજુ : 'આ પેઢીમાં તે કેમ ન આવ્યા હશે !'

અમર વિચારતો હતો : 'તેની જોડે બોલ્યો હોત તો ઠીક રહેત...'

આ બાજુ અંજના, પેલા ભાઈ જોડે મેં મૂર્ખીએ વાત ન કરી. કેવી ભાવભીની આંખે મને જોતા હતા.

પોતાની વિચારધારા ખંખેરી અમર સ્ટાફરૂમમાં ગયો અને તે સ્ટાફ સાથે ચા-નાસ્તા પાણીમાં પરોવાયો.

સાંજના લગભગ સાડા છ વાગ્યે પેઢીનું કામકાજ બંધ કરી, ઘરે જઈ તૈયાર થઈ અમર નદી-પુલ ફરવા જવા નીકળ્યો. અમુલખભાઈ (અમરના બાપુજી) ઘરે આવી ગયા હતા. રસ્તામાં...

'વિનોદભાઈ છે કે, ચાલો ફરવા !' અમરે વિનોદભાઈનું ઘર રસ્તામાં આવતા ટહુકો કર્યો.

'એ તો શાકભાજી લેવા ગયા છે.' અંદરથી જવાબ મળ્યો.

અમરને ફરવાનો શોખ એટલે સ્કૂટર પડતું મેલી એકલો જ ફરવા નીકળ્યો હતો... નદી-પુલ... શહેરના પૂરા થતા છેડે એક નદી - વરાસી નામની નદી જોડે કે જ્યાં બંને નદીઓનો સંગમ થતો હતો.

મહોર નદી ને વરાસી નદી બંનેનું સંગમસ્થળ... અહીંનું વાતાવરણ અતિશય સુંદર હતું... નદીઓના કિનારાઓ ને ભેખડોને - નદીઓના સંગમસ્થળને લોખંડનો પુલ સ્નેહસેતુ રચતો હતો. એક-મોટા મોટા ગોળ ગોળ પીળાપીળા પથ્થરોની પીળી પીળી મોટી પાળી, આડબંધ બાંધ્યો હતો... નદીના સંગમનાં પાણી-નદીના કિનારા પર કલરવ કરતાં પંખીઓ, નદીમાં નાહતા છોકરા અને આથમતા સૂરજનાં પીળાંપીળાં કિરણો વગેરેથી અમર ખુશ થયો. નદી-પુલ પરથી પસાર થતી એસ. ટી. બસ ટ્રક કે કોઈ વાહનથી વાતાવરણ ઘડીભર ધણધણી ઊઠતું. વળી પાછું તમામ વાતાવરણ શાંત જોગીની સમાધિની જેમ શાંત થઈ જતું. નદીકિનારે ચરતાં ઘેટાં, બકરાં અને તેમની પાછળ ઘૂમતો ગોપાળ... દૂરદૂર ખેતરમાં ફક ફક ફક.. થતા... પંપિંગ

સ્ટેશન સૌ અને તેની સામે પાણીના ધોધનો અવાજ વગેરે વાતાવરણ રંગીન બન્યું હતું.

અત્યારે આ સમયે આ શહેરનાં ઘણાં પ્રકૃતિપ્રેમી યુગલો, મિત્રો, - ટોળકી સાથે અથવા એકલાં ઘૂમવા કરવા નીકળી પડ્યાં... બધાંને ફરવાનો આનંદ સરખો મળતો. કુદરતનું વાતાવરણ, અલૌકિક વાતાવરણ આપણા તન મનને તાજગી ભરી દે છે...

- અમરે જોયું તો અંજના પરીખ પણ ફરવા આવી હતી. સાથે એક ભાઈ પણ હતા. 'કોણ એ ભાઈ હશે ? કોઈ સગાસંબંધી ! અથવા અંજનાના પતિ તો કદાચ નહીં હોય.' અમર વિચારતો હતો.

- અંજનાએ જોયું તો : 'પેલા ઊભા ભાઈ કે જેમનું નામ કદાચ અમર જ છે. તે પ્રકૃતિપ્રેમી લાગે છે. કુદરતના વાતાવરણમાં કેવા તન્મય બનીને ઘૂમી રહ્યા છે ! એકલા આવ્યા લાગે છે.' અંજના મનોમન વિચારતી હતી...

- અમર ધીમે ધીમે પગલે જે બાજુએ અંજના અને પેલા અજાણ્યા ભાઈ ઘૂમતા હતા તે બાજુએ ગયો...

'હલ્લો ગૂડ ઈવનિંગ, સિસ્ટર.' અમર ઉવાચ. અમરે પ્રથમ શરૂઆત કરી.

- અમરનાં દર્શનથી ભાવ-વિભોર થયેલી અંજનાને ખૂબ જ આનંદ થયો. તે ખૂબ જ ખુશ થઈ...

'હલ્લો ગૂડ ઈવનિંગ.' તેણે જવાબ આપ્યો. 'તમે ગઈકાલે અમારી શાળામાં (પટેલ ઍન્ડ શાહ હાઈસ્કૂલ) અમારા સહકાર્યકર તરીકે આવ્યા છો એ વાત ખરી છે ને ?'

- અંજના મીઠું મધ જેવું બોલી, અમરને ખૂબ ગમ્યું.

'હા બહેન, હું ગઈકાલે જ જોઈન્ટ થયો છું. ઈન્ટરવ્યૂ આપવા આવેલો અને ઈન્ટરવ્યૂ આપીને પાછો ઘેર જતો હતો તે વખતે સ્કૂટર એક્સિડન્ટ થયેલો જેથી બે મહિના દવાખાનામાં રહેલો. શાળાના સંચાલકોએ હું સાજો થયો એટલે નોકરીમાં લઈ લીધો.' અમર હસ્યો અને તેણે પેલા ભાઈ સામે જોયું એટલે :



'આ મારા મોટા ભાઈ, અતુલભાઈ જેમની સાથે હું રહું છું. શહેરની ખેતીવાડી કચેરીમાં તે સિનિયર ક્લાર્ક છે...' અંજનાએ પોતાના ભાઈની ઓળખાણ આપી. 'હું પણ તમારી સાથેના ઈન્ટરવ્યૂમાં પાસ થયેલી. તમે હૉસ્પિટલમાં રહ્યા અને મેં બે મહિના નોકરી કરી.' વધુમાં કહ્યું.

અને અમરના મનનો બોજ હળવો થઈ ગયો... 'ગ્લેડ ટુ સી યુ.' અમર ઉવાચ અને તેણે તેના ભાઈ સાથે હાથ મિલાવ્યા. 'મને પણ ખૂબ જ આનંદ થયો' તેના ભાઈ (અતુલભાઈએ)એ જવાબ આપ્યો.

'તમે આ શહેરમાં પહેલેથી જ રહો છો ?'

'ના, અમે તો મૂળ કાઠિયાવાડનાં પણ મારા ભાઈ અહીંયાં નોકરી કરે છે. અમારા ઘરમાં હું, મારા ભાઈ, ભાભી, ટીની : મારા ભાઈની દીકરી અને મારો નાનો ભાઈ વિકાસ જે થર્ડ બી.એ.માં છે, તેટલા મેમ્બર છીએ...' અંજના ઉવાચ.

અમરને લાગ્યું કે અંજના સાથે પોતે વાતચીતમાં તલ્લીન બની ગયો છે તેથી તેના અતુલભાઈ કાંઈક બોર થઈ ગયા છે... એટલે :

'ચાલો, અંધારું થવા આવ્યું છે, પાછાં ફરીશું ?'

'ચાલો'. અને અમર, અંજના તથા અતુલભાઈ પાછાં વળી ગયાં. શહેરમાં ટ્યૂબલાઈટોનો શ્વેત પ્રકાશ દૂધિયું વાતાવરણ રેલાવી રહ્યો હતો. વાતાવરણમાં ઠંડક હતી. બસ-સ્ટેન્ડમાં કન્ટક્ટર મોટેમોટેથી પાછી ફરતી (રિવર્સમાં જતી) બસ માટે વીસલ વગાડતો હતો. કોઈ બસ ઊપડવાની તૈયારીમાં હતી. કોઈ મુસાફર બસ ઊપડી જવાની બીકે દોડતો બસ-સ્ટૅન્ડે જતો હતો... કદાચ ફરવા નીકળ્યો હશે.

અમરને આજે અંજનાબહેન તથા તેમના ભાઈ અતુલભાઈનો આવો અલ્પપરિચય તો થયો. મનમાં આનંદ થયો. અમર ખુશ જણાતો હતો... અંજના ખુશ હતી.

છૂટા પડતી વખતે :

'અંજનાબહેન, કોઈ વખતે અમારા ઘર બાજુ ભૂલાં પડશો તો મને આનંદ થશે.' કહી અમરે પોતાનું વિઝિટિંગ કાર્ડ આપ્યું જેમાં

અમરના ઘરનું સરનામું લખ્યું હતું....

'મોટા ભાઈ જ્યારે ફ્રી હશે ત્યારે વિચાર કરીશ., કહી વિઝિટિંગ કાર્ડ લઈ અંજનાએ તે કાર્ડ તેના મોટા ભાઈ (અતુલભાઈને) સોંપ્યું.

અતુલભાઈ ને અંજનાએ જે વિઝિટિંગ કાર્ડ લઈ તેમને સોંપ્યું તે બાબત ગમી નથી તેવો ભાવ અતુલભાઈના મુખપ્રદેશ પર ઊપસી આવ્યો, જે હકીકત અમરથી અજાણ તો ન જ રહી -

- તેમ છતાં -

'અચ્છા તો ગૂડ ઈવનિંગ, ગૂડ નાઈટ. કહી અમર છૂટો પડ્યો- પછી-

'અંજના એ ભાઈ કોણ હતા ?' અતુલભાઈએ અંજનાને સીધો સવાલ કર્યો.

'એ ભાઈનું નામ અમર, ગઈ કાલે જ અમારી સાથે નોકરીમાં જોડાયા છે !' અંજનાએ ટૂંકમાં પતાવ્યું.

સાંજ ઢળી ચૂકી હતી, અંધારું પથરાઈ ગયું હતું. ચારે દિશાઓમાં- પૂરી તાકાતથી, પૂરી શક્તિથી રંગપુર શહેરમાં શાંતિ પથરાઈ હતી.

■

# 4

# કનકનું મૃત્યુ

સંજોગો... માનવી સામે જાતજાતના ઉપસ્થિત થતા સંજોગો. સંજોગો માનવીને ચિત્ર-વિચિત્ર પરિસ્થિતિમાં મૂકી દેતા હોય છે. માનવજીવન સંજોગોને આધીન છે.

માનવીનું સંજોગો સાથેનું જોડાણ તે જન્મ્યો ત્યારનું છે.

માનવી કેવા સંજોગોમાં જન્મે છે.

તે કેવા સંજોગમાં જીવન જીવે છે.



તે કેવા સંજોગોમાં આ દુનિયા છોડી પરલોકગમન કરે છે. બધુંય સંજોગો ઉપર આધારિત છે.

સંજોગો કુદરતની લીલા છે. નસીબની બલિહારી છે.

સંજોગો એટલે જ નસીબ અને નસીબ એટલે જ સંજોગો.

કાઠિયાવાડની મધુર ધરતી પર ઊછરતું એક નાનું ગામ. આ કુદરતની છાયામાં ઊછરતા નાનકડા દેવપુર ગામનું એક મોટું અહોભાગ્ય હતું કે ત્યાંથી રેલવે લાઈન પસાર થતી હતી. પાસે જ એક મોટું શહેર લગભગ બારેક કિ.મી.ના અંતર પર આવેલું. આ ગામ બહુ નાનું નહીં અને બહુ મોટું નહીં. બધી જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ અને સગવડો મળી રહે. લોકો પણ ભાવવાળા અને માયાળુ... રેલવેના માણસોને ગામથી થોડે દૂર અલગ સ્ટાફક્વાર્ટર્સ, રેલવેના સત્તાવાળાઓએ બાંધી આપેલાં. 'દેવપુર' નાનું ગામ એટલે દેવપુરનું નાનકડું ફ્લૅગ સ્ટેશન. દેવપુર રેલવે સ્ટેશનનો મર્યાદિત રેલવે સ્ટાફ... એક સિગ્નલમેન. એક બુકિંગ ક્લાર્ક, બે હમાલીઓ, એક ગોડાઉન ક્લાર્ક અને બીજા બે જણા અને સ્ટેશન માસ્તર. આટલામાં રેલવેની ગણતરી આવી જતી. દિવસના ત્રણ વખત : સવારે સાત વાગ્યે, બપોરે એક વાગ્યે, અને પાંચ વાગ્યે ગાડી આવતી અને જતી, જ્યારે રાતનો કોઈ પણ ટાઈમ હતો નહીં.

અમીચંદભાઈ પરીખની બદલી જ્યારે આવા સ્વર્ગસમા ગામમાં થઈ ત્યારે તેમના મને અપાર સુખશાંતિ અનુભવ્યાં. પહેલાં મોટા શહેરમાં, રંગપુરમાં કામ કરેલું હતું. તે વખતે અંજના તો સાવ નાની ૫(પાંચ) વર્ષની હતી. વિકાસ બે વર્ષનો હતો. હા, અતુલ કાંઈક મોટો સમજણો બારથી ચૌદ વર્ષનો હશે. રંગપુરમાં તેમણે સાતેક વર્ષ ગાળેલાં એટલે તેમને રંગપુરની ભારે માયા થઈ ગયેલી એટલે અને અતુલને પણ આ સાદગીભર્યું શહેર ગમી ગયેલું.

દેવપુરનાં માણસો દેવ જેવાં ભોળાં-અને સાફ દિલ હતાં. પાનાચંદભાઈ સરપંચ, જીતુભા મતદાર (મુખી), દોલુભા, વજુભા, વખતચંદ એ બધા ગામ આગેવાન હતા. કોઈને ઘેર વખતે દુઃખ આવી

પડે કે તરત ગામલોકો જાણે પોતાનું દુઃખ હોય તે રીતે તેમ જાણી દોડી જતાં અને ફૂલ નહીં તો ફૂલની પાંખડી પોતાનાથી બની શકે તે પ્રમાણે તન-મન-ધનથી મદદ કરવા હરહંમેશ ખડે પગે તૈયાર રહેતાં. આમ દેવપુર સાચે જ દેવપુર હતું.

અમીચંદ પરીખે આવા ગામમાં ચૌદ-ચૌદ વર્ષ વિતાવ્યાં પણ આવાં વર્ષો ચૌદ દાડા જેવાં ટૂંકાં લાગ્યાં. અમીચંદભાઈ ખૂબ જ ભોળા, દિલના સરળ અને ગામલોકોમાં ભાવતા માણસ હતા. તેમનાં પત્ની અનસૂયાબહેન ધર્મનો અવતાર હતાં.

રંગપુર જેવા મોટા શહેરના ધમાલવાળા રેલવે સ્ટેશને કામ કરેલું હતું. દેવપુરના નાના ફ્લૅગ સ્ટેશને કામ કરવું તેમને મન લખોટીઓની રમત રમવા જેવું લાગ્યું. સ્ટાફના માણસો પણ ખૂબ જ માયાળુ અને કામમાં પાછા પડે તેવા ન હતા... અનસૂયાબહેનની તબિયત પહેલેથી જ સારી રહેતી ન હતી. તેમને દમનો રોગ હતો, એટલે ધાડ મારીને કોઈપણ કામ થઈ ના શકે. ઘરકામની બધી જવાબદારી અંજનાને માથે પહેલેથી જ આવી પડી હતી એટલે જ જ્યારે તેણે દેવપુરની કન્યાશાળામાં પ્રાથમિક શિક્ષણ એટલે કે સાતમું ધોરણ અને ફાઈનલની પરીક્ષા સારે નંબરે પાસ કર્યાં ત્યારે... અનસૂયાબહેને કહેલું....

'બસ, હવે બહુ થયું બેટા, આપણે અસ્ત્રી (સ્ત્રી) અવતારને કાગળપત્તર લખતાં-વાંચતાં આવડે એટલે બહુ...'

પણ અમીચંદભાઈએ પોતાની દીકરીની ભણવાની ધગશ અને હોંશિયારી જોઈને બાજુના શહેર રંગપુરની સારામાં સારી ગણાતી લેડીઝ હાઈસ્કૂલમાં અંજનાને એડમિશન અપાવેલું, ત્યારે અંજનાને ખૂબ જ આનંદ થયેલો.

દેવપુર ગામમાંથી પણ સુધી ઘરનાં છોકરા-છોકરીઓ ભણવા માટે રંગપુર ગામે દરરોજ આવજાવ કરતાં હતાં... શાળાનો સમય સવારનો હતો એટલે સવારની સાતની ગાડીમાં જવાનું અને બપોરે એકની ગાડીમાં પાછું આવવાનું. વળી અતુલ પણ હાઈસ્કૂલમાં અગિયારમા ધોરણમાં ભણતો હતો તેથી અંજનાને તેની કંપની મળતી.



સવારે બધું પરવારીને અંજના શાળાએ ભણવા જતી. દેવપુર ગામમાંથી ત્રણ-ચાર છોકરીઓ આવતી હતી ખરી. અંજનાનો સ્વભાવ પહેલેથી એવો હતો કે તે ખપ પૂરતી જ વાતચીત કરતી અને પોતાના કામમાં મશગૂલ રહેતી.

અનસૂયાબહેન મનમાં તો ઘણુંય અકળાતાં પણ શું થાય ? - હશે બિચારી છોકરી ભણી-ગણીને સુખી થાય એટલે ભયો ભયો. વિકાસ હજુ દેવપુર ગામની પ્રાથમિક શાળાના પાંચમા ધોરણમાં હતો. તે ઘરના બધા ફેરફાંટા ખાતો. રેલવે સ્ટાફના પોર્ટર પણ અનસૂયાબહેન અને અમીચંદભાઈના દરિયા જેવા ઉદાર સ્વભાવને કારણે ઘરકામમાં મદદ કરતા.

આ રીતે જ્યારે અંજનાનું કૉલેજશિક્ષણ પૂરું થયું, ગુજરાતી વિષય સાથે બી.એ. થઈ ત્યારે અતુલભાઈ ભણીપરવારીને ક્યારનાય ખેતીવાડી કચેરીમાં સિનિયર ક્લાર્ક તરીકે નોકરીએ ચડી ગયા હતા. હવે પોતાનાં દીકરા-દીકરીના હાથ પીળા કરી પોતાની જવાબદારી પૂરી કરવી એ વિચારે અમીચંદ પરીખે પોતાની નાત-જાતના કુટુંબમાં છોકરા-છોકરીની તપાસ શરૂ કરી. અમીચંદભાઈ પોતે પોતાની માને પંડે પેટે એકનો એક દીકરા હતા. તેમને કોઈ બહેન કે અમીચંદના બાપુને બીજા કોઈ ભાઈઓ ન હતા. અમીચંદના બાપુનું નામ સ્વરૂપચંદ. વતનમાં ઘર કે જમીન હતાં નહીં એટલે અમીચંદને વતનની માયા હતી જ નહીં. અમીચંદભાઈ પોતાના જાતબળે જ નોકરીમાં લાગી આગળ વધ્યા હતા. સ્વરૂપચંદ ગુજરી જતાં તેમણે વતનને આખરી સલામ કરી, તેમણે રંગપુરમાં નોકરી મળતાં રંગપુરમાં જ લગ્ન કરેલું અને રંગપુર શહેરમાં જ તેમની અડધી જિંદગી ગયેલી, જેથી રંગપુર શહેરના પ્રત્યે તેમને માન વધારે.

સગાંવહાલાંમાં અમીચંદભાઈને એક ફોઈ હતાં. આશાફોઈ, જો કે આશાફોઈ બહુ સંબંધ રાખતાં ન હતાં. પૈસાની કે બીજી મદદની જરૂર પડતી ત્યારે અમીચંદને સંભાળતાં નહિ તો રામરામ.

અમીચંદે પોતાનાં છોકરા-છોકરીને પરણાવવા માટે આશાફોઈને

કોઈ સારું સગું બતાવવા જણાવ્યું... આશાફોઈએ ત્યારે અતુલ માટે દીપચંદભાઈનું અને અંજના માટે કસ્તૂરભાઈનું નામ-ઠામ ઠેકાણું બતાવ્યાં. દીપચંદભાઈની દીકરી ઉષા અને કસ્તુરભાઈનો દીકરો-કનક બંને ભણેલાંગણેલાં અને સંસ્કારી હતાં. ઉષાના બાપને ઘેર એટલે કે દીપચંદને સારી સુખસાહ્યબી અને લક્ષ્મીદેવીની મહેર હતી એટલે ઉષાનો સ્વભાવ જરા અભિમાની અને ઉદ્ધત હતો.

પુત્રનાં લક્ષણ પારણેથી અને વહુનાં લક્ષણ બારણેથી એ કહેવતાનુસાર અમીચંદભાઈ તો પહેલેથી જ પારખી ગયા હતા પોતાની વહુનો જ્યારે કનકનો સ્વભાવ તેના નામ પ્રમાણે જ હતો.. સોનામાં સુગંધ ભળે તો કહેવાનું શું રહે ? તે પ્રમાણે જ્યારે કનકનાં લગ્ન અંજના સાથે થયાં ત્યારે બધાને લાગેલું કે કુદરતે એક સરસ જોડું તૈયાર કર્યું છે. ભગવાનની પૂરી મહેરબાની ઊતરી છે, અમીચંદભાઈ ઉપર.

કનકને બૅંકમાં નોકરી હતી. કનકના બાપુ ઉત્તમચંદને તેમના ગામમાં સારી એવી જમીન અને મોભાદાર ઘર વગેરે હતાં. ઉત્તમચંદનો સ્વભાવ તેમનાં નામ પ્રમાણે ઉત્તમ હતો... નણંદ, જેઠાણી, દેરાણી કોઈની ખટપટ હતી નહીં, એટલે અંજનાને સાચું-સુખ સાસરિયામાં મળશે એવી ગણતરી અમીચંદે કરી હતી.

જ્યારે અતુલ સાથે ઉષાનાં અને કનક સાથે અંજનાનાં લગ્ન થયાં ત્યારે આખું દેવપુર ગામ આનંદના હિલોળે ચડ્યું હતું. આખા ગામમાં, નાનકડા ખોબા જેવા ગામના દરેક ઘરમાં જાણે પોતાને ઘેર લગ્ન-ટાણું આવ્યું હોય તેવો તમામને આનંદ થતો હતો. અમીચંદભાઈએ પોતાની રેલવેની નોકરીમાંથી કરેલ બધી કમાણી ને બધી બચત પોતાનાં દીકરા-દીકરીના વિવાહ લગ્નમાં વાપરી નાખી. ગામ જમાડ્યું અને રેલવે સ્ટાફક્વાર્ટર્સના વિશાળ પટાંગણમાં મોટો વિશાળ મંડપ બાંધી ધામધૂમ, બૅન્ડવાજાં અને ખૂબ સારી રીતે પોતાનાં દીકરા-દીકરીને પરણાવ્યા.

પણ લગ્નનો આનંદ વિશેષ, ઝાઝો ટક્યો નહીં, જ્યારે અતુલે પોતાના બાપને કહ્યું કે બાપુજી મારે હવે જુદા રહેવા જવું છે, ત્યારે



અમીચંદને આઘાત લાગ્યો. હજુ પરણ્યે બે મહિનાય થયા ન હતા ત્યાં તો દીકરો, મોટો દીકરો જુદારું માગતો હતો. અનસૂયાબહેનના ‘વહુ આવશે અને દીકરાની વહુ ઘરનું કામકાજ સંભાળી લેશે... એટલે મારે મન શાંતિ-’ એવા મનના કોડ મનમાં રહી ગયા.

અમીચંદે પોતે પણ ‘નજીકના ભવિષ્યમાં નોકરીમાંથી નિવૃત્ત થવાના હોઈ પોતાના દીકરાને ઘરનો વહીવટ સોંપી પોતે દેશ-પર્યટન, ચાર ધામની યાત્રા કરી આવશે, એવી આશા રાખી હતી તે આશા કડડડભૂસ થઈને પડી ભાંગી...

‘સારું ભાઈ, જેવી તારી મરજી.’ કહી ભારે દિલે અમીચંદે પોતાના મોટા દીકરા અતુલને રંગપુર શહેરમાં ભાડે રહેવાની મંજૂરી આપી.

આ વાતને હજુ ત્રણ-ચાર મહિના થયા ન હતા ત્યાં તો બીજા દુ:ખદ સમાચાર મળ્યા અને બિચારાં અમીચંદ અને અનસૂયાબહેનને માથે દુ:ખના ડુંગરા ઊતરી પડ્યા.

અંજનાને ‘સાચું સુખ સાસરિયામાં’ મળશે એ હિસાબે કનક સાથે પરણાવી હતી, કનકનાં માતાપિતા ભગવાનનાં માણસ હતાં... અંજનાને કોઈ પણ વાતનું ઓછું કે કોઈપણ દુ:ખ કે તકલીફ આવી ન પડે તે જાતની તેઓ પૂરી તકેદારી રાખતાં.... કનક બૅંક ઑફ બરોડાની રંગપુર શહેરની બજારમાં આવેલી ઑફિસમાં કેશિયર ક્લાર્ક હતો. ઉત્તમચંદના ઘરની પરિસ્થિતિ સારી એટલે પોતાના દીકરાને એક સ્કૂટરની સગવડ પણ બાપે કરી આપી હતી. હાઈવે પર આવેલા ‘બદલપુર’ ગામથી ‘રંગપુર’ દશથી બાર કિ.મી. દૂર હતું. જેથી કનક પરીખ ઑફિસ ટાઈમના અડધા કલાક અગાઉ નીકળી બૅંકમાં ટાઈમસર અને બૅંકમાંથી નીકળી અડધા કલાકમાં ઘેર નિયમિત રીતે પહોંચી જતો. અંજનાને ‘સાસરિયે’ વળાવ્યે હજુ ચાર મહિના જ થયા હતા.. અંજના તન, મન, ધન બધી વાતે સુખી હતી. અંજુને કોઈ વસ્તુનું જરાપણ દુ:ખ ન હતું. - અંજુના સુખની બધા ઈર્ષા કરતા હતા...

પરંતુ એક દિવસ કનક પરીખ દરરોજના નિયમ પ્રમાણે નોકરીએથી પાછો ન ફર્યો. ઘરવાળાંએ માન્યું કે કોઈ ભાઈબંધ-

દોસ્તારની જોડે ફરવા ગયો હશે અથવા કોઈ ફિલમ-બિલમ જોવા ઊપડી ગયો હશે... પરંતુ છેક ખૂબ જ મોડું થયું ત્યારે બધાંને ચિંતા થવા લાગી અને એવામાં સમાચાર મળ્યા કે - કનકને સ્કૂટર એક્સિડન્ટ થયો છે ત્યારે બધાને વજ્રાઘાત લાગ્યો. કનકના સ્કૂટરને એક ટ્રકવાળાએ ઓવરટેક કરવા જતાં ટક્કર લગાવી દીધી અને એ ગોઝારા અકસ્માતમાં કનકનું કરુણ રીતે મૃત્યુ થયું. એ ઘટનાને અંજુ જીરવી શકે તેમ ન હતી.

કેમ કરીને જીરવી શકે એ દુઃખદ બનાવને...! કુદરતે તેને સુખ આપીને પલકારામાં જ છીનવી લીધું હતું. તે ખૂબ જ રડી. હૈયાફાટ રડી પણ શું થાય ? હજુ જેના હાથમાંથી લગ્નની મહેંદી પણ સુકાઈ નથી તેવી પોતાની લાડકવાઈ દીકરીને વિધવા બનીને આમ અચાનક ફરતી જોઈને અમીચંદભાઈ અને અનસૂયા હતપ્રભ બની ગયાં. દિશાભ્રમ થઈ ગયાં. શું કરવું અને શું ન કરવું એ વાતની કોઈના કાંઈ ખબર પડી નહીં.

અંજનાની જિંદગી કડવીઝેર જેવી બની ગઈ. તેમાં અનસૂયાબહેનની બીમારી વધતી ચાલી. અમીચંદભાઈ પણ સાવ નંખાઈ ગયા. આખું દેવપુર ગામ અંજુ જ્યારે વિધવા બની એ ટાણે ડૂસકે ને ડૂસકે રડતું હતું. ઘડીકમાં શું હતું અને ઘડીકમાં શું બની ગયું ? વિધિના લખ્યા લેખ કોણ મિથ્યા કરી શક્યું છે ? કોઈ નહીં.

કાંઈ નહીં ફરીથી પોતે પોતાના પગપર જિંદગી જીવી શકે તે માટે અંજુએ ફરીથી ભણવાનું શરૂ કર્યું ને કૉલેજમાં દાખલ થઈ ગઈ અને એમ. એ. થઈ, સાથે સાથે ત્યારપછીના વર્ષમાં બી.એડ્.ની પરીક્ષા પણ તેણે પાસ કરી.

લગભગ સાવ તૂટી ગયેલું વહાણ જેમ દરિયાની લાંબી સફર કરી શકતું નથી ને છેવટે જ ડૂબી જાય છે તે રીતે એક અતુલભાઈના અલગ રહેવા જવાથી લાગેલા આઘાતને તથા પોતાની દીકરી ભરયુવાનીમાં વિધવા બની તેના હૃદય પર લાગેલા વજ્રાઘાતને અનસૂયાબહેન જીરવી શક્યાં નહીં અને-



'બેટા અંજુ, મારો વિકાસ (અંજુનો નાનો ભાઈ) હવે તને સોંપતી જાઉં છું. મારા મરી ગયા પછી બધી જવાબદારી તારી.-' કહી અનસૂયાબહેન પોતે પ્રભુના ધામમાં પહોંચી ગયાં અને ભલભલાની છાતી બેસી જાય તેવા ત્રણેય દુઃખદ બનાવને જીરવી નહીં શકવાથી અમીચંદભાઈ પણ પોતાની પત્નીના સ્વર્ગવાસ પછી ૬ મહિનાની ટૂંકી મુદતમાં 'વૈકુંઠશરણ' થઈ ગયા.

અંજુ એકલી બની. બિચારી બની. નિરાધાર બની. વિકાસની જવાબદારી તેને શિર આવી પડી હતી. જો કે મોટા ભાઈ (અતુલભાઈનો) સહારો હતો... ભાંગેલાં હૃદયે દેવપુર ગામ છોડ્યું. માતાની હૂંફાળી ગોદ જેવું ગામ છોડી, ગામલોકોની માયા છોડી, મોટા ભાઈ સાથે રંગપુરમાં રહેવાનું તેણે નક્કી કર્યું. અંજુને રંગપુર હાઈસ્કૂલમાં તાજેતરમાં જ નોકરી મળી એટલે અંજુને જીવવાનો સહારો મળી ગયો.

વિકાસનો કૉલેજમાં અભ્યાસ ચાલુ હતો.

✻

વખતને વીતતાં વાર નથી લાગતી. સમય સરકતી સરિતાના પાણી જેવો ચંચળ છે. આજે કોણ જાણે અંજુને ઊંઘ કેમ નથી આવતી ! અંજુનું મગજ વિચારો કરી કરીને થાકી ગયું હતું.

નદીના પુલ-છેડે-નદીસંગમે તે ફરવા ગઈ હતી. ફરીને પાછી વળી, જમીપરવારીને પોતાના પલંગમાં સૂઈ ગઈ અને ઊંઘવા માટે તરફડિયાં માર્યાં, પણ વ્યર્થ.

અંજુના માનસપટ પર, અંજુના જીવનમાં ટૂંકા સમયમાં બની ગયેલી ઉપર પ્રમાણેની હકીકતનું ચલચિત્ર સળવળતું હતું, દોડતું હતું ...આકાર લેતું હતું... ટૂંકા ગાળામાં બની ગયેલી તમામ હકીકતોની શૃંખલાઓ-અંજુને અકળાવતી હતી, મૂંઝવતી હતી, બેચેન કરતી હતી. આવી બેચેની ને બેચેનીમાં અંજુને પોતાને ક્યારે, કયે સમયે ઊંઘ આવી ગઈ તે વાતની કાંઈ ખબર પડી નહીં.

■

# 5

## ઘર બદલ્યું

સવારે અંજુ ઊઠી ત્યારે તેનું મગજ ભારે ભારે હતું. આખું શરીર કળતું હતું, પારાવાર વેદના થતી હતી. બદનમાં રોમરોમ તૂટતું હતું, છતાં તેને નછૂટકે ઊઠવું પડ્યું, કારણ કે વિકાસનો કૉલેજનો સમય સવારનો હતો. વિકાસ માટે ચા-નાસ્તો તૈયાર કરવાનો, પછી રસોઈ-પાણીની માથાકૂટ ચાલુ. મોટા ભાઈને નોકરીએ જવાનું. પોતાને નોકરીએ જવાનું. લૂગડાં-લત્તાં, વાસણો માંજવાં વગેરે કામકાજમાં ભાભીને પૂરી મદદ કરવાની, એ બધું 'અંજુને' માથે હતું. ઉષાભાભી માત્ર દેખાવ પૂરતું કામ કરતાં અને તે પણ જાણે પોતાની નણંદબા પર ઉપકાર કરતાં ન હોય ! તે રીતે.

અતુલભાઈ આ બધી હકીકત જાણતા હતા, તેમ છતાં તેઓ પોતાની (પત્ની) ઉષાના રૂપમાં અને ઉષાનાં પિયરિયાંની સમૃદ્ધિથી એટલા બધા અંજાઈ ગયા હતા કે 'ગરીબ ગાય' બની ગયા. ભાભી વિરુદ્ધ એક હરફ સુધ્ધાં પણ ઉચ્ચારી શકતા ન હતા. અંજના બધું મૂંગે મોઢે સહન કરી લેતી હતી, પોતાની કમનસીબી પર રડી લેતી હતી, છાનીછાની.

'અંજનાબહેન, આજે શરીરમાં તાવ ભરાયો લાગે છે. તમતમારે વહેલાં ઊઠીને પાણી ભરી લેજો હો.' કહી જાણે છ મહિનાની બીમાર હોય તે રીતનું મોં કરી ભાભી બેડરૂમમાં જતાં રહેતાં, પાછળ પાછળ અતુલભાઈ વહી જતા.

વિકાસ ઘરના ઘર ધક્કા : તમામ ચીજવસ્તુઓ લાવી દેવાનું, બજારનું કામ કરતો પણ ભાભીને મન તેની કિંમત હતી જ નહીં. પોતે વિકાસને ભણાવે છે તે એક જાતનો ઉપકાર કરે છે તે પ્રમાણે તે વર્તતી.

'વિકાસભાઈ આખો દિવસ ચોપડાં (થોથાંમાં) મોં ઘાલી શું વાંચ્યા કરો છો ? એક અંજુબહેન નોકરી કરે અને થોથાંમાં મોં ઘાલી





બેસી રહો એટલે મારે શું કરવું ?' વિકાસ શાંતિથી વાંચતો હોય તો પણ ઉષાને અદેખાઈ આવતી.

વિકાસનું, મગજ ગરમ સ્વભાવનું. એ પોતાનાં વડીલ ભાભી હોય તેથી શું થઈ ગયું ? તે 'તડ - ફડ' સંભળાવવા તત્પર થતો ત્યારે :

'હવે રહેવા દે ને ભઈલા... લમણાઝીંક પડતી મૂક ને...' કહી અંજના તેને વારતી ત્યારે...

'જુઓ મોટી બહેન, મને તો અહીંયાં બિલકુલ નથી ફાવતું.' વિકાસ અંજનાને જ્યારે કહેતો ત્યારે અંજના આ વાત કોઈ સાંભળી તો નથી ગયું ને તેની ચારેબાજુ નજર ફેરવી ખાતરી કરી લેતી.

'ભાઈલા, એવી વાત કાં બોલે ? મોટા ભાઈને કડવું લાગે...' અંજના વ્યગ્ર સ્વરે કહેતી.

અંજના જ્યારથી નોકરી કરતી થઈ ત્યારથી મોટાભાઈના હાથમાં પોતાના પગારની અડધા ઉપરાંતની રકમ મૂકતી, પરંતુ ભાભીને જાણે કાંઈ જ કિંમત ન હોય તેમ વર્તતી હતી. જાણે કોઈ મોટો ઉપકાર ન કરતી હોય !

પોતાને વિધવા બન્યે લગભગ ત્રણ વર્ષ થઈ ગયાં હતાં. ભાભીનો ખોળો ખાલી ન હતો. પોતે એક ભત્રીજાની ફોઈ અને વિકાસ એક ભત્રીજાનો કાકો બન્યો હતો, પોતાના ભત્રીજા માટે બુશર્ટ - ચડ્ડી કપડાં, રમકડાં, મેવા-મીઠાઈ ફળફળાદિ વગેરે અંજના લઈ આવતી તો તે વખતે પણ ભાભીને આનંદ થતો નહીં. હા, મોટા ભાઈ 'બહેન આ બધાં ખર્ચા શું કામ કરે છે !' બોલતા.

'એમાં શાના ખર્ચા ? આ તો પોતાનાં માટે છે. કાંઈ પારકાં માટે થોડું છે.' અંજના કહેતી.

જ્યારે વિકાસ પોતાના અભ્યાસકાર્યમાં મશગૂલ હોય ત્યારે જ ઉષાભાભી રડતો ટીનિયો (ભત્રીજો) વળગાડી જતાં...

'એએએએ... 'મમ્મીના છૂટા પડવાથી ટીનિયો જોરજોરથી રડતો...'

'મૂવો બપોરે ઊંઘવાય દેતો નથી.' કહી, 'લો તમારા ભત્રીજાને રમાડો...' કહી ઉષાભાભી પોતાના ટીનિયાને સોંપતા ત્યારે વિકાસના

અભ્યાસમાં ખલેલ પડતી, પણ શું કરે ?

આમ ને આમ ચાલ્યા કરે તેનું નામ જીવન. જીવન એટલે એક જામનું ચક્કર. જે બસ ફર્યા જ કરે. ચાર વાગ્યા પછી વિકાસ પોતાના ફ્રેન્ડસર્કલ સાથે ફરવા કે કૉલેજ ગ્રાઉન્ડ પર ક્રિકેટ વૉલીબોલ રમવા અથવા કોઈ પિક્ચર જોવા માટે ઊપડી જતો ત્યારે ઉષાભાભી બળી બળીને ખાક થઈ જતાં. આ બધાનું કારણ એ જ કે ઉષાભાભીનો એકનો એક ભાઈ જેનામાં બુદ્ધિનો એક છાંટોય ન હતો. ઉષાભાભીનો આ નાનો ભાઈ તેમના પિયરમાં લાડકોડમાં ઊછરેલો અને ભાઈમાં જરા બુદ્ધિ ઓછી એટલે પછી પૂછવાની વાત જ શી ?

બુદ્ધિસાગર જ્યારે જ્યારે રંગપુર આવતા ત્યારે તેમની બુદ્ધિનું કે અક્કલનું પ્રદર્શન કરતા ફરતા. અતુલભાઈને પણ આવો બબુચક જેવો સાળો મળ્યો તે વાતની ચીઢ હતી, પણ શું થાય ? ગમે તેમ તોય પોતાની ઘરવાળીનો ભાઈ એટલે એનું રાખવું પડે... બુદ્ધિસાગરમાં બુદ્ધિનો-અક્કલનો છાંટો નહીં અને વાતો કરે આખા મલકની... અંજનાને મન બુદ્ધિસાગર જોડે વાત કરવી એટલે માથાનો દુઃખાવો... બુદ્ધિસાગર એટલે બુદ્ધિસાગર... 'બુદ્ધિસાગરની' વધારે પડતી બુદ્ધિને કારણે તેમનું ક્યાંય ઠેકાણું પડતું ન હતું, એ વાતની ચીઢ એટલે પોતાનો દિયર પોતાના ભાઈથી આગળ વધી જાય એ કોઈને ગમે ? વધારે પડતી બુદ્ધિ હોવાને કારણે બુદ્ધિસાગરનું કોઈ ઠેકાણું પડતું ન હતું.

એક તો અક્કલનો છાંટો નહીં અને મારું નામ તીસમારખાં. બુદ્ધિસાગર ખાવાપીવામાં, પહેરવાઓઢવામાં, મોજશોખમાં કોઈનાથીય પાછા પડે તેવા ન હતા... ચા-પાણી, સિગારેટ,બીડી, પાન મસાલાના શોખીન. દીપચંદભાઈના એકના એક દીકરા બુદ્ધિસાગરને શી વાતની ખોટ હોય ! બાપની પેઢી ચાલતી હતી. બે દુકાનો હતી, જથ્થાબંધ અનાજની. દીપચંદભાઈ તેમાં સરખા ભાગીદાર હતા અને જમીનોની આવક જુદી. પોતાનું ઘર હતું. બુદ્ધિસાગર અનેકાનેક એટલે લાડકવાયા. બાપ પોતાના છોકરાને મન માન્યો ખુશ રાખવા માટે પૈસા ખરચતા. બેટો મનમાની રીતે પૈસા ઉડાડતો. રંગપુર આવે ત્યારે બુદ્ધિસાગર એક



હજાર, બે હજારની રકમ લેતા આવે અને આ રકમ મોજશોખમાં વાપરી, વળી જાય પોતાના ગામમાં પોતાના ભાઈને આ રીતે પૈસા ખરચતો જોઈની ઉષાની છાતી ગજગજ ફૂલતી.

અંજનાને બળતી રાખવા માટે એ પોતાના ભાઈ સાથેય પોતાના દીકરાનો હવાલો કાં તો વિકાસને અથવા અંજના ઘરે હોય તો અંજનાને સોંપી, ભાઈ સાથે સિનેમા જોવા કે હૉટેલ રેસ્ટોરન્ટમાં આજની વાનગીની સ્પે. આઈટમનો સ્વાદ લેવા જતી રહેતી અને જો રવિવાર હોય તો ઘરનો વહીવટ પોતાની નણંદને સોંપી પોતાના ધણીને પણ સાથે લઈ એ ફરવા નીકળી જતી, પોતાના ભાઈ સાથે.

ક્યારેક ક્યારેક બુદ્ધિસાગર અંજનાને જોઈ તાનમાં આવી જતો ને કાંઈક વધુ ચેનચાળા કરે તે પહેલાં કાં તો અંજના છટકી જતી અથવા વિકાસ બુદ્ધિસાગરને એવી રીતે ખખડાવતો કે બે દિવસ સુધી બોલવાનું જ ભૂલી જાય, પણ કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી, એ કાંઈ સીધી થાય ?

'અંજના, તમે પણ ફરવા ચાલો ને મજા રહેશે.'

'ચાલો પિક્ચર જોવા, અંજનાબહેન.'

'તમારા હાથની ચા ઘણી જ સ્વીટ હોય છે.'

'અંજના, તમને કેવી જાતની ખાવાની વાનગીઓ ભાવે ? તીખી કે ગળી ? બુંદીના લાડુ કે બરફી, ઘારી, કે પછી રસગુલ્લાં ?'

'મારે કશું ખાવું નથી !' અંજના છણકો કરતી.

'અંજનાબહેન, ભારે તીખી છે હોં. તેમને તીખી વાનગી ગરમા ગરમ તીખી ભેળપુરી કે સમોસા કે દહીંવડાં જ ભાવે, કેમ બરાબર ને ?' કહી બુદ્ધિસાગર હસતો.

બુદ્ધિસાગર જ્યારે અંજનાને જોતો ત્યારે જોતો જ રહી જતો. પહેલવહેલી જ જોઈ ન હોય ! ક્યારેક અંજનાને બુદ્ધિસાગરની બીક પણ લાગતી. 'એ વળી શું કરી લેવાનો છે ! લાગે છે તો સાવ બાયલા જેવો,' કહી અંજના મન મનાવતી.

*

આજે જેમતેમ કરીને અંજના પોતાનું શરીર સારું ન હતું તેમ છતાં સ્કૂલે ગઈ હતી. આખો દિવસ લમણાંઝીક કરીને દહાડો પસાર કર્યો. આજે અમર નિશાળે આવ્યો ન હતો. કેમ નહીં આવ્યો હોય... કોઈ બીમાર તો નહીં થયું હોય ને ?

તે દિવસના સંગમ-પુલના-છેડાના બનાવની ઘટના પછી સ્કૂલમાં જરૂર પડતી વાતચીત હોય તો તે એકમાત્ર અમર સાથે.

અમર સમયસર સ્કૂલે આવતો અને પોતાનો સમય પૂરો થાય એટલે વહ્યો જતો.

બે મહિના થયા તેને નોકરીમાં દાખલ થયે પણ અમરે કોઈ શિક્ષિકા બહેન તો શું કોઈ શિક્ષક ભાઈ સાથે છૂટથી કે ખોટી લપ્પન-છપ્પન કરી ન હતી.

સ્ટાફરૂમમાં તે જ્યારે ફ્રી હોય તે જરૂર પૂરતું જ રોકાતો. એના હાથમાં કંઈ ને કંઈ આર્ટિકલ-સાહિત્ય મૅગેઝિન, સાપ્તાહિક, નવલકથા કે નાટકમાંથી કાંઈક તો હોય. સ્ટાફરૂમમાં તે પોતાનો સમય વાંચવામાં જ ગાળતો... સાંજે કોઈ કોઈ વખત વોલીબૉલ, ક્રિકેટ ખેલતો... શાળાના મકાનની બાંધણી એ પ્રકારની હતી કે બે બાજુ સમાન્તર લાઈનમાં ૧૫ પંદર મોટી મોટી રૂમ્સ હતી. જેમાં દરેક ધોરણવાર બબ્બે ક્લાસ હતા. બંને શાળાના મકાનની લાઈનોને છેડે એક બાજુ ચિત્રકામ માટે ડ્રૉઈંગરૂમ, એક બાજુ સીવણ ક્લાસ, એક બાજુ સંગીતશાળા (રંગભવન) વચ્ચે આચાર્યની ઑફિસ, સ્કૂલના કાર્યાલયની ઑફિસની બાજુમાં ટાઈપિંગ ક્લાસ અને તેને અડીને સુથારીકામનો વર્ગ. આ શાળામાં ૫થી ૭ વર્ષના વિદ્યાર્થીઓને કાંતણ-વણાટને બદલે સુથારીકામ શીખવવામાં આવતું. જ્યારે બહેનોને હોમસાયન્સની ઘરગથ્થુ તાલીમ સાથે સીવણકામ શિખવાડવામાં આવતું. અંજનાને કોઈ પણ વાતનો કંટાળો આવતો ન હતો. બધામાં તે એક નંબર હતી.

અમર આજે સ્કૂલે આવ્યો ન હતો. સાંજના મેદાનમાં હોય જ. વોલીબૉલની ગેમ એને ખૂબ જ ગમતી... વોલીબૉલ રમતી વખતે એ બધું જ ભૂલી જતો, વીસરી જતો... સાંજના ચાર વાગ્યા પછી એ



કાયમ ફ્રી હોઈ રમતના મેદાનમાં ઊતરી પડતો. તે વખતે અંજના એનો વર્ગ ચલાવતી... ઘણી વખત તેની નજર બહાર જતી. અમર એની રમતમાં મશગૂલ રહેતો...

અમરને આ સ્કૂલમાં આવ્યે હજુ બે કે ત્રણ મહિના પણ થયા ન હતા. પોતાના વાણી, વર્તન, વ્યવહારથી તેણે બધાનાં મન જીતી લીધાં હતાં. બધાંની સાથે એને સારું બનતું પરંતુ કોઈ એને ખાસ મિત્ર ન હતો કે કોઈ એનો શત્રુ કે દુશ્મન નહીં. બધાની સાથે એ જરૂર પૂરતી વાતચીત કરતો... સાંજના ૫-૦૦ વાગ્યે સ્કૂલ છૂટે એટલે સ્કૂટર પર બેસી એ પેઢીએ જવા રવાના થતો. ત્યાં એકાદ કલાસ બેસી, ધંધાની બધી હકીકત જાણી લઈ સાંજે સાત, સાડા સાત વાગ્યે ઘરે જતો. ક્યારેક ક્યારેક સમય મળે ત્યારે નદી પુલના છેડે, બે નદીઓના સંગમસ્થળે જઈ કિનારે ગોઠવેલા પથ્થરો પર બેસી વાર્તા, કવિતા લખતો.... જે વાર્તા, કવિતાઓ મેગેઝિનમાં છપાતી... પુરસ્કાર પણ મળતા... સ્કૂલમાં બધા આ વાત જાણતા હતા... ન જાણતા હોય તેને જણાવવાની અમરને કોઈ ટેવ ન હતી. એ પોતાનામાં જ મશગૂલ રહેતો. એને વળી બીજાની શી પરવા ?

ક્યારેક ક્યારેક અંજના-અમર સામસામાં ભટકાઈ જતાં એટલે કે ઓચિંતી મુલાકાત થતી ત્યારે :

'કેમ છો બહેન ? હમણાં ખૂબ જ પ્રવૃત્તિમાં રોકાયેલાં રહો છો ?' અમર પૂછતો અને હસી પડતો.

અંજનાને એ ખૂબ ગમતું. અમરનું મીઠું હાસ્ય. કોઈપણ જાતની બનાવટ વગરનું, ભેળસેળ વગરનું કુદરતી હાસ્ય. અંજનાને ઘણું ગમતું. એ અમરને જોઈ રહેતી. ઘડીભર બધું ભૂલી જતી. પોતાનો કનક જે રીતે હસતો હતો. આ જ રીતે તાજગીમાં રહેતો હતો હંમેશાં આ પ્રમાણે સ્કૂટર ચલાવતો અને એક દિવસ સ્કૂટર એક્સિડન્ટ અકસ્માતમાં.....

અંજના વિચારના વંટોળમાં અટવાઈ જતી ત્યારે :

'કેમ અંજનાબહેન, બોલ્યાં નહિ. ક્યાં ખોવાઈ ગયાં તમે ?'

'હા...અ...અ... શું કહ્યું તમે ! હું બિલકુલ મજામાં છું, તમે હમણાંના દેખાતા નથી ???...' અંજના વાસ્તવિકતાના વાતાવરણમાં

પછડાતી ઝબકીને જાગતી અને અમરને જવાબ આપતી.

ટૂંકી વાતચીત પતાવી કોઈપણ જાતની અસર રાખ્યા વગર અમર પોતાના રસ્તે પડતો. અમરને જતો અંજના જોઈ રહી અને લાંબો નિસાસો નાખી પોતાનો રસ્તો પકડતી.

આજે અમર શા માટે સ્કૂલે નહીં આવ્યો હોય ? આજે સ્કૂલમાં સ્ટાફમિટિંગ હતી... સ્કૂલેથી છૂટતાં મોડું થયું હતું, ખાસ્સું એવું મોડું. થાકીપાકી ઘરે આવી અને... તેણે પોતાનાં ઉષાભાભીને કહ્યું :

'ભાભી. આજે તબિયત સારી નથી. ખાવું નથી...' કહીં એ પોતાના રૂમમાં ગઈ.

ભાભી પાછળથી બબડ્યાં : 'જોઈ મોટી નોકરી કરીને આવી તે... એટલાં બધાં થાકી ગયાં... આ બધું કામ કોણ કરશે એમના ભાઈ (વિકાસ) જાણે મોટા લાટસાહેબ છે અને આ બહેનબાને નોકરી એટલે એમને કાંઈ કહેવાય નહીં.

'આ બધું મારાથી સહન નહીં થાય !'

'મારા ફૂલ જેવા છોકરાને કોઈ રાખે નહિ અને ઉપરથી પાછું સાહેબપણું કરે.'

'આ ઘરમાં આવીને હું પસ્તાઈ ગઈ. મારાં માબાપે મને કૂવામાં નાખી.'

ભાભીનો બબડાટ ચાલુ હતો. સાંજના સાડાસાત થયા પણ બંને ભાઈઓમાંથી નહીં તો અતુલભાઈ કે નહીં વિકાસ, હજુ ઘરે આવ્યા ન હતા. વિકાસ સાંજે ૬-૦૦ વાગ્યા પછી ફરવા નીકળી જતો અને અતુલભાઈ સાડા છ (૬-૩૦) સુધીમાં ઘરે આવી જતા. આજે એ ઘરે આવ્યા ન હતા... ભત્રીજો ઊંઘી ગયો હતો પણ ભાભીનો બબડાટ ચાલુ હતો... ટેપરેકોર્ડર વાગે તેમ...

વિકાસ ઘરે આવ્યો એટલે :

'લો લાટસાહેબ આવી ગયા... ઘરે-' ભાભીએ ટોણો માર્યો... 'જાણે કઈ કમાણી પર કૂદકા મારે છે.' ભાભી બબડ્યાં.

'ભાભી, શું કહ્યું તમે ?' વિકાસ બોલ્યો...



'કાંઈ નહીં...' ભાભીએ મોં ફુલાવ્યું.

'ભાભી તમારા પિયરના પૈસા-રૂપિયા તમારે ઘેર રાખજો હોં... અમે એવા ભિખારી નથી... હું તો મારાં બહેન-ભાઈની કમાણીનું ખાઉં છું. તમને એમાં શેની લાય બળે છે ...?'

'મને લાય નથી બળતી પણ લાય તમારા ભાઈને જ બળે છે... પૂછી લેજો તમારા મોટા ભાઈને... એક તો મફતનું ખાવું અને મરજીયે સૂવું. છે કશી ચિંતા ઘરની...' ભાભી ઊકળ્યાં.

'તમે અમારી અને અમારા ઘરની ખૂબ જ ચિંતા રાખો છો એ વાતની અમને પૂરી ખબર છે...' વિકાસ પણ ઊકળ્યો...

'હવે રહેવા દો ને વાત... એક તો પાછા ભેગા પડી રહેવું અને એમાં આટલી બધી ગરમી કોના પર ?'

'ભાભી, બસ થયું હવે રહેવા દો... હવે અમે ભેગાં પડી રહીએ છીએ એ વાતની તમારા મનમાં લાય લાગી હોય તો આજે જ અતુલભાઈ આવે એટલે ફેંસલો કરી લઈએ.' - બળતા શરીરે (તાવ આવેલો હતો છતાં)- અંજના રૂમ બહાર નીકળી અને બોલી : 'વિકાસ, તું બોલવાનું બંધ કર.'

એવામાં અતુલભાઈ ઘરમાં દાખલ થયા. ઘરમાં પ્રગટી ઊઠેલી- પ્રજ્ઝ્વલિત હોળી જોઈ એ ઠરી ગયા.

'મોટા ભાઈ, ભાભી અમને ઘરમાંથી કાઢી મૂકે છે. અમારાથી તમારા ભેગું કેમ કરીને રહેવાય ?' વિકાસ બોલ્યો... એની આંખમાં આંસુ હતાં.

'અંજના, શું વાત છે ?' અંજનાને અતુલે પૂછ્યું.

રસોડામાં ઉષાભાભીનો બબડાટ અને કકળાટ ચાલુ હતો. જાણી જોઈને રસોડાનાં વાસણ ખખડાવતાં હોઈ, પછડાતાં વાસણો પછડાવાથી ટીનુ (ભત્રીજો) જાગી ગયો. એણે રડવાનું ચાલુ કર્યું. અતુલભાઈ ટીનિયાની રૂમ તરફ ગયા અને ઘોડિયું હલાવવાની પ્રક્રિયામાં પરોવાયા.

મોટા ભાઈ તરફથી સંતોષજનક જવાબ ન મળવાથી આ બાજુ ભાઈ-બહેને (અંજના-વિકાસે) નક્કી કર્યું કે આ ઘર છોડીને બીજે

ભાડેથી રહેવા ચાલી જવું. તે રાત્રે કોઈએ ખાધુંપીધું નહીં. બધાં ગૂપચૂપ હતાં. ઘર સ્મશાન જેવું બની ગયું... રાત રડતી હતી, છાનીમાની. ઉપર તારલિયા ડૂસકાં ભરતા હતા, સિસકતા હતા.

સવારે અંજનાએ અતુલભાઈને પોતાનો નિર્ણય કહી સંભળાવ્યો ત્યારે - અતુલભાઈએ મનમાં ને મનમાં વિચાર્યું : 'મારાથી ઉષાને કાંઈ કહી શકાશે નહીં અને આ બાજુ વિકાસ અને અંજના સગાં ભાઈબહેન છે એટલે તેમને પણ શી રીતે કહી શકાય ? મારી સ્થિતિ તો સૂડી વચ્ચે સોપારી જેવી છે... એટલે આ વાતનો કોઈક રસ્તો નીકળે તો સારું. પોતે પોતાની વિધવા બહેનને એકલી ક્યાં ધકેલી રહ્યો છે ? તેની જોડે વિકાસ તો છે ને ? તેમ છતાં : 'અંજના' આ નાની શી વાતમાં શું કરવાનું અને જો તારે અને વિકાસે અલગ રહેવું હશે તો હું વ્યવસ્થા કરી આપીશ. પણ આજ ને આજ શું કરવાનું છે ?' અતુલભાઈ પણ ગળગળા થઈને બોલી ઊઠ્યા.

અને ગણતરીના ત્રણચાર દિવસોમાં વિકાસે દોડાદોડ કરીને બજારમાં ઝરૂખાવાળું મકાન શોધી કાઢ્યું... અને પોતાનો ઘર રસાલો ખસેડી લઈને અલગ રહેવા ગયા. અતુલ અને અંજનાના મનમાં ઘણું લાગી આવ્યું પણ શું થાય ? જે ભાગ સડી ગયો તેને કાપી નાખવો જેથી બીજા બધા સારા ભાગોને નુકસાન થાય નહીં ! એ વિચારે એક બાજુ અંજના-અતુલ પોતાના ભાઈબહેનના સારા સંબંધો જાળવવા મથતાં હતાં જ્યારે બીજી બાજુ ઉષાભાભી ખુશ થતાં હતાં.

હાથમાં દાંતિયો લઈને શ્વેત વસ્ત્રોમાં સજ્જ થયેલી અંજનાને ક્યાંથી ખબર કે પોતે જે મકાન, નવા મકાનમાં રહેવા આવી છે તે મકાનનાં ઝરૂખાની બિલકુલ સામે 'અમુલખરાય શ્રોફ કું.'ની દુકાન, અમરના બાપુજીની ધીરધાર પેઢી આવેલી છે !

એટલે જ તે દિવસે પેઢીમાં અમરને જોઈને, આશ્ચર્યમાં પડી ગઈ હતી... અમર પણ કોઈ દિવસ નહિ અને અચાનક ઝરૂખામાં ઊભેલી શ્વેતવસ્ત્ર ધારિણી, શ્વેત ગંગા સમાન અંજનાને ઊભેલી જોઈને ઘડીભર દિગ્મૂઢ બની ગયો હતો. પણ પાછળથી બંને જણે વાતવાત પરથી એ



હકીકત જાણી લીધી હતી કે,

અંજના પોતાના ભાઈથી અલગ પડીને ઝરૂખાવાળા નવા મકાનમાં રહેવા આવી હતી. અમરને આનંદ થયો.

જ્યારે અમરના ફાધર શ્રોફ છે, ખૂબ જ પૈસાવાળા છે, ધનવાન છે છતાં અમર બિલકુલ સીધો, સાદો અને સરળ સ્વભાવનો છે. તેના આચાર, વિચાર અને વર્તનમાં સાદગી છે. એ હકીકતથી અંજનાના મનમાં અમર પ્રત્યે ખૂબ જ માન ઊપજ્યું હતું...

વખત વીતતો જતો હતો... પલકારો માર્યા વગર...

■

# 6

# ડૉક્ટર – દર્દી – ડૉક્ટર

સ્કૂલના વાતાવરણમાં બાળકોના કલબલાટમાં, બદલાતા જતા પિરિયડોની વચ્ચે. અવનવા વિષયો વચ્ચે અંજુ બધું ભૂલી જતી. સાડા દશ વાગ્યે સ્કૂલ શરૂ થતી અને સાડા પાંચ વાગ્યે પૂરી થતી... શાળાના સમય વચ્ચે જાણે કોઈ પરીઓના દેશમાં પર્યટને ન ગઈ હોય તેવો અંજુને ભાસ થતો. તે સ્કૂલની દુનિયામાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી તથા બીજા વિષયોની દુનિયામાં, ભાષા અને વ્યાકરણની દુનિયામાં આ વાસ્તવિક જગતને વીસરી જતી, બધું ભૂલી જતી. પણ જ્યારે સાંજના સાડા પાંચ વાગ્યે શાળા છૂટવાનો લાંબો ઘંટ વાગતો ત્યારે હકીકતની દુનિયામાં, વાસ્તવિક દુનિયામાં ભગ્નહૃદયે પછડાતી. તેનું હૈયું આક્રંદ કરી ઊઠતું.

તેને પોતાને ખાતરી થતી કે પોતે એક વિધવા, નિરાધાર નારી છે. દુઃખી સ્ત્રી છે, જેના શ્વાસોચ્છ્વાસમાં નિસાસા ઊઠે છે ! ગરમાગરમ આહ (દુઃખની) દર્દની લકીર વર્તાય છે. કુદરતે પોતાની સાથે ક્રૂર

મશ્કરી કરી છે તેવું તેને થતું અને એ બિચારી સાવ ભાંગી જતી. અંજુને પોતાનાં બા-બાપુજી, અમીચંદ અને અનસૂયા યાદ આવી જતાં... અંજુ સાવ નિરાશ થઈ જતી... આવી જ રીતે નિરાશાનાં વાદળોમાં ઘેરાયેલી અંજુ સાડા પાંચે સ્કૂલ છૂટી જતાં સ્ટાફ રૂમમાં જઈ પોતાના ઘરે જવાનો વિચાર કરતી હતી ત્યાં...

'અંજુબહેન, તમને ત્રિવેદી સાહેબ યાદ કરે છે.' સ્કૂલના પટાવાળા ગુલાબે અંજુને શાળાના પ્રિન્સિપાલ તરફથી સંદેશો કહી પોતાની ફરજ પૂરી કરી.

'અત્યારે વળી શું કામ હશે મારું ?' અંજુ સ્વગત બબડી ઑફિસ તરફ વળી...

'આવો અંજુબહેન... બેસો.' ઑફિસમાં દાખલ થતાંવેંત જ પ્રિન્સિપાલ સાહેબે અંજુને આવકારી.

અંજુએ જોયું કે સફેદ, ઊડીને આંખે વળગે તેવા પહેરણ અને લેંઘામાં અમર પણ ઑફિસમાં બેઠો હતો... અંજુની અને અમરની આંખો મળી. ઘણા દિવસથી મળ્યાં ન હતાં. એક જ શાળાની છાયા નીચે નોકરી કરતાં હોવા છતાં પણ... જૂની ઓળખાણ તાજી કરી દીધી. અમર મંદ મંદ હસી રહ્યો હતો.

'બોલો સાહેબ...' અંજુ પોતાની જાતને સંકોરીને નેતરની ખુરશીમાં બેસતાં બોલી.

'જુઓ અંજુબહેન, વાત એમ છે કે આ વખત સ્વાતંત્ર્યદિન - પંદરમી ઓગસ્ટે આપણા શહેર તેમ જ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારની શાળાઓ વચ્ચે ૧૨મો નાટક, ગરબા-રાસ મહોત્સવ અને નિબંધ-વાર્તા-કાવ્યપઠન હરીફાઈ યોજવામાં આવી છે. મને વિશ્વાસ છે કે દર વખતની જેમ આ વખતે પણ પટેલ ઍન્ડ શાહ હાઈસ્કૂલ પાછી નહીં પડે કેમ અમરભાઈ, વાત ખરી ને ?' પ્રિન્સિપાલ ત્રિવેદી સાહેબે અમરને પૂછ્યું.

અમર ક્યાંક દૂર, કોઈક અવનવી રંગીન દુનિયામાં ખોવાઈ ગયો હતો, ગૂંચવાઈ ગયો હતો. તે પોતાનું નામ સાંભળતાં જ અગ્નિ


પર પોતાનું અંગ પડતાં કોઈક બાળક તરત જ પોતાનું અંગ સંભાળી લે તે રીતે તરત જ બોલ્યો :

'હા સાહેબ, પણ અમારે શું કરવાનું છે !'

'જુઓ, તમે, વિનુભાઈ, દિનકરભાઈ, ઉમેશભાઈ વગેરે થઈને ઉપલા વર્ગો માટે આઠમા ધોરણથી ઉપરના વર્ગના વિદ્યાર્થીઓ માટે એક આકર્ષક, ગમી જાય તેવું નાટક તૈયાર કરો. વળી તમે તો સાહિત્યરસિક જીવ છો એટલે વાર્તા-કાવ્યપઠન-નિબંધ વગેરે આર્ટિકલો બાબતે તમને વિશેષ કહેવાનું ન હોય...! એટલે આ બધી જવાબદારી તમારી... અને અંજુબહેન વિદ્યાર્થીઓને ગરબા-રાસ વગેરે માટેની જવાબદારી તમારી...' ત્રિવેદી સાહેબે અમર અને અંજુ તરફ જોતાં કહ્યું.

'તમને આવતી કાલથી એક એક પિરિયડ ફ્રી મળશે. એ દરમિયાન તમારે આપણી શાળાના રંગભવનમાં પહોંચી જવાનું અને પછીની જવાબદારી તમારી... જોજો આ વખતે આપણી શાળાનો રંગ જાય ના...' કહી ત્રિવેદી સાહેબે ઘંટડી દબાવી પટાવાળા ગુલાબને - બધાને માટે ચા-પાણીની વ્યવસ્થા કરવાનું કહ્યું.

ચા પીને બધાં છૂટાં પડ્યાં ત્યારે... 'ચલો કાલથી અંજુની સાથે કામ કરવા મળશે' એમ અમરના મનમાં થતું હતું અને અંજનાના મનમાં પણ... 'આ બહાને અમરની સાથે વાતચીત તો થઈ શકશે.' હરખ હતો...

*

બીજા દિવસથી અમરે અને અંજુએ બંનેએ પોતપોતાના પક્ષો તરફથી નાટક, ગરબા-રાસ મહોત્સવ અને વાર્તા - નિબંધ - કાવ્યપઠન હરીફાઈ અંગે જોરદાર તૈયારીઓ શરૂ કરી દીધી... અંજુએ બે ગરબા અને રાસ નક્કી કર્યા... તેને માટે પસંદગી કરીને, જોઈજોઈને છોકરીઓ નક્કી કરી... અંજુને ઉષાબહેન, મંદાકિનીબહેન, ચારુલતાબહેન મદદ કરતાં. ડ્રૉઈંગટીચર ગોવિંદભાઈ પણ જરૂર ન હોય તો પણ આંટાફેરા મારી જતા. અંજુને એ વાત ગમતી ન હતી... સંગીતશિક્ષક બાબુભાઈ આધેડ વયના સરળ સ્વભાવના મિલનસાર હતા... જેમનું માર્ગદર્શન અંજુને ખૂબ જ મદદરૂપ થતું...

'ઓ રંગરસિયા ક્યાં રમી આવ્યા રાસ રે...' ગરબાની પ્રેક્ટિસ ખૂબ, ખૂબ થતી ત્યારે સંગીતનો ચડાવ-ઉતાર, સંગીત સૂરની રમઝટ આખા રંગભવનને ભરી દેતાં અને વાતાવરણને સંગીતમય બનાવી દેતા. તે વખતે જરાપણ શરમ રાખ્યા વગર અંજુ પોતાના અસલ મૂડમાં આવી જઈને છોકરીઓને ભાતભાતની એક્ટિંગ બતાવીને, ભાતભાતનો અભિનય કરીને જે રીતે શિખવાડતી તેને જોઈને બીજા બધા આભા બની જતા... દિગ્મૂઢ બની જતા... અમર પણ 'નાચતીકૂદતી, કોમળવર્ણી, ફૂલ સમાન એક આર્યબાળા જેવી; શ્વેત-વસ્ત્રધારિણી અંજનાને જોઈ રહેતો...

જ્યારે...

'દાક્તર સાહેબ આ મોંઘવારીમાં શા હારુ જીવવું ? મારાથી નહીં જીવાય... ! મને ઝેરનું ઈન્જેક્શન આપીને મોતને ઘાટ ઉતારી દો, દાક્તર સાહેબ... મારાથી નથી થતી કોઈ મહેનત કે નથી મળતી કોઈ મજૂરી... મારી ઘરવાળી ટી.બી.ના રોગમાં મરી ગઈ અને હુંયે ટી.બી.માં ને ટી.બી.માં મરવા પડ્યો છું. મોટો દીકરો મોહન ચોરી-લૂંટફાટ, ગુંડાગીરી કરે છે. એ જેલમાં સબડે છે... મારી પારેવા જેવી છોડી... રાધા... એકની એક... દીકરી... કે જેના આવતી સાલ હાથ પીળા કરવાના હતા... તે છોડી માટે મહેનતમજૂરી કરીને હજાર-બે હજાર રૂપિયા ભેગા કર્યા'તા તે રૂપિયા મોહનિયો ચોરી ગયો અને મોહન્યાના ઓલ્યા ભાઈબંધ કરશનિયાએ મારી દીકરીની લાજ લીધી... હું મોહન્યાને નત્ય નત્ય કહેતો હતો કે... લ્યા મોહન્યા આ રાવણને આપણા ઘરમાં ના આવવા દે... પણ મારું માને કુણ... હવે દાક્તર સાહેબ, મારું શરીર નથી કામ કરતું... કેમ કેમ કરીને ઢસરડા ખેંચું ? કેમ કેમ કરીને મજૂરી કરું ? કેવી રીતે હાથલારી ઢસડું સાહેબ ! મને મોતને ઘાટ ઉતારી દો... દાક્તર સાહેબ ઝેરનું એક અન્જીશકનશ આપી દો... સાહેબ.' કહીને જ્યારે અમર પોતાની ટુકડી દ્વારા નાટક - ગરબા મહોત્સવનું નાટક... 'ડાક્ટર-દરદી-ડાક્ટર'નું આબેહૂબ રિહર્સલ કરતો ત્યારે સ્ટેજ પરનાં બધાં જ, હાજર હોય તે તમામ અજબ ભાવપૂર્ણ દુનિયામાં ખોવાઈ જતાં...



'સાહેબ, મારાથી નથી જીવાતું...' કહી ફાટેલાં ગંદાં ગોબરાં કપડાં પહેરી આબેહૂબ કોઈ હાથલારીવાળા મારવાડી કે જેનું શરીર ટી.બી.થી જીર્ણશીર્ણ થઈ ગયું છે... તેવા હાથલારીવાળા મારવાડીની ભૂમિકા ખરી આબેહૂબ ભૂમિકા... 'દાક્તર સાહેબ હવે મારાથી નથી જીવાતું... હું કેમ કેમ કરીને જીવું ? દાક્તર સાહેબ, તમે જ મને બતાવો... ખૂ ખૂ ખૂ' કહી ખૂ... ખૂ... ખૂ... કરી જ્યારે અમર બનાવટી રીતે... લોહીની ઊલટી કરતો ત્યારે અને ઢળી પડતો ત્યારે બધાના જીવ ઊંચા થઈ જતા હતા. ખરેખર શું અદ્‌ભુત અભિનય છે ! બધાના મોઢામાંથી એક જ વાત નીકળી પડતી...

અંજના પણ ઘડીભર ભાન ભૂલી જતી અને તે અભિનયમાં એવી મશગૂલ થઈ જતી કે તે અમર પોતે જ જાણે પેલો મારવાડી (હાથલારીવાળો) ન હોય તેમ તેને લાગતું... મનમાં ને મનમાં અમરની ઉમદા અભિનયશક્તિ જોઈને ખૂબ જ રાજી થતી...!

રિહર્સલ અને ગરબાની પ્રેક્ટિસ પૂરી થતાં બંને, અમર અને અંજુ સાથે જ નીકળતાં... પણ કોઈની સાથે ઝાઝું બોલવાની વાત નહીં... હા, બીજા સ્ટાફના શિક્ષક-મિત્રો અને શિક્ષિકાબહેનો અરસપરસ ગપ્પાં મારતાં, હસતાં, મજાક કરતાં પણ અમર અને અંજનાની વાત જ કંઈ ઓર હતી...

એક દિવસ નાટકના રિહર્સલ અને ગરબાની પ્રેક્ટિસમાં ખૂબ જ મોડું થયું... હતું... જેમજેમ હરીફાઈનો દિવસ નજીક આવતો ગયો તેમતેમ અમર-અંજના પોતપોતાના પ્રોગ્રામની તૈયારીઓમાં રચ્યાંપચ્યાં રહેવા માંડ્યાં... પોતાની જ ધૂનમાં મસ્ત રહેવા લાગ્યાં.

આ બાજુ પેઢી પર અમર નિયમિત રીતે આવતો ન હતો તેમ જ ઘરે પણ અવાર-નવાર વહેલુંમોડું થતું હોઈ અમુલખભાઈ અકળાતા...

'અલ્યા એય અમર ! આ માસ્તરગીરી છોડી દે... છોડી દે ને આ પંતુજીની નોકરી. તારે ક્યાં વળી ખોટ છે ! આંય પેઢીએ આવીને બેસતો હોય તો ઠીક... મારા જીવનેય શાંતિ થાય... આ વળી નવું

ભૂત ક્યાંથી વળગ્યું છે... માસ્તર બનવાનું...?'

જવાબમાં અમર હસી દેતો મૂછમાં :

'બાપુજી, એ નવું તૂત અને ભૂત તમને નહીં સમજાય... તમતમારે પૈસા ગણીગણીને કોઠીમાં ભર્યે રાખો એટલે બસ...'

કાન્તાબહેન પણ :

'અમર ! આ નિશાળની ધમાલમાં ને ધમાલમાં પૂરું ખાતો નથી, પીતો નથી. બસ જયારે જુઓ ત્યારે... નિશાળ... ને નિશાળ. આના કરતાં નોકરી છોડી દે તો સારું.. મારે ક્યાં સુધી ઢસરડા કરવાના...? જ્યારે કહીએ કે અમર બેટા હવે તો કાંઈક અમ જેવાં ઘરડીઆંનો વિચાર કર ત્યારે કાંઈનું કાંઈક બહાનું શોધી કાઢે છે. મારો વા'લો... આ વખતે નથી છોડવાની હું તને ! કાં તો તું છોકરી(વહુ) લાવી દે અથવા કાં તો તું નોકરી છોડી દે...'

કાન્તાબહેન જ્યારે જીદ પકડતાં ત્યારે... અમર પોતાની બાના હાથમાં રુદ્રાક્ષની માળા પધરાવી : 'બા, તમતમારે ભગવાનનું નામ લો એટલે સૌ સારું થશે...' કહી જવાબની આશા રાખ્યા વગર... બહાર દોડી જતો અને સ્કૂટર ચાલુ કરીને પોતાની શાળાના નાટક-ગરબા-રાસ-ની પ્રેક્ટિસમાં ભળી જતો. આ બાજુ કાન્તાબહેન પોતાના નસીબનો વાંક ગણી નિસાસો નાખતાં....

હરીફાઈનો દિવસ ખૂબ જ નજીક આવી રહ્યો હતો. માનનીય શિક્ષણ મંત્રીશ્રી આ મહોત્સવનું ઉદ્ઘાટન કરવાના હતા અને શહેરના અગ્રગણ્ય વ્યક્તિઓમાંય પૈસાપાત્ર વ્યક્તિઓમાં અમુલખરાય જાણીતા હોઈ તેમને આ સમારંભમાં પ્રમુખ બનાવ્યા હતા. બીજા એક રાજયના અગ્રગણ્ય નેતા અતિથિવિશેષ તરીકે હાજર રહેવાના હતા.

આમ હરીફાઈનો દિવસ જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ અંજના-અમર પોતપોતાની પ્રવૃત્તિઓમાં રચ્યાંપચ્યાં રહેવા માંડ્યાં... મશગૂલ રહેવા માંડ્યાં... પોતપોતાનું ગ્રૂપ પોતાની આગવી અભિનય છટાથી અલગ તરી આવે તેવી તેમના હૈયામાં ઇચ્છા હતી. ઉમંગ હતો, તરવરાટ હતો...



તે દિવસે સાંજે મોડું થયું એટલે...

'અંજુબહેન. જો તમને કોઈ વાંધો ન હોય તો મારા સ્કૂટર પર તમારા ઘર સુધી મૂકી જાઉં... આ તો મોડું થયું છે એટલે...' અમર અંજુને પૂછતાં તો પૂછી બેઠો પણ પાછળથી આવું પૂછવાથી અંજુને ખોટું તો નહીં લાગે ને અને બીજો કોઈ અર્થ તો નહીં કરે ને ? એ હકીકતનું ભાન થતાં તે ખૂબ જ સંકોચાયો અને શરમાયો...

'ના ના એવું નથી અમરભાઈ... પણ... તમતમારે જાવ ને. હું મારી મેળે એકલી જઈશ...' અંજના માંડ-માંડ બોલી શકી... જ્યારથી પોતાના રાસ-ગરબામાં પૂરી લગનથી અને ભાનથી અંજુ કામ કરતી હતી તે જોઈને ઉષા, ચારુલતા, મંદાકિનીબહેન મનમાં મનમાં બળ્યા કરતાં હતાં. તેમના મનમાં પાર વગરની બળતરા થતી હતી. પણ કહે કોને ? શાળાના આચાર્યસાહેબે અંજુમાં આગવી સૂઝ ઢબ અને કામ લેવાની શક્તિ જોઈને અંજુને બધી જ જવાબદારી સોંપી હતી... તે વાત તેમનાં મનમાં ખૂંચતી હતી. ને તમામ બહેનો ગમે તેમ કરી બહાનાં કાઢી ઊપડી ગઈ હતી... છેલ્લે છેલ્લે ગરબા-રાસમાં ભાગ લેતી બહેનોને વિદાય કરીને ગુલાબને રંગભવનની ચાવીનો ઝૂમખો સોંપીને અંજુ વિચાર કરતી હતી-હવે શું કરવું ? શું ન કરવું ?

પોતાની વાતનો યોગ્ય જવાબ ન મળવાથી, લાપરવાઈથી અમર ચાલવા માંડ્યો... સ્કૂટર ભણી...

'અમરભાઈ... એય અમરભાઈ...! મારી વાતનું ખોટું લાગ્યું ?' અંજનાથી અચાનક બોલી જવાયું અને બોલ્યા પછી જાણે પોતે કંઈક ભૂલ કરી બેઠી છે તેવો તેને ભાસ થયો.

અમરને નામ દઈને બોલાવવાથી તેણે મહાન અપરાધ કર્યો નથી. અંજનાએ પોતાના મનને મનાવ્યું...

અમર પાછો વળ્યો...

'તો બોલો, આવવું છે ?' અમર બોલ્યો... તે દૂરદૂર જોઈને ક્ષિતિજમાં જોઈને વાત કરતો હતો...

'હા...'

'તો પછી મારી સાથે ચાલો... લાંબી લપ્પનછપ્પન કર્યા વગર...' કહી અમરે ચાલવાનો આદેશ કર્યો-

અંજનાને અમરનો આદેશ ગમ્યો... તે તેને અનુસરી.

એક જ કીક મારી અમરે પોતાનું સ્કૂટર ચાલુ કર્યું. અમરની પાછળ બેસતાં અને અમરને ખભે હાથ મૂકતાં જ અંજનાના રોમેરોમમાં ઝણઝણાટી થઈ ગઈ... અંજનાને કનક : પોતાનો સ્વર્ગસ્થ પતિ યાદ આવી ગયો. કનક આ જ અદાથી સ્કૂટર ચલાવતો હતો... અને પોતે આ જ રીતે સ્કૂટર પાછળ...

જિંદગીમાં કેવા કેવા દિવસો જોવાના આવે છે ! આનું નામ છે જિંદગી. હસતી જિંદગી, રડતી જિંદગી, ઉમંગભરી ઉલ્લાસભરી, તરવરાટથી ભરપૂર જિંદગી. નિરાશ, ટાઢા પાણી જેવી શીતલ ઠંડી જિંદગી. ખેલકૂદ કરતી, મોજમજા માણતી, હસીખુશીની જિંદગી, દુઃખની જિંદગી. લાડકોડભરેલી જિંદગી... ગમગીનીથી ભરપૂર એકલવાયી જિંદગી. અંજનાએ પોતાની જિંદગીમાં, જિંદગીનાં અવનવાં ઘણાં જ સ્વરૂપો જોયાં હતાં...

'અંજનાબહેન ક્યાંક ખોવાઈ ગયાં લાગો છો ? કે તમને જ્યારે જોઉં ત્યારે કંઈક ને કંઈક દુઃખમાં વિચારતાં હો, ઊંડેથી વિચારો કર્યા કરતાં હો કે કોઈક દુઃખમાં ખોવાઈ ગયાં હો એવો મને આભાસ થાય છે ! મારી વાત ખરી છે ને ?' અમરે સ્કૂટરનો ગીયર બદલતાં પૂછ્યું...

'ના રે ના, એવું કાંઈ નથી... આ તો હું આપણી હરીફાઈનો વિચાર કરતી હતી...'

'એમાં શું વિચાર કરવાનો હોય ? આવી કેટલીય હરીફાઈઓ આવશે અને જશે જિંદગીમાં.'

'મને એ વાતનો વિચાર આવ્યો કે આ તમારા નાટક-ડૉક્ટર-દર્દી-ડૉક્ટર-ને ચોક્કસ પહેલાં નંબરનું ઈનામ લાગશે...'

'અને તમારા ગરબા 'ઓ રંગ રસિયા ક્યાં રમી આવ્યા રાસ જો...'નો નંબર નહિ લાગે ? પણ મારા મનમાં એવું છે કે મારા નાટકને ભલે ઈનામ ન મળે, તમારા રાસ-ગરબાને ઈનામ મળે તો



મને ખૂબ જ આનંદ થાય.' કહી અમર મુક્ત મને નિર્દોષ હસી પડ્યો...

'ખરી વાત છે કે પછી ખાલીખાલી... ?'

'ના બિલકુલ સાચી વાત છે... જુઓ અંજનાબહેન, મને આજથી તમારો મિત્ર સમજજો અને કાંઈપણ મુશ્કેલી હોય તો વિના સંકોચે મને કહી દેવું...' કહી અમરે ઝરોખાવાળા મકાન આગળ પોતાનું સ્કૂટર ઊભું રાખ્યું...

'ચાલો ને અમરભાઈ, ઘરે...' સ્કૂટર પરથી ઊતરતાં અંજના બોલી.

'ના આજે તો ખૂબ જ મોડું થઈ ગયું. બા ઘરે રાહ જોતાં હશે.. મારા બાપુજી પણ ખૂબ જ ચિંતા કરતા હશે...' કહી અમરે પોતાની બંધ 'અમુલખરાય શ્રોફની કું.' પેઢી પર નજર નાખી સ્કૂટર ઉપાડ્યું.

જેવો અમર વિદાય થયો કે આ બાજુથી અંજનાના મોટા ભાઈ અતુલભાઈ ને ઉષાભાભી આવતાં દેખાયાં. અંજુના મનમાં ધ્રાસકો પડ્યો કે મોટા ભાઈ અને ભાભી આ બનાવનો ઊંધો અર્થ નહિ લે ને...

પણ થોડી વારમાં અંજુને ખબર પડી કે મોટાભાઈ અને ભાભીને આ વાતની ખબર ન હતી પડી એટલે એને મન ટાઢક વળી હતી, ઉષાભાભી બુદ્ધિસાગર માટે નાટક મહોત્સવને દિવસે... છોકરી જોવા જવાનાં છે અને વેવિશાળની વાત લગભગ નક્કી જ છે, તેવી વાત કહેવા આવ્યાં હતાં... અંજનાને તેમની સાથે જવાનો ટાઈમ જ ક્યાં હતો ?...

વિકાસ કૉલેજના પ્રવાસમાં ગયો હતો... અંજના એકલી જ ઘેર હતી... એ આજે ખૂબ જ થાકી હતી. સ્વસ્થ થઈ... ચા, ભાખરી બનાવી જ્યારે પથારીમાં પડી ત્યારે દશ વાગ્યા હતા...

સ્કૂટર પર બેસવાનો પ્રસંગ ને અમરના હૂંફાળા સાંનિધ્યનો અમરના માયાળુ વર્તનને વાગોળતી તેમ જ હરીફાઈના થોડા દિવસ બાકી રહ્યા હોઈ તેની ચિંતામાં મશગૂલ બનેલી અંજનાને ક્યારે ઊંઘ આવી ગઈ તે વાતની ખબર પડી નહિ.

*

હરીફાઈ પરિપૂર્ણ થઈ... રંગભવનનું સ્ટેજ સંગીતના વાતાવરણથી,

સંગીતના સૂરોથી ભરાઈ ગયું. ઊભરાઈ ગયું... પંદરમી ઑગસ્ટને દિવસે... યોજાયેલી વાર્તાનિબંધ હરીફાઈમાં - મોટેરાઓની સેવામાં અમરની વાર્તાકૃતિ 'જલેબીનું પડીકું' એ નિબંધને પ્રથમ નંબરનું ઈનામ મળ્યું. આખા શહેર અને ગામ વિસ્તારના ૨૫ વર્ષની વયના, યુવાન, આધેડ તમામે તમામ ભાઈઓએ ભાગ લીધો હતો તેમાં અમરની કૃતિઓ ઈનામને પાત્ર ઠરી હોઈ અંજનાને ખૂબ જ આનંદ થયો.. તે મનમાં ખૂબ જ ખુશ હતી...

*કાવ્ય પઠનમાં અમરની કૃતિ...*
*મારે જીવવું નથી આ જગમાં*
*મારે જીવવું નથી આ જગમાં*
*ઘોર નિરાશાથી ભરપૂર*
*અંધારામાં ભમવું નથી આ જગમાં-(૨)*
*જ્યાં જ્યાં ગયો ત્યાં ઠોકરો ખાધી*
*હવે મને વહાલી લાગી યોગસમાધિ...*
*મારે રખડવું નથી આ જગમાં*
*મારે જીવવું નથી આ જગમાં...(૨)*
*નથી દઈને કરતું કોઈ યાદ,*
*દુનિયા થઈ રહી છે બરબાદ*
*દયા, માયા ક્યાં કોઈને રહ્યા છે યાદ...!*
*મારી એ જ છે મોટી ફરિયાદ...!*
*મારે જીવતા જીવવું નથી આ જગમાં...*
*મારે જીવવું નથી આ જગમાં-(૨)*

અમરે પોતાની સ્વરચિત કૃતિ જે ભાવપૂર્ણ હૃદયે ગાઈ હતી તેને સાંભળી બધા ભાવવિભોર થઈ ગયા. કાવ્યકૃતિ પઠનનો કાર્યક્રમ પૂરો થતાં અમરની કાવ્યરચના પ્રથમ ઈનામપાત્ર ઠરે છે. તેમ જાહેરાત થઈ ત્યારે તાળીઓનો ગડગડાટ થયો...

ગા. પૃ. ૫૪ રંગભવનની રાત, સંગીતની રાત... નાટક-ગરબા-રાસના-મહોત્સવની રળિયામણી રાત, સૂરસુરાવલીની રાત, રાગ-



રાગિણીની રાત, સંગીતની, આરાધ્યદેવીની પૂજાની અહોભાગ્યની રાત, પુણ્યશાળી રાત, રૂમઝૂમ કરતી રાત. રંગભવનની રંગભીની વાતાવરણે રૂમઝૂમ કરતી રાત આવી. હસી ઊઠી, લહેરાઈ ઊઠી નાચી ઊઠી. સંગીતના સૂરોના વાતાવરણે અવનવી તાજગી ભરી દીધી. શરણાઈના સૂર તબલાંના વાજિંત્રોના સૂર અને સ્વરોનો અલૌકિક સંગમ થતાં આખું વાતાવરણ સંગીતમય, સૂરમય બની ગયું. વાતાવરણમાં માદકતા આવી ગઈ.

નાટક-રાસ-ગરબા-મહોત્સવના ઉદ્‌ઘાટક-માનનીય શિક્ષણ-મંત્રીશ્રી આવી ગયા. બીજા રાજ્યકક્ષાના મહેમાનો, અમુલખરાય પણ અતિથિવિશેષ તરીકે આવી ગયા. મહોત્સવના કાર્યકર ભાઈઓ આવી ગયા તથા અમુલખરાય સાથે કાન્તાબહેન હતાં... અંજનાનો ભાઈ વિકાસ પણ કૉલેજ ટૂરમાંથી પરત આવી ગયો. આજે પોતાની બહેનોની આગેવાની હેઠળનો-પ્રોગ્રામ જોવા આવ્યો હતો.

ગરબા-રાસની રમઝટે આખા વાતાવરણને નવી જ હવા આપી દીધી. નવી જ તાજગી આપી દીધી. પ્રારંભે ઘૂમતું યૌવન-ગરબા-રાસની રમઝટ એમાંય વળી ...'ઓ રંગરસિયા ક્યાં રમી આવ્યા રાસ રે...'

ગરબાની રમઝટે ખરેખરી રમઝટ આણી દીધી. બધા ગરબાની ધૂનમાં ને ધૂનમાં સંગીતના ગાનમાં ને તાનમાં એવા ગુલતાન બની ગયા, રસમગ્ન તલ્લીન બની ગયા કે ગરબો ક્યારે શરૂ થયો અને ક્યારે પૂરો થયો તે વાતની કોઈને ખબરે પડી નહીં.

પ્રેક્ષકગૃહમાંથી તાળીઓનો ગટગડાટ... વન્સમોર વન્સમોરનો અવાજ...

વળી પાછા-નાટકની દુનિયા ખાસ કરીને-ડૉક્ટર-દર્દી-ડૉક્ટર-ભાવપૂર્ણ નાટકમાં બધા એવા રંગાઈ ગયા કે... નાટકમાં રજૂ થતી સમાજની, દુનિયાની સત્ય, નગ્ન હકીકતથી બધા અંજાઈ ગયા. નાટકમાં મુખ્યપાત્રે હાથલારીવાળાએ ખૂબ જ અસરકારક અભિનય આપ્યો હતો... બધા નાટકમાં નાટકમય બની ગયા, તલ્લીન થઈ ગયા...

જ્યારે મહોત્સવ પૂરો થયો અને જ્યારે રાસ-ગરબા મહોત્સવમાં 'ઓ રંગરસિયા ક્યાં રમી આવ્યા રાસ રે...' કૃતિ પ્રથમ ઈનામને

પાત્ર ઠરી નાટક, કૃતિઓના-ડૉક્ટર-દર્દી-ડૉક્ટરનું નાટક અને ખાસ કરીને મારવાડી હાથલારીવાળાની ભૂમિકા અસરકારક હતી. તેમ નિર્ણાયક મંડળે જાહેર કર્યું ત્યારે પ્રેક્ષકગૃહમાં તાળીઓનો ગડગડાટ થયો... તાળીઓના ગડગડાટના વરસાદે આખા વાતાવરણને ભરી દીધું, અમર અને અંજનાની આંખોમાં અમીનાં આંસુ છલકતાં હતાં. તેમની અપાર અથાક મહેનતે આજે રંગ રાખ્યો હતો.

ઇનામનું વિતરણ કરતાં કરતાં 'કાવ્ય-પઠન' નિબંધસ્પર્ધા, વાર્તાસ્પર્ધા, અને છેક છેલ્લા નાટક ડૉક્ટર-દર્દી-ડૉક્ટર... માટેનાં ઇનામ આપતી વખતે અમુલખરાય ચોક્સીની છાતી ગજગજ ફૂલી ઊઠી - કાન્તાબહેન પણ હર્ષઘેલાં થઈ ગયાં... ફોટાઓ લેવાયા... ગરબાની બહેનોને અંજનાને 'રંગરસિયા ક્યાં રમી આવ્યા... રાસ રે...' માટે ફરતો શીલ્ડ અને ઇનામો અપાયાં અને હસીખુશીના વાતાવરણ સાથે આ પ્રોગ્રામ પૂરો થયો... બધાં મોડી રાતે એક વાગે છૂટાં પડ્યાં ત્યારે...

અમર અંજનાની આંખમાં અમી હતાં.

અમુલખરાય અને કાન્તાબહેનના આનંદનો પાર ન હતો.

આચાર્ય ત્રિવેદી સાહેબે અને સ્ટાફના બીજા ભાઈઓ અને બહેનોએ અમરને અને અંજનાને ખાસ મુબારકબાદી આપી. બધાં વેરાયાં.

■

# 7

# જીવન ઝંઝાવાત

નાટક-ગરબા-રાસ મહોત્સવ પતી ગયાને બીજે દિવસે શ્રી પટેલ ઍન્ડ શાહ હાઈસ્કૂલમાં ખળભળાટ મચી ગયો.

ન જાણ્યું જાનકી નાથે કાલે સવારે શું થવાનું છે ? ભવિષ્યના ઉદરમાં કોઈ પેસી નીકળ્યું નથી. ભવિષ્યકાળની ભાષા અગમ્ય,



અવાચ્ય અને ગૂઢ હોય છે. તેને જો બધા સાચી રીતે અને સારી રીતે, સરળતાથી ઉકેલી શકતા હોત તો આ દુનિયામાં પ્રારબ્ધ, ભાગ્ય, નસીબ કે તકદીર નામના શબ્દોની હયાતી ન હોત, શ્રદ્ધારૂપી દીપ આપણા પ્રત્યેકના ઉરમાં, દિલમાં સળગ્યા કરતો ન હોત અને પ્રભુ, ઈશ્વર, પરમાત્મા, ભગવાન, વગેરેમાંથી જે ગણો તે કોઈને પણ કોઈ માનતા ન હોત. પ્રભુ, ઈશ્વર, પરમાત્મા, ભગવાનને શ્રદ્ધા અને ભાવથી પૂજતા ન હોત.

કાન્તાબહેન પ્રભુની આરતી કરતાં હતાં. પ્રભુનાં ગુણગાન ગાતાં હતાં... પરમાત્માની ભક્તિનાં અને શક્તિનાં યશગાન ગાતાં હતાં. પ્રભુ ભજનમાં લીન હતાં. એકાએક-

ક્યારેક ક્યારેક કાંઈક અમંગળ, અશુભ ઘટના બનવાની હોય, અશુભ ઘટના આકાર લેવાની હોય ત્યારે તેનાં એંધાણ આપણને અગમ્ય રીતે, અગોચર રીતે એડવાન્સમાં એટલે કે પૂર્વ પહેલેથી જ મળી જતાં હોય છે.

કાન્તાબહેનની ડાબી આંખ કોણ જાણે કેટલાય સમયથી ફરક્યા કરતી હતી. સવારના પહોરમાં જ મહારાજથી અજાણતાં પગ અડવાથી દૂધ ઢોળાઈ જવાની ઘટના કોઈ અમંગળકારી ઘટના કે બનાવ ટૂંક સમયમાં બનવાને છે, આકાર લેવાનો છે તેની આગાહી કરતી હતી. સૂચન કરતી હતી. પણ કોને ખબર પડે ? તેથી જ કહ્યું છે કે ન જાણ્યું જાનકી નાથે..

શાળાના સમયે સ્કૂટર પર સવાર થઈને પટેલ ઍન્ડ શાહ હાઈસ્કૂલ તરફ વહ્યા જતા 'અમર'ને ફરીથી કોઈ માલભરેલી ટ્રકે જીવલેણ ટક્કર મારી અને અમર હવામાં ફંગોળાયો. સ્કૂટર ક્યાં પડ્યું તેની તેને ખબર પડી નહીં અને થોડી જ વારમાં તેણે પોતાનું ભાન, શાન બધું જ ગુમાવી દીધું.

એક બાજુ સ્ટેશન તરફ ધોરી રસ્તો દોડતો જતો હતો... પેસેન્જર ટ્રેનનો આવવાનો સમય, બીજી બાજુ શાળાનાં બાળકોની સ્કૂલનો સમય, ત્રીજી બાજુના મુખ્ય શહેર તરફ પોતાની માલ ભરેલી ટ્રક

વહેલી પહોંચાડી દઉં એ વાતની ઉતાવળે અને ડ્રાઈવરની બેદરકારીએ આ ગોઝારો અકસ્માત સર્જ્યો અને બિચારા વાંકગુના વગરના અમરને હૉસ્પિટલ ભેગો કરી માલ ભરેલી ટ્રક પળભરનો વિલંબ કર્યા વગર, ઊંચે શ્વાસે ભાગી છૂટી. અચાનક બની ગયેલા બનાવથી બધાં એવા હેબતાઈ ગયાં, રઘવાયાં બની ગયાં કે શું કરવું અને શું ન કરવું તે વાતની કોઈને ઝટ સમજ પડી નહીં.

આ ગોઝારો અકસ્માત પટેલ ઍન્ડ શાહ સ્કૂલની નજીકમાં જ બન્યો હોઈ શાળાના છોકરાઓ-વિદ્યાર્થીઓ પોતાના સાહેબને ઓળખી ગયા... સાહેબને એક્સિડન્ટ થયો છે... ચોક્સી સાહેબને વાગ્યું છે... એવા સમાચાર સાથે તેઓ સ્કૂલ તરફ દોડી ગયા અને પટેલ ઍન્ડ શાહ હાઈસ્કૂલમાં ખળભળાટ મચી ગયો. અમરના શરીરમાંથી સારું એવું લોહી વહી ગયું હતું. તે ગંભીર રીતે ઘવાયો હતો. એ બેભાન હતો... લોહીનું ખાબોચિયું ભરાયું હતું...

અમુલખરાય ચોક્સીને ઘરે અને પેઢીએ ટેલિફોન રણકી ઊઠ્યો... શેઠ અમુલખરાય મારતી મોટરે આવ્યા. શેઠને ઘેર અને પેઢીને દોડધામ વધી ગઈ. અમરને 'આઈ. પી. મિશન' - શહેરની મોટી હૉસ્પિટલે લઈ જવાયો અને તાકીદની સારવારનો દોર શરૂ થયો. કાન્તાબહેને આ વાત જાણી ત્યારે તેઓ કકળી ઊઠ્યાં. તેઓ ગભરાઈ ગયાં... એક બાજુ ડૉક્ટરે કહ્યું કે દર્દીની હાલત ખૂબ જ નાજુક બનતી જાય છે... અત્યારે દર્દી સંપૂર્ણ રીતે અચેત અવસ્થામાં છે... તેના માથા પરના ભાગને મોટા પ્રમાણમાં ઈજાઓ થઈ હોવાથી બચશે કે નહીં બચે તે કહી શકાય તેમ નથી... ભગવાન પર શ્રદ્ધા રાખો... ગોડ બ્લેસ હીમ... આ ઓપરેશનથી ઊગરી જાય તો સારું... એવો જ્યારે અભિપ્રાય આપ્યો ત્યારે...

ત્યારે હૉસ્પિટલમાં હાજર એ તમામના જીવ પડીકે બંધાઈ ગયા... પટેલ ઍન્ડ શાહ હાઈસ્કૂલના આચાર્ય, ઉપાચાર્ય, વિનુભાઈ, દિનકરભાઈ, બાબુભાઈ, તરુલતાબહેન, મંદાકિની, ચારુલતા વગેરે સ્ટાફ અચાનક આવી પડેલાં ઝંઝાવાતથી જાણે હબકી ગયો ન હોય



તેમ બધા મૂઢ બની ગયાં હતાં. પેઢીનો તેમ જ દુકાનનો સ્ટાફ, શહેરના બીજા લાગતાવળગતા, ઓળખીતા, પારખીતા માણસોની વણઝાર લાગી ગઈ. બધા જ લોકો પૂરી શ્રદ્ધાથી અમરને જિંદગી બક્ષવા ઈશ્વરને પ્રાર્થી રહ્યા હતા.

અંજુએ જ્યારે આ વાત જાણી ત્યારે એ હબકી ગઈ, ઝબકી ગઈ, પથ્થરની મૂર્તિની જેમ અચેત બની ગઈ. તેનામાં હૉસ્પિટલ તરફ જવાનાં હામ કે હિંમત રહ્યાં નહીં.

તેને આગળના દિવસે કાવ્યપઠન સ્પર્ધામાં કાવ્ય ગાતો અમર યાદ આવી ગયો... તે થરથરી ઊઠી.

*'મારે જીવવું નથી આ જગમાં, મારે-જીવવું નથી આ જગમાં*
*ઘોર નિરાશાથી ભરપૂર-*
*અંધારામાં ભમવું નથી આ જગમાં*
*મારે જીવવું નથી આ જગમાં...'*

અંજનાને પોતાનો જીવનસાથી 'કનક' યાદ આવી ગયો. તે બેબાકળી બની ગઈ. કોઈ ભયથી ઘેરાયેલી હિરણી જેમ આકુળ-વ્યાકુળ બની જાય તેવી અંજનાની હાલત હતી. સ્કૂલમાંથી બધો જ સ્ટાફ હૉસ્પિટલ તરફ વહ્યો ગયો હતો... પોતે જ એકલી સ્કૂલમાં હતી... એક ભીંત ઘડિયાળ ટક-ટક કરતું હતું... અંજનાનું મન પારાવાર અજંપાથી ભરાઈ ગયું હતું, મૂઢ બની ગયું હતું.

છેવટે ન રહેવાતાં ન સહેવાતાં તે હૉસ્પિટલ તરફ ભાગી. અમર-જીવન મૃત્યુ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો હતો... તેની જીવનશક્તિ ટકાવવા માટે... મોતની સામે ઝઝૂમી રહ્યો હતો... અમરને બ્લડ આપવામાં આવ્યું.

આ જ પ્રમાણે અંજનાનો સાથી 'કનક' પણ હૉસ્પિટલમાં હતો, તે જીવન-મૃત્યુ સામે સંગ્રામ ખેલતો હતો. મોતની સામે ઝઝૂમતાં સાવ ઠંડો થઈ ગયો હતો. સાવ ઠરી ગયો હતો કાયમને માટે... પોતે તે વખતે હાજર હતી.. કદાચ પોતે કમભાગી હોય એટલે તે વખતે 'કનક' ન બચ્યો એટલે આ વખતે કદાચ પોતાનાં પગલાંથી અમરની જિંદગી

ઝૂંટવાઈ ન જાય તે વિચારથી અંજના ડરી ગઈ. એક વખત તેણે કનકને ખોયો હતો હવે અંજના અમરને ખોવા માગતી ન હતી... હૉસ્પિટલ તરફ ભાગતી, દોડતી સાપણ કે નાગણની જેમ વહી જતી અંજના અટકી ગઈ, ઠરી ગઈ. હૉસ્પિટલના લોખંડી દરવાજા પણ ભયાનક રીતે દાંત કાઢતા હોય તેમ અંજનાને લાગ્યું... તે થરથરવા માંડી, કંપવા લાગી... તેને પરસેવો છૂટી ગયો... જેટલી ત્વરાથી તે આવી હતી તેના કરતાં તે દુઃખી હૃદયે, ચિંતિત હૃદયે, ભગ્ન હૃદયે પાછી ફરતી હતી, તે ગતિમાં આસમાન જમીનનો ફરક હતો... કોઈ વધારે પડતો ઘવાયેલો જવાંમર્દ મહાપરાણે, ખૂબ જ તકલીફે, માંડ-માંડ ડગલાં ભરે તેમ અંજના મરતા-મરતા પગલે પાછી સ્કૂલ તરફ વળી.

જ્યારે સ્કૂલનો સ્ટાફ આવ્યો ત્યારે બધાએ 'અંજનાબહેન ! અમરભાઈને વાગ્યું તમને ખબર પડી કાંઈ ?'

'અમરભાઈને વાગ્યું તોય અંજનાબહેન તેમને જોવા હૉસ્પિટલ સુધ્ધાં ન આવ્યાં...'

'આ તો બાઈ છે કે જીવતીજાગતી ચૂડેલ... ગઈકાલે તો જોડે ફરતી હતી અને આજે બિચારાની ખબર જોવાય ન આવી...' ચારુલતા મંદાકિનીના કાનમાં કહેતી હતી.

'છે સાવ બબુચક જેવી. કોઈપણ જાતની દયામાયા કે ભાવ વગરની પથ્થર જેવી...' સ્કૂલનો બધો સ્ટાફ આવું વિચારી રહ્યો હતો.

આ બાજુ અંજુનું અંતર બળતું હતું, દિલ દુભાતું હતું. તે અમરને જોવા માટે તરસતી હતી. તે અમરના દુઃખે દુઃખી હતી... પોતાનો ભાવ કોની આગળ કેવી રીતે, કઈ સ્થિતિમાં પ્રદર્શિત કરવો ? કારણ કે તે વિધવા હોઈ, લાચાર હતી, નિરાધાર હતી. એક વિધવા હોવું એ પણ ગુનો બની જાય છે માનવી માટે.

ખળભળાટ મચી ગયા પછી વાતાવરણમાં પૂર્વવત્ સ્મશાનશાંતિ ફેલાઈ જાય અને પછી વાતાવરણ ફરીથી ગતિમય બની જાય તેમ પટેલ ઍન્ડ શાહ હાઈસ્કૂલમાં ખળભળાટ મચી ગયા પછી, બપોર બાદ શૈક્ષણિક કામ શરૂ થયું, પૂર્વવત્-પહેલાંની માફક...



તેમ છતાં આચાર્ય શ્રી જોશીસાહેબ વારંવાર હૉસ્પિટલમાં, દસ દસ મિનિટે ફોન કરીને, અમરની તબિયત વિશે માહિતગાર રહેતા હતા.

અમરને બ્લડ અપાઈ ગયું. ઑપરેશનનો દોર ચાલુ છે... દવાદારૂ ઈન્જેક્શનો અપાય છે. કલાક બાદ અમર ભાનમાં આવશે. હજુ સુધી અમર ભાનમાં આવ્યો નથી... ડૉક્ટર્સ ખૂબ જ જહેમત ઉઠાવી રહ્યા છે..' વગેરે કોઈ ચૂંટણીના બુલેટિનની જેમ સમાચાર અંજનાને મળતા ત્યારે બિચારી અંજુ ભાવવિભોર બની જતી. તેની આંખો ભીની થઈ જતી...

અંજનાને પૃચ્છા-કરતો અમર યાદ આવી ગયો :... 'અંજુબહેન, જો તમને કાંઈ વાંધો ન હોય તો મારા સ્કૂટર પર તમને ઘર સુધી મૂકી જાઉં ?'

આ સાથે અગાઉનો અમર સાથેનો વાર્તાલાપ અંજના સામે તાદૃશ્ય થયો.

અંજના પોતે ઑફિસ તરફ, સ્ટાફરૂમ તરફ ઢસડાઈ મહાપરાણે... સ્ટાફરૂમમાં ઉપાચાર્ય સાહેબ જોશીસાહેબ વાત કરતા હતા કે અત્યારે જ હૉસ્પિટલમાં ફોન પરથી જાણવા મળ્યું છે કે અમર થોડો થોડો ભાનમાં આવતો જાય છે... અમરનું ઑપરેશન સફળ થયું છે... ત્યારે અંજુના અને બધાના જીવને ટાઢક વળી...

બધા હૉસ્પિટલમાં જવાના હતા. એટલે પોતે પણ હૉસ્પિટલ તરફ બધાની સંગાથે ચાલી.

હૉસ્પિટલ આખી ચિક્કાર હતી. મેદનીને અમરને મળવાની તો બંધી હતી. અમરના બાપુ જ અમુલખરાય અને કાન્તાબહેન બિચારાં ઢીલાં બની ગયાં હતાં નર્વસ બની ગયાં હતાં... અંજના કાન્તાબહેનની નજીકમાં સરી આવી અને મનને શાંત કરે તે રીતે સમજાવ્યું... કાન્તાબહેનના મનની હાલત તે સવિશેષ સમજતી હતી, જાણતી હતી, પણ શું થાય ? પોતાના પ્રથમ પરિચયે વધારે પડતું બોલવું અંજનાને યોગ્ય લાગ્યું નહિ. હૉસ્પિટલ દવાખાનેથી પાછા ફરતા સ્ટાફની સાથે

ખબરઅંતર પૂછી એ પાછી ઢસડાઈ ઘર તરફ જવા માટે. જો કે અમરને મળવાની, અમરને જોવાની તેની સેવાશુશ્રૂષા કરવાની તેને ખૂબ જ તમન્ના, ઈચ્છા હતી. મનમાં ને મનમાં દબાવી રાખી. અને બધા સાથે દવાખાના બહાર ઢસડાઈ...!

☼

- ભોળા ભગવાન મારા 'અમરને જલદી સાજો કરી દે તો હું તને સવા રૂપિયાનો પેંડાનો પરસાદ ધરાવું. ત્યાં સુધી મારે દૂધની બાધા... ઘરે આવીને કાન્તાબહેને બાધા લીધી... ભગવાનને રાત દિવસ યાદ કરવા માંડ્યાં...

અમુલખરાય પણ પોતાના એકના એક દીકરાની ચિંતામાં પડી ગયા. જાતજાતની દવાઓ, ઈન્જેક્શનો, ગોળીઓ, વગેરેની વણઝાર શરૂ થઈ. અમરને માથા પરના ઘા સુઝાઈ ગયા... પણ એક્સરે રિપોર્ટમાં એ હકીકત જાણવા મળી કે અમરના જમણા હાથના કાંડાના હાડકામાં ક્રેક (તિરાડ) પડી ગઈ છે અને તેના કારણે અમરને હાથે પ્લાસ્ટર કરાવવું પડ્યું. દવાખાનામાં દશ-પંદર દિ' રહીને અમર પોતાને ઘરે આવ્યો પણ તેટલા સમયમાં આખા શહેરનું મને ખૂણાખાંચરામાંથી નાના, મોટા, ઘરડા, જુવાન બધા અમુલખરાય ચોક્સીનો દીકરો, શેઠ અમુલખરાયનો દીકરો, પ્રતિષ્ઠિત માણસનો છોકરો અમર ! એટલે બધા આવી ગયા.

દશ પંદર દા'ડા હૉસ્પિટલના સ્પેશ્યલ રૂમમાં ગાળ્યા પછી અમર ઘરે આવ્યો...! ઘરે બા સેવાપૂજા, ઘરકામમાં મશગૂલ રહેતાં. ફાધર અમુલખરાય પાછા તેમના અસલ ધંધામાં રૂપિયાની લેવડ-દેવડમાં અને વેપારમાં પરોવાઈ ગયા. આ બાજુ જમણા હાથે પ્લાસ્ટરનો પાટો. ગળામાં પાટો ભરાવીને, સમય ના જાય એટલે પોતાની રૂમમાં આંટાફેરા કરતો. પથારીમાં પડખાં ઘસતો. સમાચારપત્રોના સમાચારો વાંચતો. નાટકનાં પાનિયાં ફેરવતો અને સમય ન જાય તો આંખો મીંચીને પલંગમાં પડી રહેતો. દિવસમાં એકાદ બે વખત ચા પીવાનું રાખ્યું હતું. સવારે ચા નાસ્તો, બપોરે જમવાનું, બપોરે ચા-નાસ્તો... વળી



પાછા સાંજે જમવાનું બધી જ પ્રક્રિયાઓ યાંત્રિક રીતે ચાલ્યા કરતી...!

- અમર આવા જીવનથી, એકાકી જીવનથી કંટાળી ગયો હતો, ઉબાઈ ગયો હતો...

એટલે જ એક રવિવારે 'અંજના' અમરને ઘેર અમરની ખબર જોવા આવી હતી ત્યારે...

'અંજનાબહેન, તમે મારી એક વાત માનશો ?' અમરથી કહ્યા વગર ન રહેવાયું...!

'પહેલાં વાત કહો. પછી માનવા જેવી જણાશે તો માનીશ.' અંજનાએ આશ્ચર્ય સાથે કહ્યું.

'જુઓ...! મારો જમણો હાથ નકામો થઈ ગયો ત્યારથી આ એકાકી જીવનથી હું કંટાળી ગયો છું. આ મારો રૂમ, મારા રૂમમાં મારું જીવન અહીંયા ગૂંગળાઈ રહ્યું છે, અકળાઈ રહ્યું છે. મને અહીંયાં આ વાતાવરણમાં પૂરાઈ રહેવાનો કંટાળો આવે છે. તમે સાંજે, દરરોજ સાંજે શાળાએથી છૂટ્યા પછી મને સાથે, સંગમ આગળ-બે નદીઓ જ્યાં આગળ ભેગી થાય તે જગ્યાએ - પુલના છેડા તરફ જવામાં કંપની આપો તો કેવું ?'

અંજનાને અમરની દરખાસ્ત ઘણી ગમી ગઈ. તે મનમાં ખૂબ જ ખુશ થઈ...! પરંતુ...

'ના મારે તો સાંજે ઘરે જઈ રસોઈ તૈયાર કરવાની હોય... અને બીજાં પાર વગરનાં કામ રહે એટલે દરરોજ નહીં પણ...'

'જુઓ અંજના, તમે દરરોજ ન આવો તો કાંઈ વાંધો નહીં પણ શનિ-રવિ રજાના દિવસે કંપની આપશો તો ઘણું સારું.'

'જોઈશ પ્રયત્ન કરીશ.' અંજના બોલી.

— અને દર અઠવાડિયાના શનિવારની-રવિવારની બંને જણાં આતુરતાથી ઉત્સુકતાથી રાહ જોતાં... શનિવાર અને રવિવારનો બંને જણા ઈન્તજાર કરતાં. સાંજના પાંચ સાડા પાંચ વાગ્યે નદી પુલને છેડે ફરવા નીકળી પડતાં. બંને વચ્ચે અલક-મલકની વાતો થતી, ચર્ચાઓ થતી, વાર્તાવિનોદ થતા અને અવનવી ચર્ચાઓ થતી...!

બે નદીઓનો સંગમ.. બે સરિતાઓ એકબીજામાં ઓતપ્રિત થઈ જાય તે સ્થળ... જે સ્થળે કોઈનો ભેદભાવ રહેતો નથી તે જગા. બે હસતી, દોડતી, રમતી સરિતાઓ, નદીઓ, ક્યારેક ભેખડો તોડતી, ક્યારેક તાંડવ પૂરમાં વૃક્ષો, જાનવરો, માનવીઓને તાણી લાવતી, ક્યારેક ગંભીર થઈને વહેતી સરિતાઓ આ જગાએથી પોતપોતાનું અસ્તિત્વ ભૂલી જઈને, ભેદભાવ વીસરી જઈને, એકાકાર બની જઈને વહે છે તે જગા, પુનિત જગા.

આ પવિત્ર જગાએ ઓમકારેશ્વર મહાદેવ આવેલા છે. મહાદેવની આરતી, જેમ રાત-દિન નિયમિત થાય છે... સૂરજ-ચંદ્ર ઊગવામાં અને આથમવામાં કોઈ જાતની રોકટોક નથી તેમ મહાદેવના પૂજારી પણ સવાર-સાંજ એના આરતીના ટાણે જ આરતી કરવામાં નિયમિત છે.

મહાદેવનાં દર્શન, પૂજા, સ્તુતિ, પ્રદક્ષિણા કર્યા પછી અમર-અંજના નદીકિનારે કિનારે ચાલવા લાગ્યાં. અમર-અંજના બંને નદીઓ જે જગાએ પોતપોતાનું અસ્તિત્વ, પોતપોતાના આકારને વિસારી દઈને નિરાકાર કે એકાકાર બની જતી હતી તે જગાએ ઊભા રહીને મુગ્ધ મને પ્રકૃતિની ગોદમાં ખોવાઈ ગયાં...

અમર વિચારી રહ્યો હતો :

'અંજુ કેમ કંઈ બોલતી નથી ? એ કંઈ શરૂઆત કરે ત્યારે મારાથી વાતની શરૂઆત થાય ને ?'

આ બાજુ અંજના પણ વિચારતી હતી :

'અમર જોડે આમ ફરવા નીકળવું શું ખરેખર યોગ્ય છે ? મારા મોટા ભાઈ શું વિચારતા હશે ? અમર પોતે મનમાં શું વિચારતો હશે ??? વગેરે વગેરે-'

'કેમ કાંઈ બોલતાં નથી ?' છેવટે અમરે શરૂઆત કરી...!

'આ નદીનું પાણી, પક્ષીઓનો કલરવ, સૂસવાટા મારતો પવન, દૂર દૂર ગામડાનો શોરબકોર બધું જ બોલે છે. કુદરતનું દરેક અંગ બોલતું હોય ત્યારે મને શાંત રહેવું, મૌન રહેવું યોગ્ય લાગે છે.' અંજના ઉવાચ.



'અરે ! વાહ તમે તો કવિતા કરવા લાગી ગયાં ?' અમર મૂડમાં હતો.

'ના, એવી વાત નથી અમરભાઈ ! હવે તમને મટી ગયું લાગે છે. આરામ થઈ ગયો હોય તેમ લાગે છે, આવતી કાલે તમારા હાથનો પાટો છૂટશે... એટલે ફરી પાછા નોકરીએ જોડાઈ જવું પડશે ! કેમ ખરી વાત ને ?' અંજના અમરની જેમ મૂડમાં જ હતી. તેને પોતાની મર્યાદાની ખબર હતી. તે કાંઈક ગંભીર હતી.

'અરે હા ! હવે આવતીકાલથી નોકરી ચાલુ... કેમ બરાબર ને !'

'હા...! પણ હવેથી સ્કૂટર ચલાવવાનું બંધ થઈ ગયું.'

'કેમ ?'

'તમારા બાપુજી ગઈકાલે વાત કરતા હતા એટલે એ પરથી હું કહું છું...'

'આપણને સ્કૂટર સિવાય ફાવે જ નહીં... અને મોટર કે સાઈકલ ચલાવતાં ઝાઝી આવડતી નથી...' અમર હસ્યો...

અંજના હસતા અમરને જોઈ રહી અને તે અમર અને કનકની મનોમન સરખામણી કરવા લાગી.

તેનાથી એક નિશ્વાસ નંખાઈ ગયો... ક્ષિતિજમાં થાકેલોહારેલો સૂરજ આથમી રહ્યો હતો. ધરતી પર અંધારાંના ઓળા પથરાવા લાગ્યા હતા...

'ચાલો, પાછાં વળીશું ?' અમર બોલ્યો.

'ચાલો... મોડું થઈ ગયું છે !' અંજના જાણે કોઈ વિચારમાં ખોવાઈ ગયેલી હતી અને તેણે વિચારમાં ને વિચારમાં જવાબ આપ્યો...

અને બીજે દિવસે અમરને સંપૂર્ણ આરામ થઈ ગયો હોવાથી લગભગ દોઢ મહિનાની રજાઓ ભોગવીને શાળાએ નોકરીએ ચઢવાનો હતો... અમરને એ વાતનો આનંદ હતો. જ્યારે અંજનાને અમર સાથે હરવા-ફરવા અને મુક્ત મને વાતો કરવા આખા દિવસમાં જે ફક્ત માંડ માંડ અડધો કલાક મળતો હતો તે અડધો-પોણો કલાકેય ઝૂંટવાઈ ગયો, છીનવાઈ ગયો તે વાતનું અંજનાને દુઃખ હતું, ગ્લાનિ હતી, બેચેની હતી.

અમર-અંજના, અંજના-અમર પોતપોતાના વિચારવંટોળમાં અટવાયેલાં હતાં. ગુમસુમ હતાં. કાંઈ પણ બોલ્યા વગર ચાલતાં હતાં... રંગપુર શહેર આવી ગયું. શહેરની ગલીઓ વટાવીને અમરના ઘરની ગલી આવી ગઈ.

'ચાલો, આવતી કાલે હાથનો પાટો છોડાવીને હાડવૈદની સલાહ પ્રમાણે વાંધો નહીં હોય તો નોકરી પર હાજર થઈ જાઉં ત્યારે ફરી મળીશું... બરાબર ને ?'

'બરાબર... ચાલો... બસ ત્યારે...' કહી અંજના અમરથી છૂટી પડી.

ત્યારે અંજનાને થયું હતું કે પોતે અમરથી કાયમ-માટે અલગ થઈ ગઈ છે, અલગ પડી ગઈ છે ! તેની આંખમાં ઝળઝળિયાં હતાં, અશ્રુબિન્દુઓ ચમકતાં હતાં, દમકતાં હતાં... કનકની યાદ તેને તડપાવતી હતી, અકળાવતી હતી... મનમાં ને મનમાં દુઃખનો ડૂમો ગળી તે ઘર તરફ વળી.

■

# 8

# ભાંગેલા હૃદયની વેદના

બીજે દિવસે વિકાસ કૉલેજમાં ગયો હતો... તેને માટેનાં ચા, નાસ્તોપાણી વગેરે કામકાજથી પરવારી તેમ જ હમણાં જ નાહી પરવારી બાથરૂમમાંથી બહાર નીકળી અંજના બીજું કાંઈપણ કામકાજ કરવાની શરૂઆત કરે. રસોઈપાણીની શરૂઆત કરે તે પહેલાં તો તેના ઘરમાં અંજનાના મોટાભાઈ અતુલભાઈએ શિયાળામાં પડેલા વરસાદ (માવઠા)ની જેમ અચાનક પ્રવેશ કર્યો.

ઘડિયાળમાં સાડા-આઠ પોણાનવ વાગ્યા હતા. રસોઈ-પાણી,



લૂગડાં-લત્તાં અને વાસણ-કૂસણ માંજવાં વગેરે કામ અંજના જાતે જ કરતી હતી એટલે સવારમાં જરા ઉતાવળ અને રઘવાટ અંજનાને થતાં, પણ હવે આ બધાથી અંજના ટેવાઈ ગઈ હતી.

મોટા ભાઈને અચાનક આવેલા જોઈ, અંજના આશ્ચર્યમાં પડી ગઈ... શું થયું હશે ! એ વાતના વિચારો કરતી, તર્કવિતર્ક કરતી અંજના અતુલભાઈ નેતરની ભરેલી ખુરશીમાં બેઠા એટલે રસોડામાં પાણી લેવા ગઈ.

પાણી ભરેલો પ્યાલો અંજનાએ મોટા ભાઈને આપ્યો. અતુલભાઈ એકીશ્વાસે ગટ ગટ ગટ બધું પાણી પી ગયા અને પછી 'અંજના, તમે લોકો અહીં રહો તે વાત મને સારી નથી લાગતી. અમારાથી અલગ રહો તે વાત તો જાણે બરાબર છે ! સાથે વિકાસભાઈ પણ છે એટલે વાંધો નથી... પણ...' અતુલભાઈ અટકી ગયા.

'પણ... એટલે શું ? બોલો, મોટા ભાઈ બોલો શી હકીકત છે ?' અંજનાએ કહ્યું...

'અંજના મારી વાતનું ખોટું ન લગાડતી. આ તમે લોકો અહીંયાં અમારાથી અલગ-રહો એ વાત મારે સાંભળવાની. લોકોનાં મહેણાં-ટોણાં સાંભળવાનાં અને અધૂરામાં પૂરું તું અને અમુલખરાયનો દીકરો ઓલ્યો અમર બંને સાંજે ફરવા નીકળો તેની પાછળ થતી વાતો મારાથી નહિ સંભળાય, એટલે આજે આવ્યો છું... તને કહેવા અને ચેતવવા.' અતુલભાઈ એકી શ્વાસે બધું બોલી ગયા અને જાણે થાકી ગયા હોય તેમ ઢીલાઢફ થઈ ગયા...! અતુલભાઈની આંખોમાં ઝળઝળિયાં ભરાઈ આવેલાં જોઈને અંજનાનું હૃદય દ્રવી ઊઠ્યું તે મનોમન રડી ઊઠી...

'મોટા ભાઈ, અમર બિચારો એકલો આખો દિવસ પથારીમાં ને પથારીમાં પડ્યા પડ્યા કંટાળી જાય એટલે એમનાં બાબાપુજીના કહેવાથી અમરની સાથે હું દર શનિ, રવિ અને રજાને દિવસે નદી પુલને છેડે ફરવા જતી એમાં મેં કાંઈ ખોટું કર્યું નથી.' અંજનાએ ગંભીરતાથી કહ્યું.

'બરાબર છે બે'ન હું તને સારી રીતે જાણું છું, સમજું છું. પણ

લોકોને કાંઈ પહોંચી વળાય તેમ છે ? તેમને મોઢે કોણ ગળણું બાંધવા જાય ? તું જ જવાબ આપ...' અતુલભાઈ ગદ્ગદિત થઈને બોલ્યા...

'લોકોને જે કહેવું હોય તે કહેવા દો... કૂતરાં કેટલાંય ભસ્યા કરે છે... છો ને ભસતાં રહેતાં. આપણે એમાં શું ?' અંજનાએ જવાબ આપ્યો.

'એ વાત તો બધી બરાબર છે પણ...'

'પણ... ! ! પણ એટલે શું ? બોલો, મોટાભાઈ !'

'તું આ તારી નોકરી છોડી દઈને અમારા ભેગી રહેવા આવી જા, અને વિકાસના ભણતરને પહોંચી વળવાની તમામ જવાબદારી મારી ! બોલ, છે કબૂલ... ?'

'ના... મોટા ભાઈ, હું કોઈને માથે પડવા માગતી નથી. તમે ભાભીનો સ્વભાવ તો જાણો છો... વિકાસ ભલે ને મારી જોડે રહી ભણતો. હું તેને ભણાવીશ પણ એક વખત અલગ થયા પછી હું ભેગી રહેવા માટે નથી આવવાની.' અંજુએ પણ ગદ્ગદ સ્વરે કહ્યું...

'કાંઈ વાંધો નહીં પણ લોકલાજને ખાતર તું મહેરબાની કરીને ઓલ્યા અમુલખરાય ચોક્સીના છોકરા સાથે હરવા-ફરવાનું છોડી દેજે, ટાળજે.' મોટા ભાઈએ નહોતું કહેવું તો પણ કહ્યું.

'મોટાભાઈ મને મારા પોતા વિશે સમજણ છે. મને મારી, તમારી, આપણા કુટુંબની લોકલાજની ચિંતા છે. હું તે બાબતમાં તે બાબતે સંપૂર્ણપણે જાગૃત છું. તેમ છતાં ફરી કહું છું કે... હું મારાં વાણી, વર્તન અને વ્યવહાર એ દરેક બાબતમાં એટલો સંયમ રાખીશ કે કોઈને મારા, તમારા, આપણા કુટુંબ તરફ આંગળી ચીંધવા માટેનો ચાન્સ નહીં મળે...' અંજનાએ પણ ખુલ્લા દિલે મોટા ભાઈ અતુલભાઈ સામે એકરાર કર્યો.'

અતુલભાઈ આ સાંભળીને કાંઈપણ બોલ્યા-ચાલ્યા વગર શાંતિથી ચાલ્યા ગયા. અંજના પોતાના દુઃખમાં એટલી બધી ગરકાવ બની ગઈ હતી, ડૂબી ગઈ હતી કે એ અતુલભાઈને રોકવાનું ય ભૂલી ગઈ...

દસ મિનિટ તો અંજનાએ વિચારોમાં ને વિચારોમાં ગાળી,



અંજનાની આંખો ભરાઈ આવી હતી. આંખમાંથી દડ, દડ, દડ આંસુડાં વહેતાં હતાં. એનું હૈયું કકળતું હતું, આક્રંદ કરતું હતું, ડૂસકાં ભરતું હતું. પોતાની પીડા કોને કહેવાની હતી ? કોણ અંજનાનું દુઃખ સાંભળવા નવરું હતું ? કોઈ નહિ, દુઃખને સાંભળનાર કનક તો ક્યારનોય આકાશમાં ખરી જતા એકાદ તારલાની જેમ તેની સામે જ આ દુનિયામાંથી જતો રહ્યો હતો... ભગવાનનો પ્યારો થઈ ગયો હતો...

મન પરથી પીડાનો ભાવ ખંખેરી સ્વસ્થ થઈ અંજનાએ પોતાનું મન ઘરકામકાજમાં પરોવ્યું... રસોઈ (ભાખરી, શાક) પતાવી કપડાં ધોઈને પરવારી સ્કૂલ જવા તૈયાર થઈ એટલામાં વિકાસ આવ્યો.

'મોટી બહેન, તમે આજે કેમ ખાધું નહીં !' વિકાસે કહ્યું ત્યારે : 'અત્યારે ભૂખ નથી... સાંજે આવીને ખાઈશ...' મહાપરાણે ધસી આવેલાં આંસુઓને રોકવા પ્રયત્ન કરતી અંજના સ્કૂલ તરફ ભાગી...

સ્કૂલના વાતાવરણમાં અંજના પરોવાઈ હતી. અમર પણ નોકરી પર હાજર થઈ ગયો હતો... હવે તેને ખાસ કોઈ જાતની તકલીફ રહી ન હતી... સ્કૂલના સ્ટાફના ભાઈઓ, બહેનો, આચાર્ય, ઉપાચાર્ય વગેરે રિસેસ સમયમાં સ્ટાફરૂમમાં અમરની ખબર-અંતર પૂછી લીધી, તે વખતે અંજના પોતે પણ હાજર રહી પણ પોતે કાંઈ બોલી નહિ અને રિસેસનો સમય પૂરો થતાં તે પોતાના વર્ગ તરફ ચાલી નીકળી.

આ વાતથી અમરને આશ્ચર્ય થયું. કાલની અંજના અને આજની અંજનામાં અમરને આસમાન-જમીનનો ફેર લાગ્યો... અંજના બિલકુલ બદલાઈ ગયેલી લાગી. સ્કૂલનાં સ્ટાફનાં બધાં ભાઈબહેનો પોતપોતાના કામમાં મશગૂલ બની ગયાં હતાં. અમરે પણ પોતાનું ચિત્ત પ્રવૃત્તિમાં પરોવ્યું.

શાળાનું શિક્ષણ, રમતગમત અને સાહિત્ય પ્રવૃત્તિમાં હંમેશાં મશગૂલ રહેતા અમરને એક અઠવાડિયું પોતાના હાજર થયા પછી વીતી ગયું છે તે વાતની ખબર પડી નહિ. અમરને એ વાતનું મોટું આશ્ચર્ય થયું હતું કે અંજુએ અઠવાડિયાના સમયમાં એક વખત પણ

મળવાની કે ખબરઅંતર પૂછવાની ચેષ્ટા કરી ન હતી, આમ કેમ બન્યું ? અમર પોતે ઉલઝનમાં, અટવતો રહ્યો. બેચેન હતો.

અંજના અમરને મળવા માટે આતુર હતી પણ તેને અતુલભાઈના શબ્દો યાદ આવી જતા અને પોતે કરેલો એકરાર યાદ આવી જતો. પોતાની, પોતાની ભાઈની, કુટુંબની અને લોકલાજની વાત યાદ આવી જતી... એ બિચારી શું કરે ? એક ઘાયલ પંખિણી કે જેની બંનેય પાંખો ઘાયલ હોય અને ઊડવા માટે મથામણ કર્યા કરે. પોતાની પાંખો ખાલીખાલી ફફડાવ્યા કરે, તરફડિયાં માર્યા કરે અને થાકી જાય એટલે ઢીલીઢફ થઈ જાય તેવી અંજનાની મનની મનોદશા હતી.

આ વાતને બીજા દસ દિવસ વીતી ગયા. અમર પોતે પણ આત્મસ્વમાની હતો... એ જરૂર વગર અંજનાને મળવા માગતો ન હતો. કદાચ એ પોતે અંજનાને મળે, બોલાવે, વાતો કરે તો તે વખતે અંજના મોઢું ચઢાવી તોછડો જવાબ આપે એના કરતાં ના બોલવું એ બધાં કરતાં સારું. અમર મનોમન વિચારતો હતો.

અમરને અને મારે શું ? અમરના અસ્તિત્વની મને શી પરવા ? અમર હોય કે ન હોય તેથી મારે શું ? મારે વળી અમરની સલામતીના વિચારો કરી કરીને શા માટે રિબાવું પડે, પીડાવું પડે ? અમર મારા જીવનમાં કોણ જાણે કેવી રીતે મારા જીવનમાં તાણાવાણા સાથે વણાઈ ગયો છે. ગૂંથાઈ ગયો છે તે વાતની મને પોતાને, મારી જાતને કોઈ સમજ પડતી નથી. આ મને શું થઈ ગયું છે ! સમજાતું નથી. 'અંજના પોતે જ્યારે એકલી પડતી ત્યારે વિચાર્યા કરતી... છેવટે વિચારો કરી કરીને થાકતી ત્યારે વિચારવાનું બંધ કરતી - અને 'મારે અને અમરને શું લાગે વળગે !' મનોમન બબડી પ્રવૃત્તિમાં વળી જતી.

તે દિવસે સ્કૂલમાં છેલ્લો પિરિયડ ચાલતો હતો. વર્ગમાં 'મીરાંબાઈનાં પદો અને ભજનની, અને 'જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું...' કાવ્યપઠન અંજના કરી રહી હતી - અમર આજે સ્કૂલના મેદાનમાં ખેલતો ન હતો. એ વૉલીબૉલના ગ્રાઉન્ડની બહાર શૂન્ય-



મનસ્ક અને ક્ષિતિજમાં ખોવાઈ ગયો હતો. અંજના 'જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું' કાવ્યનું મોટેથી પઠન કરતી હતી. અમર તે કાવ્યના ભાવમાં તલ્લીન બની ગયો હતો. તરબોળ બની ગયો હતો.

આ બાજુ ચાલતા વર્ગમાં ગુલાબ કોઈ નોટિસ લઈને વર્ગમાં દાખલ થયો એટલે બધાંનું ચિત્ત તે તરફ દોરાયું... ગુલાબ આ સ્કૂલનો પટાવાળો હતો. જૂનો અને જાણીતો પટાવાળો. વર્ગનાં બાળકો-પાંચમા ધોરણનાં બાળકો આવતી કાલે-રજા પડશે એ અપેક્ષાએ કલરવ કરવા લાગ્યાં. ઘોંઘાટ કરવા લાગ્યાં.

નોટિસ પૂરેપૂરી વાંચીને અંજનાએ... 'એઈ સાંભળો...' કહ્યું એટલે ઘોંઘાટ શમી ગયો. વાતાવરણ શાંત થઈ ગયું... 'આપણી શાળામાંથી એક શૈક્ષણિક પ્રવાસ અર્ધવાર્ષિક પરીક્ષા પતી ગયા પછી એટલે કે આગામી મહિનાની ૨૬મી તારીખથી ૩૧મી તારીખ સુધી (૧) શામળાજી (૨) વણાકબોરી (૩) ગલતેશ્વર (૪) ડાકોર (૫) ઉત્કંઠેશ્વર (૬) આણંદ (૭) વડોદરા (૮) પાવાગઢ થઈને પાછા... એ પ્રમાણે પ્રવાસ જવાનો છે. જે ભાઈઓની ઇચ્છા પ્રવાસમાં જોડાવાની હોય તેમનાં નામ અમરભાઈને...' નામ લેતાં અંજના અચકાઈ પણ ખરી અને 'બહેનોએ પોતાનાં નામ મને એટલે કે અંજુબહેનને દિન-સાતમાં લખાવી જવાં...'

અંજનાએ નોટિસનું વાચન પૂરું કરી પોતાની સહી કરી. નોટિસની નોંધમાં આચાર્યશ્રીએ અંજનાને અને અમરને આજે ઑફિસ રૂમમાં મળવા બાબતની સૂચના આપી હતી તેની પણ અંજનાએ નોંધ લીધી.

એક બાજુ નોટિસનું વાચન પૂરું કર્યું અને બીજી બાજુ સ્કૂલ છૂટ્યાનો લોંગબેલ વાગ્યો એટલે વર્ગનાં બધાં બાળકો ઘરે વહેલાં પહોંચી મજા કરીશું, રમીશું, કૂદીશું આવી આશા સાથે વર્ગ બહાર દોડ્યાં.

અને એક બાજુ શાળાના મેદાનમાંથી નોટિસની જાણ થતાં અમર અને પોતાના વર્ગમાંથી અંજુ શાળાના કાર્યાલય તરફ ઢસેડાયાં... મહાપરાણે...

*

'આવો અમરભાઈ...' આચાર્યશ્રી ત્રિવેદીભાઈએ ઉમળકાથી અને... 'અરે ! અંજુબહેન તમે કેમ ખચકાઈને ઊભાં છો ? તમે પણ આવો. મેં તમને બંનેને અગત્યના કામે બોલાવ્યાં છે.' કહીને પાછળથી આવેલી અંજનાને પણ ઉમળકાથી આવકાર આપ્યો.

અમર અને અંજના બંને આચાર્યશ્રીના ટેબલની નજીક - લાકડાની, વાયરથી ભરેલી ખુરશીઓ પર અલગ-અલગ આમનેસામને બેઠાં. 'જુઓ અમરભાઈ અને અંજનાબહેન, તમારા વિશ્વાસે મેં એક શૈક્ષણિક સહયાત્રા (પ્રવાસનું) આયોજન કરેલ છે. જેમાં ૨૫ પચ્ચીસેક વિદ્યાર્થિનીઓ આઠથી નવ ધોરણ સુધીની અને ત્રીસેક વિદ્યાર્થીઓની સંખ્યા થાય તેવી રીતે આ પ્રવાસ અમદાવાદથી શરૂ કરી-અંબાજી, શામળાજી, લસુન્દ્રા, ફાગવેલ, ઉત્કંઠેશ્વર, ડાકોર, વડોદરા, પાવાગઢ, આણંદ, અમદાવાદ થઈને તરત રંગપુર આવે તે રીતે ચારથી પાંચ દિવસના સ્કૂલબસ પ્રવાસનું આયોજન તમારે કરવાનું છે. એસ. ટી. બસના કોન્ટ્રાક્ટ તથા તેને લગતી તમામ જવાબદારી મારી. તમારે પ્રવાસે જવા વિદ્યાર્થીઓને તૈયાર કરવાના સમજાવવાના અને તેમની પાસેથી પ્રવાસ અંગેની જરૂરી રકમ ઉઘરાવીને તેમનાં નામોની યાદી મને સુપ્રત કરવાની એટલે અડધી જવાબદારી પૂરી અને પછી બધાં બાળકોને હસીખુશીથી ફેરવીને, સહીસલામત રીતે હેમખેમ પોતપોતાને ઘેર પાછા પહોંચાડી દો એટલે તમારી તમામ પ્રકારની જવાબદારી પૂરી... બોલો છે કબૂલ !!' આચાર્યશ્રીએ ઉમંગમાં ને ઉમંગમાં લાંબા શ્વાસે પોતાની વાત કહી સંભળાવી.

'પણ સર એક વાત પૂછી લઉં... આટલા બધા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ અને અમે બે ફક્ત એકલાં જ... કેમ કરીને પહોંચી વળીએ !...!...!...' અમર બોલ્યો.

'એની તમારે ચિંતા કરવાની નહીં તમ-તમારે આપણા સ્ટાફમાંથી એક શિક્ષકભાઈ અને શિક્ષિકાબહેનને સાથે લઈ જઈ શકો છો અમરભાઈ.' આચાર્ય સાહેબે અમરની મૂંઝવણનો ઉકેલ કરતાં કહ્યું.



ત્યાર પછી થોડી સવિશેષ ચર્ચા કરી અમર અને અંજના ઑફિસમાંથી બહાર નીકળ્યાં... બંને જણાં ઘાસની લૉન પર ચાલતાં હતાં. તે વખતે : 'કેમ મારાથી તમે નારાજ તો નથી ને !' અમર બોલ્યો...

'ના... રે... ના... મારે શું કામ કોઈની સાથે નારાજ થવું પડે...' અંજનાએ અમરની સામે જોયા વિના જ ઉત્તર આપ્યો.

'આ તો તમારાં વાણી-વર્તન, વ્યવહારમાં ફેરફાર વર્તાયો એટલે મારે કહેવું પડ્યું અને જો પ્રવાસમાં તમને મારી હાજરી નાપસંદ હોય તો હું મોટા સાહેબને વાત કરી મારું નામ કૅન્સલ કરાવી દઉં...' અમર આજે કોઈ મહામુનિ, તપસ્વીની મુદ્રા ધારણ કરી ગંભીરતાથી બોલતો હતો...

'અમરભાઈ પસંદગી કે નાપસંદગીનો કોઈ સવાલ જ રહેતો નથી.' અંજના જ્યારે બોલી ત્યારે.

તો પછી આમ મારી સામે તોબરો ચડાવીને ફરવું, ખૂબ જ ગંભીર હોવાનો દેખાવ કરવો અને એ બધી વાતો મને ગમતી નથી... મને તો એ માણસ વધુ ગમે કે જે માણસ મનના ભાવોને મનમાં દબાવી રાખે નહિ પણ મનના ભાવોને વાચા આપે... મનની તમામ લાગણીઓ કહી સંભળાવે...'

'મને પણ સમાજની ઘણી વાતો ગમતી નથી, અમરભાઈ ! પણ હુંય આખરે સ્ત્રી છું. એક વિધવા, દુઃખી સ્ત્રી... કે જેણે મનની તમામ ઈચ્છાઓ, અરમાનોને બળજબરીથી કચડી નાખી છે... મનની તમામ લાગણીઓનું જાણી જોઈને ગળું દબાવી દીધું છે. અમારે સ્ત્રીજાતને મર્યાદામાં રહેવું એ મોટી વાત છે... આચાર-વિચાર, વાણી-વર્તનમાં મર્યાદા રાખવી એ મારા હિતની વાત છે. મને આપણી દુનિયાએ, આપણા સમાજે આ બધી વાત શીખવી છે. હું તે તમામ શીખવેલી પોતાનું અનુસરણ કરું છું અને તમને જો આનાથી ખોટું લાગતું હોય તો મારું કમનસીબ...' કહેતાં અંજુની આંખમાં પાણી આવી ગયાં.

અંજુને મહાપરાણે દરિયાનાં મોજાં જેવાં ધસમસતાં આંસુઓને ખાળી લીધાં, રોકી લીધાં... પરંતુ તેની આંખોમાંના ઝળઝળિયાંને અમર જોઈ ગયો, વરતી ગયો, ભાળી ગયો... એ કાંઈપણ બોલ્યા વગર પોતાના સ્કૂટર તરફ વળ્યો... સ્કૂટરને કીક મારી ચાલુ કરી. તેણે સ્કૂટર પાછું વાળ્યા સિવાય સામેની દિશામાં મારી મૂક્યું.

આ બાજુ જેના દિલમાં ખળભળાટ મચી ગયો છે તેવી અંજુ પોતાના તકદીર પર રડતી-કકળતી પોતાના ઘર તરફ વળી ત્યારે સડક પરની ટ્યૂબલાઇટોની દૂધિયા રોશની અંજનાના રુદનની સાથે છાનો-છાનો સૂર પૂરાવતી હતી... છાની છાની ડૂસકાં ભરતી હતી.

■

# 9

# પ્રવાસ – સહેલગાહે

શાળાની પરીક્ષાની કાર્યવાહી પતી ગઈ. પરીક્ષા પછી મધ્યસત્ર રજાઓ (મીડટર્મ વૅકેશન) શરૂ થતી હતી અને અગાઉથી નક્કી કર્યા પ્રમાણે... સ્કૂલનાં ૩૦ વિદ્યાર્થિનીઓ અને ૩૦ વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ વૅકેશનના બીજા દિવસથી શરૂ થતો હતો.

પટેલ ઍન્ડ શાહના વિદ્યાર્થી-વિદ્યાર્થિની પ્રવાસી મિત્રો સહુ પ્રવાસ માટે તૈયાર થઈ ગયાં. અમરે પોતાના બાપુજીની જ્યારે રજા માગી ત્યારે : 'આમને આમ રખડરખડ કરવાથી શો ફાયદો ?.. જરા ધંધામાં ચિત્ત પરોવ ને...' અમુલખભાઈએ કહ્યું ત્યારે.

'આ ઉંમરમાં છોકરો ફરશે નહીં ત્યારે શું ઘડપણમાં ફરશે...! જા બેટા જા હોં... પણ સાચવીને ફરજે...' અમરની બાએ અમરનો પક્ષ ખેંચ્યો... અને અમર માટે બધી તૈયારીઓ કરી... અને જરૂરી એવી તમામ ચીજવસ્તુઓ યાદ કરી, કરીને સંભાળીને અમરને આપી.



અંજનાએ પણ પોતાની રીતે તૈયારી કરી લીધી. વિકાસ પણ ત્રણચાર દિવસ નોકરીનો કોઈ ઈન્ટરવ્યૂ આપવા બહાર જવાનો હતો એટલે વિકાસ માટે રાંધવા-જમવાની કોઈ તકલીફ હતી નહીં.

અમરની સાથે શિક્ષકમિત્રોમાં વિનુભાઈ બહુ બોલકણા શિક્ષક હતા અને અંજનાએ ઉષાબહેનને તૈયાર કર્યા હતાં... વિનુભાઈ તો ક્યારનાય તૈયાર થઈને બધાથી પહેલાં સ્કૂલના કંપાઉન્ડમાં આવી ગયા હતા. ત્યાર બાદ ઉષાબહેન આવ્યાં... તેમણે બંનેએ પ્રવાસમાં આવનાર બધાં વિદ્યાર્થી-વિદ્યાર્થિની મિત્રો આવી ગયાં કે નહીં તેની ખાતરી કરી લીધી. બધાની હાજરી પૂરી લીધી અને તપાસ કરી લીધી કે બધાંનું બધું બરાબર છે.

અમરને મૂકવા અમુલખરાય અને કાન્તાબહેન પોતાની ગાડીમાં પ્રવાસ સામાન મૂકીને અમરને વિદાય કરવા આવી પહોંચ્યાં. સ્કૂલના આચાર્ય ઉપાચાર્ય અને બીજો સ્ટાફ તથા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓના વાલી અને સગાંમિત્રો પોતપોતાના છોકરાને વળાવવા અને પોતાના છોકરાને સારી રીતે ફેરવી સહીસલામત રીતે પાછા લાવજો એવું, કહેવા સ્કૂલના કંપાઉન્ડમાં આવી પહોંચ્યાં હતાં.

બધાં આવી ગયાં... વિપુલ પ્રવાસ એજન્સીની લકઝરી બસ પણ આવી ગઈ... બધાં બાળકો પોતપોતાની બેઠકોએ ગોઠવાઈ ગયાં પરંતુ.

'આ બાજુ અંજના પ્રવાસ માટેની તૈયારીઓ કરી, પોતાની સાધનસામગ્રી સાથે જવા નીકળી ત્યારે તેના મનમાં થયું કે લાવને મોટા ભાઈને મળતી આવું અને કહેતી પણ આવું...

વિકાસ તો આગલે દિવસે સાંજે નોકરીના ઈન્ટરવ્યૂ માટે બહારગામ ઊપડી ગયો હતો.

અંજના જ્યારે વહેલી સવારે મોટા ભાઈ અતુલભાઈને ઘેર પહોંચી ત્યારે... મોટા ભાઈ ઓટલા પર બેઠા બેઠા દાતણપાણી કરતા હતા અને ભાભી રસોડામાં ચાપાણીની તૈયારી કરતાં હતાં.

અંજના થોડીક ખચકાઈ અને પછી હિંમત રાખી આગળ વધી… મોટા ભાઈએ પૂછ્યું : 'કેમ અંજુ, સવારસવારમાં કઈ બહારગામ જવાનું છે કે ?'

'હા મોટા ભાઈ, અમારી શાળામાંથી બાળકોને પ્રવાસે લઈ જવાનાં છે… તેમાં મારે પણ જવાનું છે… એટલે જરા કહેવા આવી છું.' અંજનાએ કહ્યું…

'કેટલા દિવસનો પ્રવાસ છે …?' મોટા ભાઈએ દાતણ ચાવતાં ચાવતાં કહ્યું.

'ચારેક દિવસ તો લાગશે…!' અંજના ઉવાચ…

'તારી સાથે બીજા કોણ કોણ આવવાના છે ?' મોટા ભાઈએ ફરી પૂછ્યું.

'વિનુભાઈ, ઉષાબહેન અને અમરભાઈ…' અમરનું નામ બોલતાં અંજનાના દિલના ધબકારા વધી ગયા અને અંજનાના મનમાં થયું કે હમણાં મોટા ભાઈ જરૂરથી કાંઈક કહેશે. અંજનાને અગાઉનો બની ગયેલો પ્રસંગ યાદ આવી ગયો… કોઈ ગળી મીઠાઈ ખાતાં ખાતાં ભૂલથી કોઈ ક્વિનાઈનની ગોળી જેવી કડવી વસ્તુ મોઢામાં આવી જાય અને જે હાલત થાય તેવું કડવું મોઢું મોટા ભાઈનું અમરનું નામ સાંભળીને થઈ ગયું.

'ઠીક છે, સાચવીને ફરજે… કોઈની સાથે વધારે લપ્પન-છપ્પન કરતી નહીં.' અતુલભાઈ બોલ્યા ત્યારે અંજનાના હૃદયના ધબકારા હેઠા બેઠા, શાંત પડ્યા… પછીથી એ ઘરમાં ગઈ… ભાભીને બધી વાત કહી… અને : 'ભાભી આ ઘરની ચાવીઓ રાખો અને વિકાસ તપાસ કરવા આવે તો આપજો…' કહી ઘરની ચાવીઓ - સુપ્રત કરી અને ભાભીએ : 'અંજનાબહેન, ચા તૈયાર થઈ ગઈ છે. ચા પીને જાઓ…' ખૂબ જ આગ્રહ કર્યો… એટલે ચા-પાણી કરવા રોકાવું પડ્યું.

આમ ને આમ અડધો-પોણો કલાક જેવું મોડું થઈ ગયું અને



જ્યારે અંજના પોતાના મોટા ભાઈને ઘરેથી સ્કૂલના કંપાઉન્ડમાં પહોંચી ત્યારે ખાસ્સુ કલાકેક જેવું મોડું થયું હતું અને બધા ચાતક જેમ મેહુલિયાની રાહ જુવે તેમ આતુરતાથી રાહ જોતાં હતાં… તે પહોંચી એટલે…

'અંજનાબહેન, ભૂલાં પડી ગયાં હતાં કે શું ?' - બટકબોલા વિનુભાઈથી ન રહેવાયું.

'ના રે ના… મારા મોટા ભાઈને ઘેર ગઈ હતી એટલે જરા મોડું થયું…' અંજનાએ સરળતાથી જવાબ આપ્યો…

ચાલો બહેન આવી ગયાં… બધાં બાળકો ખુશ થઈ ગયાં. અંજના બસની આગળ ગોઠવાઈ - ડ્રાઇવરની સીટની પાછળના ભાગની લાંબી સીટની સામેની બાજુની ત્રણ બેઠકોવાળી સીટમાં અને અંજનાએ બધી છોકરીઓને પોતપોતાને ઠેકાણે બેસાડી દીધી. ત્યારબાદ અમરે બબ્બેની સીટમાં બધા છોકરાઓને બેસાડ્યા. પોતે ડ્રાઇવરની પીઠ પાછળ લાંબી ૬ બેઠકવાળી સીટમાં બેઠો જેથી બધાનું ધ્યાન રાખી શકાય.

છેક પાછળની બેઠકમાં ગોઠવાયેલા વિનુભાઈ ગાર્ડ સમાન હતા અને તેમની બાજુમાં ઉષાબહેન પણ ગોઠવાયાં.

સ્કૂલના આચાર્ય, ઉપાચાર્ય, શિક્ષક મિત્રો અને વાલીમંડળની ભાવભીની વિદાય લઈને સ્કૂલબસ પ્રવાસ માટે ઊપડી ત્યારે બધાના મનમાં ઉમળકો હતો… ઉલ્લાસ, આનંદના ભાવ દરેકના ચહેરા પર જોવા મળતા હતા…

આ વખતે અમર-અંજનાના ચહેરાના ભાવ વાંચવા માટે મથી રહ્યો અને અંજના અમરના ચહેરાના હાવભાવ વાંચવા માટે જાણ્યે અજાણ્યે પ્રયત્ન કરવા લાગી.

રંગપુરથી સવારે ઊપડેલી સ્કૂલબસ સૌપ્રથમ શામળાજી ખાતે થોભવાની હતી. અમદાવાદને બાજુ પર મૂકીને સ્કૂલપ્રવાસ બસ શામળાજીની દિશામાં પ્રયાણ કરતી હતી. મારતા વેગે… દોડ્યા જતા ઘોડાની માફક વહેતી હતી… છોકરીઓ અંજનાની આગેવાની હેઠળ અંદરોઅંદર 'અંતકડી'ની રમત કરતી હતી. વિદ્યાર્થીઓ અંદરોઅંદર

વાતો કરતા હતા. કોઈ વાંચતું હતું તો કોઈ આરામથી જંપની બારીની આડમાં ઊંઘી ગયું હતું...

બપોરે રંગપુરથી ઊપડેલી સ્કૂલબસ શામળાજી ખાતે થોભી... બધાં બસમાંથી નીચે ઊતર્યા. બગીચામાં જઈ નાસ્તોપાણી કરી પરવારી ફ્રેશ થયાં એટલે શામળાજીના શામળિયા ભગવાનના દર્શન કરવા મંદિરમાં પ્રવેશ્યાં... ભગવાનનાં દર્શન પતાવીને પછી શામળાજી ડેમ જોવા ગયાં. બધાંએ ડેમની દિશા પકડી... ડેમના પુલ પર ચઢી બધાં વિશાળ રીતે બંધાયેલા બંધને, બંધના બંધકામને, મોટા પ્રમાણમાં એકત્રિત કરેલા પાણીના જથ્થાને આશ્ચર્યથી નીરખતાં હતાં.

ત્યારે અંજના પુલને એક છેડે ઊભી ઊભી દૂર દૂર ક્ષિતિજ સુખી ફેલાયેલા પાણીથી ભરપૂર અગાધ સરોવરનાં પાણીને, પાણીની ઊંડાઈને જાણે માપવા પ્રયત્ન કરતી ન હોય તે રીતે જોતી હતી.

'અંજના ત્યાં દૂર દૂર શું જુએ છે !' અમર અંજનાની નજીક સરી આવ્યો. વિનોદભાઈ અને ઉષાબહેન બંને વાતોમાં મશગૂલ હતાં... વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ પોતપોતાને અનુકૂળ હોય તે રીતે ગૃપમાં વહેંચાઈ જઈ અહીં-તહીં ફરતાં હતાં...

પોતાને તુંકારથી બોલાવી તે અંજનાને ગમ્યું...

'માનવી પોતાની બુદ્ધિશક્તિ અને બાવડાંની તાકાતથી શુંનું શું કરી શકે છે ! તેનો વિચાર કરતી હતી...' અંજના હસી... તેના સફેદ ચમકતા દાંત દાડમની કળી જેવા દેખાતા હતા. ગુલાબી હોઠની લાલી અને શ્વેત વસ્ત્ર ધારિણી અંજના સાચે જ ખૂબ સુંદર લાગતી હતી...

'સાચે જ અંજના, આપણે જે જે વસ્તુઓની ધારણા કરીએ... જે જે ચીજવસ્તુઓ મેળવવાની ઈચ્છા કરીએ તે તમામ ઈચ્છાઓ પૂરી થાય ખરી !' અમરે કહ્યું.

'હા, ચોક્કસ આપણામાં જરૂરી હિંમત, બાવડાંની તાકાત અને આપણી શ્રદ્ધા તથા ઈચ્છાશક્તિ બળવાન હોય તો બધી જ વસ્તુઓ શક્ય છે...!'



'તો તો પછી આપણે બંને...!' બોલતો બોલતો અમર અટકી ગયો.

અંજના અમર પોતે આગળ શું કહેવા ઈચ્છતો હતો... તે સમજી ગઈ...' તો તો પછી આપણે બંને એક થઈ ન શકીએ !' તે વાત કહેવાના ભાવ અંજનાએ અમરના ચહેરા પરથી વાંચી લીધા... તેના દિલની ધડકન વધી ગઈ.

'ચાલો, ખૂબ મોડું થઈ ગયું...' વિનોદભાઈ બૂમ મારતા હતા... બાળકો સ્કૂલ બસમાં વારાફરતી ગોઠવાતાં હતાં.

સ્કૂલપ્રવાસ બસ શામળાજી પછી મોડાસા, બાયડ, કપડવંજ શહેરોને વટાવી... ઉત્કંઠેશ્વર... મહાદેવ તરફ દોડતી જતી હતી...

સાંજના ૫-૩૦ (પાંચ વાગી અને ત્રીસ મિનિટે) સ્કૂલ બસ ઊંટડિયા મહાદેવના મંદિરની નજીકમાં જઈને થોભી અને બધાંએ 'બોલો ઊંટડિયા મહાદેવની જય...!...' મહાદેવનો જયજયકાર કર્યો.

નદીના સંગમસ્થળે... નાહીપરવારીને બધાં મહાદેવની આરતીમાં સામેલ થઈ ગયાં... આરતીની ધૂનમાં ઘંટના રણકારમાં પ્રભુમય બની ગયાં... તલ્લીન બની ગયાં, એકરાર બની ગયાં. એકાકાર થઈ ગયાં...

સાંજે ધર્મશાળામાં જવાની તેમ જ ઊતરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી... એક રૂમ ભાઈઓ માટે અને બીજો રૂમ બહેનો માટે અલગ અલગ રાખવામાં આવ્યો હતો અને બધા જમીપરવારી, વહેલાં ઊઠવાનું છે અને વહેલાં ઊઠી નદીમાં નાહીધોઈ પરવારીને ભગવાનના દર્શન, પૂજા, આરતી કર્યા પછી ડાકોર રણછોડરાયનાં દર્શન કરવાના છે તે આશાએ અને આશાએ... સૂઈ ગયાં...

વહેલી સવારે અંજનાએ ઊઠીને જોયું તો... અમર નદીકિનારે ફરીને પાછો આવતો હતો. દૂર પગથિયાં ચઢીને પોતાની તરફ આવતો અમર અંજનાને કનકના બીજા અવતાર સમો લાગ્યો... તે દૂર દૂર આવતા, મસ્તીથી આવતા અમરને જોઈ રહી... અંજના નીચેથી દૂધ

લઈ આવી હતી અને પોતે જરૂરી એટલી ચા, મોરસ, ખાંડ લાવી હતી અને પ્રાયમસ પણ લઈ આવી હતી એટલે તેણે ગેલેરીમાં પ્રાયમસ સળગાવી દીધો... સવારના સાડાપાંચ પોણા છ થયા હશે... ઉષાબહેન અને બીજી છોકરીઓ તો હજી ઊંઘમાં હતી... અમરે પણ શાલ ઓઢેલી ! અંજનાને દૂરથી સ્તબ્ધતાથી નીરખી રહ્યો, નિહાળી રહ્યો....!!

'અમરભાઈ, વહેલા વહેલા કંઈ તરફ ફરી આવ્યા ?' અંજના ઉવાચ...

'નદીના કિનારે કિનારે ફરવામાં મને ખૂબ જ મજા પડે છે... વળી સ્નાનવિધિ બધું પતી ગયું એટલે નિરાંત...'

'થોડી ચા પીશો ને ?' પૂછતાં અંજના અચકાતી હતી.

'તમારા હાથની ચા તો શું કડવું ઝેર પણ મળે તો હું મીઠો શેરડીનો રસ ગણી પી જઈશ.' અમર મનમાં બબડ્યો... પણ બહારથી હા, હા દરરોજ ના મળે તો કાંઈ વાંધો નહીં... આજે તો આવો ચાન્સ બંદા છોડે એવા નથી.' અમરે કહ્યું.

'ભલા માણસ... એક વખત ચાન્સ તો શું ? હું તો તને જીવનભર ચા પિવડાવવા આતુર છું... એક વખત તો જરા ખાતરી તો કરી જુઓ...' મનમાં બબડી... અંજનાએ કહ્યું : 'જુઓ અમરભાઈ ચા સારી છે કે નરસી છે તેનાં તમારે વખાણ કરવાનાં નહીં, બરાબર !'

'હા બરાબર...' અને અમર અંજના હસી પડ્યાં...!

બધાં નાહીધોઈને પરવારી ગયા એટલે મહાદેવનાં દર્શન-પૂજા-આરતી વિધિ પતાવીને સ્કૂલ બસ ડાકોર જવા ઊપડી ત્યારે ઘડિયાળમાં નવ વાગ્યા હતા.

દોઢ બે કલાકમાં સ્કૂલ બસ ડાકોર આવી ગઈ...! બજારમાં ફરી ફરીને પ્રસાદ, પૂજાપો વગેરે લઈ લીધા અગિયાર વાગ્યે રણછોડજીના મંદિરના પગથિયા મંડ્યા ત્યારે 'રાજભોગના સુંદર દર્શનનો લાભ મળતો હતો... બધા ભાવવાહી બની રાજા રણછોડરાયની સેવાઆરતી



પૂજા કરતા હતા... ભગવાનને ભેટ ધરાવતા હતા... બધા પ્રભુમય બની ગયા હતા.

દર્શનવિધિ પતાવ્યા બાદ અમરે અંજનાને પૂછ્યું :

'તમે ભગવાન પાસે શું માગ્યું ?'

'મેં... કશું નહિ...' અંજનાએ જવાબ આપ્યો.

'ના, બિલકુલ ખોટી વાત... તમે જ્યારે ભગવાનના દર્શન કરતાં હતાં ત્યારે તમારા હોઠ ફફડતા હતા...' અમર બોલ્યો.

'ખરી વાત કહું, અમર... ?' અંજના બોલી.

શાળાનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ રણછોડરાયની ચારેકોર પ્રદક્ષિણા કરવામાં પરોવાયાં હતાં. જ્યારે ઉષાબહેન અને વિનુભાઈ પોતપોતાનાં પરસાદનાં પડીકાં લઈને ભગવાનના પાછળના દરવાજે થઈને ભગવાનની બિલકુલ નજીક પહોંચી ગયાં હતાં...

'કહો... તમે વહાલા ભગવાન પાસે શું માગ્યું !'

'તમારી સુરક્ષા... તમને કાંઈ ન થાય તે...'

'એનો મતલબ એ જ કે... તમારે હૈયે તમારી પોતાની જાતની નહીં પણ પારકાની ચિંતા હરહંમેશ થયા કરે છે, કેમ બરાબર ને !' અમર ઉવાચ.

'હા...! બિલકુલ બરાબર... પણ તમે શું માગ્યું ?' અંજનાએ અમરને પૂછ્યું.

'એ વાતની ખબર ત્યારે પડે કે જ્યારે તમે તમારી બંને આંખો બંધ કરો ત્યારે... ચાલો, તમે તમારી બંને આંખો બંધ કરી દો જોઈએ...' અમરે કહ્યું...

અને જ્યારે અંજનાએ પોતાની બંને આંખો બંધ કરી દીધી અને જ્યારે અમરે મોઢું ખોલવાનું કહ્યું અને અંજનાએ મોઢું ખોલ્યું ત્યારે... અમરે શુદ્ધ માવાનો પેંડો અંજનાના મુખમાં મૂકી દીધો... ભગવાનનો પ્રસાદ અંજનાના મુખમાં હતો. રંગીલા રાજા, ડાકોરના ઠાકોર ભગવાનનો સ્નેહથી ભરપૂર ભાવભીનો પ્રસાદ.

'અંજના, આ ભાવભીના, ગળ્યા, મધુર, પેંડાના પરસાદની માફક તમારા મનની મીઠી લાગણીઓ મારી તરફ કાયમ રહે એ જ અપેક્ષાએ કોઈ પણ જાતની, તન, મન, ધનની મોહમાયા વગરનો આપણો સંબંધ હરહમેશાં નવપલ્લવિત બની રહે એ જ આશીર્વાદ હું ભગવાનની પાસે માગું છું.'

અંજનાએ અમરના મુખેથી આ વાત સાંભળી ત્યારે અંજનાની આંખો તગતગી ઊઠી. અંજનાની આંખો ભરાઈ આવી... તેને કનક યાદ આવી ગયો...

પૂજાવિધિ આરતી પતાવીને પછી બધાએ ડાકોરના મંદિરમાં જ પોતપોતાની સાથે લાવેલો નાસ્તો કર્યો... કલાકેક રોકાઈને...

સ્કૂલબસ ઠાસરા, સેવાલિયા થઈને વણાકબોરી ડેમ તરફ દોડતી હતી... એક કલાક વણાકબોરી રોકાઈને બધા ગળતેશ્વર જવા રવાના થયા... ખૂબ સુંદર સ્થળ હતું... ગમી જાય તેવું સ્થળ હતું... તેઓની સ્કૂલબસ જ્યારે ગળતેશ્વર મહાદેવ પહોંચી ત્યારે... આખા દિવસના પરિશ્રમથી થાકીને ચકચૂર, રાતાચોળ બનેલા સૂરજદાદા પોતાના ઘરે જતા હતા. પશ્ચિમ દિશાની લાલી મહીસાગર નદીના પાણી પર રેલાઈ જતી હતી...! પાણીને લાલલાલ ઘૂમ, રંગીન બનાવતી હતી.

બધા બસમાંથી ઊતરી નદીકિનારે ગયાં. બહેનો અને ભાઈઓનાં બે ગ્રૂપ વહેંચાઈ ગયાં... નદીમાં સ્નાનવિધિ પતાવીને અહીંયાં ખીચડી, શાક અને મીઠી લીમડીવાળી કઢી તૈયાર કરવાનું કામ ઉષાબહેને માથે લીધું હતું. મદદમાં અંજના અને બીજી ત્રણચાર બહેનો હતી...! પતરાળાં પડિયા પણ અગાઉથી નક્કી કર્યા પ્રમાણે જોડે લઈને જ નીકળેલા.

એક તો રખડી રખડીને થાકેલા એટલે ખીચડી, કઢી અને શાક ખાવાની બધાને ખૂબ ખૂબ મજા પડી. બધાએ પેટ ભરી ભરીને ખાધું.

અગાઉ નક્કી કરેલી રૂમ પ્રમાણે બે રૂમો એક બહેનો માટે અને બીજી ભાઈઓ માટેની રૂમમાં બધાં સૂવા માટે પુરાયાં. બધાં સૂઈ ગયા



પરંતુ અમરની આંખમાં ઊંઘ ન હતી. તેના મનમાં અજંપો કોણ જાણે શાથી હતો ? તેના મનમાં આજે ક્યાંથી કયા પ્રકારની ગમગીની ઊભરાઈ આવી હતી તેની આજે તેને ખબર ના પડી એટલે તે પડખાં ઘસતો હતો. જ્યારે બાજુમાં સૂતેલા વિનુભાઈ મારખરનાં નાકોરાં (નાક) બોલતાં હતા... બીજા વિદ્યાર્થીઓ પણ થાકેલાપાકેલા હોઈ ભર ઊંઘમાં તણાઈ ગયા હતા, ખોવાઈ ગયા હતા.

અમર બહાર આવ્યો, તે ગેલેરીમાં, જેવું બારણું ખોલીને બહાર આવ્યો કે... તેણે સફેદ ચાંદનીના પ્રકાશમાં એક રંગીન પડછાયો ગેલેરીમાં ઊભેલો જોયો... એ અંજના હતી. શ્વેત ચાંદનીમાં શ્વેત દૂધિયા રંગમાં રંગાયેલી અંજના હતી. શ્વેત પરીની જેમ શોભતી અંજના હતી.

'કેમ અંજનાબહેન, ઊંઘ નથી આવતી ?' અમર બોલ્યો.

'હું પણ આ જ પ્રશ્ન તમને પૂછું તો કેવું ?'

'ભઈ, મારી વાત તો કોઈ ઓર જ છે...'

'કેમ કેમ, તમારી વાત તો જુદી જ કેમ ?'

'સાંભળો ત્યારે...! તમે તો ખાવા-પીવાનું એટલે કે રસોઈ-પાણીની વ્યવસ્થા કરી એટલે દોડાદોડીમાં તમો થાકી ગયેલાં એટલે તમને ઊંઘની પહેલેથી જ પધરામણી થઈ જાય...! જ્યારે હું તો રહ્યો ફક્કડ ગિરધારી માણસ કોઈપણ જાતની ચિંતા, પરવા, દરકાર વગરનો માણસ. છતાં કોણ જાણે આજે શાથી નિંદરડી મારાથી રિસાઈ ગઈ છે તે સમજાતું નથી-' આશક અમર બોલ્યો.

અંજના મનમાં ને મનમાં બોલી :

'અમર તું કહે કે ન કહે, તું પણ કોઈથી તરછોડાયેલો છે. કોઈકે તને દુભાવ્યો છે. તારા દિલની લાગણીઓને દુભાવી છે, તારા દિલમાં કરુણતાનું સરોવર છલકાવી દીધું છે જેથી જ ઘણી વાર તું ઉદાસ થઈ જાય છે સ્વયંને સંભાળી અંજનાએ કહ્યું :

'અમરભાઈ, તમને દુઃખ ન પહોંચે તો વાત કહું... તમને ઘણી

વખત ગહરાઈમાં, વિચારોની ગહરાઈમાં સરી જતા જોઈને મારા મનમાં થાય છે કે તમને કોઈકે દુભાવ્યા છે. તમારા દિલને કોઈકે ઠેસ પહોંચાડી છે. તમારા દિલને કોઈકે દુઃખ પહોંચાડ્યું છે, કેમ ખરી વાત છે ને ?'

'હા, ખરી વાત છે અંજુ, યશોદા ત્રિવેદી મારા જીવનમાં આવનાર પહેલી યુવતી હતી. પહેલી પહેલી યૌવનમૂર્તિ હતી. યશોદા ચાલાક હતી, ચબરાક હતી, હોશિયાર હતી. જેને હું ખૂબ-ખૂબ ચાહતો હતો. તમો જ્યારે વાત કરો છો ત્યારે મને એવું જ લાગ્યા કરે છે... કે જાણે યશોદા જ બોલતી ન હોય ! જવા દો તે બધી વીતી ગયેલી વાતોને યાદ કર્યાથી શો ફાયદો ? એને તો ભૂલી જ જવામાં મજા છે, શાણપણ છે...' અમરનો ભારેખમ અવાજ, દર્દથી ભરપૂર અવાજ અમરના દિલમાં ઊઠેલા દર્દના તૂફાનની વચ્ચે ઘૂમરાઈને આવતો હતો...' અંજના ખૂબ જ મોડું થયું છે... હવે સૂઈ જવું જોઈએ...!' અમર ઉવાચ... 'આ બધી વાતો વિગતસર કહીશ...'

અમર પોતાની રૂમમાં સરી ગયો અને અંજના પોતાની રૂમમાં અદશ્ય બની ગઈ...

એક રૂમમાં અમર અડખાં-પડખાં ફેરવતો હતો, અમરને કોણ જાણે 'યશોદા એક ભુલાઈ ગયેલી વિસરાઈ ગયેલી પ્રેમિકાની આજે યાદ ખૂબ જ સતાવતી હતી. અમરના દિલને ખૂબ જ પારાવાર પીડા કરતી હતી. યાદની પીડા અસહ્ય હતી જે અમરના હૈયાને બેચેન બનાવતી હતી.

બીજા રૂમમાં અંજના અડખાં-પડખાં ઘસતી હતી. તેની આંખોમાં ઊંઘ ક્યાં હતી ? અમરના રૂપે કનક તેની આજુબાજુ ઘૂમતો હતો. પછી ક્યાંથી ઊંઘ આવે ? તે બિચારી તરફડતી હતી. ખારા જળમાં તરફડિયાં મારતી કોઈ મીઠા જળની મીનની જેમ અંજના તરફડિયાં મારતી હતી, અકળાતી હતી.

વહેલી સવારે બધાં ઊઠી ગયાં. મહીસાગર નદીમાં નાહીધોઈ



પરવારીને ગળતેશ્વર મહાદેવની સેવાપૂજા કરી ફરી પાછાં ડાકોર થઈને વડોદરાને બાજુમાં મૂકી સીધાં વાસદ થઈને વડોદરા શહેરમાં બપોરે પહોંચી ગયાં... વડોદરા શહેરનો કમાટિબાગ શાળાના પ્રવાસીઓને ખૂબ જ ગમ્યો. અમરને તો (લક્ષ્મીનિવાસ-ખંડેર સમા જૂના જમાનાના સંગ્રહસ્થાનમાં બરાબર રસ જાગૃત થયો હતો. સુરસાગર પાર કરીને પછી બધાં લોકો વડોદરાના બજારમાં ફરવા નીકળી પડ્યાં.

અમરે એક શાલ, મખમલી શાલ લીધી અને અંજનાએ એક ગરમ મફલર લીધું. કોના માટે તેનો ફોડ થયો ત્યારે ખબર પડી કે અમરે અંજના માટે અને અંજનાએ અમર માટે અરસપરસને આપવા માટે ભેટ વસ્તુઓ લીધી હતી... વધારામાં અંજનાએ પોતાના ભાઈ વિકાસ માટે એક કૅમેરો લીધો હતો. ભાઈ માટે પેન અને પેનસ્ટૅન્ડ જ્યારે ભાભીને ખુશ કરો કે ના કરો તેનો કાંઈ અર્થ નહીં. અમરે પણ પોતાનાં બા, બાપુજી માટે મનગમતી ચીજવસ્તુઓ લીધી. તે જ રીતે બધા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ, વિનુભાઈ, ઉષાબહેને પોતાને મનગમતી ચીજવસ્તુઓ ખરીદ કરી.

વડોદરા શહેરમાંથી ખરીદ કરીને બધાં ફરી પાછાં બસમાં ગોઠવાઈ ગયાં... સ્કૂલબસ સાંજના સાડાચાર વાગ્યે પાવાગઢને ભેટવા દોડતી હતી... આગળ ધસમસતી જતી હતી. જેમ જેમ પાવાગઢ અને તેની ડુંગરમાળાઓ નજીક આવતી ગઈ તેમ તેમ તેનું અનોખું દર્શન મનને આકર્ષિત કરવા લાગ્યું. સાંજનો આથમતો સૂર્ય પાવાગઢ ડુંગરની આડમાં ભરાઈ જતો હતો. તે સમાઈ જવાની તૈયારી કરતો હતો... કોઈ નવપરણીત નવોઢા શરમાઈ જાય અને તેના ગાલ પર લાલ લાલી ઊપસી આવે તેમ લાલ લાલ પ્રકાશ પથરાયો હતો. વનરાજીમાં પંખીઓનો કલરવ સંભળાતો હતો.

ગોળ ફરતી, ઘૂમરાવો લેતી, ગોળાકાર રોડ પર ઘૂમતી સ્કૂલ પ્રવાસ બસ. ઘણાં બધાંને ચક્કર આવતાં હતાં... સ્કૂલબસે આમતેમ બતાવ્યું અને બધાં જ્યારે માંચીએ પહોંચી બસમાંથી ઊતર્યા ત્યારે

બધાંનાં મનમાં શાંતિ વળી. નીચે ઊતરીને અમરભાઈએ બધાંને ચા-નાસ્તા પાણીની વ્યવસ્થા કરી લીધી. પછી જમવાનું હતું.... દરવખતની જેમ બે બે રૂમ (ધર્મશાળાની) ભાડે લઈ લીધી અને તે રૂમમાં બધાંએ પોતાનો સરસામાન ગોઠવી દીધો... એક સારી લોજમાં જમી પરવારીને આખા દિવસનાં થાકેલાં, તથા વહેલી સવારે પાવાગઢ ચઢવાનો હોઈ બધાં પ્રવાસીઓ સૂઈ ગયાં અમર અને અંજના સિવાય...

પ્રવાસનો છેલ્લો દિવસ. અમર આજે ઉદાસ હતો... અંજના પણ ઉદાસ હતી...

સવારે વહેલાં ઊઠીને સ્કૂલનાં બાળકોને તૈયાર કરાવીને અમર વિનુભાઈ, અંજના અને ઉષાબહેન અને તેમની પ્રવાસટોળીએ પાવાગઢ ચઢવો શરૂ કર્યો. મહાકાળી માતાની આરતી થતી હતી. તેમની માફક અન્ય પ્રવાસીઓ પણ માતાજીનાં દર્શન કરવા માટે આવ્યા હતા. શાળાનાં બાળકો કૂદકે ને ભૂસકે આગળ વધતાં હતાં... અમર, અંજના, વિનુભાઈ, ઉષાબહેન બાળકોને જીવની જેમ સંભાળીને દોરવણી આપતાં હતાં.

'વિનુભાઈ જરા, ધ્યાન આપજો હોં...'

'હા અમરભાઈ, હું તમારી પાછળ જ છું.' વિનુભાઈ બોલ્યા.

અને બધાં દૂધિયાં તળાવે પહોંચી ગયાં. દૂધિયા તળાવનું દૂધ જેવું પાણી હતું. ઠંડું આઈસ કોલ્ડ પાણી...! બધાંને ખૂબ મજા પડી... કેટલાક તો નાહ્યા-ધોયા... પછી માતાજીનો પરસાદ લઈ બધાં માતાજીનાં દર્શનાર્થે મંદિરમાં દાખલ થયા.

નીચેની પગદંડી નાની લાગતી હતી. રોડ રસ્તા કાળા કાળા સાપ જેવા. ખેતરો પણ કેવાં નાનાં નાનાં હતાં. દોડતી જતી આગગાડી રમકડાંની ગાડી જેવી લાગતી હતી... સમાન્તર ગામનાં મકાનો પણ પૂંઠાનાં રમકડાંનાં ઘર જેવાં લાગતાં હતાં... બધાં પ્રવાસીઓને ખૂબ મજા પડી...

પાછાં ફરતી વખતે બધાંને આ પ્રવાસ ખૂબ જ ટૂંકો લાગ્યો.



પ્રવાસનો અંત ખૂબ જ ઝડપી લાગ્યો, દુઃખદ અંત, બધાંને ખૂબ જ દુ-ખ થયું, બધાના ચહેરા ગમગીન હતા.

સ્કૂલબસ બધાંને રંગપુરની દિશામાં લઈ ચાલી... અમર અને અંજના આ પ્રવાસમાં એકબીજાની નજીક આવી ગયાં હતાં. આ પ્રવાસ પૂરો થશે એટલે ઘેર પહોંચ્યા પછી મળી શકાશે નહીં તેથી ગ્લાનિ, દુઃખ, આઘાત એકબીજાનામાં વરતાતાં હતાં.

આ પ્રવાસ આખી જિંદગીનો પ્રવાસ બની રહે તો કેવું ? બંને જણ અરસ-પરસ વિચારતાં હતાં... પણ ક્યારેય એવું બન્યું છે ખરું ?

■

# 10

# સ્નેહસેતુ તૂટ્યો

એક બાજુ શાળાનો પ્રવાસ પૂરો થયો અને બીજી બાજુ અમરના જીવનમાં બીજો અનોખો પ્રવાસ શરૂ થયો. જીવન એક પ્રવાસ છે. માનવ જન્મે છે ત્યારથી તેનો પ્રવાસ શરૂ થાય છે અને તે પ્રવાસ માનવીના અંતિમ શ્વાસોચ્છ્‌વાસ, નાડીના, હૃદયના ધબકારા સુધી સતત ગતિમાં હોય છે.

ઘરે પહોંચ્યા અને અઠવાડિયું પણ પૂરું થયું ન હતું એટલામાં અમરની બા કાન્તાબહેને અમરને કહ્યું :

'અમર આવતી કાલે રવિવાર છે એટલે તારે સ્કૂલમાં રજા જ હશે ને...'

'હા, પણ શું વાત છે ?' અમર ઉવાચ.

'અમર બેટા, તારા બાપુજી મને હરઘડીએ કે' કે કરે છે કે તેમણે અમર માટે એક સારા ઘરની છોકરી જોઈ રાખી છે. હું અને તું જોઈ આવીએ અને પસંદ કરી લઈએ એટલે વાત પાકી...'

'પણ વાત એમ છે...' અમરે લોચા વાળ્યા.

'જો દીકરા, મારે તારી વાત કે બાત કાંઈ સાંભળવી નથી. આવતી કાલે ગમેતેમ કરીને તારે મારી સાથે આવવું પડશે. સમજી ગયો ?'

પોતાનું કાંઈ ચાલશે નહીં તેથી 'હા, બરાબર...' કહી અમરે માથું ખંજવાળ્યું.

- અને રવિવારે અમર અને કાન્તાબહેન એટલે કે માદીકરો... વિશ્વાસનગર જવા ઊપડી ગયાં... જોકે તે વખતે સાથે આવવા કાન્તાબહેને અમુલખરાયને ઘણું બધું સમજાવ્યા પરંતુ અગાઉથી તેમણે એક વેપારી જોડે વેપાર અંગેની મુલાકાત ગોઠવી હોઈ તેઓ આવી શક્યા નહીં.

ધ્યાનચંદ એટલે પૂરેપૂરા વેપારી. દરેક વાતમાં વેપારનો વિચાર કરે. અનાજનો જથ્થાબંધ વેપાર, ધીકતો વેપાર કરતી રંગપુરથી ૩૦ કિ.મી. દૂર વિશ્વાસનગર શહેરમાં બે દુકાનો હતી... પાસે બે પૈસા હતા એટલે વિશ્વાસનગર શહેરમાં તેમનું માનપાન સારું હતું. ધ્યાનચંદ એકનો એક દીકરો. ધ્યાનચંદના પિતા ખૂબચંદે વારસામાં અનાજ-કરિયાણાની નાનકડી દુકાન આપેલી. ધ્યાનચંદે વેપાર-ધંધામાં પૂરેપૂરું ધ્યાન આપી અને તન-મન-ધન અને બુદ્ધિથી એકને બદલે અનાજ-દાણાની જથ્થાબંધ દુકાનો વિશ્વાસનગરના બજારમાં ઊભી કરી દીધી... તેમાં ધ્યાનચંદની મોટી દીકરી ચંદ્રલક્ષ્મીનો વિવાહ તેમણે ટેકચંદ સાથે કર્યો અને ટેકચંદે પણ તેમના સસરાનું કહેવું માની પોતાનું ઘર છોડી વિશ્વાસનગરમાં ઘરજમાઈ તરીકે રહી વેપાર-ધંધાનો વહીવટ સંભાળી લીધો... ધ્યાનચંદને આથી પચાસ ટકા રાહત થઈ... ટેકચંદ પણ ખૂબ જ બાહોશ, હોશિયાર અને વિશ્વાસુ હતા... પોતાના સસરાના પૂછ્યા વગર પાણી પીવા માટે પાંચ પૈસા પણ ખર્ચે એવા ન હતા. ધ્યાનચંદને પણ પોતાના જમાઈ પર ખૂબ જ વિશ્વાસ હતો... ચંદ્રલેખા (ધ્યાનચંદની પત્ની) પણ પોતાના જમાઈની ઝાઝી ચિંતા કરતી. ધ્યાનચંદે સમજીને પોતાની દીકરી



ચંદ્રલક્ષ્મીના નામે કહો કે ટેકચંદના નામે કહો, તેમના નામનો ચોથો ભાગ રાખ્યો હતો. કોઈને કશી વાતનું દુઃખ ન હતું. ધ્યાનચંદે ઘરમાં તેમ જ કારોબાર (વેપાર-દુકાન)માં તમામ પ્રકારની સુખસગવડ ઊભી કરી હતી. ટેલિફોન, ગાડી, આલિશાન મકાન અને મકાનમાં ઉત્તમ ફર્નિચર અને બીજી તમામ પ્રકારની સુખસગવડ માટે ધ્યાનચંદે ખૂબ જ ધ્યાન આપ્યું હતું. ક્યારેય પાછી પાની કરી ન હતી. વિશ્વાસનગરમાં ધ્યાનચંદના નામની બોલબાલા હતી. ધ્યાનચંદનાં માન-પાન, આબરૂ હતાં. મોટી દીકરી ચંદ્રલક્ષ્મી ના ભણી એની તો કોઈ વાત નહીં, પરંતુ નાની દીકરી રુક્ષ્મણી (રક્ષા)ને જેટલું ભણવું હોય તેટલું ભણાવવા માટેની ધ્યાનચંદે તૈયારી કરી રાખી હતી. કૉલેજ અભ્યાસ પતી ગયા પછી રક્ષાએ 'બી.એડ્.' કરવાની વાત કરી હતી ત્યારે...

'બેટા, આપણે ક્યાં નોકરી કરવી છે કે કમાવું છે ! તને કોઈ કમાતો-ધમાતો મુરતિયો મળી જાય એટલે ભયોભયો.' ધ્યાનચંદે રુક્ષ્મણીને કહ્યું.

'ના બાપુજી, મને ભણી લેવા દોને... કોઈ દિ' કામ લાગશે...'

'ભલે તને ફાવે તેમ કર... પણ તારી બાને પૂછી લેજે.'

'બાએ તો ક્યારનીય હા પાડી છે; આ તો તમારી હા થાય એટલે વાત આગળ વધે...'

ધ્યાનચંદ પોતાની દીકરી પ્રગતિના પંથે આગળ વધે તેમાં વચ્ચે આવવા માગતા ન હતા. તેમણે મંજૂરી આપી.

આ બાજુ રુક્ષ્મણીનું ભણતર પૂરું થયું એટલે ધ્યાનચંદે કોઈ મુરતિયાની, પોતાને અનુરૂપ હોય તેવા હોશિયાર, ચબરાક, કમાતા, દેખાવડા અને સુખી ઘરના મુરતિયાની તપાસ આદરી અને નસીબજોગે અમુલખરાય પોતાના ધંધાના કામે વિશ્વાસનગર આવ્યા ત્યારે એકબીજાના સુખદુઃખની વાતોમાં દીકરી-દીકરાના વિવાહ-લગ્નની ચર્ચા થઈ. આમ તો અમુલખરાય ધ્યાનચંદને વેપારધંધાના કામે અવારનવાર મળતા, પણ ઝાઝો પરિચય કે વહેવાર ન હતો. એકબીજાના

વેપારધંધાની વાતો કાં તો અમુલખરાયની દુકાને અથવા વિશ્વાસનગરમાં ધ્યાનચંદની દુકાને કરી છૂટા પડતા. આ વખતે જ્યારે અમુલખરાય વિશ્વાસનગર આવ્યા ત્યારે ધ્યાનચંદ મહાપરાણે, ઘણો આગ્રહ કરીને અમુલખરાયને પોતાનું ઘર બતાવવા લઈ ગયા. ત્યાં આગ્રહ કરીને જમાડ્યા. સારી આગતાસ્વાગતા કરી અને પોતાની દીકરી રુક્ષ્મણીને નજર તળે કાઢી લેવા અમુલખરાયને કહ્યું. સાચે જ અમુલખરાયે જ્યારે રુક્ષ્મણી (રક્ષા)ને જોઈ ત્યારે આવી વહુ જ મારા ઘરમાં શોભે... અમર માટે આ યોગ્ય છે તે વાતની ખાતરી અમુલખરાયે કરી દીધી. ધ્યાનચંદે પણ રુક્ષ્મણી (રક્ષા)નાં વખાણ કરવામાં તેમજ અમુલખરાય તેને પસંદ જ કરે તે વાતની પૂર્વતૈયારી કરવામાં ખૂબ જ ધ્યાન રાખ્યું. આમ તો વેપારી માણસ એટલે તેમને બધી રીતે બોલતાં-ચાલતાં ફાવે એટલે... વાત પતી ગઈ.

બીજે દિવસે વિશ્વાસનગરથી પાછા ફરીને જ્યારે અમુલખરાયે કાન્તાગૌરીને બધી બીના કહી સંભળાવી અને કહ્યું :

'સાંભળો, અમર માટે એક સારી દેખાવડી સુખી કુટુંબની વહુ મેં શોધી કાઢી છે... બસ, એક વાર તમે અને અમર બન્ને જણ વિશ્વાસનગર જઈ આવો અને ધ્યાનચંદના ઘર અને વ્યવહારની જાતે ખાતરી કરી આવો એટલે વાતને આગળ વધારીએ.'

- આ વાત સાંભળીને કાન્તાગૌરી હરખઘેલાં-ખુશખુશ થઈ ગયાં. પોતાનો દીકરો પરણશે અને ઘરમાં સારી, દેખાવડી, સુખી ઘરની કન્યા આવશે એ વાતે તેમણે તે રાત્રે લાપસી-પૂરી, પાપડ, અથાણું વગેરે રસોઈપાણી તૈયાર કરાવી દીધાં.

ધ્યાનચંદે અમર અને કાન્તાગૌરીની મહેમાની કરવામાં કોઈ જાતની ઓછપ આવવા દીધી નહીં. ધ્યાનચંદે ખૂબ ખૂબ ધ્યાન રાખ્યું હતું. બધી જાતની વ્યવસ્થા ઊઠવા-બેસવા, જમવા, ઓઢવાની અને ફરવા વગેરેની જવાબદારી પોતાના કાબેલ જમાઈ ટેકચંદને માથે નાખી દીધી. ટેકચંદે કોઈ જાતનું કહેવાપણું રાખ્યું ન હતું.



અમરે જેવો પોતાની ફિયાટ ગાડીમાં કાન્તાગૌરી (અમરની બા) સાથે ધ્યાનચંદના 'શ્રદ્ધા' ફ્લૅટના કમ્પાઉન્ડમાં પ્રવેશ કર્યો કે ઘરના બધા નોકર-ચાકર સહિત ઉમળકાભેર કમ્પાઉન્ડમાં દોડી આવ્યા.

'આવો... આવો... આજે અમારું આંગણું પાવન થયું...' ધ્યાનચંદે ફિયાટ ગાડીમાં બેઠેલાં કાન્તાગૌરી અને અમરનું સ્વાગત કર્યું અને કાન્તાગૌરી કારનો દરવાજો ખોલી બહાર આવ્યાં... અમરે ગાડી રિવર્સ કરી ગૅરેજની બાજુમાં મૂકી.

થોડી વારમાં બધાં દીવાનખંડમાં (ડ્રૉઈંગરૂમમાં) ગોઠવાયાં. આધુનિક પ્રકારની ફર્નિચરથી સુસજ્જ એવો ડ્રૉઈંગરૂમ હતો. કુદરતનાં મનોરમ્ય ચિત્રો કે જે જોતાં જ આપણું મન ઝૂમી ઊઠે અને આપણને જોઈ રહેવાનું મન થાય એવાં પેઈન્ટિંગ એ ડ્રૉઈંગરૂમની દીવાલો પર લગાડેલાં હતાં. અમરે આજુબાજુ નજર ફેરવી લીધી. કાન્તાગૌરીને ડ્રૉઈંગરૂમની સ્વચ્છતા ગમી. ડ્રૉઈંગરૂમમાં ગોઠવેલા સનમાઈકાના આરસપહાણિયા ટેબલ પર (દરેક ખૂણા પર) ફ્લાવરવાઝ ઢગલાબંધ રંગબેરંગી સુવાસિત પુષ્પોના ગુચ્છાથી ભરપૂર હતા.

'અમારી રક્ષાને ફૂલોનો ખૂબ જ શોખ છે... અમારા બંગલામાં તેણે જાતે પોતાનો ગાર્ડન બનાવ્યો છે...' ધ્યાનચંદ શેઠે વાત શરૂ કરી.

'એ સારો શોખ કહેવાય અને ઘરઆંગણે ઊછરેલા બગીચાનાં પુષ્પો - આરતી ટાણે કામ લાગે...' કાન્તાગૌરીએ કહ્યું.

'એ બધી માથાકૂટ ચંદ્રલેખાને સોંપી આપણે આપણા વેપારમાંથી જ ઊંચા આવતા નથી...'

હજુ સુધી રુક્ષ્મણી (રક્ષા)ની હાજરી ન હતી... ઘરના નોકરો ટ્રેમાં પાણી લઈને આવ્યા. જળપાન કર્યા પછી થોડી વારે રક્ષા... કેસર દૂધના મોટા મોટા ગ્લાસવાળી ગુલાબી રંગની ટ્રે લઈને ડ્રૉઈંગરૂમમાં ઉપસ્થિત થઈ... અહીં આવીને તેણે ધીમેથી ટ્રે ટેબલ ઉપર ગોઠવી પછી કાન્તાગૌરીનો ચરણસ્પર્શ કર્યો.

'સુખી રહે બેટા...'' કાન્તાગૌરીએ આશીર્વચનો કહ્યાં. પછી

મહેમાનો સહિત દરેકને કેસર દૂધ ભરેલા ગ્લાસ આપ્યા... થોડી વાર ઊભી રહી...

અમર ઘડી બે ઘડી રક્ષાને જોઈ રહ્યો. રક્ષા ઊંચી, પાતળી, દેખાવડી હતી. તેણે આજે પોતાની જાતને તમામ રીતે શણગારી હતી. તે સુંદર, અતિસુંદર લાગતી હતી. જાણે કોઈ સ્વર્ગકન્યા ધરતી પર ઊતરી આવી ન હોય...! ગુલાબી સાડીમાં સુસજ્જ થયેલી રક્ષા લાવણ્યમયી, સોહામણી, આકર્ષક રક્ષા કોઈ સુંદર સરોવરમાં ખીલેલા એક કમળના ફૂલ જેવી દેખાતી હતી. કાળી કાળી મોટી કજરાળી આંખો જાણે કોઈ મૃગલીની આંખો ન હોય... રક્ષામાં ચંચળતા હતી. રક્ષાની ચાલમાં મોરની ચાલ જેવી નૃત્યકળા છુપાયેલી હતી... લાંબા લાંબા કેશ (વાળ) કે જે એક આધુનિક પ્રકારના અંબોડામાં બંધાયેલા હતા, તેઓ જાણે અંબોડામાંથી છૂટવા માટે તરફડિયાં મારતા ન હોય ! કારણ કે અંબોડો અને અંબોડાનો વિસ્તાર તેમને સાંકડાં પડતાં હતાં. અંબોડામાં ખોસેલાં ગુલાબ, લાલ ગુલાબ અને ગુલાબી ગુલાબના પુષ્પો પોતાની સુગંધ વેરતાં હતાં...

'અમરકુમારને બીજો ગ્લાસ આપી દો... જરા પેટમાં ટાઢક વળશે...' ટેકચંદે કહ્યું.

ત્યારે અમરને પોતાને ખ્યાલ આવ્યો કે પોતે બાઘાની માફક અડધો કેસર દૂધનો ગ્લાસ ખાલી કરી અડધો પ્યાલો હાથમાં પકડી શૂન્યમનસ્ક રીતે બેસી રહ્યો છે.

'ના...ના...બસ, બસ...' અમરે જાણે ઊંઘમાંથી જાગીને જવાબ દીધો અને કેસર દૂધનો પ્યાલો મોઢે દીધો.

અમરના આ વર્તન પર રક્ષા મંદ મંદ હસી. તેણે પોતાનું હાસ્ય રોકવા પોતાના હોઠને દાંત વડે દાબી રાખ્યા એટલે રક્ષાના દાંત, દાડમની કળી જેવા દાંત અને ગુલાબી ગુલાબી હોઠ ચમકી ઊઠ્યા.

'અરે ! એમ તે કાંઈ હોય, આ તો તમારું જ ઘર કહેવાય... ! અહીં શરમાવવાનું હોય નહીં.' ધ્યાનચંદે બીજા કેસર દૂધ ભરેલો ગ્લાસ



લાવવાના ઈશારા કર્યા. ગણતરીની મિનિટોમાં ફરીથી કેસર દૂધની લહાણી થઈ અને આ બધી વિધિ પતી ગયા પછી રક્ષા અંદર ગઈ... ત્યારબાદ :

'આવો કાન્તાગૌરી, અંદર અમારું નાનકડું ઘર તમોને બતાવું.' ચંદ્રલેખાએ કાન્તાગૌરીને કહ્યું અને કાન્તાગૌરી સહિત તમામ મહિલામંડળ... અદ્યતન, આધુનિક સુખસગવડતાથી ભરપૂર એવા, ધ્યાનચંદના વિશાળ કમ્પાઉન્ડ ધરાવતા બંગલાના તમામ ખંડોની મુલાકાતે રવાના થયું.

આ બાજુ ટેકચંદે અમર સાથે ઔપચારિક વાત શરૂ કરી...

'અમરકુમાર, તમારો અભ્યાસ કેટલો ?'

'જી, એમ.એ.,એમ.એડ્....'

'તમારો ખાસ શોખ કયો ?'

'રમતગમતમાં મારી પ્રિય રમત ક્રિકેટ છે. બીજો શોખ સાહિત્ય વાચન, હાસ્ય, પ્રકૃતિની ગોદમાં હરવુંફરવું અને મનોરંજન એટલે કે મહિનામાં એકાદ વખત નાટક-સિનેમા જોઈ નાખવાં તે સિવાય કાંઈ નહીં...'

'ઘણું સરસ. ત્યારે તો તમે અમારી રક્ષાને બિલકુલ અનુકૂળ છો અને તમને વાંધો ન હોય તો અનુપમ ટોકિઝમાં તમે અને રક્ષા 'જુદાઈ' જોઈ આવો... ઘડીકમાં મનોરંજન થઈ જશે...'

જવાબમાં અમર કાંઈ બોલ્યો નહિ એટલે ટેકચંદે પોતે કરેલા પ્રસ્તાવને અમર તરફથી મંજૂરી (હકારાત્મક વલણ) મળેલ છે તેમ માની લીધું. થોડી વારમાં ટેકચંદ અને અમર કારમાં વિશ્વાસપુરની મુલાકાતે નીકળી પડ્યા. વિશ્વાસપુર એક ઐતિહાસિક નગર છે. ઈતિહાસનાં ઘણાં પાનાં વિશ્વાસપુરની જાહોજલાલી અને સમૃદ્ધિ તેમ જ વૈભવના વખાણ કરવામાં ભરાયેલાં છે. રાજા ગુલાબસિંહનો અડીખમ મહેલ, ગુલાબસિંહ એટલે અસલ રજપૂત યોદ્ધો, અટલ વીર... અડીખમ યોદ્ધો, રાણા સંગની માફક પહેલો ઘા તે રાણાનો

એક ઘા ને બે કટકા... બહાદુર પણ એવો, એનો દરબાર એટલે બુદ્ધિશાળી, હોશિયાર, બાહોશ, એકએકથી બુદ્ધિ અને બળમાં ચઢિયાતા દરબારીઓનો એક સમૂહ. ભલભલા બહારના માણસો આવે અને ગુલાબસિંહ દરબારની જાહોજલાલી, એની વીરતા, એની બહાદુરી, એની બુદ્ધિબળમાં હોશિયારી જોઈને મોઢામાં આંગળીઓ નાખી દે. 'સાપ ગયા અને લિસોટા રહ્યા...' આજે એ જમાનો વીતી ગયાને પૂરાં ત્રણસો વર્ષ વીતી ગયાં... ત્યાર પછી મોગલ બાદશાહોનો યુગ આવ્યો અને પછીથી અંગ્રેજોનું રાજ્ય અમલમાં આવ્યું. અંગ્રેજ સરકારે પોતાના પ્રપંચથી, ચતુરાઈથી એકબીજાં દેશી રજવાડાંને લડાવી-ઝઘડાવીને 'બે બિલાડીની લડાઈ વચ્ચે ત્રીજો વાંદરો ફાવે' તે હકીકત પ્રમાણે ધનદોલત, માલ-મલીદા પોતાના દેશમાં લઈ ગયા અને બધી જાહોજલાલી નામમાત્રની રહી ગઈ. રાજાના રાજ-ખજાનાઓ ખાલીખમ થઈ ગયા અને બધી સમૃદ્ધિ ઢસડાઈ ગઈ. જેમ કોઈ નદીનું પૂર આવે અને કિનારા પરની તમામ ચીજવસ્તુઓને પેલી ગાંડીતૂર બનેલી નદી તાણી જાય તેમ આપણો ઇતિહાસ પણ એ વાતની સાક્ષી પૂરે છે.

ટેકચંદભાઈ અમરને વિશ્વાસપુરમાં આવેલા ગુલાબસિંહના 'ચાંદસૂરજ મહેલ અને દરબાર' જોવા લઈ ગયા. અમર ગુલાબસિંહના ભવ્ય રાજમહેલ અને તેની મજબૂત બાંધણી જોઈને મોંમાં આંગળી નાખી ગયો... પચાસ પચાસ હાથીઓ બળ કરે તોયે ન તૂટે તેવો ચાંદસૂરજ મહેલનો લોખંડનો મજબૂત તોતિંગ દરવાજો. રાજા ગુલાબસિંહનાં યુદ્ધસમયમાં વપરાતાં હથિયારો તથા ગુલાબસિંહના દરબાર તરીકે ઓળખાતી ઐતિહાસિક ઇમારતમાં સંગ્રહ કહેલાં સાહિત્ય, કળા અને સંગીતનાં સાધનોનું નિરીક્ષણ કરતાં અમરભાઈને જૂનાં ઐતિહાસિક રહેણીકરણીનો અભ્યાસ કરવામાં ખૂબ જ રસ પડ્યો. તે તલ્લીન બની ગયો. મશગૂલ બની ગયો. તરબોળ થઈ ગયો...

જ્યારે ટેકચંદે કહ્યું :

'ચાલો, અમરકુમાર. જમવાનો ટાઇમ થઈ ગયો...' ત્યારે



અમરને સમયનો ખ્યાલ આવ્યો.

'હા ચાલો... ખૂબ જ મોડું થયું...' કહી અમરે પોતાની કાંડા ઘડિયાળમાં જોયું તો બાર વાગીને પંચાવન થઈ હતી.

'હાલો બધાં ઘેર રાહ જોતાં હશે...' ટેકચંદે કહ્યું.

ઘરે આવ્યા તો ભોજનખંડમાં તમામ પ્રકારની ગોઠવણ થઈ ગઈ હતી. બત્રીસ પ્રકારનાં ભોજન, મનભાવતાં ભોજન... તેનાં વખાણ કરતાં પાર ન આવે.

જમતાં જમતાં અને જમાડતાં જમાડતાં ચંદ્રલેખાબહેને : 'અમરકુમાર, અમારી રક્ષાને બધું જ બનાવતાં ફાવે. તમે ઑર્ડર કરો એટલે આમ તૈયાર.' ચપટી વગાડીને ચંદ્રલેખાએ કહ્યું.

ધ્યાનચંદ શેઠે કહ્યું : 'અમરભાઈ, તમે બહુ શરમાળ હોં. લો, આ પતરવેલિયાં જમો... લો... બેચાર તો લો...'

'ના મુરબ્બી, મને ઝાઝું નહિ ફાવે...' અમર બોલ્યો.

'અરે, તમે કેવી વાત કરો છો ભલા માણસ...? જ્યારે હું તમારા જેવો જુવાનિયો હતો ને ત્યારે આમ ચપટીમાં બધું ઝાપટી જતો હતો...' કહી ધ્યાનચંદે ચપટી વગાડી.

'ચપટી, ચપટી કરીને વધારે પડતું ખાઈને મારે તરફડિયાં મારવાં નથી કે કુંભકર્ણની માફક ઘોરવું નથી, મુરબ્બી...' અમરે જવાબ આપ્યો.

બધાં આ ચપટીની વાત પર હસી પડ્યાં.

બપોરે કાન્તાગૌરીને આરામ કરવો અને અમર-રક્ષા (રુક્ષ્મણી)ને 'જુદાઈ' જોવા અનુપમ ટોકિઝે ટેકચંદ મૂકી આવે એટલે એ બહાને બન્ને જણા હળવાશથી મોકળા મને વાતચીત કરી લે એટલે પત્યું.

સિનેમાની ટિકિટો અગાઉથી નક્કી કર્યા મુજબ ટેકચંદભાઈ લઈ આવ્યા એટલે ચંદ્રલક્ષ્મી, રુક્ષ્મણીની બહેન બાજુમાં ઊભેલી એટલે અમરે : 'તમારે બન્નેય અમારી સાથે આવવું પડશે.' ટેકચંદને ઉદ્દેશીને કહ્યું.

જવાબમાં પાસે ઊભેલી : 'અરે જવા દોને... વાત ચૂલામાં ગઈ ને સિનેમા ને બિનેમા તમતમારે બંને જણાં એકલાં જઈ આવો, ફરી આવો. અમને વળી ક્યાં વચમાં ઢોળિયાની જેમ....' ચંદ્રલક્ષ્મી બોલી ઊઠી.

અને અગાઉથી નક્કી કર્યા પ્રમાણે ટેકચંદ અમર-રક્ષાને અનુપમ ટોકિઝે 'જુદાઈ' જોવા માટે મૂકી ગયો.

થોડી વારમાં પિક્ચર ચાલુ થયું. બન્નેમાંથી કોણ વાતચીત કરે ? કોણ શરૂઆત કરે ? એમાંથી બન્નેમાંથી કોઈને ન સમજાણી. બન્ને જણાં ગડમથલમાં-ઉલઝનમાં પડી ગયાં. ગડમથલ અને ગડમથલમાં ઈન્ટરવલ પડ્યો અને થિયેટરમાં પ્રકાશ પથરાયો. 'પિક્ચર કેવું લાગ્યું ? મારી કંપનીથી તમે બોર (થાકી તો નથી ગયા) તો નથી થયા ને ?' રક્ષાથી વાત કર્યા વગર ન રહેવાયું એટલે રક્ષાએ 'Ladies First' એ નિયમ પ્રમાણે શરૂઆત કરી. 'અરે એવું તે હોય ! મારો તો રવિવાર સુધરી ગયો અને તમારી કંપનીથી મારો થાક એકદમ ઊતરી ગયો.' અમરે જવાબ આપ્યો.

પોતે જે જવાબની અપેક્ષા રાખી હતી તેવો જ અનુરૂપ જવાબ મળતાં રક્ષા મંદ મંદ હસી... તે મલકી... બન્ને જણાં બહાર આવ્યાં... અમરે ઑર્ડર આપ્યો... અને થિયેટરના કમ્પાઉન્ડમાં આવીને ફરતા છોકરાએ બે ફેબ, એક અમરના અને બીજી રક્ષાના હાથમાં પધરાવી દીધી...

ફેબની બોટલ પૂરી થતાં અમરે પૈસા માટે ખિસ્સામાં જેવો હાથ નાખ્યો કે... રક્ષાએ હાથ પકડી લીધો... પછી કાંઈક ભાન થતાં 'સૉરી' કહી એ છોભીલી પડી ગઈ... અને પૈસા પર્સમાંથી કાઢીને ગણીને આપી દીધા...

'ઓ.કે. ઓલરાઈટ, ડોન્ટ વરી' કહી અમર ઈન્ટરવેલ પૂરો થયાનો બેલ વાગ્યો એટલે થિયેટર તરફ ઢસડાયો.

ચાલુ પિક્ચરે અમર અને રક્ષાએ, એકબીજા વિશે ઘણી જાણકારી



મેળવી લીધી. બન્ને જણાંએ મોકળા મને વાતો કરી લીધી.

'જુદાઈ' પિક્ચર છૂટ્યું એટલે...

'તમને વાંધો ન હોય તો એક સવાલ પૂછી શકું ?' અમરે પૂછ્યું.

'શ્યોર, શ્યોર...' રક્ષા બોલી.

'તમે મારી પસંદગી કરી કે પછી ઈન્ટરવ્યૂમાં આપણે ફેલ થયાં છીએ ?' અમરે કહ્યું.

'હું એ જ પ્રશ્ન પેલા બુમરેંગની જેમ વળતો પૂછું તો ?' રક્ષાએ સામેથી પૂછ્યું.

'મેં તો તમને પસંદ કરી લીધાં છે પણ હજુ એક વ્યક્તિ એવી છે કે જે વ્યક્તિ તમને પસંદ કરે તો જ મારી પસંદગી સો ટકા સાચી, પૂરેપૂરી નક્કી કહેવાય...'

'કોણ છે એ ભાગ્યશાળી જીવ ?'

'અંજના...' અમરે કહ્યું.

'કોણ ? અંજના ? અંજના કોણ છે ?....' રક્ષાના કપાળે કરચલીઓ પડી અને ગળી વસ્તુ ખવાતી હોય તે વખતે કડવી વસ્તુ મોંઢામાં આવી જાય તે વખતે જેવું મોઢું વિકૃત થઈ જાય તેવું વિકૃત મોં, મુખ મચકોડી રક્ષા બોલી...

'એ બધું પછી કહીશ... પણ હાલ એટલી વાત નક્કી છે કે મને તું નવ્વાણું ટકા ગમી છે. પછીનો એક ટકો વાત પાકી થશે એટલે હું તને કાગળ લખીશ.'

બન્ને જણાં થિયેટરનું કમ્પાઉન્ડ છોડી બહાર આવ્યાં એટલે ટેકચંદે કે જે કાર લઈને લેવા ઊભો હતો તેણે પાછળથી સીટનો દરવાજો ખોલ્યો... બન્ને જણાં ગાડીમાં ગોઠવાઈ ગયાં...

'કેવું લાગ્યું... 'જુદાઈ'...?' ટેકચંદે પોતાની ગાડી જમણી સાઈડે વાળતાં કહ્યું.

'સારું છે... સમજવાલાયક ખરું...' અમર બોલ્યો. પાંચ-દસ મિનિટમાં બધાં ધ્યાનચંદના બંગલાની નજીક આવી ગયાં... ગાડી

બંગલે પહોંચીને કમ્પાઉનડમાં ઊભી રહી એટલે બન્ને જણાં ઊતરી ગયા. ટેકચંદ પણ ઊતરી ગયો.

પછી અમરે અને કાન્તાગૌરીએ પાછા રંગપુર જવાની તૈયારી કરવા માંડી ત્યારે -

'અમરકુમાર, આવ્યા છો ત્યારે એકાદ બે દિવસ રોકાઈ જાવ...' ધ્યાનચંદે વિવેક કર્યો.

'ના, કાલે મારે શાળામાં રજા નથી. સ્કૂલમાં જવાનું, વળી પરીક્ષાઓ માથા પર આવી લાગી છે એટલે પરીક્ષાઓની તડામાર તૈયારીઓ શરૂ.' અમર બોલ્યો.

ધ્યાનચંદના ઘરેથી નીકળતી વખતે ઘણી વખત ઈન્કાર કર્યો તેમ છતાં ધ્યાનચંદે અમરકુમારને રૂ. ૧૦૧/- રોકડા, એક ઈમ્પોર્ટેડ ઑટોમેટિક ડેઈટ ઍન્ડ ડેવાળું રિસ્ટ વૉચ ભેટમાં આપ્યું. કાન્તાગૌરી બોલી ઊઠ્યા :

'અરે ! અરે ! આવો વહેવાર અત્યારથી ન શોભે !'

'એમાં શું ? તમે ક્યાં પારકાં છો ?' ધ્યાનચંદ શેઠ મીઠાશથી હસ્યા.

આમ શાહી મહેમાનગતિ માણીને પાછા ફરતી વખતે કાન્તાગૌરીએ ડ્રાઈવિંગ કરી રહેલા અમરને પૂછ્યું :

'બોલ, તેં શું નક્કી કર્યું ? ઘર અને કન્યા બંને સારાં છે. મારી તો આંખ ઠરી છે. હવે તું હા કહે એટલે પાકે પાયે.'

'બા...! એ વાત કાલે કહીશ...! અંજનાને પૂછીને !' અમરે કહ્યું.

એટલે કાન્તાગૌરીના હૈયામાં શેરડો (ફાળ પડી) પડ્યો. 'ભલે આવતી કાલે વાત કહેજે, પણ તને ઠીક લાગે એમ કરજે.' કાન્તાગૌરીએ વાતનું પૂર્ણવિરામ મૂક્યું પરંતુ તેઓ મનોમન વિચારતાં હતાં કે 'મારી વહાલી અંજુ આમ તો ભલીભોળી, ઉદાર, ઉપરથી દેખાય છે પણ મારા છોકરાને મુઠ્ઠીમાં બાંધી રાખ્યો છે ! રૂબરૂમાં ભેગી થાય તો પછી એની વાત !'

પછીની સફર દરમિયાન કોઈ બોલ્યું નહિ. બન્ને જણાં



પોતપોતાની વિચારોની દુનિયામાં ખોવાઈ ગયાં અને બન્ને જણા સહીસલામત રીતે ઘરે પહોંચી ગયાં.

※

બીજે દિવસે પટેલ ઍન્ડ શાહ હાઈસ્કૂલનો તમામ ટિચિંગ અને નોનટિચિંગ સ્ટાફ અમર અને રક્ષાના સંબંધની વાતથી સુમાહિતગાર થઈ ગયો. કોઈએ પાર્ટી માગી તો કોઈએ પેંડા માગ્યા.

અંજનાએ જ્યારે અમરના સંબંધની વાત સાંભળી ત્યારે અંજનાનું મોં ફિક્કું પડી ગયું. કોઈ કાચની ચીજ હાથમાંથી છૂટી જતાં કાચની ચીજના ચૂરેચૂરા થઈ જાય તેવી સ્થતિ અંજનાના અંતરની થઈ. અંજનાને પોતાના અમરને કોઈ મહાપરાણે, બળજબરીથી છીનવી જતું હોય તેવો આભાસ થયો. પ્રાર્થના પૂરી થઈ એટલે બધો સ્ટાફ શૈક્ષણિક કાર્યમાં પરોવાયો, પણ અંજનાનું મન ક્યાંયે ચોંટ્યું નહિ. ના છોકરાં ભણાવવામાં કે ના સ્કૂલની બહાર....!

'જોયું ! પોતે જાણે વાઘ મારી આવ્યો હોય તેમ એક કન્યા (રક્ષા) સાથે પાકો સંબંધ કરી દીધો, એ વાતની બધાને વાત કરી પણ મને વળી પૂછ્યું સુધ્ધાં પણ નહીં... ! એવાની સાથે મારે બોલીને શું ?' અંજના મનમાં અકળાતી હતી.

'પણ એ ક્યાં તારી સાથે ખેંચાઈ આવે છે ! તો શું હું તેની પાછળ પાછળ ખેંચાઉં... ! એ ગમે તે હોય, અમર તને તારા કનક જેવો લાગે છે એટલે જ તું એની પાછળ કોઈ પાણીથી ભરપૂર ગાંડીતૂર નદીની જેમ પાછળ પાછળ દોડી રહી છે...' અંજનાના મગજમાં આજે હથોડા વાગતા હતા.

જેમ તેમ કરીને સવા પાંચ થયા એટલે અંજના ક્લાસરૂમમાંથી ઑફિસે ગઈ અને ઑફિસ રૂટીન વર્ક પતાવીને જેવી ઝાંપા બહાર નીકળી કે...

'અંજના, મારે એક વાત પૂછવી છે ?' અમરે પોતાનું સ્કૂટર અંજનાની નજીક થોભાવ્યું.

'આખો દિવસ વાત પૂછી શકાતી ન હતી ! અને સાંજે પૂછવા નીકળી પડ્યા છો ? અમર, મને જવા દો. મને ટાઈમ નથી.' મનોમન આ પ્રમાણે જ કહી દેવું તેમ નક્કી કર્યું હોવા છતાં તે બોલી શકી નહિ.

અંજનાને કનક પરીખ યાદ આવી ગયો. કનક પણ અમરની જેમ આ જ છટાથી, આ જ અદાથી અને આવી જ રીતે, આ ઢબથી વાત કરતો હતો.

પોતાનો તમામ ગુસ્સો ગળી જઈને... :

'બોલો શું પૂછવું છે ?' અંજનાએ અમર તરફ સીધી નજરે જોયું.

'અંજના ! મેં મારા માટે એક છોકરી પસંદ કરી છે ! વાત ૯૯ ટકા નક્કી છે. ૧ ટકો તારા હા કહેવા પર બાકી છે. આ ફોટો જોઈને તું નક્કી કરે એટલે વાત ૧૦૦ ટકા નક્કી... !!'

હે ભગવાન, આ કેવી કઠિન પરીક્ષા. જે મારા હૃદયસ્વામીનો બીજાની જોડે સંબંધ બંધાતો હું કેવી રીતે જોઈ શકીશ ? મારું હૃદય આ વાતને કેવી રીતે જીરવી શકશે ? મન રડતું હતું તે છતાં બહારથી ખોટું ખોટું હસીને... :

'લો, ખૂબ જ સરસ ફોટો છે... જોડી (તમારી અને ફોટોવાળી બન્નેની) ખૂબ જ જામશે. બેન્ડવાજાં ક્યારે વગાડવાના છો, અમરભાઈ ?!' અંજના બોલી.

'બસ, તમે કહો ત્યારે.' કહી અમરે સ્કૂટર ઉપાડ્યું અને ફરરર... કરીને હવામાં તરીને થોડી વારમાં આંખો આગળથી અદૃશ્ય થઈ ગયો.

આ બાજુ ભગ્ન હૃદયવાળી અંજના રણક્ષેત્રમાં ઘવાયેલો કોઈ મહાયોદ્ધો મહાપરાણે ચાલે તે રીતે ચાલતી હતી. અંજનાના દિલમાં અવશ્ય તોફાન ઊઠ્યું હતું. અંતરની વેદના ના કહી શકાય કે ના સહી શકાય તેવી હતી. આજે અંજનાના હૈયાએ રચાતો સ્નેહસેતુ કડડડભૂસ દઈને તૂટી પડ્યો હતો... અંજનાની આંખોમાં દડ દડ દડ આંસુ વહેવા લાગ્યાં. સારું થયું કે કોઈ જોનાર હતું નહિ... હાથરૂમાલથી બન્ને આંખના ખૂણા સાફ કરી તે પોતાના ઘર તરફ જવાના માર્ગે વળી.

■

# 11

## વિકાસ-મનોરમાના સંબંધો

અમરને હવે ખૂબ જ પસ્તાવો થતો હતો. તેનું મન ખૂબ જ બેચેન બન્યું હતું. તેના અંતરમાં અપાર અજંપો જાગી ઊઠ્યો હતો. તેના મનમાં અપાર અકળામણ, ગૂંગળામણ થતી હતી. પોતાનો આવી રીતે અંજનાની સાથેનો વર્તાવ તેને પોતાને ગમતો ન હતો. પોતે આવું વર્તન કેમ કરીને અંજનાની સાથે દાખવી શક્યો તે પણ તેને સમજાયું નહીં.

પોતે અંજનાને પોતાનો સંબંધ રક્ષા સાથે થયો છે તે પોતાની ચર્ચા કે રજૂઆત પણ યોગ્ય રીતે કરી શક્યો નહીં. પોતે છોકરી નવ્વાણું ટકા પસંદ કરી લીધી છે અને એક ટકો પસંદગી પોતે બતાવેલ ફોટાને જોઈને અંજનાએ કરવાની હતી. આ વાત કરી ત્યારે શું અંજનાની આંખમાં ઝળઝળિયાં આછાં આંસુની ઝલક સ્પષ્ટપણે વર્તાઈ ન હતી. અંજનાના હૃદયને પોતે કહેલી વાતથી કેટલું દુઃખ થયું હશે એની કલ્પના તો ત્યારે અમર ક્યાંથી કરી શકે ! એ તો ઘાયલની ગત ઘાયલ જ જાણે.

'લો, ખૂબ જ સરસ ફોટો છે, જોડી (તમારી અને ફોટાવાળી નસીબદાર, ભાગ્યવાન યુવતીની) ખૂબ જ જામશે. બેન્ડવાજાં ક્યારે વગાડવાના છો, અમરભાઈ ?' અંજના જ્યારે બોલી ઊઠી હતી ત્યારે અંજનાના સ્વરમાં જે થરથરાટ અને કંપારી હતાં તે શું અમરે સ્પષ્ટપણે પારખ્યાં ન હતાં ? વેદનાની આછી ઝલક સ્પષ્ટપણે અલગ વરતાઈ આવી હતી.

'બસ, તમે કહો ત્યારે...' કહી પોતે કેવી રીતે નફફટ બનીને પાછળ બેસવાનું પૂછ્યા વગર કે બીજું કાંઈપણ કહ્યા વગર ફરરરર થઈને સ્કૂટર ઉપાડી દીધું હતું ! આ વાતની કેવી માઠી અસર અંજનાના દિલ પર થઈ હશે ? કોઈ વાગેલા ઘામાં મીઠું ભભરાવીને વધારે દુઃખ

અને પીડા પેદા કરવાનું અવિચારી પગલું અમરે ભરી દીધું હતું. અમર રૂમમાં પોતાના પલંગમાં પડ્યો પડ્યો વિચારતો હતો.

પોતાની વિચારશૃંખલામાં ક્યાંય સુધી તે ખોવાયેલો રહેત... અટવાયેલો રહેત... ગૂંચવાયેલો રહેત પણ, કાન્તાગૌરીની એક બૂમે અમરને ઝંઝોળી નાખ્યો, ઝબકાવી દીધો, વિચારશૃંખલામાંથી દૂર ફેંકી વાસ્તવિક જગતમાં લાવી દીધો.

'અમર બેટા, જમવાનું નથી કે શું ? નીચે તારા બાપુજી રાહ જોઈ રહ્યા છે. તબિયત તો બરાબર છે ને, ભાઈ !!!'

'એ આવ્યો...' કહી બધા વિચારો છોડી, બધું ખંખેરી દઈને અમરે ઉપરથી નીચે જવાની તૈયારી કરી... નીચે અમુલખરાય અમરની રાહ જોતા હતા.

આ બાજુ અંજનાની માનસિક હાલત પણ કાંઈક અસ્વસ્થ હતી. અમરનું વેવિશાળ કોઈ સારા ઘરની, આબરૂદાર, પૈસાપાત્ર, ધનદોલતવાળા વેપારીની દીકરી સાથે થાય તે વાત ખૂબ જ આનંદદાયક હતી છતાં પોતાને આ સુખદાયી વાતથી એક જાતની બળતરા કેમ થતી હતી ? પોતાના મનમાં જાણ્યે-અજાણ્યે કયા કારણથી દુઃખ અને દરદ પેદા થતાં હતાં તે વાત અંજનાથી કળાતી ન હતી. પોતાને વિશ્વાસપુરમાં અમરે પોતાના વેવિશાળ સંબંધે થયેલી વાતચીતથી સાવ અંધારામાં રાખી અને બીજી બધી ગમતી, મનગમતી અને અણગમતી વાતો કરી તે વાતનું અંજનાને અનહદ દુઃખ હતું. આ હકીકત અંજનાના અંતરન એક અજંપો હતો. ચારેકોર ઘેરાયેલું આકાશ, ઘનઘોર વાદળોથી ભરપૂર આકાશ હોય અને વરસાદ પડું પડું થવાની તૈયારી હોય ત્યારે અને એ વખતે કુદરત જે જાતના વાતાવરણનું સર્જન કરે છે તેવા જ પ્રકારની સ્થિતિ અંજનાની હતી. અંજનાના મનમાં દુઃખ, દર્દ, પીડા, ચિંતાનાં વાદળો બધાં ઘેરાઈ ગયાં અને અંજનાની આંખો રડું રડું થતી હતી. અંજનાની આંખોમાંથી ક્યારે શ્રાવણ-ભાદરવો વરસી પડે તે કહી શકાય તેમ ન હતું.



કોઈ દરિયામાં તોફાન ઊઠ્યું હોય અને અટવાયેલી, ભૂલી પડેલી નાનકડી નૌકાની હાલત જેવી હોય. દરમિયાન મોજાં પૂર ઊંચે નીચે પછડાતી હોય અને ક્યારે જળસમાધી લઈ લે તે નક્કી કહી શકાય નહીં. તે પ્રમાણે અંજનાના જીવનમાં એક તોફાન ઊઠ્યું હતું અને અંજનાની જીવનનૈયા ઘડીકમાં દુઃખનાં ને સુખનાં મોજાં પર પછડાટો ખાતી હતી. ક્યારે ફળશે કે ક્યારે તરી જશે તે વાત નક્કી કહી શકાય નહીં !! અપાર દુઃખ અંતરમાં હોવા છતાં અંજના પોતાના ઘર તરફ વળી.

વિકાસ હજુ ઘેર આવ્યો ન હતો. કૉલેજના અભ્યાસક્રમમાંથી પરવાર્યા પછી અંજના જમવાનું ૧૧-૦૦ વાગ્યા પહેલાં તૈયાર કરીને સ્કૂલે જતી. કૉલેજથી આવીને ઢાંકેલી તૈયારી થાળી હોય એટલે કોઈપણ જાતની કડાકૂટ કર્યા સિવાય જમી પરવારીને, વિકાસ એક વેપારીની દુકાને સેલ્સમૅન તરીકે નોકરીએ જતો હતો. રેડીમેઇડ કપડાં તેમજ હોઝિયરી અને જનરલ સ્ટોર્સના માલિક શ્રી વાડીલાલ મહેતા અંજનાના પિતાશ્રીને સારી રીતે ઓળખતા હતા અને આ ઓળખાણના હિસાબે તેમ જ અતુલભાઈને લીધે વિકાસને ૧૨-૦૦થી ૬-૦૦ વાગ્યા સુધી સાંજના વાડીલાલ શેઠની દુકાન સંભાળવાની જવાબદારી સોંપવામાં આવી હતી. બપોરે જમવા માટે વાડીલાલ શેઠ ઘરે જતા તે વખતે દુકાનનો બધો વહીવટ વિકાસને હાથ રહેતો. શરૂઆતમાં સોંપેલી બધી કામગીરી સારી રીતે અને સંતોષપૂર્વક પૂરી કરી એટલે શેઠને વિકાસ પર વિશ્વાસ બેઠો. વિકાસ પણ ખૂબ જ હોશિયારી અને ચીવટથી પોતાને સોંપેલ તમામ કામકાજ કરતો. કોઈ કામ કરવામાં શરમ નહીં. કોઈ કામ કરવામાં પાછી પાની કરે નહીં અને કામચોરપણાની આદત નહીં. આવા સ્વભાવના વિકાસ પર વાડીલાલ શેઠને સારો એવો વિશ્વાસ બેસી ગયો.

વાડીલાલની દુકાન ભરબજારમાં આવેલી હતી. દુકાન બજારના બરાબર સેન્ટરમાં હતી. આજુબાજુની બે કે ત્રણ દુકાનોને અડીને અમરના પિતાશ્રી અમુલખરાયની પેઢી આવી હતી. લગ્નગાળાની

સિઝન હોય કે ન હોય વાડીલાલ શેઠને ત્યાં ઘરાકી કદીય ખૂટતી જ નહિ. કોઈક તૈયાર કપડાં લેવા આવતું, તો કોઈ છૂટક કાપડ ખરીદવા આવતું, તો કોઈ પૈસાપાર્ટી આખા વરસ દા'ડાનું ભેગું જ કાપડ ખરીદી જતાં. આ રીતે વિકાસ જ્યારે નોકરી પર જાય, કદાચ વહેલું મોડું થાય તો પણ વાડીલાલ શેઠ તેને કદી પણ ખોટું લાગે તેવું કહેતા નહિ.

'દીકરા આજે કેમ મોડું થયું...?' શેઠ પૂછતાં તો જવાબમાં વિકાસ : 'કાકા, આજે કૉલેજમાં ઍક્સ્ટ્રા લૅક્ચર હતું, તે ભરવા રહેલો. પછી ત્યાંથી મોડો છૂટ્યો અને ઘરે ખાવા ગયો એટલે મોડું થયું...' કહેતો. વિકાસ વાડીલાલ શેઠને 'કાકા' કહીને બોલાવતો.

વિકાસ ચોવીસ-પચ્ચીસ વર્ષનો થયો હતો. હવે કાંઈ એની ઉંમર નાની ન હતી. ડિગ્રી (બી.એ.)ના છેલ્લા વર્ષમાં તે અભ્યાસ કરતો હતો. મહેનત, ઉત્સાહ અને ચાલાકીનો સરવાળો એટલે વિકાસ. વિકાસનું પોતાનું આગવું વ્યક્તિત્વ હતું. તેથી જ વિકાસે મોટા ભાઈ સાથે મનદુઃખ થવાથી મોટા ભાઈથી અલગ રહેવાનું પસંદ કર્યું હતું. વિકાસ પર વાડીલાલ શેઠને પૂરેપૂરો વિશ્વાસ આવી ગયો હતો. હવે તો તે વિકાસને નાણાંની લેવડદેવડનું કામકાજ પણ સોંપવા લાગ્યા... 'ફલાણા ઠેકાણાની આટલી ઉઘરાણી બાકી છે, લઈ આવવી... આ રકમની જગાએ ફોન કરીને બપોર સુધીમાં બાકી પડતી બધી રકમ ચૂકવી જવા જણાવવું...' વગેરે વગેરે સૂચનાઓના આધારે વિકાસ પૂરેપૂરો વિશ્વાસ તથા શ્રદ્ધા રાખીને કામ કરતો એટલે વાડીલાલ શેઠને સારી રીતે ફાવી ગયું હતું. શરૂઆતમાં શેઠે વિકાસને રૂ. ૨૫૦/-નો પગાર બાંધી આપ્યો હતો. ત્યાર પછી ધીમે ધીમે વિકાસમાં રહેલી હોશિયારી અને આવડત જોઈને વાડીલાલ શેઠે રૂ. ૩૫૦/- પગાર કરી દીધો હતો. વિકાસ પણ તેને જેટલો પગાર ચૂકવાતો તેના કરતાં ડબલ કામકાજ કરતો. સાઈકલ પર ફેરાફાંટા, દોડાદોડી કરતો... જરૂર જણાય તો શેઠજીના આદેશ પ્રમાણે ઘરે પણ જઈ આવતો.

શેઠજીના ઘેર પણ વિકાસનું સારું માન જળવાતું. દેવયાની શેઠાણી પણ ખૂબ માનભેર બોલાવતાં અને ઘરના માણસની જેમ તેની સાથે વર્તન કરતાં. આ બધાનું મુખ્ય કારણ એ જ હતું કે વિકાસ એક નસીબવાળો છોકરો પુરવાર થયો હતો કારણ કે તેના આગમન પછી જ વાડીલાલ શેઠના ધંધાપાણીમાં બરકત આવી હતી. છેલ્લાં બે વર્ષથી, તેના આવ્યા પછી, દુકાને ઘરાકી વધી હતી. વેપારીવર્ગ અને બજારમાં શેઠ અને શેઠની દુકાનની ક્રેડિટ પણ સારી એવી વધી હતી. વિકાસ જેવો હોશિયાર અને તરવરિયો, મીઠાબોલો જુવાન પોતાની મીઠીમધ ઝરતી ભાષામાં દરેકને અણગમતી હોય તેવી વાત પણ મનગમતી કરાવી લેતો... વિકાસની એ એક આગવી કળા હતી. શેઠ વિકાસ પર ખૂબ જ ખુશ રહેતા. હમણાં હમણાં વાડીલાલ શેઠ વધારે ખુશ રહેતા તેનું બીજું કારણ...



બીજું કારણ એ શેઠની દીકરી મનોરમા હતી. વાડીલાલ શેઠને ૨૧-૨૨ વર્ષની બહુ દેખાવડી નહિ અને બહુ બેડોળ પણ નહિ તેવી એકની એક દીકરી હતી. તેનું નામ મનોરમા... મનોરમા મૅટ્રિક સુધી ભણી હતી. બહારના કામકાજની વાત તો ઠીક પણ એ ઘરના તમામ કામકાજમાં પૂરેપૂરી પાવરધી અને હોશિયાર હતી. ઘરનું ગમે તેવું કામકાજ તે અડધા કલાકમાં ઉકેલી નાખતી, કારણ કે તેને કોઈપણ કામ જ કરવામાં આળસ ન હતી.

એક વાર વિકાસ શેઠના કહેવાથી ઘરના કામકાજ માટે શેઠને ઘરે ગયો હતો. તે વખતે શેઠાણીએ વિકાસને નખશિખ નીરખી લીધો, જોઈ લીધો, માપી લીધો. વિકાસને પોતાના ડ્રૉઈંગરૂમમાં બેસાડી અવનવી વાતો કાઢીને વિકાસના ઘરની, કુટુંબની બધી હકીકત જાણી લીધી, એકઠી કરી લીધી, તેમ જ છોકરો વાતચીત કરવામાં હોશિયાર, ચાલાક છે અને વિવેકથી વાતો કરે છે તેની પણ ખાતરી કરી લીધી.

સાંજે શેઠ જ્યારે દુકાનેથી ઘરે આવ્યા ત્યારે તે વખતે શેઠાણીએ પોતાના મનની વાત શેઠ સમક્ષ કહી સંભળાવી અને વિકાસ બાબતે ખાતરી કરવા કહ્યું.

વાડીલાલ શેઠે શેઠાણીની વાત સાંભળી ઉત્સાહ અને ઉમંગમાં આવી ગયા. તેમણે ત્યાર પછી વિકાસને પોતાના દીકરાની જેમ રાખવા માંડ્યો. પોતાના દીકરાની જેમ વિકાસને વેપારધંધાના દરેક પાસાંની તાલીમ આપવા માંડી.

આજે વિકાસને પોતાના ઘેર આવતાં મોડું થયું હતું, કારણ કે વાડીલાલ શેઠે પોતાને ત્યાં બહારના એક વેપારી આવવાના હોઈ ખાવાપીવાની એક નાની પાર્ટીનું આયોજન કર્યું હતું. તેમાં વિકાસને પણ સામેલ થવા તથા પાર્ટીનો પૂરેપૂરો બંદોબસ્ત ગોઠવવાનું શેઠજી તરફથી સૂચન થયું હતું. વિકાસ તો શેઠની ઇચ્છાને અનુસરીને જ આજે આખો દિવસ શેઠજીના ઘરે પાર્ટીનો બંદોબસ્ત, પાર્ટીની ગોઠવણ અને પાર્ટી માટેની દોડાદોડમાં બાર વાગ્યાથી પરોવાઈ ગયો હતો. પાર્ટીની તમામ તૈયારીઓથી શરૂ કરીને ભોજન-સમારંભની તમામ વ્યવસ્થા પૂરી કરવી અને બધાના વિદાય થયા પછી જ વિકાસનું કામ પતી જવાનું હતું.

બધા વેપારીઓને, તમામ આવેલ મહેમાનોને તેમજ ઘરના અને બહારના અને પોતે પણ જમી-પરવારીને જ્યારે લગભગ પોણા ત્રણ વાગ્યે વિકાસ પોતાના કામકાજમાંથી નવરો પડ્યો ત્યારે...

મનોરમાએ : 'બાપુજી, કોઈ દિવસ નહીં ને આજે તો કોઈક સારું પિક્ચર બતાવો. વૈશાલીમાં 'કાલા પથ્થર' ચાલે છે. બધા કહે છે કે સારું છે.'

'બેટા, દુનિયામાં બધુંય સારું હોય છે પણ આજે હું ખૂબ જ થાકી ગયો છું. તારી બાને પૂછ...' શેઠજીએ દેવયાની શેઠાણી સામે જોઈને આંખથી ઈશારો કરીને કાંઈક સમજાવ્યું.

'ના રે ના, આજે તો આ દોડાદોડમાં મારી કેડો ખૂબ જ દુઃખ્યા કરે છે. જમ્યા પછી સહેજ આડા પડખે થવાનો મારો વિચાર છે.' દેવયાની શેઠાણી બોલ્યાં. અને કહ્યું : 'એમ કરો ત્યારે વિકાસ અને તું બન્ને જઈ આવો.'



'ના, ના. આજે નહિ.' વિકાસે ના પાડતાં કહ્યું.

'કેમ તમારે કંઈ વાંધો છે ?' શેઠજીએ વિકાસ તરફ જોઈને કહ્યું.

'ના, પણ મોડું થશે એટલે મારી મોટી બહેન ચિંતા કરશે.' વિકાસ બોલ્યો.

'એકાદ દિવસ તો મોડું પણ થાય. તમે ઘરે જઈને સમજાવી દેજોને.' શેઠાણીએ સૂર પુરાવ્યો અને વિકાસ કાંઈ બોલે તે પહેલાં તેમણે પોતાની દીકરીને કહ્યું : 'મનુ બેટા.' શેઠાણી પોતાની દીકરી મનોરમાને લાડમાં 'મનુ' કહેતાં હતાં. 'સાચવીને વિકાસબાબુ સાથે ફરી આવો.'

આ પાછળ શેઠશેઠાણી બન્ને જણ વિકાસ અને મનોરમા છૂટથી હરેફરે અને એકબીજાનાં માહિતગાર બનીને એકબીજાનાં માયાબંધનમાં બંધાઈ જાય તેમ તેમની ઇચ્છા હતી.

વિકાસ અને મનોરમાની વિદાય પછી : 'શેઠજી, છોકરો કેવોક છે ? આપણી મનોરમા માટે તો પૂરેપૂરો લાગ્યો ? તમને કેવોક લાગ્યો ?' દેવયાની શેઠાણી વાડીલાલ શેઠને બોલાવતાં ત્યારે પણ 'શેઠજી' કહીને બોલાવતાં.

સાંજે 'કાલા પથ્થર' પિક્ચર પૂરું થતાં... :

'વિકાસબાબુ, મારું માથું ખૂબ જ ભમે છે. ચાલો, સામે જઈ કૉફી પીને ફ્રેશ થઈએ.' મનોરમાએ પ્રસ્તાવ મૂક્યો.

જિંદગીમાં પહેલી વખત કોઈ વીસ-બાવીસ વર્ષીય કન્યાએ વિકાસને સામે ચઢીને 'બ્યુટીફૂલ રેસ્ટોરન્ટ'માં જઈ કૉફી પીવાનું આમંત્રણ આપ્યું હતું. વિકાસ થોડોક ખચકાયો. તે થોડોક વિચાર કરે તે પહેલાં...

મનોરમા 'બ્યુટીફૂલ રેસ્ટોરન્ટ' તરફ વળી અને વિકાસ પણ પાછળ પાછળ ઘસડાયો.

'બે ઍક્સપ્રેસો કૉફી લાવો.' મનોરમાએ બેરાને (વેઈટરને) ઑર્ડર આપ્યો અને પોતે સંગેમરમરના ટેબલ અને સનમાઈકાવાળી

ખુરશી પર ગોઠવાઈ, સામે વિકાસ ગોઠવાયો.

કૉફી આવતાં એક કૉફીનો મોટો કપ વિકાસના હાથમાં પધરાવી અને પોતાના મોટા કૉફી કપમાંથી કૉફીનો ઘૂંટ ભરતાં મનોરમા બોલી :

'વિકાસબાબુ, તમે ખૂબ જ ઓછું બોલતાં લાગો છો. સંકોચાવું મારે જોઈએ. મારે શરમાવું જોઈએ, કારણ કે હું સ્ત્રીજાત છું, નારી છું, જ્યારે તમે પુરુષ થઈને બોલવા, ઊઠવા, બેસવા, ખાવા, પીવામાં અને બધા જ કામોમાં અતડાપણું રાખો છો, સંકોચાઓ છો તે યોગ્ય નથી.'

'ના રે ના, એવી વાત નથી. હું તો...' વિકાસ ગૂંચવાયો.

'બરાબર છે તમારી વાત. તમે વિચાર કરતા હશો કે મારા શેઠ, મારી શેઠાણી અને મારા શેઠની દીકરી આટલી બધી છૂટ લઈને કેમ વર્તન કરે છે. તેનું પણ એક કારણ છે, વિકાસબાબુ, આ કારણની તમને કશીય ખબર નહીં હોય, બોલો, કાંઈ ખબર છે ખરી ?'

'ના, એવું કશું નથી.'

'તો સાંભળી લો. મારાં બા, બાપુજી, હું અને તું...' 'તું' બોલ્યા પછી મનોરમા સહેજ સંકોચાઈ ગઈ, પણ ફરીથી હિંમત એકઠી કરીને ફરીથી મનોરમા બોલી :

'મારા બા-બાપુજી (શેઠ અને શેઠાણી) આપણે બન્ને મુક્ત મને હરીએફરીએ, એકબીજાની નજીક આવીએ અને આપણે સ્વેચ્છાએથી એકબીજાને અપનાવી લઈએ અને તે હેતુ ધ્યાનમાં રાખીને આપણને આટલી બધી છૂટ આપે છે.' આ પ્રમાણે બોલીને મનોરમાએ ગટગટ કૉફીનો પ્યાલો ખાલી કર્યો.

વિના વાદળ, વિના વાયરે અને કોઈપણ જાતની અપેક્ષા વગર અચાનક વરસાદ વરસી જાય અને જે હાલત બજારમાં ફરતા મુસાફરની થાય તે પ્રમાણેની હાલત વિકાસની થઈ ગઈ. એકાએક કોઈ બૉમ્બ ફૂટ્યો હોય અને બહાવરા બની જઈએ અને ગભરાઈ જાય તે પ્રમાણેની ગભરામણ વિકાસને થઈ.

'ભલે, હું આ બાબતે વિચારીશ...' વિકાસ બોલ્યો.



'બ્યુટીફૂલ રેસ્ટોરન્ટ'નું કૉફીનું બિલ ચૂકવીને સીધા રોડ પર આવને એક ઓટોરિક્ષા ભાડે કરી વિકાસ મનોરમાને લઈને શેઠજીના ઘરે ગયો... મનોરમા ઊતરી ગઈ એટલે શેઠજીને નમસ્કાર કરીને ઝાઝી લપ્પનછપ્પન કર્યા વગર વિકાસ તે જ રિક્ષામાં પોતાના ઘર તરફ વળ્યો ત્યારે સવા સાત વાગ્યા હતા...!

આ બાજુ હજુ સુધી વિકાસ કેમ ન આવ્યો ? ક્યાંક આડોઅવળો ભટકાઈ ગયો નહીં હોય ને ? સાંજનું જમવાનું તો ક્યારનુંય તૈયાર થઈ ગયું હતું. સાત વાગી ગયા હતા, ત્યાં સુધીમાં વિકાસ ન દેખાયો એટલે અંજનાને ચિંતા થવા લાગી.

આજના બનાવથી અંજનાનું મન ઉદાસ બની ગયું હતું. જમવાનું પણ તેને મન થયું ન હતું. પલંગમાં પડી પડી... વીતી ગયેલી વાતોને વાગોળવા, યાદ કરવા લાગી અને સ્મૃતિમાં સરી જવાનો મહાપરાણે પ્રયત્ન કરવા લાગી.

વિકાસ બરાબર સાડા સાતે ઘરે આવ્યો એટલે યાંત્રિક રીતે ઊભી થઈને અંજનાએ વિકાસ માટે થાળી પીરસી. એક જ થાળી તૈયારી થતી જોઈને :

'કેમ મોટી બહેન, આજે તબિયત બરાબર નથી કે શું ?' વિકાસ ચિંતિત સ્વરે બોલ્યો.

'બહુ ખાસ નહીં, પણ થોડું થોડું માથામાં દર્દ થયા કરે છે એટલે મારે કાંઈ ખાવું નથી.' ખોટું બોલીને અંજનાએ વિકાસને જમી લેવા કહ્યું. જમી લીધા પછી વિકાસ હરરોજની આદત મુજબ બજારમાં વહી ગયો એટલે પોતાનું કામકાજ પૂરું થતાં અંજનાએ ફરી પાછું પલંગમાં લંબાવ્યું.

પલંગમાં સૂતાં સૂતાં અંજના પોતાની જિંદગીમાં વીતી ગયેલી દરેક ક્ષણને વાગોળવા લાગી, યાદ કરવા લાગી. બાળપણાથી માંડીને આજ દિન સુધીની દરેક વાત ને દરેક હકીકત અંજના યાદ કરવા લાગી, દરેક ઘટનાનું પુનઃ પુન સ્મરણ કરવા લાગી. અંજનાને પોતાનાં

મા, બાપ, સાસુ, સસરા, કનક, અતુલભાઈ, ભાભી યાદ આવ્યાં. દરેક માણસ જોડે મજબૂતીથી સંકળાયેલી દરેક હકીકતો યાદ આવી. બા, બાપુજીનો સ્નેહ, મમતા યાદ આવ્યાં. કનકને થયેલ સ્કૂટર અકસ્માત યાદ આવ્યો. કનકના મોત વખતે રોતાં-કકળતાં હૈયાફાટ રડતાં સાસુસસરા યાદ આવ્યા. પોતાની જોડે લડીઝઘડીને છૂટાં પડનાર ઉષાભાભી અને પથ્થર હૃદય જેવાં ખરુંખોટું સાંભળનાર મોટા ભાઈ, અતુલભાઈ યાદ આવ્યા. મુસીબત સમયે પોતાને પડખે રહેનાર નાનો ભાઈ વિકાસ યાદ આવ્યો અને એક પલકારાનો સાથ દઈને સાથ છોડી જનાર, અમુલખરાય અને કાન્તાગૌરીનો દીકરો અમર યાદ આવ્યો.

બહાર ગેલેરીમાં આવીને, અંજના બહાર આવીને જુએ છે તો અમુલખરાય એન્ડ કું. શહેરના જાણીતા શ્રોફ અને જાણીતા વેપારીની પેઢી આજે સાડા આઠ વાગ્યે બંધ હતી. અંજનાની આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં. તે દોડતી પાછી ઘરમાં ગઈ અને પોતાની જાતને પલંગમાં પટકી ઓશીકું મોઢા પર લાવીને અંજના ડૂસકે ડૂસકે રડવા લાગી. અંજનાને પોતાની કમનસીબી પર, પોતાના કમભાગ્ય પર આજે મોકળે મને રડી લેવું હતું.

■

# 12

## વ્યથાની કથા

બીજો દિવસ પસાર થયો. ત્રીજો દિવસ પસાર થયો. ચોથો દિવસ પસાર થયો. ન અંજના બોલી કે ન અમર બોલ્યો. જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ એક પછી એક મૌનરૂપી ઈંટોનો થર ગોઠવાતો ગયો... અને અબોલપણાની એક અગમ્ય દીવાલ કે જે દીવાલ પ્રત્યક્ષ જોઈ શકાય તેમ ન હતી, પણ આ દીવાલને કોઈ તોડી



શકે તેમ ન હતું... કોણ તોડે, કોણ રોકે આ મૌનરૂપી ગોઠવાતા જતા અગમ્ય ઈંટોના થરને, ને કોણ તોડે એ દીવાલને ???

સ્ટાફના બીજા ભાઈઓ અને બહેનો સાથે આમેય અંજના ઓછું બોલતી હતી. હવે અંજનાએ બોલવાનું ખૂબ જ ઓછું રાખ્યું. જરૂર જેટલું જ તે બોલતી. સ્ટાફરૂમમાં પણ આ વાતની ચર્ચા થતી રહી. અમર અને અંજનાના બહેરા કાનો પર, કર્ણપટો પર આ વાત અથડાતી રહી. બન્ને જણ બેધ્યાનપણે આ વાતો સાંભળતાં રહ્યાં... બન્ને જણ ખામોશ હતાં.

અમર મનોમન અકળાતો હતો, બેચેની અનુભવતો હતો. આ તો ન સહી શકાય છે કે ન કહી શકાય તેવી વાત હતી. અંજનાના દિલને પણ કોઈ વાતનો કરાર કે આરામ ન હતો. કોણ જાણે ક્યારે અને ક્યાંથી મનમાં ઉદાસીનાં વાદળો ઊમટી આવ્યાં ? તેને કાંઈ જ સમજ પડતી ન હતી. અંજના પોતાના જીવન પ્રત્યે બિલકુલ બેધ્યાન, બેદરકાર અને બેજવાબદાર બની ગઈ હતી. અમર પણ પોતાના મન પર એક પ્રકારનું દુઃખ, ગ્લાનિ અને અસંતોષ અનુભવી રહ્યો હતો. એમ વાતનો અંત કેમ કરીને લાવવો ? તેને કાંઈ સમજ પડતી ન હતી. તોફાની બનેલા દરિયામાં સુકાન વગરની કોઈ નૌકા મન ફાવે તે દિશામાં ગતિ કરે, ભાગમભાગ કરે અને આ નૌકાના ખલાસીના મનની જે પ્રકારની હાલત હોય તેવી હાલત એક બાજુ અમરની હતી અને બીજી બાજુ અંજનાની હતી.

એક પછી એક દિવસો પસાર થતા હતા. કૅલેન્ડરમાં તારીખનાં પાનિયાં ફટ...ફટ... ફાટ્યે જતાં હતાં... સમય સરકતો રહ્યો અને તારીખો બદલાતી રહી. બન્ને જણાં એકબીજાથી દૂર દૂર કોઈ વિરોધાભાસી રસ્તાનાં વટેમાર્ગુ બની એકબીજાથી દૂર દૂર દુનિયાના બંને છેડે જતાં રહેવાનાં ન હોય ! તે રીતે આચાર, વિચાર, વાણી, વર્તન ને વ્યવહાર અપનાવતાં રહ્યાં. બન્ને વચ્ચે મૌનની લોખંડી દીવાલો ચણાતી રહી, ચણાતી રહી અગમ્ય રીતે. બન્ને જણ એકબીજાને જેમ જેમ ભૂલવા

મથતાં હતાં તેમ તેમ બન્નેના મનોપ્રદેશે ખૂબ ખૂબ દુઃખ થવા લાગ્યું. બંનેનાં અંતરો ચુપચાપ રડ્યા કરતાં હતાં, આક્રંદ કરતાં હતાં.

એક સરોવરમાં પથ્થર ફેંકીએ અને સરોવરમાં અસંખ્ય જલતરંગો ઉદ્ભવે અને જળરાશિ પર પથરાતાં જાય, પથરાતાં જાય અને વળી અદૃશ્ય બને તે રીતે અંજનાના દિલમાં એક પછી એક, બચપણથી માંડીને આજ દિન સુધીના પ્રસંગો આકાર લેતા રહ્યા, જન્મતા રહ્યા, અંજનાના દિલને દુભાવતા રહ્યા, દુભાવતાં રહ્યા, રડાવતા રહ્યા.

ગરમીની શરૂઆત થઈ ચૂકી હતી. શિયાળાની ઠંડી પણ ઓછી થતી ચાલી. હોળીના દિવસો નજીક આવતા રહ્યા. વાતાવરણમાં ભારેપણું આવતું જતું હતું. ગરમ ગરમ હવાની ડમરીઓ ઊડતી અને ક્યારેક ક્યારેક વંટોળિયે ચઢેલાં ધૂળનાં રજકણો પણ દઝાડી જતાં. લૂ પણ ખરેખર વાતી હતી... કુદરતે પણ નટખટ રૂપ છોડીને શાંત પ્રશાંત રૂપ ધારણ કરવા માંડ્યું હતું. પટેલ ઍન્ડ શાહ હાયર સેકન્ડરી શાળાના બધાં વિદ્યાર્થી-વિદ્યાર્થિની મિત્રો ઠઠ્ઠા મશ્કરીઓ, લપ્પનછપ્પન છોડીને અભ્યાસકામમાં, કોઈ અઘોર જંગલમાં, કોઈ મહામુનિ આકરી-કઠિન તપશ્ચર્યા, આદરીને તપ કરવામાં તલ્લીન બની જાય તેમ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ શાંત રીતે પોતાના વાચન-લેખનના કાર્યમાં અને અભ્યાસકાર્યમાં મશગૂલ બની ગયાં. શાળાનાં શિક્ષક-શિક્ષિકાઓ ભાઈ-બહેનો જરૂર જણાયે ઍક્સ્ટ્રા પિરિયડો લેતાં અને શનિ-રવિની રજા માણવાને બદલે શનિ-રવિમાં વધારે શિક્ષણ, નક્કી કરેલો અભ્યાસક્રમ પૂરો કરવા પાછળ મંડી પડ્યાં.

પરીક્ષા માથા પર આવતી હતી. અમર અને અંજનાને પણ પોતપોતાનો અભ્યાસક્રમ સમયસર પૂરો કરવાનો હતો એટલે તેઓ તેમની કાર્યવાહીમાં મશગૂલ બની ગયાં, તલ્લીન બની ગયાં, રસ-તરબોળ બની ગયાં. બન્ને જણાંએ પોતપોતાની દુઃખ, નિરાશા અને અસંતોષની દુનિયાને બાજુ પર મૂકી દીધી.

સ્કૂટર પર સવાર થઈને દરરોજ નિયમિત આવતા-જતા અમરને



અપલક નયને અંજના જોઈ રહેતી. પોતાની નજર આગળથી દૂર થતા જતા અમરના અસ્તિત્વને, ઓગળી જતા અમરના અસ્તિત્વને પોતાના પાલવમાં છુપાવી લેવાના મનોમન ઈરાદા સાથે અંજના જે દિશામાં અમર ગયો હોય, ચાલ્યો ગયો હોય તે દિશાની ક્ષિતિજોને ફોડતા જતા આરસપહાણિયા રસ્તાને - લાંબી નજરે જોતી રહેતી. અમર આવે અને જાય તે વખતે અંજનાને જાણે પોતાની સમક્ષ પોતે ગુમાવી બેઠેલા પોતાના સ્વર્ગસ્થ પતિ કનકનું અસ્તિત્વ પુનઃજીવિત થઈ ગયેલું લાગતું. તેના મનમાં એક પ્રકારનાં રોમાંચ, ઊર્મિ અને ઉલ્લાસ જાગી ઊઠતાં, તે પણ ક્ષણો પૂરતાં જ...

કેટલીક સુખની, ઉમંગની ક્ષણો પૂરી થતાં, ઓસરી જતાં, ઓગળી જતાં, અંજના વળી પાછી વાસ્તવિક દુનિયામાં પછડાતી, અથડાતી અને પછડાટો ખાતી... તેને વીતી ગયેલી દુઃખદ અને સુખદ ઘટનાઓ યાદ આવી જતી. વળી પાછું અંજનાની આસપાસ નિરાશા, અગમ્ય દુઃખ અને પ્રલયકારી પીડાનું વાતાવરણ ઊભું થતું. તે આ બધી ઝંઝટમાંથી છૂટવા જેટલી ત્વરાથી તરફડિયાં મારતી, જેટલી જેટલી મથામણ કરતી તેટલી તેટલી વધુ કોઈ તળાવમાં ઊગેલા શિંગોડાના વેલામાં કોઈ પ્રાણી ફસાઈ જાય અને તળાવની બહાર નીકળવા તરફડિયાં મારે, તેમ વધુ ને વધુ તે ગૂંચવાડામાં પડે તે રીતની અંજનાની હાલત હતી.

આમ, કેટલાય દિવસો અને રાતોના કાળા ઘનઘોર પડછાયા સમયના વહેણમાં ઓગળી જતા હતા... આ બાજુ વિકાસ પોતાના અભ્યાસક્રમમાં, વિકાસ છેલ્લા વર્ષમાં (ટી.વાય. વર્ષમાં) હતો. એણે વાંચવામાં અને લખવામાં તેમ જ પોતાની નોકરીમાં તેમ જ વાડીલાલ શેઠે કોણીએ ગોળ લગાડી દીધેલો અને મનોરમાની આગળપાછળ હરવાફરવામાં મશગૂલ રહેવા માંડ્યો. અંજનાની જોડે ખપ પૂરતી જ વાતચીત કરતો અને સમય થતાં પોતાની કૉલેજમાં અને નોકરીએ જતો રહેતો.

એક દિવસ બદલપુરથી સમાચાર આવ્યા કે કનકના પિતાશ્રીનું બીમારી બાદ અવસાન થયું છે. અંજનાને પોતાના પિતા મરી ગયા હોય તેમ દુઃખ થયું. તેણે બદલપુર જવા માટે અઠવાડિયાની રજા લઈ લીધી અને સ્કૂલમાં સ્ટાફનાં તમામ ભાઈબહેનોએ અંજનાને દિલાસો આપ્યો. અતુલભાઈ અને ઉષાભાભી પણ બદલપુર જઈ આવ્યાં, ઉત્તમચંદ એ ભગવાનનાં માણસ હતા. કડવી ઝેર જેવી બની ગયેલી જિંદગીમાં વધારે કડવાશ ઉમેરાતી રહી. બદલપુર ગયેલી અંજનાને સાસુએ અને સાસરિયાંના સગાવહાલા મિત્રોએ, નોકરી છોડી દઈને બદલપુર ગામે રહીને સાસુની સેવા કરવાનું તેમ જ ઘર-જરજમીનનો વહીવટ સંભાળી લેવા સૂચન કર્યું પરંતુ અંજનાને જીવનમાં ક્યાં રસકસ રહ્યો હતો ? તેને પ્રવૃત્તિમય જીવન, શાળાનું શૈક્ષણિક કાર્ય અને સ્કૂલની પ્રવૃત્તિઓમાં પોતાની જિંદગી તમામ સુખદુઃખ અને કડવાં ઝેર સમાન આઘાતો વીસરી જવાનું યોગ્ય માન્યું. પોતાની સાસુ દિવાળીબહેનને પોતાને ઘરે તેડી લઈ અને જમીન તથા બીજી મિલકતનો વહીવટ કુટુંબના નજીકના સગાને સોંપી દો તેવું કહ્યું ત્યારે અંજનાનાં સાસુ પોતાના પતિનું ઘર છોડવા ખુશી નહીં હોઈ, અંજના પોતે અઠવાડિયે તેમની ખબરઅંતર લેતી રહેશે. દર અઠવાડિયે આવ-જા કરશે અને મકાનનો વહીવટ કનકના નજીકના શુભેચ્છક શ્રી કનુભાઈ કરશે તેમ નક્કી કર્યું.

આમ ગુજરી ગયેલ સસરાની મરણોત્તર વિધિ પૂરેપૂરી પતાવીને અઠવાડિયું રજા લીધેલી તે ઉપરાંત બીજા ૧૪ દિવસની રજાઓ લેવી પડેલી જે ગણતાં એક દિવસ જ્યારે અંજના રંગપુર પરત આવી ત્યારે... !! રંગપુરની દુનિયા બદલાઈ ગયેલી હતી.

દુનિયા દરેક ઘડીએ પલટાતી રહેતી હોય છે. દરેક આવતી-જતી ઘડીઓ દુનિયા, સમાજને સમજતા સ્વરૂપને દુનિયાના દીદારને બદલતી રહેતી હોય છે. જ્યારે અંજનાને બદલપુર વધારે દિવસ માટે રહેવાનું નક્કી થયું ત્યારે સામે ચાલીને વિકાસે પોતાની બહેન અંજનાને કહી દીધું :



‘બહેન, મારા રહેવાની તેમ જ ખાવાની-પીવાની તું કાંઈ ચિંતા ફિકર કરતી નહીં. મારા શેઠ વાડીલાલે તેમને પોતાને ઘેર રહેવા તેમ જ જમવાની-પીવાની વ્યવસ્થા કરીને, તેમને ઘેર જ રહેવા માટે ભારપૂર્વક જણાવ્યું છે...’

‘પણ, આ બરાબર નહિ કહેવાય, જરૂર હોય તો હું અતુલભાઈને કહું.’ અંજના સહેજ સંકોચાઈ.

‘ના અંજુ, મને મોટા ભાઈને ઘેર નહિ ફાવે અને ઉષાભાભીનો સ્વભાવ પિત્તળ જેવો એટલે મને નહિ ફાવે. મને શેઠને ઘરે જ ફાવશે...’ વિકાસ બોલ્યો. વિકાસ આ વખતે પોતાના અને શેઠની દીકરી મનોરમા વચ્ચે વધતા જતા સંબંધો અને તેને જ કારણે વાડીલાલ શેઠે તેને પોતાના ઘરે રાખવા સંમત થયા તે વાત કહી નહીં... જ્યારે એ વાત કહેવાની જરૂર ઊભી થશે ત્યારે કહી દેવાશે એમ વિચારી વિકાસે તે વાત દબાવી રાખી.

અંજનાએ પણ આ વાત પર ધ્યાન આપેલું નહીં હોવાથી આ વાતની ઝાઝી ચર્ચા ન થઈ.

પછી તો પરીક્ષાઓનો કૉર્સ ચાલ્યો. પરીક્ષાઓની કાર્યવાહી ચાલુ થઈ. સવારની સ્કૂલ થઈ ગઈ. માર્ચ મહિનામાં મૉર્નિંગ સ્કૂલ થઈ ગઈ અને એપ્રિલ મહિનાના પહેલા અઠવાડિયામાં પરીક્ષાઓ (હાયર સેકન્ડરીમાં) ચાલુ થઈ ગઈ. બપોરના સાડા બાર સુધી સ્કૂલમાં પરીક્ષાનું કામકાજ ચાલુ રહેતું એટલે બધો સ્ટાફ તે કામકાજમાં પરિબદ્ધ રહેતો... બપોર પછી ઘેર રહીને... પેપરો તપાસવાના કામકાજમાં અંજના પરોવાયેલી રહેતી. પેપરો તપાસવાની ઝંઝટમાંથી તે છેક સાંજે પાંચ વાગ્યે પરવારતી અને ત્યાર પછી તે સાંજના રસોઈ કામકાજમાં પોતાનો સમય ગાળતી. સાંજના સાડા છની આસપાસ વિકાસ ઘરે આવતો અને સાથે બંને ભાઈ-બહેન જમી લેતાં. જમી પરવારીને વિકાસ બજારમાં ફરવા, લટાર મારવા બહાર નીકળી પડતો અને ઘરનાં વાસણો અને એંઠવાડનું કામકાજ પતાવીને અંજના સ્કૂલના પેપર્સ, એક્સરસાઇઝ બુકો

વગેરેની તપાસણીના કામકાજમાં ડૂબી જતી અને થાકીપાકી અંજના પથારીમાં પડતાં જ નિદ્રાધીન થઈ જતી. આ જ અંજનાનો જીવનક્રમ હતો. આ જ જીવતરનું ચક્ર હતું, જે હરદમ ઘૂમ્યા કરતું હતું, ફર્યા કરતું હતું ગતિમય રહીને ! કોઈપણ જાતના ફેરફાર વિના, કોઈ જાતના પરિવર્તન વગર ! અઠવાડિયે દસ દિવસે અંજના બદલપુર જઈ આવતી. સાસુમા સ્વભાવે ખૂબ જ માયાળુ, મમતાળુ અને ઉદાર દિલનાં હતાં. કોઈ દિવસ 'વહુ કેટલો પગાર લાવે છે ? વહુ પોતાનો પગાર કેવી રીતે વાપરે છે ?' તે વાતની ચર્ચા કરી ન હતી. ઊલટાનું ઘરમાંથી અનાજ, કપડાં લઈ જવા અંજનાને દબાણ કરતાં અને ઘણુંયે ના પાડતી તોય પણ અંજના જ્યારે જ્યારે બદલપુર આવતી ત્યારે થોડું થોડું આપતી રહેતી. આમ અંજનાની સાસુ સ્વરૂપબા કોઈ દેવીની મૂર્તિ સમાન હતાં.

અંજનાએ આજ દિન સુધી જે કમાણી પોતાના ભાઈ વિકાસના ભણતર, તેનાં કપડાંમાં અને ઘરનો સરસામાન ખરીદવા પાછળ વાપરી હતી. જોકે છેલ્લાં બેએક વર્ષથી વિકાસને નોકરી મળી હતી એટલે અંજનાને થોડોઘણો ટેકો મળ્યો હતો. જોકે અંજના હંમેશાં સાદગીથી રહેતી. કોઈ જાતનો મોજશોખ અને પૈસાનો દુર્વ્યય કરવો તે અંજનાને કબૂલમંજૂર ન હતું.

એનાં કપડાંલત્તાંમાં સાદગી હતી. કોઈ જાતનો બહારનો ઠાઠમાઠનો કોઈ જાતનો શોખ કે આડંબર નહિ, વ્હાઈટ કે આછા વાદળી રંગની સાડી, વ્હાઈટ કે કાળા રંગનો બ્લાઉઝ અને બીજા સાદા લિબાસમાં શોભતી અંજના કોઈ સાધ્વી સમાન હતી. તેનું જીવન નેક જીવન હતું. આદર્શ જીવન કહી શકાય તેમ હતું. અંજનાના જીવનની આરસી બિલકુલ સ્વચ્છ હતી. કોઈપણ જાતના ડાઘા કે ખોડખાંપણ વગરની હતી...!

એક દિવસ વહેલી સવારે... તૈયાર થઈ રહ્યો એટલે વિકાસે, આજે વિકાસની ડિગ્રી વર્ષની પરીક્ષાનું છેલ્લું પેપર હતું... પછી વિકાસને બેચલર ઑફ કૉમર્સ બી.કૉમ.ની ડિગ્રી મળનાર હતી.



'ભાઈ, આજે તો પરીક્ષાનો છેલ્લો દિવસ છે કાં ?'

'હા, મોટી બહેન...'

'તું ભણીગણીને સારી રીતે નોકરી કરે અને કોઈ સારા ઘરની છોકરી મળી રહે કે જેને હું ભાભી-ભાભી કહેતાં ધરાઉં નહિ. તે બધું પતી જાય એટલે મારા મનને શાંતિ વળે અને આ બધાં કામો પરિપૂર્ણ થાય એટલે આપણાં સ્વર્ગસ્થ બા-બાપુજીને સુખ, શાંતિ અને સંતોષ મળે... એટલે મારું જીવન ધન્ય ધન્ય બની જાય.' બોલતાં બોલતાં અંજનાની આંખમાં પાણી ભરાઈ આવ્યું. પોતાના ભાઈને ખબર ના પડે તે રીતે અંજનાએ આંખોની કિનારો પાલવથી લૂછી લીધી.

'મોટી બહેન, તમને ખોટું ન લાગે તો એક વાત કહું...' વિકાસ ગભરાતો હોય તેમ બોલ્યો.

'બોલ ભાઈલા બોલ, મને કોઈ વાતનું ખોટું નહિ લાગે...'

'મોટી બહેન, તમને ખબર નહિ તે રીતે મેં મારે માટે એક છોકરી જોઈ છે...'

'એમ વાત છે ! મારો નાનો ભાઈલો ચાલાક અને એટલો બધો મીંઢો નીકળ્યો કે મને ગંધ સરખી પણ ન આવવા દીધી. કોણ છે એ ખુશનસીબ કન્યા ?'

'એનું નામ છે મનોરમા... એ આજે આપણે ઘેર તને મળવા આવવાની છે અને અમારા શેઠની એકની એક લાડકવાયી દીકરી છે...' વિકાસ બોલ્યો.

'એટલે જ તમે અતુલભાઈને ઘરે રહેવા, જમવા માટે ના પાડતા હતા. આ તો સારું થયું. જ્યાં વાત આટલી બધી આગળ વધી ગઈ છે અને જ્યાં મિયાંબીબી રાજી તો ક્યા કરેગા કાજી ? પણ આજે તું લાડકવાયી ભાભીને આપણે ઘેર તેડતો આવજે હોં... ભૂલતો નહિ હોં...' અંજના બોલી.

'ચોક્કસ....' વિકાસ બોલ્યો.

■

# 13
# અંજનાના અંતરની આગ

આજે સ્કૂલનો છેલ્લો દિવસ હતો અને ત્યાર પછી એટલે કે ૧૨મી મેથી ઉનાળાનું વૅકેશન ચાલુ થતું હતું. પરીક્ષાનું પરિણામ જાહેર કરીને સ્કૂલના સ્ટાફના મિત્રોને મળી એકબીજાના ખબરઅંતર પૂછીને મહિના માટે અલગ પડવાનું હતું.

વિકાસને સમયસર વિદાય કરીને આજે છેલ્લે દિવસે બપોરની સ્કૂલ હતી એટલે જમી-પરવારીને અંજના સ્કૂલે ગઈ !

સ્કૂલમાં સ્કૂલનું કામકાજ પતાવીને બધાં સ્ટાફરૂમમાં ભેગાં થયાં. આજે બધાં પોતપોતાના મૂડમાં હતાં. કોઈ હરવાફરવામાં, કોઈ લગ્નમાં જવાના કે કોઈ હવા ખાવના સ્થળે કે કોઈ ધાર્મિક સ્થળે બાધાઆખડી પૂરી કરવાના મૂડમાં હતું.

અમુલખરાયનો અમર આજે સજીધજીને પૂરેપૂરો તૈયાર થઈને આવ્યો હતો. આજે એ બધા શિક્ષકવૃંદનું કેન્દ્ર બન્યો હતો, શાળાના આચાર્ય ત્રિવેદી સાહેબ, ઉપાચાર્ય જોશી સાહેબ, દીનકરભાઈ અને બીજા શિક્ષકભાઈઓ તેમ જ ચારુલતાબહેન, ઉષાબહેન, મંદાકિનીના હાથમાં ગુલાબી રંગના કવરમાં શોભતી લગ્નકંકોત્રી હતી. ડ્રૉઈંગટીચર ગોવિંદભાઈ લગ્નકંકોત્રીમાં કોતરાવણી કળાનું બારીકાઈથી નિરીક્ષણ કરી રહ્યા હતા.

અંજના પોતાનો ક્લાસરૂમ એટેન્ડ કરીને વર્ગની કાર્યવાહી પૂરી થતાં પોતે જેવી સ્ટાફરૂમમાં આવી કે :

‘લો, અંજનાબહેન આવી ગયાં. હવે અમારી માગણી મંજૂર કરો.’ મંદાકિનીબહેને અમરને કહ્યું.

‘શી વાત છે ? શાની માગણી છે ?’ અમરને કાંઈ સમજ ન પડવાથી તે બોલ્યો.





‘કેમ એટલી વારમાં ભૂલી ગયા ? એક વખત તમને થયેલા જીવલેણ અકસ્માતમાં તમે બચી ગયા તે વખતની પાર્ટી, બીજી વખતે શાળાની તમામ હરીફાઈઓમાં તમારો એક નંબર આવ્યો તેની પાર્ટી, ત્રીજી નોકરી મળી તેની પાર્ટી પણ બાકી છે. આ બધી પાર્ટીઓમાં મૅરેજ વખતે આપશો એટલે વસૂલ નહિ થઈ જાય, સમજ્યા.... બરાબર ને ઉષાબહેન ?’ કહી મંદાકિનીબહેને ઉષાબહેન સામે જોયું.

‘બરાબર છે મંદાકિનીબહેન.’ કહી ઉષાબહેને ટાપસી પુરાવી.

આ બધી ચર્ચા પરથી અંજનાને એ વાતનો ખ્યાલ આવી ગયો કે ટૂંક સમયમાં અમરનાં લગ્ન થનાર છે અને એના અનુસંધાને અમરે સ્ટાફનાં બધાં શિક્ષક-શિક્ષિકાઓને મૅરેજ વેડિંગ કાર્ડ (લગ્નકંકોત્રી) વહેંચેલાં છે.

અમરે પોતાને લગ્નકંકોત્રી પણ આપી નહિ તે વાતનું અંજનાને ખૂબ જ દુઃખ થયું. એક તો અંજનાના હૈયામાં હોળી સળગતી હતી અને તેમાં કંકોત્રી ન આપવાના બનાવે અંજનાના હૈયામાં ઉલ્કાપાત મચાવ્યો. સ્ટાફનાં બધાંએ માની લીધું કે અમરે અંજનાને એડવાન્સમાં લગ્નકંકોત્રી આપી દીધી હશે. અમરે ફરી ફરીથી બધાંને પોતાની લગ્નવિધિમાં હાજર રહી, પોતાને આભારી કરવા જણાવ્યું. બધા જાતજાતની વાતોમાં પરોવાયેલા હતા. છેલ્લે શાળાના આચાર્ય અને ઉપાચાર્ય આ વર્ષે જે સુલેહ સહકારથી બધાંએ હળીમળીને જે કામકાજ કર્યું તેવું કામકાજ અને સહકાર આવતા વર્ષે મળી રહે તેવી ઇચ્છા વ્યક્ત કરી. પછી બધાં વારાફરતી છૂટાં પડ્યાં.

રસ્તા પર ચાલી જતી અંજના મનોમન ધૂંધવાતી હતી, અકળાતી હતી, બેચેની અનુભવતી હતી. આજે વિકાસ મનોરમાને લઈને ઘરે આવવાનો હતો જેથી ઘરે પણ બધી વ્યવસ્થા કરવાની હતી. અમરના મનમાં મારા માટે એટલી પણ જગા નહિ હોય કે મને તેના લગ્નપ્રસંગે લગ્નકંકોત્રી પણ ન આપે ! ‘આવા સ્વાર્થી માણસોથી ભગવાન બચાવે !’ વિચારતી અને ઘરે વિકાસ એક મહેમાનને લઈને આવનાર

હોઈ, તેની આગતાસ્વાગતા માટે કાંઈક કરવું પડશે તે હેતુ મનમાં રાખી અંજના દોડતી જતી હતી રસ્તા પર.

'અંજના, કેમ આટલી બધી કંઈ ધૂનમાં ને ધૂનમાં રસ્તા તરફ દોડી જાય છે ? મારા સ્કૂટરનો અવાજ કે સ્કૂટરનું હૉર્ન પણ સંભળાતું નથી ?' અંજનાની બિલકુલ નજીક આવીને અમર બોલ્યો.

અંજના હબકી ગઈ, ઝબકી ગઈ. તેણે નીચે ઊતરી આવેલો શ્વેત સાડીનો છેડો સરખો કરી કાળા બ્લાઉઝને ઢાંકી દીધો. પછી તે બોલી :

'બહુ સાંભળી સાંભળીને મારા કાન પાકી ગયા છે. મારા કાનમાં બહેરાશ આવી ગઈ છે, એટલે વધારે પડતું સાંભળવાનું મન થતું નથી. ખપ પૂરતી જ વાત સાંભળવી છે. બોલો, શું કામ છે ?' અંજનાએ કહ્યું. અંજનાના મોઢા પર ગુસ્સો આવી જવાથી તેનો ચહેરો લાલલાલ, જાણ્યે-અજાણ્યે રાતોચોળ બની ગયો હતો. અંજનાના લાંબા વાળની એક લટ પણ છૂટી પડી ગઈ હતી. લાલચોળ ચહેરા પર ફરફરતી, લહેરાતી કાળા વાળની લટને સરખી કરતી શ્વેતાંબરી સાધ્વી સમાન અંજનાને જોઈ રહેવાનું અમરને મન થયું અને અમર અંજનાની સામે જોઈ જ રહ્યો. તેને મન મૂકીને નીરખી રહ્યો.

'સામે જોઈ શું રહ્યા છો ? બોલો, મારી શી જરૂર પડી ?' અંજના હજી ગુસ્સાના મૂડમાં જ હતી. તે ઘવાઈ ગયેલી વાઘણ જેવી લાગતી હતી.

'જુઓ અંજના, મારી અને તમારી વચ્ચે જે ગેરસમજ ઊભી થઈ છે તે ગેરસમજને હું દૂર કરવા માગું છું અને હું મારા તરફથી વધારે પડતો સ્પષ્ટ થવા ઈચ્છું છું.' અમર બોલ્યો.

'આમ ગોળગોળ બોલવાથી શો લાભ ! કાંઈક ચોખ્ખું કહો તો સમજ પડે !'

'એ બધી વાતો સમજવી હોય તો મારી સાથે ચાલો... હાઈવે-હોટલમાં, હાઈવે-હોટલના બગીચામાં બેસી નિરાંતે વાતો કરીશું, એટલે બધી ચોખવટ થઈ જશે...' અમરે કહ્યું.

'ના, મને અત્યારે ટાઈમ નથી...'



'નહિ, એ વાત નહિ ચાલે... તારે આવવું પડશે... ખબર છે, છેલ્લા ત્રણ મહિનાથી મારી સાથે, મારા કોઈપણ જાતના વાંકગુના વગર તેં અબોલા લીધા છે ત્યારથી મારા અંતર, મારા દિલ પર શું વીતી છે ?'

'તેં પણ ઓછો સિતમ નથી ગુજાર્યો, અમર. છેલ્લા ત્રણ મહિનાથી મારી સાથે, મારા કોઈપણ જાતના વાંકગુના વગર, તેં મારી સાથે અબોલા લીધા છે ત્યારથી મારા અંતર પર, મારા દિલ પર શું વીતી છે ? મારા ઘવાયેલા મનની વેદના મારા સિવાય કોણ જાણે !' અંજના મનમાં બબડી...!

બીજી કોઈ વાતની ચર્ચા કર્યા વગર અંજના અમરની પાછળ સ્કૂટર પર બેસી ગઈ અને અમરે સ્કૂટર મારી મૂક્યું. આજે કોઈ પુરાયેલા બે પંખીઓને પિંજરામાંથી બહાર નીકળવા ઘણા ઘણા સમયે રજા મળી હતી. અમર અને અંજના બન્ને ખુશ હતાં.

હાઈવે પર થોડુંક અંતર કાપીને હાઈવે ક્રોસ કરીને અમરે હાઈવે-હોટલ, આધુનિક હોટલના કમ્પાઉન્ડમાં પોતાનું સ્કૂટર પાર્ક કર્યું. નજીકના ગુલાબી રંગના સનમાઈકા લાકડાથી સજ્જ એવા ટેબલ અને ખુરશીના સેટ પાસે પહોંચીને અંજનાને બેસવા ઈશારો કરી પોતે પણ બેઠો.

વેઈટર આવ્યો એટલે અમરે 'બે ફૂલ પંજાબી લસ્સી'નો ઑર્ડર આપ્યો. વેઈટર ઝૂકીને સલામ કરી ઑર્ડર પ્રમાણેની વાનગી લેવા પાછો ગયો.

'અંજના, હજી સુધી મેં નવ્વાણું ટકાની મારી પસંદગીની વાત તને કરી છે અને એક ટકાની પસંદગીની વાત કહેવાની બાકી છે. તું મને શાંતિથી સાંભળે તો જ મારી એક ટકાની પસંદગીવાળી વાત તને કહી સંભળાવું...' કહી અમરે બ્રિસ્ટૉલના પાકીટમાંથી સિગારેટ કાઢી, બ્રિસ્ટૉલ સળગાવી.

અંજનાએ બ્રિસ્ટૉલ પાકીટ અમરના હાથમાંથી છીનવી લીધું અને

- અમરના બન્ને હોઠો વચ્ચે બિડાયેલી બ્રિસ્ટૉલ સિગારેટને ખેંચી લીધી અને બ્રિસ્ટૉલના નાજુક, નમણા અસ્તિત્વને પોતાના હાથથી મસળી નાખી, કચડી નાખી ને સિગારેટ બૉક્સને ફેંકી દીધું દૂર.... દૂર.

'મારે તમારી કોઈ વાત શાંતિથી સાંભળવી નથી, સમજી ગયા મિસ્ટર ? મારી ગેરહાજરીમાં આ નવી બલા વળી કોણે ક્યારથી વળગાડી ? બા-બાપુજી જાણે છે ?' અંજનાએ બનાવટી ગુસ્સો કર્યો.

જવાબમાં અમર ખડખડાટ હસી પડ્યો. બહુ દિવસે અમરને ખડખડાટ હસતો જોઈને અંજનાને ખડખડાટ હસતો કનક સાંભરી આવ્યો.

એટલામાં વેઇટર 'પંજાબી હસ્સી'ના બે ભરપૂર ગ્લાસ લઈને હાજર થયો એટલે એક ગ્લાસ અંજનાને આપીને અમરે કહ્યું : 'અંજુ, તને ખોટું ન લાગે તો એક વાત કહું ?'

'કહો ને, મારે ખરું શું અને ખોટું શું ?'

'વાત એમ છે - મેં તને મારી લગ્નકંકોત્રી એટલા માટે હજી સુધી નથી આપી તેની પાછળ પણ એક કારણ છે ?'

'તે હશે ! મારે શું ?'

'તને એ કારણ જાણવાની ઇન્તેજારી, આતુરતા નથી ? એ કારણ શું હશે ? એ કારણ જાણવાની કોઈ જિજ્ઞાસા તારામાં જાગતી નથી ?' કહી અમરે લસ્સીનો ગ્લાસ પૂરો કર્યો.

'મારા જીવનની તમામ આશાઓ અને જિજ્ઞાસાવૃત્તિ મરી પરવાર્યાં છે. હવે તેના સજીવન થવાની કોઈ આશા નથી, કોઈ ઉમ્મીદ નથી.' કહી અંજનાએ ખાલી ગ્લાસ ટેબલ પર મૂક્યો.

'વાત એમ છે કે તને કોઈ વાંધો ન હોય તો અને જો તું તૈયાર હોય તો આપણે બન્ને સાદાઈથી લગ્નવિધિથી જોડાઈ જઈએ એટલા માટે જ તને લગ્નપત્રિકા આપી નથી.' કહી અમરે અંજનાની સામે જોયું.

આ વાત સાંભળીને તરત જ અંજનાએ અમરના મોઢા પર હાથ



મૂકી દીધો.

'એટલે તમે આ બધું નક્કી કરેલું, ગોઠવાઈ ગયેલું, તોડીફોડીને મારી સાથે ! ના એ વાત બિલકુલ અસંભવ છે, પાયા વગરની છે.' અંજનાના કપાળે પરસેવો બાઝ્યો.

'એમાં શું ખોટું છે ? કંઈ ખોટું નથી. અંજુ, આ તો તારા-મારા હૃદય, મન, અંતરની લાગણીની વાત છે.'

'પણ સમાજનું શું ? તમારાં બા, બાપુજી, તમારા કુટુંબનો માન-મોભો, માન, મર્યાદા અને અમારા કુટુંબના માન-મોભા અને મર્યાદાનું શું ? આપણા કુટુંબની આબરૂના કાંકરા થઈ જાય અને તારો-મારો વરઘોડો જોડે નીકળે, સમાજમાં હાંસી થાય એ વાત અલગ.'

'ભલે ગમે તે થાય... અંજુ, મને એવી કોઈ વાતનો ડર નથી... હું દુનિયા સામે લડવા તૈયાર છું. દુનિયાની સામે લડવા-ઝઘડવા તૈયાર છું. દુનિયા જાય જહન્નમમાં... મને દુનિયાની પરવા નથી... જો તું મારી પડખે હોય તો મને દુનિયાની કોઈ ચીજનો ડર નથી... ભય નથી. અંજુ, બસ એક વાર તારી હા જોઈએ, તારી મંજૂરી મને મળવી જોઈએ... તારી સંમતિ જોઈએ...'

'ના, ના, અમર, એ વાત બિલકુલ અશક્ય છે. તારા પિતાજી, તારા કુટુંબની - મારા બાપુજી, મારા કુટુંબની આબરૂનું શું...?'

'એનું જે થવાનું હોય તે થાય...'

'ના, ના, અમર, એ વાત જેટલી સહેલી છે તેટલી જ અઘરી છે... જેમ પહાડને એકદમ સીધેસીધો ચડી જવાય નહિ તેમ આ વાત અશક્ય છે...'

'અંજુ, તારા આ ઇન્કારથી તારે અને મારે જિંદગીભર પસ્તાવાનું રહેશે, પછી મારો વાંક કોઈ દિ' કાઢતી નહિ.'

'હું આખી જિંદગી સુધી પસ્તાવાની આગમાં સળગવા અને દાઝવા તૈયાર છું. મને એ બળબળતી લાહ્ય અને આગ કબૂલમંજૂર છે, પણ મારાથી મ્હેણાં-ટોણાં નહિ સંભળાય. દુનિયા આપણી અને

ભવિષ્યની આપણને પેદા થનારી પ્રજાની ઠઠ્ઠા-મશ્કરી કરતી રહે એ વાત કબૂલમંજૂર નથી.'

'અંજના, એ બધી માથાકૂટ મૂકી દે. અત્યારે એ બધું વિચારવાનો સમય નથી. બસ, તારી સંમતિની જરૂર છે.'

'ના, અમર ના, એ વાત નહિ બને. તારાં દેવસમાન બા, બાપુજી અને તારાં કુટુંબીજનોને મારાથી દુઃખ ઊપજે એવું કોઈ કામ હું કરવા માગતી નથી. મારે મરવું પડે તો ભલે મરવું પડે. મને જીવવાનો કે હરવાફરવાનો કોઈ મોહ રહ્યો નથી. મને જિંદગીનો કોઈ મોહ રહ્યો નથી. મારી જિંદગી રેતીથી ભરપૂર, શુષ્ક, રુક્ષ, અફાટ સહરાના રણ જેવી છે અને તેમાં તું જુએ છે તે ઝાંઝવાનાં મૃગજળ છે.'

'તો પછી મારે શું સમજવું ?'

'ચોખ્ખીચટ વાત છે. હવે કોઈપણ જાતની બીજી માથાકૂટ કર્યા વગર જે થતું હોય તે ચુપચાપ જોયા કરવાનું અને જેટલું સહન થાય તેટલું મૂંગા મોંઢે સહન કર્યા કરવાનું, સમજી ગયા.'

'પણ આ વાત મારે ગળે ઊતરી નથી, અંજુ. હજી મારું કહેવું માની જા, તું અને હું સુખી થઈ જઈશું. તને કોઈપણ પ્રકારનું દુઃખ પડવા નહિ દઉં. તારું સુખ એ જ મારું સુખ અને તારું દુઃખ એ જ મારું દુઃખ છે. અંજના, ચાલ આપણે દુનિયાને ઠોકરે મારી દઈને આપણે બન્ને એક થઈ જઈએ... જોઉં છું કે કઈ તાકાત મને અને તને રોકે છે ? આ વાત ક્યારનીય હું તને કહેવા તડપી રહ્યો છું, બેચેન બની રહ્યો છું અને અકળાઈ રહ્યો છું, પરંતુ બે-ત્રણ મહિનાથી તારો અને મારો મૂડ એવો રહ્યો કે તેં મારી સાથે કોઈ વાત કરી નહિ અને મેં પણ તારી સાથે ખુલાસાની કોઈ વાત કરી નહિ. અંજના, આટલી મારી આજીજી છે, વિનંતી છે.'

'અમર, મારી પણ તારા જેવી જ હાલત છે પરંતુ હું મહાપરાણે મારા મનને મજબૂત રાખી રહી છું. મારા મનની, મારા અંતરની આગને ઓકવા દેતી નથી. હું અંદર ને અંદર બળીબળીને ખાક થઈ



જવા માગું છું.'

'અંજના, મને લાગે છે કે હું મારા જીવનમાં કોઈ ક્ષણે, કોઈ ઘડીએ સુખી નહિ થઈ શકું. મારું મન અંદર ને અંદર કકળ્યા કરે છે, બળ્યા કરે છે. મારા મનમાં દુઃખનો દવ સદંતર સળગ્યા કરશે. ભડભડ સળગ્યા કરશે. આ વાતથી મારા જીવન પર ખૂબ જ ઊંડી અસર રહેશે. હું મારા જીવનમાં શાંતિથી રહી શકીશ નહિ. મારા જીવનની તમામ આશાઓ, ઉમંગો, ઉલ્લાસ અને મારા જીવનની તમામ મહેચ્છાઓ મરી પરવારશે. કોઈ પથ્થરની મૂર્તિ જેવા બની જશે. અંજના, હજી કાંઈક વિચારે તો સારું.' કહી અમરે અંજનાનો હાથ પકડી લીધો અને ખિસ્સામાંથી Wedding card (લગ્નકંકોત્રી) કાઢીને તે જેવી તેને ફાડવા જતો હતો કે :

'અમર, અમર, આ શું કરે છે ? મારે લીધે તારા જીવનને બાળી સળગાવવા શા માટે તૈયાર થયો છે ? મારું જીવન તો બળીબળીને ખાક થઈ રહ્યું છે. હવે તારા જીવનને શા માટે જાણીબૂઝીને આગ ચાંપે છે ?'

'તારું જીવન, મારું જીવન તો શું આખી દુનિયાને આગ લાગે અને આખી દુનિયાના તમામ લોકોનાં જીવન તબાહ થઈ જાય, નાશ થઈ જાય તોપણ મને ચિંતા નથી, પરવા નથી.' અમરે હૈયાવરાળ ઠાલવી.

જવાબમાં અંજના કંઈપણ બોલી નહિ... અમર પણ મૌન રહ્યો. પાંચ મિનિટ વીતી, દસ મિનિટ વીતી, બન્ને જણ કોઈ સંગેમરમરની મૂર્તિસમાં ચુપચાપ બરફની જેમ ઠરીને બેસી રહ્યાં.

વેઈટર આવ્યો અને ડિશમાં બિલની પાવતી મૂકી ગયો અને એટલે...

'અંજના, તારો આ જ નિર્ણય છે...?'

'હા અમર... હા... એમાં જ તારું, મારું અને દુનિયા અને સમાજનું શ્રેય છે. આપણા બંનેના મિલનથી દુનિયામાં રસાતાળ પ્રલય સર્જાય એના કરતાં આપણા બન્નેના ભોગે દુનિયાની, સમાજની શાંતિ જળવાઈ રહે એ યોગ્ય છે... મને આંધી અને તોફાન માફક નથી,

એટલે અમર, એના કરતાં એ યોગ્ય છે કે તું અને હું અહીંથી જ છૂટાં પડીએ. આપણે બન્ને વિખૂટાં પડી જઈએ. અહીં જ આપણે બન્નેએ વિખૂટા પડવાનું, છૂટાં પડવાનું સ્થળ આવી ગયું છે...' બોલતાં બોલતાં અંજના ડૂસકે ને ડૂસકે રડી પડી.

અમરે અંજનાને જેટલું રડવું હોય તેટલું રડી લેવા દીધી... અંજનાના હૈયામાંથી ડૂમો નીકળી ગયો એટલે પાણી પિવડાવીને અંજનાને શાંત કરી, પોતે પણ ધીરજ રાખી હોટલ બિલના નાણાં ચૂકવીને, અમર અને અંજના ઊભાં થયાં... અમરે સ્કૂટર ચાલુ કર્યું અને અંજના મૂંગા મોંઢે પાછળ બેસી ગઈ...

'મારા લગ્નમાં તો આવીશને, અંજુ...?' ભારે હૃદયે અમરે પૂછ્યું.

'હા... એમાં મને ક્યાં કોઈ વાંધો છે ?' અંજના બોલી.

અને જેવું અમરનું સ્કૂટર હોટલ હાઈવેનું કમ્પાઉન્ડ છોડીને હાઈવે પર આવ્યું કે તરત જ... ફરરરર...ફર... સાઇડમાંથી એક આલિશાન ઈમ્પોર્ટેડ કાર... સ્કૂટરને બિલકુલ ઘસાઈને પસાર થઈ ગઈ... તે... ધ્યાનચંદની કાર હતી. ધ્યાનચંદની ઈમ્પોર્ટેડ કાર હતી... આગળ ધ્યાનચંદ શેઠ બેઠા હતા. ડ્રાઈવર હતો. પાછળ ધ્યાનચંદ શેઠની દીકરી રક્ષા અને ટેકચંદ બેઠા હતા. ધ્યાનચંદ કોઈ કામ અંગે રંગપુરથી ત્રીસ કિ.મી. દૂર આવેલા કિશનગઢ શહેર તરફ નીકળ્યા હતા... વચ્ચે રંગપુર આવતું હતું.

કોઈની નજર પડી નહિ પરંતુ રક્ષાની ચકોર નજર સ્કૂટર અને સ્કૂટર પર સવાર થતાં યુગલ પર પડી જતાં એ ચમકી પડી... તેણે અમરને જોયો ન જોયો ત્યાં તો તેમની કાર સડકડાટ હાઈવેની છાતી પર વહી ગઈ, ગણતરીની મિનિટોમાં જ....

આ બાજુ અંજના અને અમર પોતપોતાના ખ્યાલોમાં ખોવાયેલાં રહ્યાં. અમરે સ્કૂટર ઊભું રાખ્યું એટલે અંજના એક પણ શબ્દ બોલ્યા વગર ઊતરી ગઈ. અમર વહી જતી અંજનાને, ચાલી જતી અંજનાને



એક નયને જોઈ રહ્યો. અપલક નજરે, અશ્રુભીની આંખે નિહાળી રહ્યો. ઘડીકમાં અંજના ગલીઓમાં અદશ્ય બની ગઈ...!

સાંજના સાડા-ચાર વાગ્યા હતા. અંજનાને ઘરે અંજનાનો ભાઈ વિકાસ આજે ખાસ મહેમાનને લઈને આવનાર હતો.

■

# 14

# વિકાસનું વેવિશાળ અને અમરનાં લગ્ન

'મોટી બહેનને આજે ખૂબ મોડું થયું !' વિકાસ મોટી બહેનની રાહ જોતો ઘરે બેઠો હતો. સાથે મહેમાન પણ ઘરે આવ્યા હતા. 'મનોરમા' આજે પૂરેપૂરી તૈયાર થઈને આવી હતી. આકાશી કલરની આછી વાદળી સાડી અને એ જ કલરવાળા બ્લાઉઝના મેચિંગ સાથે મનોરમા પૂરેપૂરી લિપસ્ટિક, પાવડર અને લાલી લગાડીને તૈયાર થઈને આવી હતી. તેની સાથે મનોરમાનાં માતુશ્રી એટલે કે વાડીલાલ શેઠનાં શેઠાણી પણ આવ્યાં હતાં...

અંજના ઘરે પહોંચી એટલે...

'મોટી બહેન, આજે ખૂબ મોડું થયું કાં....' વિકાસ બોલ્યો.

'હા, આજે સ્કૂલનો છેલ્લો દિવસ હતો એટલે તમામ દફતરી કામ પૂરું કરવાનું રહ્યું, એટલે વાર લાગી, પેપર કેવું રહ્યું ?' અંજનાએ જવાબ આપ્યો.

અને વિકાસે અંજનાને કહ્યું : 'ધાર્યા કરતાં ઘણું જ સરળ હતું, મોટીબહેન. સવારે મેં વાત નહોતી કરી કે આજે આપણા ઘરે મહેમાન આવવાના છે, તે આ મહેમાન આવી ગયા...' વિકાસે કહ્યું.

'નમસ્તે...' અંજનાએ બે હાથ જોડી વંદન કર્યાં.

'આ છે દેવયાનીબહેન... અને બાજુમાં તેમની દીકરી મનોરમા

બેઠી છે…' વિકાસે ઓળખાણ આપી એટલે મનોરમા ઊઠીને અંજનાને પગે લાગી. અંજનાએ કહ્યું, 'સુખી રહેજે બહેન…'

પછી અંજના અને દેવયાનીબહેન વાતોએ વળગ્યાં અને દેવયાનીએ પૂછ્યું :

'તમે કઈ બાજુનાં…?'

'અમે તો મૂળ કાઠિયાવાડનાં… પણ અમારું બાળપણ અને અભ્યાસ આ શહેરમાં પૂરાં થયાં અને મારા બાપુજી અમીચંદભાઈ વર્ષોથી આ શહેરના રહીશ. બીજા કોઈ કુટુંબીઓ નહિ એટલે અમને તે વાતની માહિતી નથી. આ બાજુ પરીખ કુટુંબો ઘણાં છે. તે લગભગ અમારા જ્ઞાતિભાઈ ગણાય એટલે વાર-તહેવારે બધા ભેગા થાય… આજે મારાં બાબાપુજી હયાત હોત તો અમારા દિ' કોઈ જુદા જ હોત. બાબાપુજીના મરણ બાદ મારા મોટા ભાઈ અતુલભાઈ અહીંયાં મ્યુનિસિપાલિટીમાં નોકરી કરે છે અને મારા ભાઈભાભી પંડ્યા ફળિયામાં રહે છે…'

'અરે, તમારા મોટા ભાઈ આ જ શહેરમાં છે એ વાત તો વિકાસભાઈએ અમને કરી નથી.'

'વાત એમ છે ને બહેન, વિકાસ સ્વભાવે જરા જિદ્દી છે અને મારાં ભાભી ઉષાભાભીનું પિયર પણ સાધનસંપન્ન હોઈ તે જરા અભિમાની છે. એક વાર ભાઈ, વિકાસ અને ભાભી વચ્ચે ટસલ થઈ ગઈ અને એટલે અમે, હું અને વિકાસ, મારા મોટા ભાઈનું ઘર છોડી અહીં રહેવા આવી ગયાં… લગભગ બે-ત્રણ વર્ષથી અમે અહીંયાં જ બજાર ફળિયામાં રહીએ છીએ… અમારા ભાઈ અને ભાભી સારાનરસા પ્રસંગે અમારે ઘરે આવતાંજતાં રહે છે…'

'એ વાત સાચી… પણ આપણે જે સંબંધ બાંધવા ઇચ્છીએ છીએ તે વાત તેમને નહિ ગમે કે ગમશે ?' દેવયાની પોતાની વાતમાં જરા વધુ જાગૃત બની.

'એ તો હું મારા મોટા ભાઈને કાને વાત નાખી દઈશ… અને



આ તો વાત જ એવી છે કે જ્યાં મિયાંબીબી રાજી તો ક્યા કરેગા કાજી ?'

એથી દેવયાનીબહેન અને અંજના બંને ખડખડાટ હસી પડ્યાં. બીજી બાજુ વિકાસ અને મનોરમાનાં માથાં શરમથી ઝૂકી પડ્યાં.

'અરે, વાતોવાતોમાં તમારા માટે ચા-નાસ્તો પાણી કરવાનું તો હું ભૂલી ગઈ…' અચાનક કાંઈક યાદ આવ્યું એટલે અંજના બેઠક પરથી ઊભી થતાં બોલી.

'અંજનાબહેન, અમારા ઘરે બધું પરવારીને જ આવ્યાં છીએ…' દેવયાની શેઠાણી બોલ્યાં.

'અરે, એવું તે હોય…!!' કહી અંજના રસોડા તરફ વળી, એટલે.

મનોરમા હજુ સુધી ચૂપ હતી… દેવયાની શેઠાણીએ ઇશારો કર્યો… તેથી :

'લાવો, હું તમને મદદ કરવા લાગું…' કહી મનોરમા પણ અંજનાની પાછળ પાછળ અનુસરી તે જોઈ અંજનાએ કહ્યું :

'અરે, તમને અત્યારથી ક્યાં તકલીફ આપવાની હોય ! એ તો વખત આવશે એટલે હું પાટલેથી ખાટલે બેસીશ અને તમારે આખા ઘરનું કામકાજ સંભાળવું પડશે, સમજ્યાં… તમે…?'

અંજના અને મનોરમા બંને વળી પાછાં હસી પડ્યાં. વિકાસ મૂંગો મૂંગો પ્રેક્ષક બનીને આ બધી કાર્યવાહી નિહાળતો રહ્યો.

થોડી વારમાં બન્ને જણાંએ બટાકાપૌંઆ અને કૉફી તૈયાર કરી દીધાં એટલે (નણંદ-ભોજાઈએ…) બધાં બેઠકરૂમમાં આવી ગયાં અને દરેકના હાથમાં નાસ્તાની ડીશ અને ટેબલ પર કૉફીના પ્યાલા ગોઠવાઈ ગયા એટલે…

'અંજનાબહેન, તમે તો ઘડીના છઠ્ઠા ભાગમાં ઘણીબધી તૈયારી કરી નાખી…' દેવયાની.

અંજના : 'મને કોઈપણ કામ કરવામાં સમય નથી લાગતો. કામ

કરવાની આળસ નહિ અને કામ હાથમાં લીધું એટલે કામને પૂરું થયે જ છૂટકો. મને બીજાની જેમ એકને એક કામ ઝાલીને બેસી રહેતાં આવડતું નથી...'

'મારી મનોરમાનો સ્વભાવ પણ એવો જ હોં કે.' દેવયાનીએ વાતવાતમાં પોતાની દીકરીનાં ગુણગાન ગાયાં. નાસ્તોપાણી પતાવીને મુખવાસ આરોગીને મહેમાન ગયા અને વિકાસ એમને ઠેકાણે મૂકી આવ્યો એટલે :

'મોટીબહેન, તમને કેવાં માણસો લાગ્યાં ?'

'માણસો તો સ્વભાવે સારાં છે અને તું કહે છે તેમ ઘરબાર, વેપાર, ધંધોપાણી વગેરે પણ સારાં છે એટલે ઘર કાંઈ કાઢી નાખવા જેવું નથી. મારી તો આંખ ઠરી. મોટા ભાઈને પૂછી જોઈએ એટલે વાત નક્કી કરી દઈએ.'

બીજે દિવસે અંજના મોટા ભાઈના ઘેર જઈ આવી અને મોટા ભાઈને પૂછ્યું ત્યારે મોટા ભાઈએ કહ્યું : 'જો વિકાસની ઇચ્છા હોય અને વાડીલાલ શેઠ પણ વેપારધંધામાં આગળ પડતા વેપારી છે, હોશિયાર અને કાબેલ ગણાય છે એટલે આ સંબંધ કાઢી નાખવા જેવો નથી. પછી તમને યોગ્ય લાગે તેમ કરો.'

'પણ આપણે એક વખત જાતે જઈને વાડીલાલ શેઠના ઘરબારની અને કુટુંબની ખાતરી કરી આવીએ તો સારું.'

'એ વાત બરાબર છે તારી, આપણે તો ખાતરી કરવી જોઈએ.' અતુલભાઈએ કહ્યું.

બેત્રણ દિવસ પછી અતુલભાઈ, ઉષાભાભી, અંજના અને વિકાસ વાડીલાલ શેઠ અને દેવયાનીને ઘેર જઈ આવ્યા ત્યારે -

વાડીલાલ શેઠે કહ્યું : 'જુઓ અતુલભાઈ, મારો દીકરો ગણો કે દીકરી ગણો, જે ગણો તે મારી એકની એક મનોરમા છે અને મારી દીકરી કેમ કરીને સુખી થાય તે રીતે જ અમે વિચારીએ છીએ. આ દુકાન (રેડીમેઇડ કપડાંની, હોઝિયરી અને જનરલ સ્ટોર્સ) પણ



'મનોરમા રેડીમેઇડ સ્ટોર્સ'ના નામની જ છે. શ્રીનાથજીની દયાથી અત્યારે દુકાન - ધંધાપાણી બધું સારી રીતે ચાલે છે અને ભગવાનની મહેરબાનીથી ઘરાકી પણ સારી ચાલે છે. હું તો વિકાસકુમારને નસીબદાર ભાગ્યવાન ગણું છું કારણ કે તેઓ જ્યારથી અમારી દુકાને નોકરીએ રહ્યા ત્યારથી અમારી ઉત્તરોત્તર ચડતી થઈ અને અમારા ધંધામાં બરકત આવી...'

'એ તો દરેક માણસ પોતાનું નસીબ લઈને જ જન્મે છે ભાઈ...!' અતુલભાઈ બોલ્યા.

'એક વાત વહેલેથી કહી દઉં કે લગ્ન બાદ મનોરમા અમારે ઘેર જ રહેશે... વિકાસકુમાર અમારો ધંધો સંભાળશે એટલે મારે મન નિરાંત. મારી દીકરી મારી આંખ નીચે ઊછરે, રહે અને આનંદ કરે એટલે મને આનંદ ! પછી તો હું અને શેઠાણી તીર્થયાત્રા અને દેશાટનમાં અમારું આયખું પૂરું કરીશું...' વાડીલાલે કહ્યું.

'એ જ સાથે આવવાનું છે. તીર્થયાત્ર અને સેવાપૂજા અને ભગવાનનું હરિસ્મરણ અને પુણ્યનું ભાથું એ બસ ભાથું છે, એ સિવાય બધું મિથ્યા છે...' અતુલભાઈ ઉવાચ. પછી વાડીલાલ શેઠને ઘરેથી જમીપરવારીને જવાનું હતું એટલે તેની વિધિ ચાલી.

આમ વિકાસનું વેવિશાળ નક્કી થઈ ગયું. લગ્ન થઈ ગયા પછી વિકાસભાઈ પરણીને સાસરિયામાં વાડીલાલ શેઠના ઘરે રહેવા જતો રહેશે અને પોતે એકલી થઈ જશે અને પોતાને એકલવાયું જીવન જીવવું પડશે, એ વાતનું અંજનાને ઓછું આવી ગયું. વાડીલાલ શેઠના ઘરેથી વિકાસના સંબંધની વાત પાકી કરી આવ્યા પછીથી અંજનાએ એકલું ખૂણામાં બેસી રડી પણ લીધું.

વિકાસે જ્યારે અંજનાની આંખો જોઈ ત્યારે : 'કેમ મોટી બહેન, તબિયત બરાબર નથી કે શું ?...'

'હા ભઈલા, માથામાં થોડું દરદ જેવું થાય છે.' કહી માથું દુઃખવાનું બહાનું કાઢીને અંજનાએ પથારીમાં અડખાં-પડખાં ફેરવ્યા કર્યાં.

*

આ બાજુ અમુલખરાય ચોક્સીનો એકનો એક દીકરો અમર ઉઘલવાનો હતો. અમરનું લગ્ન હતું. અમુલખરાયના ને કાન્તાગૌરીના હૈયામાં અપાર ઉમંગનો દરિયો ઉછાળા ભરતો હતો. આનંદ હતો. પોતાનો એકનો એક દીકરો પરણશે અને અઠવાડિયામાં દીકરીની લક્ષ્મી જેવી વહુ આવશે એટલે પોતાનું ઘર ભર્યુંભાદર્યું બની જશે, એ વાતના ઉમંગમાં ને ઉમંગમાં કાન્તાગૌરીએ લગ્નની તડામાર તૈયારીઓ કરવા માંડી હતી... રંગપુર શહેરના તમામ મોટામોટા અગ્રગણ્ય માણસોને ઇન્વિટેશન-કાર્ડ જેમાં, તમામ વેપારીઓ, અમલદારો, રાજદ્વારી નેતાઓ અને બીજા બધા આગળ પડતા માણસોને લગ્ન ટાણે હાજર રહી શોભામાં અભિવૃદ્ધિ કરવા આમંત્ર્યા હતા. રંગપુરના તેમ જ રંગપુર શહેરની બહારના ગામોમાં આવાં કાર્ડ લખાઈ ચૂક્યાં હતાં. અમુલખરાયના કોઈ કુટુંબીજન, સ્નેહીજન કે હિતેચ્છુઓ બહુ ખાસ હતા નહીં, પણ આવે ટાણે બધા સગાવહાલાઓ ઠેકઠેકાણેથી ઊભરાઈ આવ્યા. સગાંવહાલાંઓ લગ્ન માણવા, લગ્નનો લ્હાવો લેવા, જેમ કાંઈ ખાંડ કે ગળપણયુક્ત પદાર્થની સુગંધથી કીડીઓ ઊભરાઈ આવે તેમ ઊભરાવા માંડ્યા, એટલે અમુલખરાયે પોતાના રહેઠાણને બાદ કરતાં બાકીના બે બંગલા ખોલી દીધા. આવા મહેમાનોને ઉતારો દેવા માટે...!

પોતાની એક દુકાન અને પેઢીના તમામ માણસોને બહારગામથી આવનારા માનવંતા મહેમાનોની આગતા-સ્વાગતા કરવા માટે દરેકને અલગ અલગ જવાબદારી સોંપી દીધી. આમ અમુલખરાયને હૈયે દીકરો પરણાવવાનો અનહદ આનંદ હતો.

પોતાને આંગણે અમુલખરાયે પચીસ હજારનો માંડવો બંધાવ્યો. મંડપમાં લાઇટનું ડેકોરેશન... તમામ પ્રકારની વ્યવસ્થા... ટ્યૂબલાઇટો અને પંખાના ડબ્બલ ડબ્બલ સેટો વગેરે ગોઠવી દીધા. આવો લગ્નપ્રસંગ રંગપુર શહેરના નગરજનોએ ક્યારેય અગાઉ જોયો પણ નહીં હોય.



એક સ્વર્ગનું દશ્ય ખડું થઈ ગયું. ખાનપાનની વ્યવસ્થા, જેને જે લઈ આવવું હોય તેને છૂટી. કોઈ જાતની બંધી નહીં. બત્રીસ પ્રકારનાં ભોજન અને શાક, પાપડ, ભજીયાં, ફરસાણ... ખમણ તો લખલૂટ... આ રીતે લગ્નની તૈયારીઓ થઈ ગઈ. પચ્ચીસ હજાર રૂપિયા પૂરા બેન્ડવાજાંને અને શરણાઈઓવાળાને નક્કી કર્યા એટલે સંગીતની મહેફિલ જામી ગઈ... અમરકુમારનો ભવ્ય વરઘોડો નીકળ્યો... બધા જે આવ્યા તેવા જાનૈયા બનવા તૈયાર થઈ ગયા... (જે લાભ લીધો તે ખરો.) સાત સાત તો લક્ઝરી બસો ભરાઈ ગઈ ! અમરના શિક્ષકમિત્રો, શિક્ષિકાબહેનો, શાળાના આચાર્ય અને ઉપાચાર્ય વગેરે આવી ગયા હતા. તેમને માટે ખાસ વ્યવસ્થા કરવાની અમરે ખાસ સૂચના આપેલી હોઈ તેમને માટે રહેવા, ઊઠવા, હરવા, ફરવા, જમવાની અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી. શાળાના સ્ટાફના બધા સાહેબો હાજર હતા, પણ અંજનાની ગેરહાજરી અમરના હૃદયને કોરી ખાતી હતી. આટલા બધા ઉમંગ, આનંદ અને ઉલ્લાસના વાતાવરણ વચ્ચે અમરનું ઘવાયેલું હૈયું રડતું હતું, આક્રંદ કરતું હતું. વેદનાઓની મૂંગી મૂંગી ચીસો પાડતું હતું.

જ્યારે કાન્તાગૌરીએ વિકાસ કે જે અમરના લગ્નમાં હાજરી આપવા આવેલા તેને પૂછ્યું ત્યારે જવાબ આપ્યો :

'અંજનાને પરમ દિવસથી તાવ આવે છે અને ડૉક્ટરને બતાવ્યું ત્યારે ડૉ. પરીખે જણાવ્યું કે ટાઇફૉઇડની અસર છે, એટલે એક અઠવાડિયું આરામ લેવો પડશે... એટલે અંજનાબહેન ઘરે છે અને અંજનાનાં સાસુ અમારા ઘરે રોકાયાં છે...'

આ વાત સાંભળી અમરના હૈયા પર વજ્રાઘાત થયો. પાર વગરની અપાર વેદના અમરને થઈ અને અમરનું હૈયું વલોવતું રહ્યું. અમર જાણે મહાપરાણે, શૂળીએ ચઢવા જતો, ફાંસીની સજા પામેલો કોઈ કેદી ન હોય તેવી અમરના દિલ અને દિમાગની હાલત હતી. અમર મહાપરાણે તૈયાર થયો.

જયારે આ બાજુ અંજનાનું શરીર ધીકતું હતું. ૧૦૪ ડિગ્રી, ૧૦૫ ડિગ્રી તાવ હતો. તેની બાજુમાં અંજનાનાં સાસુ (સ્વરૂપબા) 'અંજનાને વહેલી સાજી કરી દે મારા પ્રભુ...' મનમાં ને મનમાં હરિસ્મરણ કરતાં કરતાં અંજનાને માથે મીઠાનાં પોતાં મૂકતાં હતાં... અંજનાની સેવાશુશ્રૂષા કરતાં હતાં. અંજનાની આંખો તાવના ભારથી મીંચાયેલી હતી, દબાઈ ગઈ હતી. અંજનાનું શરીર ગરમગરમ તપી ગયેલા લોખંડ જેવું હતું.

અમર અને તેના સાગરિતો વિશ્વાસનગર જવા નીકળ્યા. પાછળ પાછળ લક્ઝરી ટૂરિસ્ટ બસો જાનૈયા ભરીને અમરની આવી ઈમ્પોર્ટેડ કારને, વરરાજાની કારને અનુસરી. અમુલખરાય-કાન્તાગૌરીની અલગ ફિયાટકાર, ત્યારબાદ બીજી અનેક કારની લાઈન અને આ રીતનો મોટો વરઘોડો વિશ્વાસનગર ધ્યાનચંદને નિવાસસ્થાને સુરક્ષિત પહોંચી ગયો.

ધ્યાનચંદે ઘરના આંગણે આવેલા મોંઘેરા મહેમાનોની આગતાસ્વાગતા કરવામાં કોઈ જાતની પાછી પાની કરી નહિ. અમુલખરાય અને ધ્યાનચંદ બંને વેવાઈઓ એકબીજાને હેતથી ભેટ્યા. એકબીજાનાં સગાંસંબંધી, કુટુંબીજનો અને મિત્રોની ઓળખાણ પારખાણ કરાઈ અને બધાને માટે ઠંડાં ગરમ પીણાં, આઈસક્રીમની વ્યવસ્થા હતી જ. ભપકાબંધ માંડવો અને આલીશાન મકાનમાં, તમામ પ્રકારની સુખસગવડો ધરાવતા મકાનમાં જાનૈયાઓને અને અમરકુમારને ઉતારો આપવામાં આવ્યો હતો. નાસ્તો-પાણી, ઠંડાં પીણાં, ગરમ પીણાં, આઈસક્રીમ અડધા અડધા કલાકે પીરસવામાં આવે તે રીતની વ્યવસ્થા કરવામાં આવી હતી. બધાંને આ ગોઠવણ ખૂબ જ ગમી. બધાંને, જાનૈયાઓને, માનવંતા મહેમાનોને જમણ માટે બત્રીસ પ્રકારનાં ભોજન, એક એકથી ચઢિયાતી વાનગીઓ બનાવવામાં આવી હતી કે જેનો સ્વાદ આખી જિંદગીભર રહી જાય, બધાંય રસોઈપાણીનાં વખાણ કરતાં થાકતાં ન હતાં.

રાતના સાડાદસે માહ્યરામાં બેઠેલું વરકન્યાનું જોડું સવારે



સાડાપાંચના સુમારે પરણીને ઊઠ્યું અને ઉત્તર દિશામાં ધ્રુવનો તારો બતાવવાની વિધિ પૂરી કર્યા બાદ વરકન્યાને અલગ ઉતારે લઈ જવામાં આવ્યાં. ધ્યાનચંદ શેઠે પોતાની દીકરી રુક્ષ્મણીને ભણાવી, ગણાવી તો હતી, તે ઉપરાંત જેટલી અપાય તેટલી તમામ પ્રકારની ઘરવખરી આપી, સોનાચાંદીના દરદાગીના, હીરાઝવેરાત અને મનગમતાં કપડાં તેમજ અમરકુમારને જે ઈચ્છે તે ભેટસોગાદ આપવાનું નક્કી કર્યું. સોફા કમ બૅડ, તિજોરી (ગોદરેજ), રેફ્રિજરેટર અને બીજી તમામ પ્રકારની આધુનિક સગવડ ધરાવતી ચીજો, સ્ટીલનાં વાસણોનો સેટ વગેરે પોતાના તરફથી આપ્યું.

સવારે પણ નાસ્તા-પાણી, ગુલાબજાંબુ, દૂધીનો હલવો, ખંભાતી ફરસાણ અને બીજી તમામ જાતની સ્વાદિષ્ટ ચીજોનો લહાવો જાનૈયાઓને મળી રહે તે રીતની ધ્યાનચંદે વ્યવસ્થા કરી. લગ્ન વખતે ઢગલાબંધ રંગીન ફિલ્મો ઉતારવામાં આવી અને લગ્ન સમયના આલ્બમ માટે ખાસ કરીને બૉમ્બેથી પ્રખ્યાત સ્ટુડિયોના કૅમેરામૅનને બોલાવ્યો હતો... છેક સવારે સાડાનવ વાગ્યે જયારે તમામ જાનૈયાઓને નાસ્તાપાણી-મુખવાસ પતી ગયાં પછી -

'ધ્યાનચંદ, તમે અમારી ખૂબ ખૂબ સરભરા કરી. હવે અમે રજા લઈશું.' દીકરો પરણાવીને અમુલખરાયે હવે ઘર તરફ જવા પરવાનગી માગી ત્યારે...

'અરે, એમાં તે શું ! અમારી તો ફરજ ગણાય, તેમ છતાંય કશીય તકલીફ પડી હોય તો અમને માફ કરશો.' ધ્યાનચંદ શેઠ બોલ્યા.

'કાન્તાગૌરી, તમે તો અહીંયાં રોકાઈ જાવ.' ધ્યાનચંદ શેઠનાં ઘરવાળાંએ અમરની બા કાન્તાગૌરીને અતિશય આગ્રહ કર્યો ત્યારે :

'ના, હવે ન રોકાવાય...!! તમે અમારી સાથે ચાલો તો આનંદ રહે.' અમરની બા કાન્તાગૌરીએ સામે આગ્રહ કર્યો.

રુક્ષ્મણીને (રક્ષાને) ખૂબ ખૂબ રીતે સજાવવામાં આવી. શણગારીને તૈયાર કરવામાં આવી અને વરકન્યાને ખાસ તૈયાર કરેલી કારમાં

બેસાડવામાં આવ્યાં. જ્યારે કાર ઊપડવાની તૈયારીમાં હતી તે વખતે ધ્યાનચંદ શેઠે :

'અમુલખરાય, મારી દીકરીને આજથી તમને સુપ્રત કરું છું. સાચવવાનું કામ તમારું અને કાન્તાગૌરીનું છે. એને જરાય વાતની તકલીફ ન રહે તે જોશો અને એવું હોય તો મને તાત્કાલિક લખી જણાવશો. હું તમારી સેવામાં હાજર થઈ જઈશ...' ધ્યાનચંદ શેઠ આંસુ ખાળતાં ખાળતાં ગળગળા થઈ ગયા.

લાલચંદનાં પત્ની પણ પોતાની દીકરીના વિદાય ટાણે અસ્વસ્થ થઈ ગયાં. તે વખતે ધ્યાનચંદ શેઠની બીજી દીકરી ચંદ્રલક્ષ્મી, ટેકચંદ અને કાન્તાગૌરીએ સાંત્વન આપ્યું અને કોઈ જાતની ચિંતાફિકર ન કરવા જણાવ્યું.

આમ અમર અને રક્ષાનાં લગ્નવિધિનો એક મહાન સમારંભ પતી ગયો. કોઈપણ જાતના વિઘ્ન વગર - કોઈપણ જાતની રોકટોક વગર, પણ અમરનું ધ્યાન અંજનામાં હતું ! અંજના ટાઇફૉઇડની બીમારીમાં સબડતી હતી, તરફડતી હતી, પીડાતી હતી.

ચારપાંચ દિવસે ટાઇફૉઇડ મટી ગયો એટલે બીમારીમાંથી ઊઠીને અંજના અગાઉથી નક્કી કર્યા પ્રમાણે પોતાના ભાઈ વિકાસના લગ્ન માટેની તૈયારીમાં પરોવાઈ. પોતાને મળતા પગારમાંથી અંજનાએ અમુક બચાવીને સારી એવી બચત કરી હતી અને આ વખતે અતુલભાઈએ પણ આર્થિક રીતે ટેકો કર્યો, એટલે વિકાસનાં લગ્ન સરળતાથી મનોરમા જોડે થઈ ગયાં.

શાળાનાં તમામ શિક્ષકભાઈઓ અને બહેનો આ પ્રસંગે હાજર રહ્યાં. દસ દિવસમાં જ લગ્નની તૈયારી કરી અને લગ્નની વિધિ પતી ગઈ. અમર લગ્ન કરીને હનીમૂન માટે સીમલા-નૈનિતાલ ફરવા ગયેલો હોઈ તે વિકાસના લગ્નમાં હાજર રહી શક્યો નહિ તે વાતનું અંજનાના હૃદયને દુઃખ હતું.

લગ્ન થયે અઠવાડિયું રોકાઈને હરીફરીને વિકાસ, મનોરમા



વાડીલાલના ઘેર (અગાઉ કરેલી વાતચીત પ્રમાણે) રહેવા જતાં રહ્યાં. અતુલભાઈએ, ભાભીએ અને સાસુબાએ, અંજનાની સાસુએ ઘણો આગ્રહ કર્યો પરંતુ અંજના ક્યાંય ગઈ નહિ. આમ અંજના એકલીઅટૂલી બની... હવે તેને એકલાં જ જીવવાનું હતું. તેને કોણ સાથી અને સંબંધી હતું ભગવાન સિવાય !!

■

# 15

## હનીમૂન... હનીમૂન... હનીમૂન...

ફરી પાછી એ જ જિંદગી, વોહી રફતાર... ગતિ, એ જ અને એ જ રસ્તો. દુનિયા જે માર્ગે આગળ વધી રહી હતી તે માર્ગે દુનિયાની સાથે સંમત હોય કે ન હોય મહાપરાણે ઢસડાતા રહેવાનું. દુનિયાની સાથે કદમ મિલાવીને આગળ વધતા જવાનું એ જ માનવજીવન. માનવજીવનનો બીજો અર્થ ગતિ અને પરિવર્તનનો સદાય ગુણાકાર. ગતિ અને પરિવર્તન વગરના નિઃસ્પૃહ અને કાંઈ પણ રંગ, રસ, ઉલ્લાસ, ઉમંગ વગરનું જીવન એટલે એક રેતીના રણ જેવું શુષ્ક, અફાટ, ગરમગરમ ઊની લ્હાય, બળબળતા તાપથી ભરપૂર રણ જેવું માનવજીવન બની જાય. કોઈ કોઈની કશામાં રસ, જિજ્ઞાસા, ઉમંગ અને ઉલ્લાસ રહે નહીં. જીવનમાં આવું બધું નથી તો કાંઈ પણ નથી. માનવજીવન માટે ઉમંગ, ઉલ્લાસ, જિજ્ઞાસા અને વણથંભી ગતિ એ જ ઑક્સિજન સમાન છે. ઉપરનું બધું ન હોય તેનું નામ જિંદગી નહીં.

અમર પોતાની પ્રિય રક્ષાના સાન્નિધ્યમાં હનીમૂનના મૂડમાં હતો... આજકાલ તે હનીમૂનિયા જિંદગી ગુજારતો હતો. અમરને માટે કુદરત નવપલ્લવિત યૌવના હતી. પરણ્યા પછી શામળાજી ભગવાનનાં દર્શન કર્યા પછી ખેડબ્રહ્મા અને અંબાજીમાં 'મા અંબાની'

આરતી, પૂજાવિધિ કરી દરેક ઠેકાણે ધર્મશાળાના સ્પેશિયલ રૂમમાં બંનેએ ગાળેલા બે-બે દિવસ અમરના હૃદયમાં કાયમી સ્નેહસંભારણું બની ગયા હતા.

અમર અને રશ્મિ... અમર ધ્યાનચંદની દીકરી રુક્ષ્મણીને પ્યાર, લાડ અને દુલારમાં રશ્મિ કહેતો. ધ્યાનચંદ શેઠે પોતાની દીકરી માટે એક સફેદ રંગની એમ્બેસેડર કાર, દીકરી લગ્ન પછી સહીસલામત રીતે શામળાજી, ખેડબ્રહ્મા, અંબાજી જેવાં ધાર્મિક સ્થળોએ અને માઉન્ટ આબુ જેવાં હવા ખાવાનાં સ્થળોએ ફરી ફરીને લગ્નની મધુરજની ઊજવે... પોતાની દીકરી અને જમાઈ સહીસલામત રીતે હરેફરે અને કોઈ જાતની મુશ્કેલી ન પડે તે માટે ધ્યાનચંદ શેઠે આ કામ પોતાના હોશિયાર, કાબેલ અને અત્યંત વિશ્વાસુ એવા ડ્રાઈવર શંકરને પેટીપૅક ગાડી એમ્બેસેડર તેને હવાલે દીકરી તથા જમાઈને મનમાન્યું ફેરવવા માટે, વાપરવા માટે આપી હતી.

અમર અને રશ્મિની જોડી જોઈને પ્રકૃતિ પણ ખુશખુશાલ હતી. કુદરતનાં દરેક અંગ નર્તન કરતાં હતાં. સાબરકાંઠાના હૃદય સમા મોડાસા શહેરને વટાવી સહુ પ્રથમ અમર અને રશ્મિની સફર શામળાજી ભગવાનને ભેટવા, નમસ્કાર કરવા શામળાજી તરફ આગળ વધી. ડ્રાઈવર શંકર સાબરકાંઠા જિલ્લાના દરેકેદરેક રસ્તાઓનો ભોમિયો હતો અને સાબરકાંઠા જિલ્લામાં આવેલું સલાલ ગામ શંકરનું વતન હતું. તેથી કોઈ બાળક પોતાની માની હૂંફાળી ગોદથી જે રીતે સુપરિચિત હોય તે રીતે શંકર (ડ્રાઈવર) સાબરકાંઠા જિલ્લાના દરેકેદરેક રસ્તાઓનો ભોમિયો હતો. એમ્બેસેડર કાર પાણીવેગે આરસપાણિયા રોડ પર સરકતી હતી. મોડાસા શહેર વિદાય થયા પછી એકાદ કલાકમાં તો અમર અને રશ્મિએ શામળાજીમાં કદમ મૂક્યાં.

શામળાજી એટલે સાબરકાંઠાનું ડાકોર. વર્ષમાં ઘણી વખત અહીંયાં મેળો ભરાય છે. શામળાજીની બજારને નીરખતાં, હસતાં રમતાં અમર અને રશ્મિ બન્ને જણાએ એમ્બેસેડર કાર - મેઘધનુષ્ય લૉજના



કમ્પાઉન્ડમાં ઊભી રખાવીને ડ્રાઈવર શંકરને બધું સમજાવીને બન્ને જણાં બજારમાં લટાર મારવા નીકળી પડ્યાં હતાં... એટલે શામળિયા ભગવાનનાં ધરાઈ-ધરાઈને દર્શન કરી - મેઘધનુષ્ય લૉજમાં જમી પરવારી પછી શામળાજી બંધને નીરખીને આગળ વધવું તેવો પ્રોગ્રામ હતો. શંકર ડ્રાઈવરને જમવા અંગેની જવાબદારી સોંપી અમર-રશ્મિ આગળ ચાલ્યાં.

શામળાજીના બજારમાં... લાકડાની જાતજાતની ચીજો, ટેબલલૅમ્પ, મોટો લૅમ્પ, લાકડાના કલાકૃતિવાળા અરીસા, રસોડાની તેમજ ઘરવખરીની (સાંબેલાં, આડણી, વેલણ) ચીજો લાડાનાં ભાતભાતનાં, જાતજાતનાં દિલ ખુશ કરી દે તેવાં રમકડાં જોતાં જોતાં અમરે કહ્યું :

'એઈ રશ્મિ, આ લાકડાનો ઘૂઘરો લઈ દઉં તને... આપણા મુન્નાને રમવા કામ લાગશે.'

'હવે બેસોને છાનામાના. બજારમાં તો સખણા રહો... શરમેય નથી આવતી ?'

'એમાં શાની શરમ...?' આવી રકઝક ચાલી એટલે દુકાનવાળો મુસલમાન ચાચો પણ કાંઈક રંગીલો હતો... તે મૂડમાં આવી ગયો.

'અરે, સા'બ ઝગડો મત... ઝગડો મત... યે ખિલોને લે લો કામ લગેંગે... વક્ત પર.' કહી બીજાં જાતજાતનાં પશુપક્ષીઓનાં કે જેને શૉકેસમાં મૂકી શકાય તેવાં લાકડાનાં રમકડાં બતાવવા લાગ્યો. રશ્મિને સારસ-સારસીની જોડી ખૂબ પસંદ આવી ગઈ અને મોંમાગ્યા પૈસા (પચ્ચીસ રૂપિયા) આપીને તે સારસ-સારસીનું કપલ ખરીદી લીધું.

'તમારી અને મારી જોડીનું આ સુંદર પ્રતીક છે. હું ક્યારેક હયાત હોઉં કે ન હોઉં પણ આ નિર્જીવ રમકડાં પણ મારી યાદ આપશે. સારસ-સારસીનું યુગલ એ આપણી મુલાકાતનું સંભારણું બની રહેશે... તમે મને યાદ કરશો કે ભૂલી જશો ?' રશ્મિ બોલી.

રશ્મિએ ખરીદેલા સારસ-સારસીના બેલડી જોડાના (લાકડાના)

સેટને જોઈને... અમરને અંજના યાદ આવી ગઈ... અંજના સાથે કરેલી વાતો, સંભારણાં યાદ આવી ગયાં. એ કશું બોલ્યો નહિ અને ઊંડા વિચારોમાં ખોવાઈ ગયો એટલે...

'એય ! જાગો, કે ઊંઘો છો...?' રશ્મિ ઉવાચ.

'હઅઅઅ... ! શું કહ્યું તેં ?... તારે સારસ-સારસીની જોડ ખરીદવી છે ? લઈ લે મેં ક્યારે ના પાડી છે...? ખૂબ સરસ છે હોં...' કહી અમરે તંદ્રાવસ્થા છોડી સામાન્ય પરિસ્થિતિ ધારણ કરી.

શામળિયા ભગવાન માટે પ્રસાદ લઈ દર્શનનો સમય થતાં ભગવાનને પ્રસાદ ધરાવી અને ધરાઈ ધરાઈને ભગવાનનાં દર્શન કર્યા પછી -

અમર અને રશ્મિ શામળાજી ખાતેના ડેમ પર લટાર મારવા ગયાં. નદીને નાથીને બાંધવામાં આવેલ બંધથી રચાઈ ગયેલ સરોવર પર જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી પાણી જ પાણી દેખાતું હતું. મોટાં મોટાં મશીનો અને મોટી મોટી ગરગડીઓ ગોઠવવામાં આવી હતી. મુખ્ય કેનાલમાં ઘૂઘવાટા મારતું પાણી દોડતું વહી જતું હતું. ઉનાળાનો સમય હતો એટલે બંધમાંના પાણીની સપાટી ભયજનક સપાટીઓની કે જે ખાઈને ચીતરી હતી તેનાથી ઘણીએ નીચી હતી. શામળાજીનો બંધ જોયો, સરોવરમાં બેત્રણ હોડીઓ તરતી હતી. મેશ્વો નદીનું પાણી બંધ પર અથડાઈને જોરદાર ધારો બંધની બીજી બાજુએ ઢસડાઈને ઘૂઘવાટાભેર પડતી હતી. જોરદાર અવાજ, બીક લાગે તેવો અવાજ થતો હતો. અમર અને રશ્મિ અપલક નયને માનવસર્જિત અજાયબીને અહોભાવથી જોઈ રહ્યાં.

એક બાજુ પાણી છલોછલ ભરેલું હતું ત્યારે બીજી બાજુ મેશ્વો નદીમાં મોટામોટા કાળમીંઢ પથરા ઉપરથી આવ્યા હતા. પાર વગરના પથરા... બેશુમાર પથરા... નદીનો આંચળ પથરાથી જ ભરાઈ ગયો હતો.

બંધને જોયા પછી બાજુમાં આવેલ કળશી 'છોકરાંની મા'ના



સ્થાનકને જોતાં અમર ઉવાચ :

'આ ખરું કહેવાય ! બોલ રશ્મિ, તારો શો વિચાર છે...? આપણે તો આનો પણ રેકર્ડ તોડવાના...'

'હવે લાજી મરો...! કોઈ સાંભળશે...' રશ્મિએ બનાવટી ગુસ્સો કર્યો.

અમર ખડખડાટ હસી પડ્યો. ઘણાબધા માણસો શામળાજી દર્શન કરવા આવ્યા હતા. જુદે જુદે સ્થળેથી આવતી બે-ત્રણ ટૂરિસ્ટ બસો પડી હતી. ટૂરિસ્ટ બસોના મુસાફરો, સ્કૂલનાં ટાબરિયાં (છોકરાં) બગીચામાં આરામ કરતાં હતાં, નાસ્તો કરવાની તૈયારીઓમાં પડ્યાં હતાં. અમર રશ્મિ પોતાના નિવાસસ્થળે પાછાં આવ્યાં...!

'મેઘધનુષ્ય લૉજ'માં હોશિયાર ડ્રાઇવર શંકરે અગાઉથી ગોઠવી રાખ્યા પ્રમાણે બાદશાહી ખાણુ લઈને જમી પરવારીને આરામ કરીને અડધો કલાક રોકાઈ... અમર અને રશ્મિની હનીમૂનિયા સવારીએ ઈડરિયો ગઢ જીતવા માટે ઈડર તરફની દિશા પકડી...

થોડાક સમયમાં ઈડર આવી ગયું એટલે ઈડર શહેરની બહાર આવીને ઈડરિયો મહેલ જોયો અને દંતકથા મુજબ કોઈ રાજકુમારીએ એક ઊંચી બારીએથી પડીને પોતાનું જીવન ટૂંકાવી દીધેલું તે બારી પણ જોઈ. ઈડરિયા મહેલની ઊંચી ઊંચી અટારીઓ જોઈ અને ભુલભુલામણીઓ જોઈ. સાબરકાંઠાના પુરાતન ઈતિહાસની પ્રશસ્તિ કરીને હવે ઈડરિયો મહેલ પુરાણો અને જર્જરિત થઈ ગયો છે તે વાતની પ્રતીતિ કરીને, ઈડરમાંથી પણ યાદગીરી રૂપે, એક કળાકારીગરીના સર્વશ્રેષ્ઠ નમૂનારૂપ દર્પણ કે જે ઝીણા કોતરકામવાળા લાકડાનું બનેલું હતું અને ઉઘાડ-બંધ કરી શકાય તે રીતની આધુનિક ગોઠવણવાળું હતું, શૃંગારમાં ખૂબ જ જિજ્ઞાસા અને તરવરાટ ધરાવતી રશ્મિએ મોંમાગ્યા દામ આપીને ખરીદી લીધું...

પછી તેમની એમ્બેસેડર કારે ખેડબ્રહ્મા તરફની દિશા પકડી. પહાડને કોરીકોરીને રસ્તા બનાવ્યા હતા. સૂર્યદાદા પણ આખા દિવસના

પરિશ્રમથી થાકી ગયા ન હોય તેમ લાલલાલ ચટક દેખાતા હતા. શંકર ડ્રાઈવરે પણ દિ' આથમતાં પહેલાં ખેડબ્રહ્મામાં માતાજીના ખોળે પહોંચી જવું તેમ નક્કી કરીને ગાડી દબાવી અને છેવટે તેઓની સવારી ખેડબ્રહ્મામાં પહોંચી ગઈ...!

ખેડબ્રહ્મામાં માતાજીના મંદિરની બિલકુલ બાજુમાં આવેલી ધર્મશાળાનો સ્પેશિયલ રૂમ મળી ગયો અને જમી-પરવારીને અમર અને રશ્મિ ડ્રાઈવરને ગાડી સોંપી, શંકરને ધર્મશાળા આગળ જ ખડો કરી દઈ રોડ વટાવી બંને જણાં નદીપુલની નીચે નદીના કિનારે ફરી આવ્યાં.

અમર વળી એકાએક અંજનાના વિચારોમાં ડૂબી ગયો એટલે...

'એઈ મિસ્ટર, ઊંઘો છો કે જાગો છો ?' કહી નાઈટ ગાઉનમાં શોભતી રશ્મિએ અમરના ખભા ઝાલી હલાવ્યા અને અમર કાંઈ બોલે તે પહેલાં પોતાના રસઝરતા હોઠ, અમરના હોઠ સાથે ચાંપી દીધા અને... અમર પર પોતાના સ્નેહની અમીવર્ષા કરતી રહી... અમર નિર્લેપ હતો... નિરુત્સાહી હતો...

ફરીથી... રશ્મિએ

'એઈ મિસ્ટર, ઊંઘો છો કે જાગો છો ?' કહી અમરને ઢંઢોળ્યો ત્યારે...

અમરે રશ્મિને પોતાની છાતીસરસી ચાંપી દીધી અને પોતાના પ્યાસા હોઠે રશ્મિના મધુરસઝરતા હોઠ સાથે ચાંપી દીધા...

અમરને રંગમાં આવતો જોઈ...

'અમુ...!' અમરને તેણે ટૂંકા નામથી બોલાવ્યો.

'હા... રશ્મિ ડાર્લિંગ...' અમર રશ્મિના રૂપના ઘેનમાં ડૂબ્યો હતો.

'એક વાત પૂછું...?'

'એક જ શા માટે... ! ઢગલાબંધ પૂછી નાખને...'

'...તે દિવસે... એટલે કે આપણાં લગ્ન થયાના એક અઠવાડિયા



અગાઉ અમે જ્યારે અમારી ગાડીમાં પપ્પા સાથે આવતાં હતાં ત્યારે હાઈવે-હોટલ પરથી તમારા બહાર નીકળતા સ્કૂટર પર સવાર થયેલા તમે અને તમારી પાછળ પેલી યુવતી કોણ બેઠી હતી ?'... અને રશ્મિએ... આ વાત પૂછી ત્યારે... અમરના દિલને ફરીથી ઠોકર વાગી... ઘવાયેલું દિલ ફરી ઘવાયું, જૂના ઘા, પુરાણા ઘા, ફરીથી વેદના કરી ઊઠ્યો...!

'એ તો વાત એમ હતી કે એક બહેનના મિસ્ટર તેમના વાયદા પ્રમાણે હાઈવે-હોટલમાં આવ્યા નહિ અને ઓલ્યાં બહેન રાહ જોઈને કંટાળી ગયેલાં અને એવામાં મેં મારું સ્કૂટર શહેર તરફ જવા ચાલુ કર્યું અને તેમણે લિફ્ટ માગી... એટલે...'

'ચાલો, આ વખતે તમને માફ કરી દઉં છું... નહિ તો હવે પછી આવું બનશે તો સજા કરવામાં આવશે...'

'શાની સજા કરીશ... બોલ... મને કબૂલમંજૂર છે...'

'આ સજા...' કહી રશ્મિએ ફરીથી પોતાના ગુલાબી-ગુલાબી, નાજુક-નાજુક હોઠ અમરના હોઠ પર બીડી દીધા... અને પોતાના સુંવાળા-સુંવાળા, રેશમી લાંબા-લાંબા કેશ અમર પર આવરી દીધા. રશ્મિની છાતી પ્રેમના આવેગમાં ને આવેગમાં કોઈ ધમણની જેમ હાંફતી હતી. રશ્મિના હૈયામાં પ્રણયપૂર ઊમટ્યું હતું. અમર પણ રશ્મિના સાન્નિધ્યમાં ખોવાઈ ગયો... પરોવાઈ ગયો. બન્ને જણ એકબીજામાં ખોવાઈ ગયાં... એકાકાર બની ગયાં... એકરસ બની ગયાં. બન્ને જણના એકબીજાના અરસપરસના છાતીના થડકારા સંભળાતા હતા... ધક...ધક...ધક...

વહેલી સવારે રશ્મિએ વહેલી ઊઠી, નાહીધોઈ પરવારી, બ્રશ કર્યું ત્યાં સુધી હજુ અમર ઊંઘતો જ રહ્યો, ઘોરતો રહ્યો એટલે રશ્મિએ અમરના પગની વચલી આંગળીએ એક ઝીણો ચીમટો ભર્યો...

'એઈ મિસ્ટર, ઊઠો... સવારના આઠ વાગી ગયા...!' કહીને રશ્મિ શંકરને બોલાવવા બહાર ગઈ.

અમર બેબાકળો, હાંફળોફાંફળો ઊઠ્યો. સૂર્યનારાયણનો પ્રકાશ પણ બારીમાંથી ગળાઈને પલંગ પર પડતો હતો... અમર તરત જ બાથરૂમમાં ઘૂસી ગયો... બ્રશ કરીને, દાઢી બનાવી, નાહીધોઈ પરવારીને, બહાર આવ્યો.

બહાર રશ્મિ ચા-નાસ્તા સામે તૈયાર થઈને બેઠી હતી.

'ઓ માય સ્વીટી, હાઉ આર યુ...' હી અમર રશ્મિ પર લપક્યો અને રશ્મિના ગાલ પર એક ચુંબન... મધુચુંબન ચોડી દીધું.

'ફાઈન... ફાઈન...' રશ્મિ સવારના પહોરમાં મળેલા મધુર ઈનામથી ખુશ થતી હતી, મલકાતી હતી.

નાસ્તાપાણી કરી, પરવારીને અમર અને રશ્મિ બન્ને જણ (બ્રહ્માણી) ખેડબ્રહ્માવાળાં માતાજીનો મોટો મહિમા એટલે માતાજીને પગે લાગી, પ્રસાદ ધરાવીને... અગાઉથી આપેલી સૂચના મુજબ હોશિયાર ડ્રાઈવર શંકર તૈયાર જ હતો એટલે તેઓ સફેદ એમ્બેસેડર કારમાં અંબાજી તરફ ઊપડ્યાં... સફેદ એમ્બેસેડર કાર ડુંગરો વટાવતી, વાંકાચૂંકા રસ્તાઓ પર સરકતી અને ઢાળ, ઢોળાવો ચડતી અંબાજીની દિશામાં આગળ વધતી હતી.

અગિયાર વાગ્યે અંબાજી પહોંચીને પ્રસાદ લઈને માતાજીના મંદિરમાં 'અંબામાતાને' ભાવભર્યાં વંદન કરી, પગે લાગી અમર અને રશ્મિ એકબીજાની સુખી જિંદગી અને લાંબું આયુષ્ય માગ્યું... પછી બન્ને જણ 'ગબ્બર' ચડી આવ્યાં.

અંબાજીથી આબુ પહોંચ્યા બાદ 'લવલી'માં એક-બે રૂમ બુક કરાવ્યા બાદ... શંકર ડ્રાઈવર પોતાની વ્યવસ્થા પોતાની જાતે કરી લેતો હતો અને ધ્યાનચંદે શંકરને છૂટથી વાટખર્ચીની રકમ પણ આપી હતી... શંકરને 'લવલી'માં રિઝર્વ કરાવેલી રૂમમાં માલ-સામાન ગોઠવવાનું કહી અમર પોતાના ખભે કેમેરો અને રશ્મિ થર્મોસમાં કૉફી ભરી સનસેટ પોઈન્ટે જવા ચાલતાં નીકળી પડ્યાં.

'લવલી'થી સનસેટ પોઈન્ટ પહોંચવાનો રસ્તો ફક્ત સાત કે દસ



મિનિટનો હતો એટલે કાંઈ વાંધો આવ્યો નહિ. સનસેટ પોઈન્ટનું આ કુદરતી દશ્ય, કુદરતી અપ્રતિમ રચના અને મૌલિક વાતાવરણ... આકાશમાં સંધ્યારાણીએ લાલઘૂમ રાતો રક્તવર્ણી રંગ પૂરી દીધો હતો પશ્ચિમ દિશામાં... અને એક ગોળાની માફક પ્રકૃતિની ગોદમાં હૂંફાળી ગોદમાં, લીન થઈ જતો, ઓગળી જતો, થાકેલો સૂરજ લાલલાલ ગોળ મોસંબી જેવો સૂરજ... આ દશ્ય ખરેખર અભૂતપૂર્વ હતું... અવર્ણનીય હતું... અમર પ્રકૃતિનાં અવનવાં દશ્યોને પોતાના કૅમેરામાં ભરતો રહ્યો... રશ્મિએ થર્મોસ પરથી કવર ઉઘાડીને કૉફી ભરી ને... અમરને એ કૉફી આપી...

પહેલાં અમરે કૉફી પીધી. અમરના કૉફી પીધા પછી રશ્મિએ કૉફી પીધી. આજે રશ્મિ ખૂબ જ ખુશ હતી... તે સારા મૂડમાં હતી.

'લવલી'ના સ્પેશ્યલ રૂમમાં પહોંચી ગયા પછી... બાથરૂમમાં ફ્રેશ થઈ આવ્યા બાદ, શંકરની સૂચનાથી અમીરી ખાણું તૈયાર હતું તે ખાઈને તેઓ આરામથી બેઠાં.

અમર ખુશ હતો. રશ્મિ ખુશ હતી. બન્ને જણ એકબીજાના સાન્નિધ્યમાં અપાર ખુશ હતાં.

✳

આમ ત્રણ દિવસ આબુ ખાતે રોકાઈ હરીફરી મીઠાં સ્નેહસ્મરણો હૈયે રાખી... બે હૈયાં, યુવાન હૈયાં, અમર, રશ્મિ, રશ્મિ અને અમર... જ્યારે... વિશ્વાસપુર પાછાં આવ્યાં ત્યારે... ધ્યાનચંદ શેઠ ખુશ ખુશ થઈ ગયા. '...રસ્તામાં કાંઈ તકલીફ તો નથી પડી ને.' પૃચ્છા કરી બધાએ રશ્મિનું ભાવભીનું સ્વાગત કર્યું... અહીંયાં વિશ્વાસપુરમાં બે-ત્રણ દિવસ રોકાઈને તેમ જ પોતાના ઘરે 'રંગપુર' અમુલખરાયને ફોન કરીને અમરે ડ્રાઈવર મારફતે પોતાના ઘરની ગાડી ફિયાટ મંગાવી ત્યારે...

ફોન પર અમરને સમાચાર જણાવ્યા : 'ચારુલતાબહેનનું હૃદયરોગથી અવસાન થયું હતું.'... ચારુલતાબહેન પરીખ ઍન્ડ શાહ હાઈસ્કૂલ (હાયર સેકન્ડરી)નાં એક બાહોશ (ગુજરાતી ભાષાના)

શિક્ષિકા બહેન હતાં. જોકે તેઓ એક વિધવા બહેન હતાં... કોઈ સંતાન ન હતું... પણ કુટુંબમાં તેમની સાસુ અને તે બાકી રહ્યાં હતાં. ચારુલતાબહેનની સાસુ મરું મરું થતાં હતાં... ચારુલતાબહેનની સાસુ મરવાની તૈયારી કરતાં હતાં ત્યાં તો ચારુલતાને ભગવાને ઉપાડી લીધાં...

ખૂબ જ ખરાબ બનાવ બન્યો... માઠા સમાચાર જાણીને અમરને મનમાં ખૂબ જ દુઃખ થયું.

આવતા સોમવારની ૧૫મી જૂનથી શાળાઓ ખૂલવાની એટલે ગુરુવારે સાંજે અમર અને રશ્મિ બંને વિશ્વાસપુરથી રંગપુર આવવા માટે ફિયાટ કારમાં નીકળી પડ્યાં. ફિયાટ કાર વિશ્વાસપુરથી રંગપુર તરફ આરસપહાણિયા રોડ ઉપર સરતી હતી, સરકતી હતી.

■

# 16

# વેદના અપરંપાર

સ્કૂલમાં પહેલે દિવસે શોકનું, ઘેરું વાતાવરણ સર્જાયું. ચારુલતાબહેનનો સ્વભાવ, સારો સ્વભાવ. હા બોલકણાં બહુ. જરા જીભ એની લાંબી અને મનમાં આવ્યું તે કહી નાખે, તડ... ને ફડ... પછી પાંચ મિનિટ પછી કાંઈ નહિ.

ચારુલતાબહેનના દુઃખદ અવસાનથી ગંભીરતાનું એક મોજું પથરાઈ ગયું. શાળામાં પ્રાર્થના થઈ પછી શોકસભા અને ચારુલતાબહેનને શ્રદ્ધાંજલિના કાર્યક્રમ પછી શાળાનું કામકાજ બંધ રહેશે તેવું શાળાના આચાર્ય સાહેબે જાહેર કર્યું. આ વખતે અમુલખરાય અને શહેરના બીજા અગ્રગણ્ય નાગરિકો કે જે શાળા કમિટીમાં હતાં તેઓ બધાં હાજર હતાં. અમુલખરાયે પોતાના સભ્યો તરફથી



ચારુલતાબહેનની વિધવા સાસુને રૂ. ૨૦,૦૦૦/-ની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી. બીજા એક અગ્રગણ્ય નાગરિકે જે પૈસાપાત્ર હતા તેમણે ચારુલતાબહેનનાં સંભારણાંરૂપે શાળા માટે એક અલગ પુસ્તકાલય પોતાના ખર્ચે તૈયાર કરી આપશે તેવી જાહેરાત કરી.

શાળાનાં એક બીજાં સ્ટાફ ભાઈબહેનોએ (ટિચિંગ સ્ટાફ) સ્ટાફરૂમમાં ચારુલતાબહેનની જ ચર્ચા કરી ત્યારે જોકે અંજના ઘણું ઓછું બોલતી હતી. અંજના જરૂર પૂરતું જ બોલતી હતી. અંજના કોઈને કોઈ વાતનું ખોટું ન લાગે તે રીતે વાકેફ રહીને પોતાનો અભિપ્રાય આપતી હતી. છેલ્લા દોઢ-બે મહિનામાં અંજનાનું શરીર કેવું લેવાઈ ગયું હતું... અંજનાની આંખો જ સજીવ રહી હતી જ્યારે કાયા સુકાઈને લાકડી જેવી બની ગઈ હતી. અંજનાનું શરીર સાવ કથળી ગયેલું અમરને લાગ્યું. શ્વેત વસ્ત્રમાં શોભતી અંજના, એક તપસ્વિની જેવી અંજનાની મુખાકૃતિ અને મુખ પરનું તેજ તો તેવું જ હતું, પણ અંજનાની હલનચલન અને બોલચાલમાં અંજનાની નિર્બળતા બિલકુલ સ્પષ્ટપણે વર્તાઈ આવતી હતી.

અંજનાની આવી દશા માટે ખરેખર પોતે જ જવાબદાર છે એવું અમરના મનમાં થઈ આવ્યું અને આ વિચારથી અમર મનમાં ને મનમાં દુઃખી થયો, વ્યથિત બન્યો.

શાળામાં બધાંએ વિદાય લઈ લીધી એટલે અંજના પણ નિયમ મુજબ સ્કૂલનું કમ્પાઉન્ડ પસાર કરી જેવી કમ્પાઉન્ડ બહાર નીકળી કે અમરે અંજનાની સાન્નિધ્યમાં પોતાનું સ્કૂટર લીધું અને -

'અંજનાબહેન, તમારા શરીરની કેવી હાલત તમે કરી નાખી છે...?'

'ના ના... અમરભાઈ, એવું નથી... છેલ્લા બે દિવસથી જ તાવ જેવું રહ્યા કરે છે...'

'તાવ... આવ્યો એ વાત તો ઠીક... પણ પછી કાંઈ દવા-બવા કરાવવાની કે રામરામ...' અમર ઉવાચ.

'એમાં શાની દવા... ! એ તો ધક્કાથી જ જાય...' કહી અંજના મહાપરાણે હસી... અંજનાની આંખમાં પાણીનો ચળકાટ સ્પષ્ટ રીતે અમરે વર્ત્યો.

'ચાલો, તમને ઘર સુધી મૂકી જાઉં... મારે પેઢીએ ગયે ખૂબ જ ટાઈમ થઈ ગયો છે... એટલે... આપણા બન્નેનો એક જ રસ્તો છે...'

'ના, ના, અમરભાઈ, હું મારી જાતે જ જતી રહીશ.' અંજનાએ કહ્યું.

અને અમરે પોતાનું સ્કૂટર આગળ વધાર્યું.... તે જ્યાં દસેક મીટર આગળ ગયો હશે કે... પાછળથી અવાજ સંભળાયો, શોરબકોર સંભળાયો.

'અંજનાબહેન પડી ગયાં... અંજનાબહેન પડી ગયાં...' સ્કૂલના છોકરા અંજનાને ઘેરી વળ્યાં હતાં... આ કોલાહલ સાંભળીને ગભરાટમાં અમરે તરત જ સ્કૂટર પાછું વાળ્યું... અને રસ્તા પર બેહોશ ઢળી પડેલી અંજનાને જોઈને તે બધી વસ્તુસ્થિતિ પામી ગયો... અમરે પોતાનું સ્કૂટર રસ્તાની એક બાજુએ સ્ટૅન્ડ કર્યું... પછીથી રોડ પર આવેલા મકાનમાં કોઈ છોકરાને મોકલીને લોટો ભરી પાણી મંગાવ્યું અને લોટાનું પાણી ખોબામાં લઈ તે પાણી અંજનાના ચહેરા પર છાંટ્યું અને પોતે પોતાનો હાથરૂમાલ કાઢીને અંજનાને પવન નાખવા લાગ્યો.

થોડી વારમાં અંજનાને હોશ આવ્યા અને તેણે ભાન આવતાં તે ઊભી થઈ એટલે અમરે અંજનાનો હાથ પકડી લીધો...

'આવો, હું તમને તમારા ઘર સુધી મૂકી જાઉં...'

આ વખતે આનાકાની કર્યા વગર અંજના સ્કૂટર પર બેસી ગઈ... અમરે પણ આ વખતે નક્કી કર્યું હતું કે અંજના આનાકાની કરે તો અંજનાની ખબર લઈ નાખવી ! પણ એવી કોઈ પરિસ્થિતિ ઉદ્‌ભવી નહિ એટલે અમર પોતાનું સ્કૂટર સીધું અંજનાને ઘેર લઈ ગયો.

અંજનાનાં સાસુ સ્વરૂપબા ઘરે જ હતાં... એટલે અંજનાનો



હવાલો તેમને સોંપી અંજના માટે સૂવાની વ્યવસ્થા ગોઠવી, અંજનાને સુવડાવી અમર સ્કૂટર પર પોતાની પેઢીએ જવા રવાના થયો.

*

પેઢીમાં અમરના જીવને ચેન ન હતું, જ્યારે પેઢીનો બધો સ્ટાફ આજે લગ્ન પછી પહેલી વખત 'નાના શેઠ'ને આવેલા જોઈને ખૂબ જ ખુશખુશાલ બની ગયો. અમુલખરાય એક વેપારી સાથે શહેરમાં બહાર ગયા હતા. નાનાશેઠ-અમર જેવો પેઢીમાં દાખલ થઈ પોતાની કૅબિનમાં બેઠો કે તરત જ...

'આવો શેઠ... બહુ દિવસે... પેઢી દુકાન યાદ આવી...' બે મહેતાજીઓ સીતારામભાઈ અને રાધેશ્યામે અમરનું સ્વાગત કર્યું. બન્ને મહેતાજી અમરની કૅબિનમાં આવી ઊભા રહ્યા. તેમની પાછળ પાછળ જગમોહન, પેઢીનો-દુકાનનો ખૂબ જ વિશ્વાસુ અને જૂનોજાણીતો નોકર, પ્લાસ્ટિકની કોતરણીવાળી ટ્રેમાં ઠંડા પાણીનો ગ્લાસ લઈ હાજર થયો. જગમોહને અમરને સલામ કરી અને પાણીની ટ્રે ધરી. અમરે ટ્રેમાંથી એક ગ્લાસ ઊંચકી લીધો. એકીશ્વાસે બધું પાણી પી લીધા પછી...

'મહેતાજી વાત એમ છે... કે લગ્નની ધમાલ પતી ગઈ અને સ્કૂલો ઊઘડી ગઈ એટલે સ્કૂલની ધમાલ શરૂ... દોડાદોડી અને કામકાજ, ઘરની દોડાદોડી અને સ્કૂલના કામકાજમાં આખો દા'ડો ક્યાં જતો રહે તે ખબર નહિ પડે... કેટલાય દિવસે પેઢી પર આવ્યો, કેમ ખરી વાત છે ને !'

'હા, નાના શેઠ, તમે સાચું બોલો કે તમે જાતે પેઢી પર આવતા નહિ કે પછી નાનાં શેઠાણી રોકતાં હતાં...?' સીતારામ હસ્યા.

'ના, ના, એવી વાત નથી...' અમર જરા થોથવાયો પણ તરત જ બોલ્યો, 'બધા મઝામાં છે...ને...!' અમરે ગાડી બીજે પાટે ચઢાવી.

પોતાની કૅબિનમાંથી સીતારામ, રાધેશ્યામ મહેતાજી વગેરે સાથે બહાર નીકળીને પેઢીના બીજા રૂમમાં દાખલ થયો. પેઢીમાં હાજર રહેલો તમામ સ્ટાફ નાના શેઠના આગમનથી ખુશ થઈ ગયો. કોઈ ઠંડો,

મસ્તીભર્યો વાયરો આવે અને જે રીતે બગીચાનાં ઝાડ, છોડ અને પુષ્પો ઝૂમી ઊઠે તે રીતે પેઢીમાં હાજર રહેલા તમામ સભ્યો ઝૂમી ઊઠ્યા…

'સીતારામકાકા…' અમર ઉંમરમાં વૃદ્ધ એવા સીતારામભાઈને 'કાકા' કહીને બોલાવતો, 'આજે હું ખૂબ જ ખુશ છું. આજે બધાંને મનગમતો નાસ્તો, આઈસક્રીમ પાર્ટી અને દરેકને ઘેર લઈ જવા ૫૦૦ ગ્રામની મીઠાઈનું પેકેટ ભેટ આપો. આજે બહુ દિવસે નાના શેઠ પેઢીએ આવ્યા છે એટલે પેઢીને અને પેઢીના બધાને ખુશી થવી જોઈએ… બરાબર ને… ! અને હિસાબ ચોપડે લખી નાખો…'

અમરે સીતારામકાકાને બધી વ્યવસ્થા ગોઠવી દીધી. બધો સ્ટાફ ખુશખુશ થઈ ગયો. અડધા કલાકમાં તો સીતારામે વીજળીવેગે વ્યવસ્થા કરી દીધી. નાસ્તાપાણી, આઈસક્રીમ પાર્ટીથી પરવારીને મીઠાઈના પેકેટ સાથે… પોતપોતાને ઘેર જતો અમુલખરાય શ્રોફની પેઢીના સ્ટાફનો માણસ નાનાશેઠની ઉદારતાના વખાણ કરતાં થાકતો ન હતો…! સાડા સાત થયા… ટેલિફોન રણક્યો… 'અમુલખરાય પેઢીએ આવનાર નથી, એ બારોબાર ઘરે જશે…' વખત થાય એટલે પેઢીને બંધ કરીને સમયસર ઘરે આવવાનો બાપુજીના ફોનનો સંદેશો જ્યારે રાધેશ્યામભાઈએ અમરને કહ્યો ત્યારે અમરે સામેના (કૅબિનમાં) વૉલ-ક્લોકમાં નજર કરી. ઘડિયાળ ટકટક કરતું… સાંજના સાડાસાતનો સમય બતાવતું આગળ વધતું હતું.

વળી પાછો અમર બેચેન બની ગયો. ઘડીભરની આ બેચેની કઠતી હતી ! કયું અજ્ઞાત પરિબળ અમરને અકળાવી રહ્યું હતું, અમરને તડપાવતું હતું…? એક પછી એક પેઢીનો સ્ટાફ ઘર તરફ રવાના થતો જોઈને અમર પણ પોતાની કૅબિનમાંથી બહાર નીકળ્યો. જૂના, જાણીતા અને વિશ્વાસુ સીતારામભાઈ હજી પેઢીમાં હાજર હતા. એ હિસાબકિતાબ લખતા હતા. આજની આવકજાવકનાં પાસાંઓનો હિસાબ કરતા હતા. પેઢીમાં રોશની હતી.

'કાકા… બસ, બહુ થયું હવે કાલે…' અમર ઉવાચ.



'અમરભાઈ બસ, હવે પતી જ ગયું છે…' કહી સીતારામભાઈએ ચશ્માં ઉતાર્યાં અને 'ચશ્માંઘર'માં ચશ્માંને ગોઠવી પોતાના આસન પરથી ઊભા થયા. ગોદરેજ કબાટ બંધ કર્યું. બધા ભાઈઓની આગળપાછળના કબાટ તેમજ કાઉન્ટરના બધાં કાગળો અને તમામ વસ્તુની ખાતરી કરી… તાળું વાસીને શેઠની કૅબિન - નાના શેઠની કૅબિન અને પેઢીની બીજી બે રૂમો ખાતરી સાથે બંધ કરી મહેતાજી બહાર નીકળ્યા અને… વૉચમેન 'દયાળસિંહ'ને જરૂરી સૂચના આપી… મહેતાજીએ ચાવીઓનો હવાલો અમરને સોંપ્યો. અમર પોતાના સ્કૂટર પર તૈયાર જ હતો. સીતારામભાઈના ગયા પછી અમર વળી પાછો બેચેન બની ગયો. અમરને બેહોશ થઈને નીચે પડી ગયેલી અંજના યાદ આવી ગઈ. બિચારી અંજુનું શરીર કેવું નંખાઈ ગયું હતું. થોડાક જ દિવસોના ગાળામાં અંજના કેટલી દૂબળીપાતળી થઈ ગઈ હતી ! શક્તિ વગરની અશક્ત અંજના, હાડપિંજર અંજના, બિચારી અંજના… અંજના યાદ આવતાં અમરે, પોતાનું સ્કૂટર અંજનાના ઘર તરફ હંકાર્યું.

અમર અંજનાને ઘરે પહોંચ્યો. અંજનાનાં સાસુ રસોડામાં જમતાં હતાં.

'કેમ છે હવે ?…' અમરે અંજનાના પલંગની બાજુમાં ઇઝીચેરમાં બેસતાં પૂછ્યું.

'ઠીક છે. અશક્તિની બીમારી છે, આરામ કરીશ એટલે શક્તિ આવી જશે.'

'જરૂર જણાય તો વિકાસને બોલાવી લઉં… વિકાસને ફોન કરતાં વાર કેટલી ?' અમરે પૂછ્યું ત્યારે…

'ના રે ના ! થોડી બીમારીમાં ફોનબોન કરીને મારે વિકાસભાઈ કે ભાભીને દોડાદોડી કરાવવી નથી. મારી બીમારીની વાત જાણે એટલે વાડીલાલ દેવયાનીબહેન ઝાલ્યાં રહે કે ? એ બધાં લોકોને ખોટી દોડાદોડી થાય. કોઈને તમે ફોન કરતા નહિ.' બોલતાં બોલતાં અંજના થાકી

ગઈ.

'પણ એક તો તમારું શરીર શક્તિ વગરનું છે અને તેમાં વળી પાછો આખા ઘરનો કામકાજનો ઢસરડો કરવાનો... મારું માનો તો કોઈ વિકાસની વહુ (મનોરમા)ને અથવા અતુલભાઈ કે ઉષાભાભી અઠવાડિયું રહેવા આવી જાય તો સારું, તમને રાહત રહે.' અમરે ફરીથી આગ્રહ કર્યો.

'ના, મારે કોઈની જરૂર નથી. આમેય બધાં ક્યાં આખી જિંદગી સુધી સાથે રહેવાનાં છે ?' કહી હાંફતી અંજના સામેની દીવાલોને જોઈ રહી... મંદમંદ વહેતો પવન સામેની દીવાલના કેલેન્ડરમાં તારીખનાં પાનિયાં ઉથલાવ્યાં કરતો હતો... જાણે રાતદિવસો તે ઓગાળીને પી જવા માગતો ન હોય...!

થોડી વાર વાતાવરણમાં ચૂપકીદી પથરાઈ ગઈ. ક્યારેક ક્યારેક મૌન પણ અકળાવનારું બની રહે છે પરંતુ અહીંયાં મૌન રહીને અમર અને અંજનાના જીવને પરમસંતોષ, પરમશાંતિ મળતાં હતાં. મૌનને પણ પોતાની એક આગવી ભાષા છે... સમજદાર જ સમજી શકે છે.

સ્વરૂપબા બહાર આવ્યાં એટલે...

'નમસ્તે બા, પેઢીએથી ઘરે જતો હતો એટલે મનમાં થયું કે લાવ અંજનાબહેનની ખબર પૂછતો જાઉં...' અમરે અંજનાની સાસુ સામે જોઈને કહ્યું.

'સારું થયું તમે આવી ગયા... મેંય ઘણી વખત વિકાસ અને મનોરમાને તેડી લાવવા અંજનાને કહ્યું... પણ મારી વાત માને તોને...?'

'મેં પણ હમણાં જ કહ્યું ! પણ ક્યાં માને છે ?' અમર ઉવાચ.

'બેસો ત્યારે હું, તમારા બન્ને માટે થોડી ચા મૂકી દઉં...' સ્વરૂપબા ફરી બોલ્યાં.

'ના, ના માજી, મારા માટે ધમાલ કરતાં નહીં... હું હમણાં જ પેઢીએથી નાસ્તોપાણી કરીને આવ્યો છું...'



'અરે ! પણ અંજનાએ સવારનું કશું લીધું નથી. સવારે ભૂખી નોકરીએ ગઈ અને નોકરીથી આવ્યા પછી પણ ચાનો કપ સુધ્ધાં પણ પીધો નથી. તમે એને કંપની આપો એટલે ઠીક રહેશે અને ચા તૈયાર થતાં વાર નહિ લાગે... હમણાં થોડી વારમાં તૈયાર થઈ જશે...' કહી તે અંદર ગયાં.

'કેમ અંજના, સવારનું કાંઈ પણ ખાધું નથી કે શું ?'

'ના, મને બિલકુલ ભૂખ જ નથી...' અંજના ઉવાચ.

'પણ ભૂખ નથી, ભૂખ નથી એમ કરીને ભૂખ્યાં રહેવું એ ક્યાંનો ન્યાય છે ? અંજના, જાત પર આટલો બધો જુલ્મ કયા કારણથી ગુજારે છે ?... મને તારી આ બધી વાતો સમજાતી નથી.' અમરે કહ્યું.

'તમારે એ બધી વાતો સમજીને શું કામ છે ? કેટલીક વાતો સમજ્યા પછી પણ નહિ સમજ્યા જેવી ગણવી એ વાતમાં જ સારું છે...' અંજના ફિક્કું હસી.

'અંજુ, આ બધું ગોળગોળ કેમ બોલ્યા કરે છે ! કાંઈક સમજાય એવું સ્પષ્ટ બોલ એટલે ખબર પડે...' અમર ધૂંધવાતો હતો.

અંજના થોડી વાર મૌન રહી, પથારીમાં થાકેલી, માંદગીના કારણે નિઃસહાય બનીને પડી રહી.

'એક વાત પૂછું ? ખોટું તો નહિ લાગે ને...?' અંજના બોલી અને ત્યાં જ એને ખાંસી આવી... અસહ્ય ખાંસી... ખૂખૂખૂખૂ...ઉઉ.. ખૂખૂખૂખૂ... એ કારણે અંજના બેવડ વળી ગઈ. કેમે કરીને અંજનાની ખાંસી રોકાવાનું નામ લેતી હતી નહિ... અમરે ઊભા થઈ બાજુમાં પડેલ સ્ટૅન્ડ પરના માટલામાંથી પાણી ભરી અંજનાને આપ્યું.

ખાંસતી અંજનાએ પાણી પીધું એટલે એની ખાંસીની તીવ્રતા ઓછી થઈ. ખાંસીને કારણે અંજનાના કપાળે જામેલાં પ્રસ્વેદ બિંદુઓ ટ્યૂબલાઇટના પ્રકાશમાં ચમકતાં હતાં, ઝબકતાં હતાં.

'તમને ઘેર જવાની ચિંતા થતી નથી ? તમારા મનમાં એમ થતું નથી કે તમારી ઘરે કોઈ ચિંતા કરતું હશે ?' ખાંસી અટકતાં અને

શ્વાસોચ્છ્‌વાસની રફતાર કાંઈક નિયમિત બનતાં અંજના બોલી.

'એમ કહીને તું અહીંથી હું જલ્દીથી વિદાય થઈ જાઉં એમ ઇચ્છે છે ?' અમરે મનમાં પ્રશ્ન પૂછ્યો.

'ના રે ના, મારો ઈરાદો એવો નથી. પરંતુ ઘેર તમારાં બા, બાપુજી અને રશ્મિભાભી રાહ જોતાં હશે... એ બધાંને મારા લીધે જમવાનું મોડું થતું હશે... તમારા બધાંના માર્ગ વચ્ચે હું શું કામ આવું ? અને કદાચ તમે ઘરની અને ઘરના લોકોની વાત ભૂલી ગયા હો એટલે મેં તમને ઘરની યાદ અપાવી...'

'મને બધું જ બરાબર યાદ છે.' અમરે કહ્યું.

'તો તો સારું કહેવાય...'

'પણ તું તો જાણીજોઈને ભૂલનું દુઃખ ભોગવે અને જાણીજોઈને બીમાર પડે... ખાંસી, તાવ, અશક્તિ અને નબળાઈના ભંવરમાં ફસાતી જાય... એ વસ્તુ સારી નથી હોં... અને મને તેની જ ચિંતા રહ્યા કરે છે... પહેલાં જાતની દેખભાળ, સારવાર કરો... પછી બીજાની વાત અને પછી જ બીજાની ચિંતા...'

'તમારી કહેલી વાત બિલકુલ ખરી છે, અમરભાઈ.' કહી હાથમાંની કપરકાબી સ્વરૂપદેવીએ ટિપોઈ પર મૂક્યાં. તેમણે અમરના મોઢામાંથી બોલાયેલા છેલ્લા શબ્દો જ સાંભળ્યા હતા...

બન્ને જણાંએ, અમરે અને અંજનાએ, કપમાંની ચા રકાબીમાં ઠાલવી. રકાબીમાંની ચા પીવી શરૂ કરી એટલે અંજનાનાં સાસુ રસોડામાં ગયાં.

'દવાબવા લેવાની ન હોય તો બીમારી ક્યાંથી મટવાની છે ?' અમરે પ્રશ્ન કર્યો.

'દવા વગર બીમારી મટાડી શકાય તો જ ખરું કહેવાય. મને દુનિયાની કોઈ દવા, ગોળીઓ અને ઇન્જેક્શનોમાં રસ રહ્યો નથી... ધક્કા ખાતી માંદગી આવે અને ધક્કા ખાઈ ખાઈને માંદગી જાય...' કહી અંજના ફિક્કું હસી.



'અંજના, તારી આ બધી વાતો ગાંડપણની વાતો છે... જરાક તો સમજવાળી વાત કર...'

'અમર, દુનિયાની દરેક ચીજને સમજી સમજીને, તોળીતોળીને, માપીમાપીને હું થાકી ગઈ છું, મરી ગઈ છું... મારામાં હવે સમજવાની કે સમજાવવાની કોઈ તાકાત રહી નથી... સમજના સરવાળા અને બાદબાકી તો મારા જીવનમાં ઘણાબધા થઈ ગયા...' અંજના આંખો મીંચીને બોલતી હતી.

'તું આમ કર્યા કરીશ તો કાં તો ગાંડી થઈ જઈશ કે પછી ભગવાનના દરબારમાં પહોંચી જઈશ...' અમર ધડકતા દિલે બોલ્યો.

'બસ, એ જ ઇચ્છા, એ જ મહેચ્છા, એ જ આશા બાકી રહી છે... હવે તો મરવાની રાહ જોઈ રહી છું, પણ જ્યારે મોત આવે ત્યારે તે વખતે જમરાજને હું કહીશ... હે દેવતા, મારા પ્રભુ, થોડું ખમી જાઓ.... થોડા થંભી જાઓ... મને મારા અમરનાં છેલ્લાં છેલ્લાં દર્શન કરી લેવા દો... મારા આરાધ્ય દેવ, મારા મને અમર અને કનક વચ્ચે કાંઈપણ ભેદરેખા દેખાતી નથી... યમદેવતા, થોડી વાર રોકાઈ જાઓ. મને ધરાઈને જોઈ લેવા દો, નીરખી લેવા દો... મારા પ્રિયપાત્રને જોઈ લેવા દો... પછી ભલે મને લઈ જાઓ...'

'... મારા દેવ, હું મરવા માટે તૈયાર છું....' અંજના બબડતી અસહ્ય તાવમાં તરફડતી હતી. એ ભાનમાં બોલતી હતી કે બેભાન અવસ્થામાં લવારો કરતી હતી તે વાત અમરને સમજાઈ નહિ... અને જ્યારે અંજનાએ 'મરવાની' વાત કરી ત્યારે અમરે પોતાના હાથની હથેળી અંજનાના હોઠ પર મૂકી દીધી.

'અંજના, ભગવાનને ખાતર મરવાનું નામ ના લે. મને કાંઈકનું કાંઈક થઈ જાય છે... મારા હૃદયની બરફશિલા ઓગળી રહી છે... અને હું પણ તારા મૃત્યુ સાથે જ ભગવાનના દરબારમાં પહોંચી જઈશ...' અમર બબડ્યો.

અમરે અંજનાના કપાળ પર હાથ મૂક્યો... અંજનાનું કપાળ

સગડીની માફક ધગતું હતું, ગરમીથી બળતું હતું, અંજના લગભગ બેહોશ થઈ જવા જેવી બની ગઈ હતી.

રસોડામાં જઈ સ્વરૂપબાને : 'અંજનાને માથે તમે પોતાં મૂકજો... હું ડૉક્ટરને તપાસવા મોકલું છું...' કહી અમરે સ્કૂટર ચાલુ કર્યું ત્યારે ઘડિયાળમાં સાડા આઠનો ટકોરો પડ્યો... અમરે પોતાના ફેમિલી ડૉક્ટર શાહના નિવાસસ્થાન તરફ સ્કૂટર ઝડપથી મારી મૂક્યું.

■

# 17

# રોજની ટકટક

ડૉ. શાહને, પોતાના ફેમિલી ડૉક્ટરને અંજનાના ઘર તરફ રવાના કરીને જ્યારે અમર પોતાના ઘરે પહોંચ્યો ત્યારે...

'બેટા, આટલું બધું મોડું કેમ થયું ?' અમુલખરાયે પૂછ્યું.

'હું બાપુજી, એક ફ્રેન્ડને ઘરે ગયો હતો...' અમર જૂઠું બોલ્યો. અમરે જૂઠું બોલવાની આદત પાડી દીધી હતી.

'બેટા, રાતના વખતે બહુ રખડપટ્ટી કરવી સારી નહિ. પહેલાં ઘરે આવી જવું જોઈએ...' અમરની બાએ પોતાની ટેવ મુજબ શિખામણ આપી.

અમુલખરાય અને કાન્તાબહેને જમી લીધેલું છે તેમ જાણીને અમર હાથપગ ધોઈને - સીધો ડાઈનિંગ ટેબલ તરફ વળ્યો... રસોઈ કરનાર મહારાજ તો ક્યારનાય જતા રહ્યા હતા. રશ્મિ રાહ જોઈને બેઠી હતી. રશ્મિનું મુખ દરરોજની જેમ આનંદિત ન હતું. આજે રશ્મિ મોં ફુલાવીને બેઠી હતી.

'સૉરી રશ્મિ, આજે મારે ખૂબ જ મોડું થયું.' અમર ઉવાચ.

'તમે તમારે રખડ્યા કરો, ભટક્યા કરો... અમારી ચિંતા કોને



છે ? અમારે બસ ઘરમાં જ ભરાઈ રહેવાનું...' રશ્મિ રીસમાં બોલી.

'પણ દરરોજ ક્યાં મોડું થાય છે...? આજે પેલાં અંજનાબહેન ખરાં ને તે જરા ચક્કર ખાઈને પડી ગયાં એટલે થોડી દોડાદોડી થઈ... અને એટલે મારે મોડું થઈ ગયું....'

'અંજનાબહેન જાય ખાડામાં... જુઓ, આજથી સાંભળી લો, હું વાતવાતમાં અંજનાબહેન, અંજનાબહેન, અંજનાબહેનના નામની માળા જપવા માગતી નથી. તમારી જેમ મને કોઈની માળા કરવાની કે જાપ જપવાની ટેવ નથી સમજી ગયા...?' રશ્મિ આજે રોફમાં હતી.

'રશ્મિ, તું આ શું બોલે છે ?'

'હું જે કહું છું તે બરાબર કહું છું... આજે તમારી નિશાળનાં મંદાકિનીબહેન આપણે ઘરે આવ્યાં હતાં. બહુ સારાં બહેન હતાં... એમણે મને અંજનાના ડાકણ જેવા સ્વભાવની વાત કરી હતી... એક તો તે એના ધણીને ભરખી ગઈ... અને હવે મારા ઘર પર ડોળા ફેરવે છે. ચૂડેલ જેવી છે એ તમારી અંજના. મારા હાથમાં આવે તો એની ડોકી મરડી નાખું.'

'રશ્મિ, તારું મગજ આજે ખૂબ જ ગરમ છે. તું શું બોલે છે એનું ભાન નથી. તને સારાનરસાનું ભાન રહ્યું નથી. કોઈ તોપ જેમ ગોળા વરસાવે તેમ તારા મોંમાંથી અગનગોળા વરસી રહ્યા છે, માટે મહેરબાની કરીને તારું મોં બંધ કરી દે તો સારું...' અમરે કહ્યું.

'એટલે તમે લોકો હું મરી જાઉં એમ જ ઇચ્છો છો. અરે રે, મેં તમને આવા નહોતા ધાર્યા. તમને આવા નહોતા કલ્પ્યા ! તમને દેવ જેવા ગણીને તમારે ઘેર આવી ત્યારે તમે જ મારા મનની પવિત્ર મૂર્તિને તોડી નાખી, વીંખી નાખી. હે ભગવાન ! આ બધું શું થવા બેઠું છે !'

'રશ્મિ... મોટેથી બરાડા પાડવાની જરૂર નથી. બા-બાપુજી ઉપર ગયાં છે તો તારા રાગડા સાંભળીને નીચે આવશે. મહેરબાની કરીને તમાશા બંધ કરી દે...'

'હું તમાશા કરું છું... એમ... અને તમે જે કાંઈ કરો છો તે શું

છે ? બોલો... તમે જ મને દુઃખી દુઃખી કરી દીધી છે...' રશ્મિ પોતાના મનનો ડૂમો બહાર કાઢતી હતી.

આજે પહેલી વખત અમરે કાંઈપણ ખાધા વગર હાથ ધોઈ નાખ્યા અને ગુમસુમ ડાઇનિંગ ટેબલ ઉપરથી ઊઠી જઈ, કપડાં બદલી, નાઇટડ્રેસ ચઢાવી પોતાના બેડરૂમમાં જતો રહ્યો... રશ્મિ પણ ભૂખી હતી... એના મનમાં દુઃખનો દરિયો ઘૂઘવતો હતો... ગરજતો હતો.

*

પછી તો આ ટકટક રોજની થઈ ગઈ... કોઈક કામ કરતાં, કે કાંઈ ચર્ચા ચર્ચામાં અમરથી 'અંજના'નું નામ લેવાઈ જતું તો રશ્મિને ઝાળ લાગી જતી. એ બળી જતી. એ ન સંભળાય અને બોલાય નહિ તેવા શબ્દો બોલી જતી. અમર કકળાટ અને કજિયાથી દૂર રહેવા બનતો પ્રયત્ન કરતો અને મોટે ભાગે મૌન રહેવાનું પસંદ કરતો. અમરના મૌનમાં અમર પોતે પોતાના ગુનાનો એકરાર કરે છે તેમ માની લઈને રશ્મિ વધારેને વધારે ઉશ્કેરાતી જતી હતી, અકળાતી જતી હતી અને ઘવાયેલી, છંછેડાયેલી, હિંસક વાઘણ પોતાના શિકાર તરફ જે ઝનૂન અને ખુન્નસથી હુમલા કરે તેવા જ ઝનૂન અને ખુન્નસથી રશ્મિ પોતાના પતિ અમરને ઘણું બધું સંભળાવતી.

બિચારો અમર... તે મનોમન ખૂબ જ દુઃખી હતો, મજબૂર હતો. આ વાત કોને કરવી અને કોને ન કરવી તે અમરને સમજાતું નહિ. માનવી જ્યારે મૂંઝવણમાં હોય ત્યારે મૂંઝવણમાંથી છૂટવાનો કે બચવાનો કોઈપણ ઉપાય સહેલાઈથી તેને મળતો નથી. એ આંધળોભીંત બની જાય છે, આધાર વગરનો બની જાય છે. અમર આંધળો હતો, લાચાર હતો, દિશાશૂન્ય હતો.

ક્યારેક અમરને અમરના બા કે અમરના બાપુજી અમુલખરાય અમરને વાતવાતમાં પૂછતા : 'બેટા, અમર તારે અને વહુને ઝઘડો થયો છે કે તમે બંનેએ અબોલા લીધા છે ?'

'ના રે બાપુજી, એવું કાંઈ નથી.' અમર બા-બાપુજીને ટૂંકમાં અને



સંતોષ થાય તે રીતે જવાબ આપતો. બિચારો અમર કરે પણ શું ?

એક દિવસ અમુલખરાયે ખુશીના સમાચાર આપ્યા કે :

'બેટા અમર, અમારી શિક્ષણ કમિટીએ રશ્મિકાનો પટેલ ઍન્ડ શાહના ટીચિંગ સ્ટાફમાં સમાવેશ કર્યો છે. આમેય પણ ચારુલતાબહેનના અકાળ અવસાનથી આપણી શાળામાં એક હોશિયાર શિક્ષિકા બહેનની ખોટ સાલતી હતી... આજે મિટિંગમાં આ વાતની ચર્ચા થઈ... કમિટીના એક ભાઈએ... કહ્યું કે, અમુલખરાય તમારા ઘરમાં જ મોતી છે અને તમો ઝવેરાતની શોધમાં દેશ-પરદેશનો પ્રવાસ કરવા નીકળ્યા છો...

'મને વાત ન સમજાઈ એટલે રૂપચંદભાઈએ કહ્યું : 'તમારા દીકરાની વહુ પણ બી.એ.બી.એડ્. છે. આ વાતની તમને ક્યાંથી ખબર પડે ! પણ ધ્યાનચંદે એક વખત વાત કરેલી એટલે મને યાદ છે. રશ્મિકા હોશિયાર છે, ચાલાક છે, ભણેલી છે, ગણેલી છે તેમને જ ચારુલતાબહેનના અવસાનથી પડેલી ખાલી જગા પર ગોઠવી દો ને, ભલા માણસ.'

'પણ બધાંને એમ ન થાય કે અમુલખરાય શેઠે પોતાની લાગવગથી પોતાના દીકરાની વહુને નોકરી આપી.' અમુલખરાયે સ્પષ્ટતા કરી.

બધાંએ અમુલખરાયની સ્પષ્ટતાનો વિરોધ કર્યો અને કમિટીને સર્વાનુમતે રશ્મિકા ભણેલી, ગણેલી હોશિયાર હોઈ, લાગવગની પણ જરૂર ન હતી એટલે રશ્મિકાને નોકરીએ રાખવાનો ઠરાવ કર્યો.

રશ્મિકાનો ઈન્ટરવ્યૂ લેવાયો. રશ્મિકા પાસ થઈ.

આ વાતની જ્યારે અમુલખરાયે જાહેરાત કરી ત્યારે અમરના દિલને ઝાઝો આનંદ ન થયો. કારણ કે અમર રશ્મિકાની રોજની ટકટકથી, રોજની રામાયણથી થાકી ગયો હતો. કંટાળી ગયો હતો. રોજરોજનાં ઘર્ષણો, અમર અને રશ્મિકા વચ્ચે એક દીવાલ, મૌનની દીવાલ અને ફરીથી નફરતની દીવાલ અમર અને રશ્મિ વચ્ચે ચણી દીધી હતી. આ દીવાલથી અમર સાથે રશ્મિ બોલતી ન હતી અને

અમરે, ઝઘડા અને કજિયાને કારણે અંજનાની સાથે બોલવાનું સમૂળગું ઓછું કરી નાખ્યું હતું. ઘટાડી દીધું હતું. આમ અમર અંજના અને રશ્મિ અંદરોઅંદર ખૂબ જ દુઃખી હતાં.

તે દિવસે બીમાર હતી ત્યારે અમરે પોતાના ઘરે ડૉ. મહેતાને મોકલ્યા હતા. તે વખતે અમરે ખબરઅંતર પૂછી હતી, ત્યાર પછી ખબરઅંતર પૂછવાની વાત નહિ. અરે, સામે મળે તો નજર ચોરી લઈને ચાલ્યા જવું... અંજના અમરની આ પ્રકારની હરકતોથી, આ પ્રકારના વ્યવહારથી આશ્ચર્યમુગ્ધ બની ગઈ... પણ પછી જ્યારે 'રશ્મિ'એ સ્ટાફરૂમમાં બીજી શિક્ષિકાઓ વચ્ચે જે મનમેળ હતો તે મનમેળ તોડીને એકબીજા વચ્ચે મનદુઃખ ઊભાં કરાવેલાં તેનાથી જ અંજના પોતાના દુઃખનું કારણ સમજી ગઈ હતી. અંજના બનતાં સુધી આવી પરિસ્થિતિ ઊભી થવા ન પામે અને પોતાનો કોઈપણ જાતનો ગુનો ન નીકળે તે માટે હરહંમેશ સાવધ રહેતી અને પોતે જાતે હરહંમેશ પોતાની જાતને પ્રવૃત્તિમાં અનેક જાતના કામકાજમાં ડૂબેલી રાખવા પ્રયત્ન કરતી પરંતુ માનસિક અને શારીરિક રીતે બીમાર એવી અંજનાની તંદુરસ્તી બગડતી જ ચાલી. અંજનાનું ખાંસીનું દર્દ વધતું જ ચાલ્યું. વધતું જ ચાલ્યું... એ દર્દ પ્રત્યે પણ અંજના જાણી જોઈને બેદરકાર રહેતી.

ક્યારેક ક્યારેક વિકાસભાઈ અને અતુલભાઈ રસ્તામાં ભેગા થઈ જતા :

'કેમ મોટી બહેન તબિયત તો બરાબર છે ને ? એમ કરો તમારી તબિયત બરાબર ન હોય તો રજાઓ મૂકી અમારે ઘરે રહેવા આવી જાઓ. મનોરમા બધું પહોંચી વળશે. કહો ક્યારે...'

'ના રે ના... શરીર છે, નરમગરમ રહ્યા કરે... મને કોઈ જ બીમારી નથી...' કહી અંજના વિકાસના આમંત્રણનો હસીને અસ્વીકાર કરતી...

અતુલભાઈ-ઉષાભાભી પોતાના સંસારમાંથી જ ઊંચાં આવતાં



ન હતાં... તેમને બીજાનું જાણવાની કે મદદ કરવાની ક્યાંથી પડી હોય ? કૂવાના દેડકાના જેવું પોતાના નાનકડા સંસારમાંથી છલાંગ મારીને બહાર નીકળવાનું કે બહાર નીકળી કોઈને મદદનો વિચાર કરવાનો એમને સમય જ ક્યાંથી હોય ?

સ્વરૂપબા બદલપુર અંજનાની સાસરીએ જતાં રહ્યાં હતાં. કારણ કે કોઈ નજીકનું સગું મરી ગયું હતું અને ખેતીવાડીમાં ભાગીદાર પર બધો વિશ્વાસ કરવો એ વાત બરાબર ન જણાતાં તેમ જ અંજનાએ કહ્યું :

'બા, તમે બદલપુર રહેવા જાવ તો સારું કારણ કે ત્યાં પણ આપણું ઘર સાચવવું પડશે અને હું અઠવાડિયે અઠવાડિયે આવતીજતી રહીશ... અને મારી તબિયત હવે બિલકુલ ઠીક રહે છે...'

આમ અંજનાના કહેવાથી સ્વરૂપબા પણ બદલપુર રહેવા છેલ્લા એક મહિનાથી ગયાં હતાં. સાંજે થાકી, બીમાર, અંજના ઘરે આવતી. ખાંસી તો અંજનાની કાયમી દુશ્મન બની ગઈ હતી. શરીરમાં પાર વગરની અશક્તિ હતી છતાં જેમતેમ કરીને ગાડું ગબડતું રાખવા માટે અંજના જાણે એક સંગ્રામ-રણસંગ્રામનો ખેલ યોદ્ધાની જેમ જિંદગીની સામે લડતી હતી... બાખડતી હતી, આથડતી હતી..

અમર એક જીવતીજાગતી લાશની જેમ જીવતો હતો. ન ઘરમાં શાંતિ, અહીં બહાર દુનિયાની દરેક ચીજ દરેક વસ્તુ તેના માટે કંટાળા સમાન બની ગઈ હતી. જેમજેમ એ પોતાની જાતને ખુશ કરવા. આનંદિત રહેવા પ્રયત્ન કરતો તેમ તેમ એ દુઃખ અને નિરાશાના ઘોર અંધકારમાં ફસાતો જતો હતો અને દુઃખ અને નિરાશાના ઘોર અંધકારને ઉલેચી ઉલેચી થાક્યો હતો. -

પોતાનું જીવન, પોતાના જીવનની દરેક પ્રવૃત્તિઓ જીવનનાં દરેક કાર્યો અમરને ભારરૂપ લાગતાં હતાં... એક વખત રશ્મિએ... કહ્યું :

'ચાલો, આજે પિક્ચર જોવા જઈશું ને ''પ્યારા દુશ્મન'' પિક્ચર જોવા જેવું છે...'

'ના રશ્મિ, હું તો ખૂબ જ થાકી ગયો છું...' કહી અમર

બેઠકરૂમની બહાર નીકળી ગયો.

'અમારી જોડે ફરવામાં - સિનેમા જોવામાં થાક લાગે છે અને પેલી સગલી જોડે રખડવામાં, હોટલમાં ફરવામાં થાક લાગતો નથી. સાલી મરતીય નથી જેથી એના નામની શાંતિ વળે...'

આ સાંભળી અમરના મનમાં ખૂબ જ દુઃખ થયું અને એક વાતનું સુખ થયું કે - એ વાત ખોટી છે... જે વાતને સાચી ઠરાવવા રશ્મિ આકાશ-પતાળ એક કરી રહી છે...

વાતવાતમાં દિવાળી આવી અને ગઈ. દિવાળીની રજાઓ પણ પૂરી થવા આવી. અમરના જીવનમાં તરવરાટ, ઉમંગ અને ઉલ્લાસ વગેરે બધાં એક પછી એક ઓછાં થતાં હતાં. પાનખર ઋતુમાં જેમ જેમ વૃક્ષ પરથી પાન ખરતાં જાય અને એકલું બૂઠુંબઠ વૃક્ષ જાણે મૃત્યુની રાહ જોતું ઊભું રહે તેમ અમરની પરિસ્થિતિ સર્જાઈ... બાળકોને ભણાવવાં અને સ્કૂલનો સમય થાય એટલે પછીના કામકાજમાં તન્મય-તલ્લીન બની જવું એ વાત બધાં દુઃખો અને બધી યાતનાઓનો શ્રેષ્ઠ ઉપાય છે તેમ માની અમર એ જીવનમાં કોઈ મણકાઓમાં પરોવાઈ માળાનું અસ્તિત્વ આપોઆપ તૈયાર થઈ જાય તે રીતનું જીવન જીવવા માંડ્યો. કોઈ પણ જાતના ઉમંગ વગર, ઉલ્લાસ વગર, તરવરાટ વગર એક યાંત્રિક જીવન અમરને હવે બરાબર ફાવી ગયું...

રશ્મિ પણ નોકરીથી થાકી પાકી ગઈ હતી. નોકરી મળ્યા પછી રશ્મિને પણ હવે ઘરકામમાં રસ રહેતો ન હતો. ઘરમાં નોકર-ચાકર બધું જ હતું. સુખ, વૈભવ, સમૃદ્ધિ બધું જ હતું, મનનું સુખ ન હતું... મનની શાંતિ ન હતી... રશ્મિ પોતાના વીતેલા દિવસોને યાદ કરતી રડતી, અને કલ્પાંત કરતી પણ શું થાય ?

આનું નામ જિંદગી છે. જિંદગી એક ટ્રેન કે આગગાડી સમાન છે... આગગાડી ગતિમય હોય છે અને એક પછી એક એવાં કેટલાંય સ્ટેશનો આવે અને જાય અને ઊતરનારા મુસાફરો ઊતરી જાય અને નવા મુસાફરો ચડે... ગાડી આગળ વધે. જ્યાં સુધી બળતણ હોય ત્યાં



સુધી આગગાડી આગળ વધ્યે જ જાય. આગગાડી ક્યારે અટકી પડે અને ક્યારે અકસ્માત થાય તે વાત નક્કી નહિ. જીવનમાં પણ આમ જ બન્યા કરે છે. વોહી તેજ રફતાર...

અમર મહાપરાણે ઢસડાઈ ઢસડાઈને, ખેંચાઈને જીવન જીવતો હતો... અમુલખરાય અને કાન્તાબહેન બંનેને હૈયે નિરાંત હતી... તેમના મનમાં શાંતિ થઈ હતી કે તેમણે પોતાના જીવમાં બધું જ મેળવી લીધું હતું. પૈસા, સુખ, વૈભવ, સમૃદ્ધિ અને શાંતિ. દીકરો પરણી ગયો, દીકરો નોકરી કરતો હતો. દીકરો કમાતો હતો. વેપાર પણ પૂરબહાર ચાલતો હતો. પેઢી ધમધોકાર ચાલતી હતી અને લોકોમાં નામના હતી, આબરૂ હતી, સારાં માન-પાન હતાં... બધાંય સુખીય હતાં. કાન્તાબહેને જ્યારે પોતાના દીકરાની વહુને સારા દા'ડા રહ્યા તે સમાચાર જાણ્યા ત્યારે તરત જ દ્વારકાધીશનાં દર્શન તથા કાઠિયાવાડની યાત્રા કરવી તેમ નક્કી કરી લીધું... અને કાન્તાબહેને અમુલખરાયને તૈયાર કર્યા.

ઉનાળાની રજાઓ પડતી હતી... સ્કૂલમાં વૅકેશન શરૂ થતું હતું. વિશ્વાસપુરથી ધ્યાનચંદે પોતાના બીજા જમાઈ ટેકચંદને ગાડી લઈ પોતાની દીકરી અને જમાઈ અમરને તેડવા માટે મોકલ્યા. અમર પોતાનાં બા, બાપુજી યાત્રા કરવા જવાનાં હોઈ તેમ જ રજાઓમાં પેઢીનો અને દુકાનનો બધો વહીવટ પોતાને સંભાળવાનો હોઈ તે બે દિવસ રોકાઈને રંગપુર જવા તૈયાર થયો... ટેલિફોન કરીને ફિયાટગાડી ડ્રાઈવર સાથે તેણે મંગાવી લીધી... અમુલખરાય અને કાન્તાબહેન - રેલવેના સ્પેશ્યલ કોચમાં યાત્રા કરવા ગયાં હતાં. જે મહિને દા'ડે સ્કૂલો છૂટવાનો લગભગ એક સપ્તાહ અગાઉ પાછાં આવી જવાનાં હતાં... રશ્મિને સાતમો મહિનો જતો હતો... એટલે તેને પિયર રહેવાનું હતું, લગભગ બે અઢી મહિના પોતાના પિયરમાં રહેવાનું હતું. પિયરમાં રહેવાનું કોને ન ગમે ? પરંતુ રશ્મિના મનમાં ઉચાટ હતો. તેના મનમાં શંકાનો કીડો હરહમેંશ સળવળ્યા કરતો. તેના

મનમાં સ્કૂલનાં સ્ટાફનાં શિક્ષિકા-શિક્ષકભાઈઓએ કહેલી વાતો યાદ આવી જતી ત્યારે તેનામાં ચટપટી થઈ ઊઠતી.

એટલે જ જ્યારે અમરે વિશ્વાસપુરથી રંગપુર જવાની તૈયારી કરવા માંડી ત્યારે...

'બહુ બહાર રખડપટ્ટી કરશો નહિ. ઘરમાં ટાંટિયો વાળીને બેસજો. ઘરમાં બધાંને ભેગાં કરશો નહિ. ઘરમાં બધી ચીજો સંભાળીને રાખશો. બા-બાપુજીનો કોઈ વાતનો ઠપકો મળે એમ કરશો નહિ.'

એક વિદ્વાનની જેમ, ઠરેલ માણસની જેમ શિખામણોનો વરસાદ વરસાવતી પત્નીનું ભાગવત સાંભળીને અમરને ખૂબ જ હસવું આવ્યું...

અમર પેઢી અને દુકાનના કારભારથી બંને રીતે, શારીરિક રીતે અને માનસિક રીતે ખૂબ જ થાકી ગયો, કંટાળી ગયો... ત્રાસી ગયો.. આજે તો કોઈને પણ લીધા વગર લાંબી લપ્પન-છપ્પન કર્યા વગર રંગપુર શહેરને એક છેડે આવેલી નદીના પુલની નીચે ફરવા અને જૂની વાતો ને ભુલાઈ ગયેલાં સંસ્મરણોને યાદ કરી મમળાવવાનું અમરના મનમાં થઈ આવ્યું.

દુકાન અને પેઢીનું કામકાજ દરરોજ કરતાં વહેલું પતાવી લઈ અમર આજે ફરવા નીકળ્યો. સ્કૂટર પર દરરોજ કરતાં આજ વહેલા ઘરે આવેલા જોઈને ઘરના નોકરચાકર અને મહારાજને આશ્ચર્ય થયું. બધા કામકાજમાં પરોવાઈ ગયા અને મહારાજ પણ રસોઈની ઉતાવળ કરવા લાગ્યા અને કૉફીનો કપ તૈયાર કરી નાના શેઠને આપ્યો.

'મહારાજ, હું બહાર ફરવા જાઉં છું. કદાચ મોડું પણ થાય એટલે તમતમારે મારું જમવાનું ડાઈનિંગ ટેબલ પર ઢાંકીને તમારે ઘેર જતા રહેજો... પછી સવારની વાત સવારે...' કહી અમરે કૉફીનો મોટો કપ ખાલી કરી મહારાજને પાછો આપ્યો...

ગાડી અને ડ્રાઈવરને વહેલી રજા આપી અમર આજે પગે ચાલીને ઘૂમવા નીકળી પડ્યો... ફરવા નીકળ્યો.. સાથે કોઈ ન હતું. અમર પોતે એકલો હતો... સાથી વગરનો એકલો...



અમર જ્યારે રંગપુરની નદીના ખૂણાને બીજા છેડે પહોંચ્યો ત્યારે અમરની આંખો ચમકી ઊઠી. એની ચાલમાં વિદ્યુત ગતિ આવી. એ નદીના કિનારા તરફ ઉતાવળે ઉતાવળે ચાલવા લાગ્યો... ટેરીકોટનના સફેદ પહેરણ અને લેંઘામાં શોભતો અમર પોતાનું જીવનલક્ષ્ય મળી જતાં એ દિશામાં આશાભર્યો અને ઉતાવળી ગતિએ જતો હતો... નદીના રેતીના કિનારામાં બેઠેલી બે આકૃતિઓ અને બેએક નાનાં રમતાં બાળકની આકૃતિ અમરને આકર્ષી રહી હતી... એ અંજનાને ઓળખી ગયો હતો. પશ્ચિમ દિશામાં આથમતો સૂરજ આખા દિવસના ખૂબ ખૂબ શ્રમથી પરિશ્રમિત થાકી ગયેલ લાલ લાલ સૂર્યનાં લાલ લાલ કિરણો અને આ લાલ કિરણોથી નદીના પાણીમાં રંગોળી પુરાઈ હતી... ત્રણેય આકૃતિ લાંબા લાંબા પડછાયા નદીની સુંવાળી રેતીમાં પાડતી હતી. નદીના પાણીનો ખળખળ... અવાજ... દૂર દૂરનાં ખેતરોમાંથી પાછા ફરતા ખેડૂતો અને બળદોના ગળામાં લટકાવેલા ઘૂઘરાના અવાજો, મંદિરમાં થતી કોઈ આરતીનો ઘંટનો અને ચારો ચરીને પોતપોતાને ઘેર પાછાં ફરતાં પક્ષીઓનો કલરવ, શોરબકોર તથા નદીના પુલ પર થઈ વહી જતી-આવતી બસો અને ભારેખમ વાહનોનો ધમધમ અવાજ વાતાવરણને ભરી દેતાં હતાં.

અમર નદીકિનારે બેઠેલી બે વ્યક્તિના પડછાયા પાસે અટકી ગયો.

એક આકૃતિ અંજનાની હતી. અંજનાની ગોદમાં એક બાળક રમતું હતું... કદાચ છોકરો હશે !

અંજનાને જોઈને : 'બિચારી કેવી થઈ ગઈ છે... એણે શરીરની કેવી હાલત બનાવી દીધી છે ! દીવાસળી જેવું શરીર બની ગયું છે... મરવાના વાંકે જીવી રહી છે બિચારી...! તેના જીવનમાં કોઈ સુખશાંતિ કે ઉમંગ નથી... તેના શ્વાસોચ્છ્વાસ પણ સંભળાય છે, ચોખ્ખા ચોખ્ખા... પોતાના શરીર પર કેવો જુલ્મ કરી રહી છે...! આવો જુલ્મ તો ક્યાંય નથી જોયો... અંજનાની બસ આંખો જ જીવે છે. એ

કોને જોવા તરસતી હશે ?... અંજના મને ભૂલી ગઈ લાગે છે. જો ને પ્રકૃતિની ગોદમાં કેવી તલ્લીન બની ગઈ છે ! અંજના હું તને નથી ભૂલી શક્યો. મારું રોમ રોમ તને પોકારી રહ્યું છે. હવે મને મારા જીવનમાં પણ રસ, કસ આનંદ, ઉમંગ, તરવરાટ રહ્યાં નથી...'

અમર કિનારે ઊભો ઊભો બંને આકૃતિઓને જોઈ રહ્યો... અપલક નયને... અમર ત્રણેય જણને પાછળથી એકીટશે જોઈ રહ્યો... જોઈ જ રહ્યો... અમરની આંખમાંથી અશ્રુબિંદુ ટપકી રહ્યાં. અમરની આંખમાંથી ટપકેલાં એ અશ્રબિંદુઓ... અશ્રુબિંદુઓ ટપકીને નદીના કિનારા પર પડ્યાં... કિનારા પરની રેતીએ આંસુઓને પોતાના હૂંફાળી ગોદમાં સમાવી લીધાં... અમરની આંખમાંનાં વરસતાં આંસુને કિનારાની રેતીએ ચસચસ કરતાં ચૂસી લીધાં... વાતોમાં મશગૂલ બે આકૃતિઓએ ત્યારે જ પાછું વાળી જોયું જ્યારે પેલું બાળક 'અંકલ... અંકલ' કહીને હાથ બતાવીને અમરના અસ્તિત્વને નિર્દેશ કરી રહ્યું ત્યારે.

અંજના અમરને અનિમેષ નયને જોઈ રહી, એકીટશે જોઈ રહી, અપલક નયને નિહાળી રહી...

અમર ટેરીકોટનના લેંઘા અને પહેરણમાં શોભતો યુવાન... તરવરિયો, આનંદીલો જીવ... આજે જાણે એક ઉજ્જડ વેરાન બગીચા જેવો ધીર, ગંભીર અને ચેતના વગરનો નિશ્ચેતન લાગતો હતો. અમરને ખભે એક ખભાથેલો લટકતો હતો.

અમરે ખભાથેલામાંથી ચારપાંચ ચોકલેટો કાઢીને : 'બેટા, તારું નામ શું ?' નાના બાળકને પૂછ્યું...

'મારું નામ અજય છે, અંકલ...' બાળક પોતાની કાલીઘેલી ભાષામાં બોલ્યું, બાળકને મીઠી મીઠી ચોકલેટો મળવાથી ખૂબ જ આનંદ થયો હતો.

એ દરમિયાન અંજના સ્વસ્થ બની ચૂકી હતી... અમર અંજના તરફ વળ્યો...

'કેમ છે તબિયત હવે ?' અમરે અંજનાને ઉદ્દેશીને પ્રશ્ન કર્યો.



'તબિયતને વળી શું થવાનું છે ! જીવન છે, એને ગબડ્યે જ જવાનું છે... ગબડ્યા વિના થોડું જ અટકવાનું છે ? બસ, જીવનની ગતિ ક્યારે અટકે તેની રાહ જોઈ રહી છું.' અંજનાને બોલતાં બોલતાં પણ થાક લાગતો હતો.

'જીવન હારી જવું એ કાયરતા છે... અંજના મારા જીવનમાંથી તમામ પ્રકારનાં રસ, કસ, આનંદ, ઉમંગ, તરવરાટ, તલસાટ ઓસરી ચૂક્યાં છે, છતાં પણ હું મર્દાનગીથી ઝઝૂમી રહ્યો છું. જીવન જીવવા જે કોઈ વસ્તુ પરિસ્થિતિ ઉદ્ભવે તેનો સામનો કરવાની સહનશીલતા કેળવવી એથી જ જીવન જીવવાનો ખરો આનંદ મળે છે...'

'તમારી વાતો ફક્ત વાતો માટે જ સારી છે... હકીકત એનાથી ખરેખર વિરુદ્ધ હોય છે. તમે જીવનમાં ઝઝૂમી રહ્યા છો. જીવનસંગ્રામમાં એક યોદ્ધા બનીને લડી રહ્યા છો એ વાત સાવ સાચી છે. પરંતુ તમારી છાતી-હૃદય પર હાથ મૂકીને કહો કે સાચે જ તમને આ બધી ક્રિયાવિધિથી, કાર્યવાહીથી સંતોષ છે... કે પછી ખાલી ખાલી દંભ કરીને જીવન જીવ્યા કરો છો ?...' અંજના બોલતાં બોલતાં થાકી ગઈ... એને હાંફ પણ શરૂ થઈ ગયો.

'અંજુ, તું બહુ બોલ બોલ કરે છે તે વાત મને પહેલાં બહુ જ ગમતી હતી... પણ હવે વધારે બોલ બોલ કરે એ મને બિલકુલ ગમતું નથી, કારણ કે એ તારા માટે હાનિકારક છે.' અમર બોલ્યો...

'શું તમે પણ હું ક્યારે બોલતી બંધ થઈ જાઉં એની રાહ જોઈને બેઠા છો ? બધાંની માફક, મારા અતુલભાઈ, ઉષાભાભી, વિકાસભાઈ અને મનોરમાભાભીની માફક...! પણ તમે એ વાત યાદ રાખજો કે હું કોઈને ભારરૂપ નથી અને ભારરૂપ રહીશ પણ નહિ... જ્યારે હું બોલતી બંધ થઈ જાઉં ત્યારે તમે લાખલાખ પ્રયત્નો કરશો, તમે આખી ધરતીને પેટાળમાંથી ફેંદી નાખશો, ઊંચી-નીચી કરી નાખશો અરે ! આકાશને ફાડી નાખશો તો પણ હું બોલવાની નથી... જ્યારે હું બોલતી બંધ થઈ જઈશ ત્યારે...' અંજના ખૂબ જ હાંફી ગઈ હતી...

એના કપાળ પર પરસેવાનાં બિન્દુઓ બાઝી ગયાં. એના ડોળા ફાટી ગયા... એ લગભગ બેહોશ બની ગઈ... છતાં જે સૂર્યપ્રકાશમાં ઝગમગતાં હતાં...

'આ બાળક કોનું છે ? તને બાળકોનો લગાવ ક્યારથી લાગ્યો ? બાળકો પ્રત્યે દયા, માયા અને સ્નેહનાં ઝરણાં તારા દિલમાં વહે છે ખરાં ?' - અમર બોલ્યો.

'બાળકો તો સંસારવાડીનાં ખીલતાં પુષ્પો છે. હસતાં, બોલતાં, દોડતાં, નાચતાં, કૂદતાં, રડતાં બાળકોને જોઈને હું મારા અંધકારમય જીવનને ભૂલવા મથું છું. હું મારા વીતેલા બાળપણને યાદ કરી કરીને બાળપણના સોનેરી સમયની સરિતામાં ડૂબકી મારવા મથું છું. દુનિયાનાં દરેક પ્રકારનાં ચિંતા, દુઃખો ભૂલી વચ્ચે હરતાં, ફરતાં રહેવું એ જ જીવનનું શ્રેય છે... આ મારા નાના ભાઈ વિકાસનો દીકરો છે. મારાં ભાઈભાભી હું અને આ દીકરા અજય સાહેબ એક ઘોડાગાડી ભાડે કરી આ નદીપુલના છેડે ફરવા નીકળેલાં. મારા વિકાસભાઈના એક મિત્ર નદીને સામે કિનારેના ગામમાં રહે છે. મને એ ગામમાં વિકાસભાઈના મિત્રને ઘેર જવામાં રસ ન હતો એટલે હું, આ દીકરો અજય રડ્યા કરતો હતો તેને લઈને નદીપુલના છેડે કિનારા પર બેસીને રેતીના કિનારે ભૂતકાળની ભુલાયેલી વાતોને યાદ કરતાં હતાં. હું કુદરતમાં ખોવાઈ ગઈ હતી અને એટલામાં તમે આવી ગયા...'

જવાબ આપવામાં સડસડાટ બોલવાને કારણે અંજનાને પુષ્કળ થાક લાગ્યો. ખાંસી આવી અને ખોંખોં... ખોંખોંખોંખોં...ના ખાંસીના અવાજે નદીકિનારાના સુરમ્ય, સ્તબ્ધ અને મૌનના વાતાવરણને ચીરી નાખ્યું. વાતાવરણની શાંતિ હવામાં ઓગળી ગઈ. અંજનાની ખાંસી ચાલુ જ હતી... ખોં ખોં મહેતાએ કે જે ડૉક્ટર અમરનો ફેમિલી ડૉક્ટર હતો, તેણે કહેલું 'અંજનાને ટી. બી.ની બીમારી છે... આ બીમારી મટી શકે તેમ છે, પરંતુ તે દર્દીમાં જીવન જીવવાની અવનવી પ્રેરણા જાગે તો જ. દરદીને નવેનવું જીવન



જીવવાની પ્રેરણા દરદી માટે એક રામબાણ ઉપાય છે. તે પ્રેરણા જ તેના માટે એક ઑક્સિજન સમાન ઉપાય છે. બાકી બધું તો ઠીક. અમર અંજનામાં કોઈ કારણે જીવન જીવવાની ધગશ, પ્રેરણા, તરવરાટ, તલસાટ અને ઉમંગ લગભગ બિલકુલ નાશ પામી ચૂક્યાં છે... આઈ...એમ...સોરી... અમર..! હવે તેના નસીબમાં હશે તેટલું તે જીવી શકશે... બાકી ખેલ ખલાસ છે...'

જે વાત અમર અંજનાને કરી શકતો ન હતો તે મોતના પડછાયા અંજનાના ચહેરા પર અમર વાંચી રહ્યો. અંજનાના મનમાં જ્યારેજ્યારે ખૂબ જ દુઃખ પહોંચતું ત્યારે જ અંજનાને ખાંસીનો દોર શરૂ થઈ જતો... ખાંસી... ખાંસી... ખાંસી.... પાર વગરની બેસુમાર ખાંસી...

ગભરાઈ ગયેલો અમર નદીના કિનારા પાસે જઈ પોતાના ખોબામાં પાણી ભરી લાવ્યો. ખોબે ખોબે પાણી ભરી બેહોશ પડેલી અંજનાના ચહેરા પર છાંટ્યું. થોડી વારે અંજનાને કળ વળી. તેણે આંખો ખોલી અને તે અમીટ સ્નેહથી અમરની સામે તાકી રહી... રેતીના કિનારા પર સૂતાં સૂતાં.

'અંજના... ચાલો...' ઘોડીગાડીમાંથી વિકાસભાઈ અને મનોરમાભાભી અંજનાને બોલાવતાં હતાં. અંજનાના હોશ ન હતા કે ચાલી શકે. અમર 'અજય'ને તેડીને ઘોડાગાડી પાસે ગયો. વિકાસ અને મનોરમાને વસ્તુ પરિસ્થિતિથી વાકેફ કર્યાં. ઘોડાગાડી સુધી મહાપરાણે અંજનાને લઈ ગયાં... વિકાસ, મનોરમા, અજય સાથે સાથે અમર પણ ગોઠવાયો. બધાં ગોઠવાઈ ગયાં... એટલે ઘોડાગાડી ચાલી. અંજનાને હવે સારું હતું. તે અમરની સાથે અડીને જ બેઠી હતી.

નદીના પુલના છેડા નીચે પોતાના હસબન્ડ અને ફેમિલી સાથે ફરવા આવલાં મંદાકિનીબહેન શિક્ષિકા અને શિક્ષક વિનુભાઈએ અમર અંજનાને જોઈ લીધાં 'અમરભાઈ, અંજનાબહેન ક્યાં ફરી આવ્યાં...?' વિનુભાઈ બોલ્યા... અને દોડતી ઘોડાગાડી શહેર તરફની દિશાએ વળી !

■

# 18

## એક શુભ : એક અશુભ ઘટના

અમરનાં બા-બાપુજી જાત્રા કરી પાછાં આવી ગયા. અમુલખરાય અને કાન્તાબહેનને હૈયે દ્વારકાધીશ ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાનો આનંદ હતો. એ આનંદમાં વધુ આનંદના સમાચાર મળ્યાં. વિશ્વાસનગરથી ધ્યાનચંદ શેઠનો તાર આવ્યો કે રશ્મિકાના પેટે લક્ષ્મી અવતરી છે. મતલબ કે અમર એક બેબીનો બાપ બન્યો છે. આ સમાચાર જાણી કાન્તાબહેન : 'જોઈ ભગવાનની લીલા... અમે જાત્રા કરી આવ્યાં કે તરત જ શુભ સમાચાર મળ્યા. ભગવાનની લીલા અપાર છે. હવે લક્ષ્મી પધાર્યા છે.' ભગવાનના ગુણગાન ગાવા માંડ્યાં. અમુલખરાયે બન્નેય ઠેકાણે એક દુકાને અને બીજી પેઢીએ દરેકને જલેબી વહેંચી. ફળિયામાં પણ દરેકનાં મોઢાં મીઠાં કરાવ્યાં. તેમને હૈયે અપાર આનંદ હતો... અમરનાં બા અને બાપુજી બન્ને ખુશખુશાલ બની ગયાં અને અમરને ઘરનો વહીવટ સોંપીને બન્ને જણાં વહુની અને પૌત્રીની ખબર કાઢવા ઊપડી ગયાં... અમરને હૈયે જોઈએ તેટલો આનંદ થયો નહિ. કોણ જાણે એનું કારણ શું હશે ? એ વાત અમરને પોતાને પણ સમજાઈ નહિ. અમરનો જીવ તો ખરું પૂછો તો બીમાર, એકલવાયી, અશક્ત અને અસહાય એવી અંજનામાં પરોવાયેલો હતો... અમુલખરાયે કહેલું કે તેમના પાછા આવી ગયા પછી અમરને જવું હશે તો વિશ્વાસનગર જઈ આવશે... અમરના હૈયે વિશ્વાસનગર જવાનો જોઈએ તેટલો ઉમગ તો ન હતો... પરંતુ કાન્તાબહેન હરઘડીએ, વારંવાર કહ્યા કરતાં હતાં એટલે અમર પણ વિશ્વાસનગર જઈ આવ્યો...

વિશ્વાસનગરમાં અમરની પહેલાં જેવી આગતા-સ્વાગતા થઈ. પાણી માગે ત્યાં દૂધ હાજર થઈ જતું.





'બેબીનું મોં બિલકુલ અમરકુમારના મોં જેવું જ છે.' અનસૂયાબહેન બેબીને રમાડતાં હતાં...

'ભાણીનાં આંખો અને નાક રશ્મિ જેવાં છે.' ચન્દ્રલક્ષ્મીએ સૂર પુરાવ્યો...

'બેબીની રાશિ તુલા પર છે, જન્માક્ષર તૈયાર થઈને આવી ગયા છે.' ધ્યાનચંદે મહત્ત્વના સમાચાર કહ્યા.

'આપણે શું નામ રાખીશું ?' કહી અનસૂયાબહેને અમર, ધ્યાનચંદ, ટેકચંદ અને ચંદ્રલક્ષ્મી સામે જોયું.

'નામ હું જ પાડી દઉં ? બધાંને ગમશે ?' ચન્દ્રલક્ષ્મી ઉત્સાહથી બોલી ઉઠી.

'હા, એમાં શું ?' ધ્યાનચંદે ટેકો આપ્યો.

'એનું નામ તૃપ્તિ રાખીએ તો કેવું ? મને આ નામ ખૂબ જ ગમે છે, ચન્દ્રલક્ષ્મી ઉવાચ.

બધાને 'તૃપ્તિ' નામ ગમી ગયું. બેબીનું નામ તૃપ્તિ રખાયું... અમર અને રશ્મિ ભેગાં થયાં એટલે...

'તબિયત સાચવજે...' અમરે કહ્યું.

'મને તબિયત સાચવવાનું કહો છો અને તમે જુઓને તમારી તબિયત કેવી કરી નાખી છે ? બે ટાઈમ નિરાંતે જમતાં પણ નહિ હો... દોડાદોડમાં ને દોડાદોડમાં...'

'ના રે ના' એવું કાંઈ નથી... રશ્મિ, હજી તારે આરામ લેવાની જરૂર છે. તું અહીંયાં એકાદ મહિનો રોકાઈ જા... હું આપણા પ્રિન્સિપાલને મળીને તારી રજાઓની વ્યવસ્થા કરી લઈશ... આપણી સ્કૂલો આ સોમવારે એટલે કે ૧૫ જૂને ખૂલે છે. તું ૧૦મી જુલાઈ સુધી રહે તો તે પ્રમાણે હું ગોઠવણ કરી દઉં અને પછી તેડી લઈ જવાની વ્યવસ્થા પણ કરી શકાય.' અમર ઉવાચ...

'સારું પણ એક મહિનાથી વધારે મારે અહીંયાં રહેવું નથી. હું તો અહીંયાં બેઠાંબેઠાં કંટાળી ગઈ છું... વખત જ જતો નથી.' રશ્મિ

બોલી.

'તૃપ્તિ નામ કેવું લાગ્યું ? તને ગમે છે ?'

'તૃપ્તિ મારી દીકરી અને મારી દીકરીનું નામ એ બન્ને મને ખૂબ જ ગમે છે. ભલે હું હોઉં કે ના હોઉં પણ મારી ભેટ મારી અમાનત મારી તમને કાયમ યાદ આવશે. મારા અસ્તિત્વની સાક્ષી પૂરશે.'

રશ્મિ વધુ આગળ બોલે તે પહેલાં અમરે રશ્મિના ગુલાબી હોઠ પર હાથ મૂકી દીધા અને કહ્યું...

'આવે વખતે આવી અશુભ વાતો મને બિલકુલ ગમતી નથી... પ્લીઝ રશ્મિ, આવું ન બોલ.'

'ત્યારે તમને શું ગમે છે ?' રશ્મિ હસી... તેના હાસ્યમાં કોઈ રહસ્યમય સંકેત વ્યાપેલો અમરને લાગ્યો...

'મને મને મારી દીકરી તૃપ્તિ અને તૃપ્તિની મમ્મી બંને ગમો છો...' કહી અમરે પોતાની દીકરીના ગાલ પર મધુર ચુંબન ચોંડી દીધું...

વિશ્વાસનગર જઈ આવ્યે અઠવાડિયું પૂરું થયું. સોમવારે સ્કૂલ ખૂલી જવાની હતી. ઉનાળાનું વૅકેશન પૂરું થવા આવ્યું હતું. ફરવા ગયેલા પરગામ ગયેલા બધા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અને શાળાનો ટીચિંગ સ્ટાફ રંગપુર શહેર તરફ પરત આવતો હતો... અમરે પણ હવે પોતાના બાપુજીને પેઢી અને દુકાનનો વહીવટ સંભાળી લેવા આગ્રહ કર્યો અને પોતાને સમય મળશે તો દરરોજ સવારે અને સાંજે પેઢીએ અને દુકાને પોતે જાણે આંટો મારી જશે એવું કહી જણાવ્યું.

અમુલખરાયને હવે આ બાબતે કોઈ વાંધો ન હતો. અમુલખરાય તો સંમત હતા જ. પરંતુ હજુય તેમના મનમાં એ ભાવના જીવંત હતી કે પોતાનો દીકરો આ પંતુજીની નોકરી છોડી દઈ વેપારમાં ઝંપલાવે તો સારું, પણ દીકરો પોતાનું માને એવો ક્યાંથી ?

ઊઘડતી સ્કૂલે બધાંને ખબર તો પડી ગઈ કે અમરકુમાર ચોક્સીને ઘેર બેબી આવી છે. અમુલખરાયે બધાને જલેબી અને મીઠાઈ વહેંચવાની



પહેલેથી ગોઠવણ કરી દીધી હોઈ કોઈ પાસે 'અમરભાઈ બેબી,આવી છે જલેબી ખવડાવો' એવું કહેવાપણું બાકી રાખ્યું ન હતું.

સ્કૂલનો પહેલો દિવસ... બધાંની પાસે અવનવી વાતો સાંભળવાનો, રજાઓ કેવી રીતે પસાર કરી ? ક્યાં ક્યાં ફરી આવ્યા...? ક્યા ક્યા અનુભવો થયા ? વગેરે જાતજાતની વાતો સાંભળવાનો પહેલો દિવસ... અવનવા ઉમંગ અને આનંદ ઉલ્લાસ ભરપુર દિવસ શાળાના આચાર્યશ્રી સાહેબ, ઉપાચાર્યશ્રી તથા તમામ શિક્ષક-ભાઈઓ અને બહેનોએ અમરને 'પપ્પા' બનવા બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા અને રશ્મિની બેબીની મમ્મી કેવી છે તે બાબતે પૃચ્છા પણ કરી...

આ બધી વાતોથી અમરના અંતરને આનંદ થયો નહિ. અમરના હૈયાને શાંતિ, સુખ અને સંતોષ મળ્યાં નહિ. અમરના હૈયામાં આજે પણ એક જાતનો અજંપો હતો... ચિંતાનાં પારાવાર વાદળો અમરને ઘેરી વળ્યાં હતાં. અમરની બેચેથી પળપળ વધતી જ ચાલી. જેમ જેમ ઘડીઓ ગણાતી હતી તેમ તેમ અમરના દિલમાં અત્યંત બેચેની વધતી જતી હતી... આજે સ્કૂલ ખૂલવાના પહેલે જ દિવસે પણ અંજના સ્કૂલે નોકરી કરવા હાજર થઈ ન હતી. શું અંજનાની બીમારીએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હશે ? અંજનાને તે છેલ્લી છેલ્લી વરાંસી નદીના પુલના છેડે મળ્યો હતો. ત્યારપછી તે અંજનાને બિલકુલ મળ્યો ન હતો. પોતે વેપાર-ધંધામાં ખૂબ જ ખોવાઈ ગયો હતો અને પોતાની અંજના તરફ બેદરકારી બદલ અમરના દિલમાં અપાર દુઃખ થયું... ક્યારે સ્કૂલનો સમય પૂરો થાય અને પોતે અંજનાને ઘેર જઈ અંજનાને રૂબરૂમાં મળે, અંજનાની ખબરઅંતર પૂછે... એ જાતની ઇચ્છાના તરંગો અમરના હૃદય સરોવરમાં અવાર-નવાર ઊઠવા લાગ્યા.

સ્કૂલ છૂટવાનો લોંગ બેલ સાંભળતાં જ અમરે કાર્યાલયમાં ગયા સિવાય તરત જ સ્કૂટર તરફ પ્રયાણ કર્યું. સ્કૂટર ચાલુ કરીને અમરે પોતાના સ્કૂટરને અંજનાના ઘર તરફ મારી મૂક્યું.

'અંકલ... અંકલ...' નાનકડો અજય પણ નદીછેડાના પુલની

નીચેની મુલાકાત હજી સુધી ભૂલ્યો ન હતો... અમરને અજયે ઓળખી લીધો... અંજનાના ઘરમાં અંજનાનાં ભાભી, વિકાસભાઈ હાજર હતાં... નાનકડા અજયને અમરે પ્યારથી તેડી લીધો.

'આવો અમરભાઈ, બહુ દિવસે...' વિકાસે અમરને આવકાર્યો.

'અરે, શું વાત કરું ! બાપુજીએ મારા પર પેઢી અને દુકાનની બંને જવાબદારીઓ નાખી દીધી... એટલે આ ઉનાળાની રજાઓ કેવી રીતે વીતી ગઈ તેની ખબર રહી નહિ... હવે અંજનાબહેનને કેમ છે ?' અમર બોલ્યો.

'અંજના એના રૂમમાં આરામ કરે છે... એની તબિયત જેમ જેમ દિવસો જાય છે તેમ તેમ લથડતી જ જાય છે... કેટલુંય કહીને થાક્યો તોય પૂરતો ખોરાક લેતી નથી અને મહાપરાણે દવા, ગોળીઓ અને ઈંજેક્શનો આપીએ છીએ... અમરભાઈ, હવે તમે જ મારી બહેનને સમજાવો... નહિ તો હું એકલો...' બોલતાં બોલતાં વિકાસની આંખોમાં ઝળહળિયાં આવી ગયાં.

'અરે ! એમાં સાવ નિરાશ થઈ ગયા તમે ! આવો, હું સમજાવીશ હવે...!' કહી અમર આગળ વધ્યો એટલે મનોરમાએ જવા માટેની જગા કરી આપી અને અમર અંજનાની અલગ રૂમ તરફ ચાલ્યો. પાછળ પાછળ વિકાસ પણ હતો. મનોરમા ચા કે કૉફી તૈયાર કરવા કિચન તરફ વળી...!

અંજનાની રૂમની બારીઓ ખુલ્લી હતી. અંજનાનો રૂમ બિલકુલ રોડને અડીને હતો. અંજનાના રૂમની બારીઓમાંથી અમુલખરાય ચોક્સી શ્રોફ કું.ને સરસ રીતે નિહાળી શકાતી હતી... અંજના ધાબળો ઓઢીને સૂતી હતી... અંજનાનો ચહેરો એકલો જ ધાબળાના આવરણ વિનાનો હતો કે જે પૂનમના ચંદ્ર જેવો ફિક્કો લાગતો હતો... ટેબલ પર 'અખંડ આનંદ' અને બીજાં બે ત્રણ સાહિત્ય માસિકો પડ્યાં હતાં... ટેબલ પર દવાઓ અને ટેબ્લેટ્સ પાર વગરનાં રંગબેરંગી કવરોમાં પોતપોતાની હાજરીનું અલગ રીતે પ્રદર્શન કરતી હતી.



અમર ધીમેથી અંજનાની રૂમમાં દાખલ થયો. ભૂલથી લાકડાના સ્ટૂલને ઠેસ વાગી કે ટેબલ પરનો સ્ટીલનો ગ્લાસ ગબડીને નીચે પડ્યો. ખમખણણ... ખણ કરીને અવાજ થયો એટલે...

અંજનાએ ધીમેથી પોતાની આંખો ખોલી અને પોતાની દૃષ્ટિ અમર પર એવી રીતે સ્થિર કરી, તે વખતે અમરને પોતાને ઘડીભર એવું લાગ્યું કે જાણે પોતે મહાગુનેગાર ન હોય... અમરના શરીરમાં એક કંપારી વછૂટી ગઈ...! ઠંડી લહેર દોડી ગઈ છતાં અમરના કપાળે પરસેવો વળી ગયો...

'બહુ દિવસે... આ ઘર યાદ આવ્યું...' અંજના મહાપરાણે લુખ્ખું હસી... હાસ્યની સાથે ખાંસી શરૂ થઈ... મનોરમાભાભી બે પ્યાલા ભરી લઈ આવ્યાં. એક પ્યાલો અમરને આપીને પછી અંજનાને બેઠી કરી, પછી અંજનાને પાણી પિવડાવી તે ખાલી થયેલા સ્ટીલના ગ્લાસ લઈ રસોડામાં પાછી ગઈ અને નાનકડો અજય મમ્મીની પાછળ પાછળ ગયો...

*

તે દરમિયાન વિકાસ બાજુના રૂમમાંથી બે ફોલ્ડીંગ ચેર લઈ આવ્યો. એક અમરને બેસવા માટે આપી અને બીજી ખુરશીને પહોળી કરી તેના પર બેઠો.

અમર પણ રોયલ ચેરને પહોળી કરીને ખુરશી પર બેઠો...

'અંજના મને તે વાતનું ખૂબ જ દુઃખ છે... પરંતુ બીજી એ વાતનું પણ દુઃખ છે... કે તમો બરાબર રીતે ખોરાક-પાણી લેતાં નથી. ડૉક્ટરની સલાહ પ્રમાણે દવા, ઈંજેક્શન કે ટેબ્લેટ્સ પણ લેતાં નથી. આ બધી ગોળીઓ અને દવાની શીશીઓ તો બસ અમારા જેવા લોકોને બતાવવા માટે જ છે ! કેમ ખરી વાત છે ને ?...' અમરે ગંભીરતાથી કહ્યું.

'...તમે તમારા દિલમાં કેટકેટલાનાં દુઃખો લઈને ફરશો...? મારા લીધે તમે કોઈ દુઃખી ન થશો... મને હું જીવતી હોઉં તો જીવવા દો અને મરતી હોઉં તો મરવા દો...' કહી અંજના મહાપરાણે હસી.

એ હાસ્ય એ કહેવા પૂરતું જ હાસ્ય હતું... અંજનાની બગડતી જતી તંદુરસ્તી એ કૃત્રિમ હાસ્ય પાછળ ડૂસકે ને ડૂસકે રડતી હતી, આક્રંદ કરતી હતી.

'અંજુ, હું કાંઈ હાંસીમજાક કે મશ્કરી કરતો નથી... પણ પૂરી ગંભીરતાથી અને વાતને સમજીવિચારીને કહી રહ્યો છું...' અમર બોલ્યો.

'હું પણ તમારી કહેલી વાતોને ક્યાં હસી કાઢું છું !... તમારી તમામ વાતોને પૂરેપૂરા શાણપણથી મેં આજ સુધી સાંભળી છે...' અંજના બોલી.

કાંઈક યાદ આવતાં અમર ઊઠ્યો અને ઊઠીને બહાર ગયો અને સ્કૂટર પર રાખેલા ચામડાના લાલ-બ્રાઉન રંગના નાનકડા પાકીટમાંથી બે મોટાં ખોખાં કાઢીને અંદર લઈ આવ્યો ને પેકેટ અંજનાને સુપ્રત કર્યાં.

'અંજુ, આ લે મીઠાઈ, એક તારા માટે છે અને બીજી મનોરમા અને વિકાસ માટે છે... એક વાત કરવાની ભૂલી ગયો કે આ મીઠાઈ રશ્મિને દીકરી બેબી જન્મી છે તેની ખુશાલીની છે...'

'ઓહ ! એમ વાત છે ? ત્યારે તો તારા બા-બાપુજી દાદા-દાદી બન્યાં ખરું ને ?'

'હા.'

'બેબીનું નામ પસંદ કર્યું છે કાંઈ ?'

'હા... તૃપ્તિ... એનું નામ છે...'

'ઘણું જ સરસ નામ છે... હવે મને વધારે કાંઈ તૃષા રહી નથી... અમર... તારી તૃપ્તિ એ મારી તૃપ્તિ છે. અમર, તારી તૃપ્તિને મારે ધરાઈ ધરાઈને જોવી છે. મને બતાવીશ ને ? અમર તૃપ્તિને મારા વતી વહાલ કરજે, મારા વતીથી રમાડજે.' અંજનાના અવાજમાં કંપન હતું. અવાજમાં આંદોલન હતું. આંખોમાં ઝળઝળિયાં હતાં.. અમરની અનુભવી આંખોથી આ વાત અજાણી રહી નહિ. એ મનોમન સમજી ગયો... અંજનાએ પોતાની પુત્રીના જન્મના ખબર સાંભળી જે હાવભાવ દર્શાવ્યા જે વહાલ બતાવ્યું તેનાથી અમરના હૈયાને ખૂબ



સંતોષ અને આનંદ મળ્યાં.

એટલામાં મનોરમા કૉફી લઈને આવ્યાં... એક કપ અમરને આપી બીજો કપ ટેબલ પર પર રાખી એ ત્રીજો કપ વિકાસ માટે લેવા માટે અંદર ગયાં.

અતિશય થાકને કારણે અંજનાએ પોતાની આંખો મીંચી દીધી હતી. એ પથારીમાં પડી પડી હાંફતી હતી. અંજનાનું શરીર બિલકુલ દૂબળું-પાતળું થઈ ગયું હતું.

'મોટી બહેન, કૉફી પી લો...' અત્યાર સુધી અમર-અંજનાનો સંવાદ સાંભળી રહેલા વિકાસે કહ્યું.

મહાપરાણે અંજના ફરીથી પથારીમાં બેઠી થઈ... એનામાં ખૂબ જ અશક્તિ આવી ગઈ હતી... અમરને અંજનાની આ દશા જોઈને ખૂબ જ દુઃખ થતું હતું. એની ભીતરમાં ધમસાણ મચ્યું હતું.

'લે બેટા મીઠાઈ...' કહી અંજનાએ 'આ તારા અમર અંકલે આપી છે...' મીઠાઈના ખોખામાંથી બરફી કાઢી પોતાના ભત્રીજા અજયના મોઢામાં મૂકી અને થોડો ટુકડો અમરને, થોડો વિકાસને અને થોડો પોતે ખાઈ અમરની સામે ભાવપૂર્ણ જોઈ રહી.

આથી અમરને ખૂબ જ આનંદ થયો.

*

થોડીવાર રોકાઈ... અમરને હજી દરરોજના કાર્યક્રમ મુજબ પેઢીએ જવાનું હોઈ, તે જવા રવાના થયો...

રાત્રે થાકેલોપાકેલો અમર જ્યારે પોતાના ઘરે પહોંચ્યો ત્યારે અમુલખરાય અને કાન્તાગૌરી અમરની કાગડોળે રાહ જોતાં બેઠાં હતાં...

'બા, અંજનાની તબિયત ખૂબ જ સિરિયસ છે એટલે એના ઘરે ગયો હતો...' અમરે ડાઇનિંગ ટેબલ પર બેસતાં કહ્યું.

'મને તો આજ સુધી વિકાસે કે અંજનાએ કોઈ જ વાત કરી નહિ... મને સાવ અંધારામાં રાખ્યો...' અમુલખરાયે અફસોસથી કહ્યું.

'બિચારી ફૂલ જેવી હતી... ભગવાન તેને બચાવે...' કાન્તાગૌરીએ ભગવાનને પ્રાર્થના કરી...

જમીપરવારી લીધા પછી અમર પોતાના બેડરૂમમાં પડ્યો પડ્યો આરામ કરતો હતો ત્યાં ફોનની ઘંટડી રણકી... બાપુજીનો ફોન હતો... કોઈક વેપારીને ધંધાની વાત કરવી હશે... અમર પોતાના પિતાને કોઈની સાથે વાત કરતાં પણ સાંભળી રહ્યો. નવ વાગ્યા હતા...

નીચેથી અમુલખરાયે બૂમ પાડી. 'અમર... તારો ફોન છે... વાડીલાલનો ઘરેથી ફોન છે... નીચે આવ...'

બૂમ સાંભળતાની સાથે જ અમર નીચે ઊતરી આવ્યો અને ફોન દ્વારા જ સમાચાર જાણવા મળ્યા કે :

'અંજનાની હાલત બિલકુલ ખરાબ છે, તે બેભાન બની ગઈ છે... અતુલભાઈ, વિકાસ, મનોરમા અને ઉષા વગેરે અંજનાને... સિવિલ હૉસ્પિટલમાં લઈ ગયાં છે. તે સિરિયસ છે... તમને યાદ કરે છે... તમે આવો છો ને ?' વાડીલાલે ફોનમાં જણાવ્યું...

આ સમાચાર સાંભળી અમર તૈયાર થઈ ગયો જવા માટે. તે જતો હતો... તેવામાં...

'બેટા અમર, આ લે અંજના કોઈપણ હિસાબે બચવી જોઈએ...' કહી અમુલખરાયે તિજોરીમાંથી કાઢી રાખેલા રૂપિયા બે હજાર અમરના હાથમાં મૂક્યા.

અમરે ધ્રૂજતા હાથે રૂપિયા લીધા. અમરની આંખોમાં ઝળઝળિયાં હતાં. અંતર રડતું હતું.

એ રાત્રે અંજના બેભાન રહી... બધાં વિકાસ, અતુલભાઈ, ઉષાભાભી, મનોરમાભાભી, વાડીલાલ બધાં ઊંચા મને ઊભાં હતાં...

છેક સવારે સાત વાગ્યે હવે અંજના ભાનમાં છે અને હવે તે જોખમમાંથી મુક્ત છે તેવું જ્યારે ડૉક્ટરે જણાવ્યું ત્યારે બધાનો શ્વાસ હેઠો બેઠો.

■

# 19

## ખોવાયેલું જીવન - ખોવાયેલું મન

મન એ જ મુખ્ય વસ્તુ છે... મનવાળો જીવ એટલે જ માનવી. મન વગરનો માનવી સંભવી જ શકે નહિ. મન જ માનવીને ડોલાવે છે, ડરાવે છે, હસાવે છે, રડાવે છે. હરાવે છે, ફસાવે છે, જિતાડે છે અને બધું જ કરાવે છે. મન એક જ એવું અંગ છે કે જેને માનવી પોતાના નિયંત્રણમાં રાખી શક્યો નથી અને ભવિષ્યમાં રાખી શકશે પણ નહિ. મન વગરનો માનવી આખી દુનિયા માટે નકામો છે. મન વગરના માનવી માટે આખી દુનિયા નકામી છે. દુનિયાની દરેક જીવતી જાગતી, સજીવ, નિર્જીવ વસ્તુઓ મન વગરના માનવી માટે નકામી છે. બિલકુલ હેતુ વગરની છે. મન વગરનો માનવી એટલે કે ચેતના વગરનો માનવી. જે માણસમાંથી ચેતના અદૃશ્ય થઈ ગઈ હોય, કે માનવી બિલકુલ અચેત હોય તેવા માણસ. બિલકુલ અચેત એટલે નિર્જીવ મડદું. અહીંયાં પણ મન વગરના માનવીના બે પ્રકારનાં છે. એક તો એવો માણસ કે જેનામાં જીવ નથી, જીવ વગર જીવન શક્ય નથી. જીવ એ જ જીવન છે. જીવન હશે તો દુનિયા છે, ધરતી છે, આકાશ છે, તારા છે, ગ્રહો છે, સૂર્ય છે, ચન્દ્ર છે, વાદળ છે અને અગ્નિ છે. જીવ વગરના નિર્જીવ માનવીની વાત કરતાં મન વગરના માનવીની વાત અલગ-અલગ છે. ઉપાધિ છે કાંઈક જુદી છે.

નિર્જીવ મડદું એટલે નિર્જીવ કે જે બીજા બધા પહાડો પથ્થર, લાકડું ખુરશી ટેબલ કે બીજા બધા અચેત પદાર્થો કે જેમાં જીવ નથી, જીવન નથી, તેવા પદાર્થો કે જે હલનચલન કરી શકતા નથી. પોતાના હાવભાવ, પોતાની લાગણીઓ પ્રદર્શિત કરી શકતા નથી. હાલીચાલી શકતા નથી, જોઈ શકતા નથી, દોડી શકતા નથી.

જ્યારે મન વગરનો માનવી ઉપરની બધી જ પ્રક્રિયાઓ કરી શકે

છે. તે હાલી શકે છે, તે ચાલી શકે છે. તે દોડી શકે છે, તે હરીફરી શકે છે, તે જરૂર જણાયે હસી શકે છે, રડી શકે છે, ખાઈ શકે છે, મન વગરનો માનવી એટલે ચાવી ભરેલું કોઈ યંત્ર. તે યંત્ર ચાવી ભરાવાના કારણે હલનચલન કરે. એ જ પ્રમાણે મન વગરનો માનવી પણ એક ચાવી ભરેલું યાંત્રિક રમકડું જ છે. એને મન દરેક ક્રિયાઓ, જીવનની દરેક ઘટનાઓ, દરેક બનાવ એ બધું યંત્રમય લાગે છે.અને મનમાં જે કાંઈ કુદરતી રસ કે સ્વાભાવિક રસ ઉત્પન્ન થવા જોઈએ તે પેદા થતા નથી. તે કોઈ યંત્રની માફક જીવનના ક્ષેત્રે તમામ પ્રકારની ક્રિયા વિધિઓ, ક્રિયા પ્રક્રિયાઓ કર્યે જ જાય છે. પેલા ચાવી ભરેલા રમકડાની માફક !!!

સિવિલ હૉસ્પિટલમાં લગભગ પંદર દિવસના લાગલગાટ વસવાટ પછી અંજનાય મન વગરની બની ગઈ હતી. અંજનાની હાલત મન વગરના માનવી જેવી થઈ ગઈ હતી. તે જે રીતે બોલતી હતી, હસતી હતી, ખાતી હતી, પીતી હતી, હરતીફરતી હતી, તે બધા જ પ્રકારની ક્રિયા-પ્રક્રિયાઓમાં કુદરતી સ્વભાવિકતા હતી જ નહિ. તે દુનિયાને જાણે ઓળખતી ન હોય તે રીતે જ પોતાનો વર્તાવ કરતી. પોતાના હાવભાવમાં પોતાની લાગણીઓ અને પોતાના ચહેરાની અસલિયતમાં અંજનાએ યાંત્રિકતા લાવી દીધી હતી. અંજનામાં આ એક અજબ પ્રકારનું અનોખું પરિવર્તન આવી ગયું હતું. એ બિલકુલ અકુદરતી, કોઈ પાષાણની મૂર્તિ જેવી યાંત્રિક બની ગઈ હતી.

અંજનાની હાલતમાં થોડોઘણો સુધારો થયો એટલે સિવિલ સર્જન શ્રી ભટ્ટે અંજનાને ક્ષયની બીમારી હોઈ તેમ જ અંજનાનું શરીર ધીમે ધીમે ખવાતું જતું હતું તેને કારણે અંજનાને ટી.બી. સેનેટોરિયમમાં લઈ જવાની સલાહ આપી. ટી.બી.ની એકની બીમારી હોત તો કાંઈ હરકત નહિ, પણ અંજનાને ગળાનું કેન્સર પણ છે એવું સિવિલ હૉસ્પિટલના કેન્સરના વિશેષજ્ઞોએ નિદાન કર્યું હતું અને એ પણ કહ્યું હતું કે અંજના વધારેમાં વધારે દોઢથી બે મહિના ભાગ્યે જ જીવી


શકે... કારણ કે અંજનાના પોતાનામાંથી જીવન સામે ઝઝૂમવાની જીવન જીવવાની પ્રેરણા, જીવનશક્તિ ધીમે ધીમે નાશ પામતાં હતાં. એ જીવનશક્તિનો ક્ષય થતો હતો ધીમે ધીમે.

સિવિલ હૉસ્પિટલના જાણકાર અને દરેકના સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરોએ તબીબોએ જ્યારે ઉપર મુજબનો અભિપ્રાય આપ્યો ત્યારે કાન્તાગૌરી, અનસૂયાબહેન, ઉષાભાભી, મનોરમાભાભી, પટેલ એન્ડ શાહ હાઈસ્કૂલનાં બહેનો ઉષાબેન, મંદાકિની, આચાર્યશ્રી ત્રિવેદી, ઉપાચાર્યશ્રી જોષી સાહેબ, દિનકરભાઈ, ચન્દ્રકાન્ત, ઉમેશભાઈ, ધનરાજભાઈ, કરસનકાકા, ગોવિંદભાઈ અને વિનોદભાઈ વગેરે જો કે રશ્મિકાને બેબી હોઈ તે વિશ્વાસનગર ખાતે હતી એટલે તે સિવિલ હૉસ્પિટલની મુલાકાતે ગઈ ન હતી... જે અભિપ્રાય જાણીને તમામ આ વખતે દુઃખી દુઃખી થઈ ગયા. બધાના મનમાં હાયકારો, અરેરાટી, દુઃખ, ગ્લાનિ, ક્ષોભ તરવરી ઊઠ્યાં, ત્રાસી ઊઠ્યાં.

અમુલખરાય, વિકાસભાઈ, અતુલભાઈ, વાડીલાલ પેઢી અને દુકાનના બધા જ કર્મચારીઓ પણ આક્રંદ કરી ગયા. હાય હાય આ શું થવા બેઠું છે ? હવે શું થશે ! ક્યારે શું થશે ! કહી શકાય નહિ ! બધાના મનમાં એક આસાન ભય ઘર કરી ગયો. બધાને અંજનાના મૃત્યુનો ભય બિવડાવતો હતો... ડરાવતો હતો.

જ્યારે અંજનાએ પોતાના પરિવાર સાથે સિવિલ હૉસ્પિટલ છોડી. સિવિલ હૉસ્પિટલને અલવિદા કરી ત્યારે સિવિલ સર્જનથી પટાવાળા અને નર્સ, દાયણ અને બીજો બધો સ્ટાફ રડતો હતો, હિબકાં ભરતો હતો. કારણ કે પંદર દિવસના વસવાટમાં અંજના દરેકના દૂધમાં સાકર ભળી જાય તે રીતે દિલમાં વસી ગઈ હતી. દરેકના દિલમાં વાણી, વર્તન અને વિચારથી ભળી ગઈ હતી... દરેકની મીઠાશ લઈ લઈને એકલા એકલા બીજા જગતમાં રહેવાનું સૌભાગ્ય ઘણા ઓછા માણસોને પ્રાપ્ત થતું હોય છે. અંજના પણ આ રીતે ભાગ્યશાળી હતી, નસીબદાર હતી.. ખુશનસીબ હતી.

જ્યારે અમર એક બદનસીબ હતો... ફૂટેલા નસીબનો હતો... અક્કરમી હતો... અમરને ક્યારેક ક્યારેક પોતાની જાત પ્રત્યે, માનવ જાત પ્રત્યે નફરત થઈ આવતી હતી. ઘૃણા થતી હતી. એક બાજુ મોત હસી રહ્યું હતું. પોતાનું વિકરાળ મોં ફાડીને અજગરની જેમ ધીમે ધીમે ભરડો લેવા, હાડકાંના ચૂરેચૂરા કરી નાખી, કોળિયો કરવા માટે આગળ વધતું મોત... આવા ભયંકર અને કમકમાભર્યા મોતની સાથે દુનિયા, દુનિયાના બધા માણસોના નસીબ, દુનિયાની તમામ દવાઓ, ગોળીઓ, ઈંજેક્શનો વગેરે નકામાં હતાં. ઉપયોગ વગરનાં હતાં... આ બધા વામણા થઈને દયામણે મોઢે, નિઃસહાય બનીને અંજનાના મોતનો ઠંડા બરફ જેવા ચિત્તે ઇંતેજાર કરી રહ્યાં હતાં. આવા માણસો તરફ અમરને ખૂબ જ ઘૃણા, નફરત થતી હતી. અમર પોતે પોતાની દુનિયાની પામરતા તરફ અકળાતો હતો, ગૂંચવાતો હતો... શું કરવું અને શું ન કરવું ? તે બાબતની પોતાને અમરને પણ ખબર પડતી ન હતી.

એક વખત ખાનગી-ખાનગી કોઈ જોઈ ન જાય તે રીતે રડતો જોઈને આંસુ વહાવતો જોઈને અમર પ્રત્યે અને અમરની દરેક વાતોને ખૂબ બારીકાઈથી, શાંતિથી સાંભળ્યા પછી અમર પ્રત્યે કૂણી લાગણી દર્શાવતી એક મીડવાઈફ નર્સ બહેન... મનહરબહેન ચૌહાણ કે જેનાં આચાર, વિચાર, વાણી, વર્તનમાં ત્યાગ, દયામાયા, પ્રેમ તમામ લાગણીઓ પરનો વિજય અને મીઠાશ હતાં. તે મનહરબહેન એક શ્વેત વસ્ત્રધારી બહેન, સેવાભાવી બહેન પણ...

જ્યારે અંજનાની સિવિલ હૉસ્પિટલમાંથી વિદાય લેવાની ઘડી આવી ત્યારે એમની આંખમાંથી બે અશ્રુબિંદુ ચમકી ઊઠ્યાં. જાણે ગુલાબી ગાલ પર બે ઝાકળબિંદુઓ પથરાયાં ન હોય... કોઈ ન જોઈ જાય તે રીતે આંસુઓ, પથરાયેલાં, રેલાએલાં આંસુઓનાં બે બિંદુઓને લૂછવાની, ભૂંસવાની, કોશિશ કરતાં મનહરબહેનને જોઈ અમરની આંખોમાં પણ ઝળહળિયાં આવી ગયાં...

મન મજબૂત કરી અમર પોતે તથા અંજના, અંજનાના મોટા ભાઈ



અતુલભાઈ, નાનો ભાઈ તેમજ વિકાસભાઈ, ભાભી મનોરમાબહેન અને ઉષાભાભી તેમ જ સાસુ સ્વરૂપબા સાથે પોતાની ફિયાટકારમાં ગોઠવાયો અને અમરે પોતાની ફિયાટકાર જ્યારે 'નવજીવન ટી.બી. સેનેટોરિયમ' તરફ દોડાવી ત્યારે બધા જ માણસો રડતા હતા... દુનિયા રડતી. ડૂસકાં ભરતી હતી... હિબકાં ભરતી હતી.

*

અંજના પરીખ... !

અમર ચોક્સી... ! અમુલખભાઈ... ! વિકાસભાઈ, સ્વરૂપબા, ઉષાભાભી, મનોરમાભાઈ,... ક્યારેક ક્યારેક અમરની બા કાન્તાગૌરી, અમુલખરાય, વાડીલાલ અને બીજા બધા સ્કૂલના ટીચિંગ સ્ટાફનાં ભાઈ-બહેનો અને બીજા બધા ઓળખાણ-પારખણવાળા મિત્રો-સંબંધીજનો અંજના પરીખને મળવા માટે આવી જતાં 'નવજીવન ટી.બી. ઉપચાર કેન્દ્ર'માં ત્યારે અંજના પોતાના વિચારમાં ખોવાઈ જતી. અટવાઈ જતી. ગૂંચાઈ જતી. મારે માટે આ બધા હરે છે ફરે છે... મારી દરેક પ્રકારની દેખભાળ રાખે છે. મારા દરેક પ્રકારના સુખસગવડનો વિચાર કરે છે, મેં તમામને છોડીને મારે એકલાએ જ જવું પડશે. મારી યાત્રાથી એક એવી યાત્રા કે જેને આ જગત સ્મશાનયાત્રા કહેશે. તે યાત્રાનો અંત એક સ્મશાનમાં હશે... આવી યાત્રા કે જે દુઃખકર, બીજા લોકો માટે અતિ દુઃખકર બની રહેશે. જે મારાથી નહીં જીરવાય. મારાથી તે લોકોના દુઃખ, વિલાપ, રુદન, કરુણા, ગ્લાનિનો તાપ મારાથી કેવી રીતે સહન થશે ? ઓ પરમાત્મા મને જીવનનું દાન કરો. મને લાંબી આયુષ્યરેખ આપો, મને બચાવો. મારા પ્રત્યે મને મારા ખાતર નહિ પણ મારા ભાઈ-ભાંડુ, મારાં સગાંસંબંધીઓ ખાતર મારા અમર માટે વધુ જીવનનું દાન કરો...'

અંજના ક્યારેક ક્યારેક ખૂબ જ નિરુત્સાહી નિરાશાવાદી, બની જતી... તે વખતે અંજનાનો ખાંસીનો રોગ શરૂ થઈ જતો. ખાંસી... ખાંસી... ખાંસી... ખોં... ખોં... ખોં... ખોં... ખોં... ખોં... સતત

દશ મિનિટ, પંદર મિનિટ, વીસ મિનિટ સુધી ખાંસી, ઉધરસની વણઝાર આવી જતી, ગળામાંથી લોહી પડતું... અને છેલ્લે બેહોશ, બેભાન બની જતી અંજના... ક્યારેક ક્યારે છ કલાક બાર કલાક માટે પથારીમાં ને પથારીમાં બેહોશીમાં પસાર કરતી ત્યારે બધાના જીવ પડીકે બંધાઈ જતા.

બીજી સવારે મલકતી રહેતી જાણે કાંઈ જ બન્યું નથી. પણ તેમાંય તદ્દન દુર્બળ, પાતળી, કમજોર અંજનાને હસવા, બોલવા, ઊઠવા, બેસવા, હરવા, ફરવા માટે પણ મથામણ કરવી પડતી.

આ બધું જોઈને અમર ખૂબ જ અકળાઈ જતો, ગૂંચવાઈ જતો, બેચેન બની જતો, ગૂંગળામણ અનુભવતો, બરાબર ગૂંગળામણ.

પણ એનો કોઈ રસ્તો જ હતો નહિ. કારણ કે બધાને એ જ રસ્તે જવાનું છે. એ જ દુનિયાનો છેડો છે, એ જ યાત્રા, અંતિમ યાત્રા બની રહેવાની છે. બધા અંજનાની અંતિમ યાત્રા સ્મશાનયાત્રાની રાહ જોતા હતા કે શું ?...

નવજીવન... ક્ષય... નિવારણ કેન્દ્ર... !

ક્ષય કે ટી.બી.ના દર્દીને વળી નવજીવન કેવું ? અંજના ઘણી વખત દુનિયાના ચિત્ર-વિચિત્ર ઢંગ, દુનિયાની વિરોધાભાસી વાતો સાંભળીને હસી પડતી. દુનિયાની દંભી વાતો અને દુનિયાના દંભ માટે તેને અપાર ઘૃણા હતી... ! તેને દુનિયાની આવી રીતભાત દુનિયાના વહેવાર માટે અણગમો હતો... ધિક્કારની લાગણી હતી...!

નવજીવન સેનેટોરિયમ... !

રંગપુર શહેરના હાઈવે રોડ પર આવેલું હતું. આ સેનેટોરિયમની પાછળ એક ઢોળાવવાળો નાનકડો પર્વત હતો... આ પહાડ પર ઊગેલાં વૃક્ષો અને તેની વનરાઈ... નાના નાના બાવળ તથા બીજાં ઝાડો અને વૃક્ષ, લતાવેલ તથા સવારે સાંજે ઘેરથી ચારો ચરવા બહાર જતાં આવતાં પક્ષીઓનો કલરવ...! બીજી બાજુ હાઈવે રોડની છાતી પર દોડી જતી એસ.ટી. બસો. હેવી ટ્રક જેવાં ભારે વાહનો અને શહેર તરફ કે શહેર



છોડીને બીજા શહેર કે ગામમાં વહી જતાં બીજા વાહનોથી રસ્તો ભરપૂર રહેતો. જો કે નવજીવન સેનેટોરિયમની આડોશ-પાડોશમાં કેટલીક સોસાયટીઓ હમણાં ગણતરીનાં વર્ષોમાં બંધાઈ હતી. શહેરમાં રહેતાં લોકોને રંગપુર શહેરનાં મકાનો સાંકડાં લાગવા માંડ્યાં હતાં. આથી સંકડાશને મોકળાશમાં ફેરવવા માટે કેટલાક સુધી ઘરના લોકો શહેરની બહાર રસ્તા પરની સાઈટો પર બિલ્ડિંગો બાંધવા માંડ્યાં હતાં... આ રીતે રંગપુર શહેરથી પાંચેક કિલોમીટરની આજુબાજુ શહેર તરફ આવતા જતા રસ્તાઓ પર પાંચ પચાસ સોસાયટીઓ બંધાઈ ગઈ હતી, જેથી હમણાં હમણાં સારી એવી વસ્તી રહેતી. આવી સોસાયટીનાં મકાનોમાં સુખી ઘરના ધનવાન લોકો રહેતા અથવા ઊંચા પગાર ધરાવતા નોકરિયાતો રહેતા... આ લોકો શહેરમાં આવતા-જતા...! આને કારણે નવજીવન સેનેટોરિયમ રોડ ભર્યોભાદર્યો લાગતો... અને એસ.ટી. બસો, ટ્રકો, રિક્ષાઓ, ઘોડાગાડીઓ, ટેક્સીઓ વગેરેની અવરજવરથી, દોડાદોડથી રોડનું વાતાવરણ ભરચક રહેતું...

અંજના જ્યારે પોતાને ઠીક હોય ત્યારે પોતે ‘નવજીવન સેનેટોરિયમ’ની ગેલેરીમાં બેઠી બેઠી ક્યારેક-ક્યારેક રંગપુર શહેરના રસ્તા પરનાં વાહનોની દોડાદોડ, ધમાલ, અવરજવર જોઈ રહેતી... તે દુનિયાની ભીડમાં પોતાની જાત ખોવાઈ જાય તેમ ઘણી વખત ઈચ્છતી... ઘણી વખત અંજના... સવારે... સોનેરી કિરણોનો વરસાદ વરસાવતા સૂરજને અને પર્વતને જોઈ રહેતી. ધુમ્મસ હોય ત્યારે તો સરસ વાતાવરણ સર્જાતું... ઝાંખીઝાંખી દુનિયા, ઝાંખું ઝાંખું આકાશ, ઝાંખાં ઝાંખાં વૃક્ષો, આકાશ, ઝાંખો ઝાંખો પર્વત અને ઝાંખાં ઝાંખાં આજુબાજુનાં સોસાયટીઓનાં મકાનો... ! અંજના ધુમ્મસમાં પોતાની જાત ઓગળી જાય... બિલકુલ ઓગળી જાય... ! કોઈ બરફની હિમશિલા ઓગળીને જેમ પાણીનો રેલો બની વહી જાય તેમ પોતાનું અસ્તિત્વ ઓગળી જાય પોતે દુનિયાથી દૂર દૂર નીકળી જાય... તેમ મનોમન ઈચ્છતી...!

નવજીવન સેનેટોરિયમનો સ્ટાફ મર્યાદિત હતો... સવારે એક ડૉક્ટર કે જે નવજીવન સેનેટોરિયમ ટ્રસ્ટને પોતાની માનદ સેવાઓ આપતા હતા. એક ડૉક્ટર નૈષધ શાહ... બે પરિચારિકાઓ (નર્સ) એક એટેન્ડેન્ટ, એક દવા આપનાર કમ્પાઉન્ડર એક બગીચાનો માળી સુખરામ અને એક સફાઈ કામદાર... ! આટલો સ્ટાફ.

અમરે આ સેનેટોરિયમનો વહીવટ કરનાર શ્રી ગુલાબભાઈ જોશીને અંજના માટે ખાસ ભલામણ કરી હતી...! એટલે અમરની ભલામણથી અને અમુલખરાયના નામથી અંજના માટે સારી સગવડ અને સ્પે. રૂમની વ્યવસ્થા કરવામાં આવી હતી... ડૉક્ટર અવારનવાર સવારે ૮-૦૦ થી ૯-૦૦ વાગ્યા સુધીમાં અને સાંજે ૪-૦૦ થી ૫-૦૦ વાગ્યા સુધીમાં દર્દીઓને તપાસતા અને જરૂર પ્રમાણે સારવાર કરવા તેમના સ્ટાફને સલાહસૂચન આપતા રહેતા. આ સેનેટોરિયમ કે નાનકડા દવાખાનામાં દશ-પંદર દર્દીઓ તો કાયમ રહેતા જ... જેને જેમ સારું થતું જાય તેમ તેમ તેટલા જતા રહેતા તેટલા જ નવા-નવા દર્દીઓની સંખ્યા ભરાતી રહેતી. દશથી પંદર દર્દીઓની સંખ્યાએ સરેરાશ સંખ્યા હતી. અંજના જ્યારે અહીંયા દાખલ થઈ ત્યારે દર્દીઓની સંખ્યા બારની હતી...!

અંજનાને આ સેનેટોરિયમનો બગીચો ખૂબ જ ગમતો. દેશી તથા વિલાયતી મે'દી... જાત જાતના આકાર, આકૃતિ તથા કમાનોવાળી મેંદી, હઝારીગોટા, બારમાસી, ચંપો, ગુલાબ, મોગરો, ગુલમહોર તથા રંગબેરંગી પુષ્પોથી ભરપૂર છોડ તથા વૃક્ષોની ઘટાવાળો બગીચો... અને આ બગીચામાંથી ગળાઈને શુદ્ધ થઈને, ફિલ્ટરેશનવાળી તાજી શુદ્ધ હવા, સવાર-સાંજની તાજી તાજી હવા... ! શરીરમાં અવનવી સ્ફૂર્તિ લાવતી હતી... અંજના માટે આ બધી સગવડ ગેલેરીમાં બેઠાં બેઠાં જ પ્રાપ્ત હતી... એ કેટલી નસીબદાર હતી...!

બીમાર લોકો... જે લોકો જીવલેણ રોગથી પીડાતા હતા. જે મૃત્યુનો ઘડીઘડી, પળપળ ઈન્તજાર કરતા હતા, જેમને મૃત્યુ નિશ્ચિત છે તે લોકો વળી નસીબદાર કેવા ! અંજના પરીખ પણ આ રીતે, તેના કમનસીબે નસીબદાર હતી.



શરૂઆતમાં અંજનાના મોટા ભાઈ અતુલભાઈ, મોટાં ભાભી ઉષાભાભી, નાનો ભાઈ, વિકાસભાઈ અને મનોરમાભાભી વારાફરતી સેનેટોરિયમમાં અંજનાની સાથે રાતદિવસ રહેવા સૂવાની કંપની આપી હતી... પણ પછી અંજનાએ મોટા ભાઈ તથા નાના ભાઈનાં બાળકોને, કુટુંબીઓને, ઘરને પડતી તકલીફનો વિચાર કરીને બધાને હસતે મોઢે વિદાય આપી હતી... છતાં ખાસ કરીને અંજનાને તેના ભત્રીજા વિકાસના દીકરા અજયની કંપની ગમતી... તે પોતાની કાલીઘેલી ભાષામાં વાતો કરી અંજનાનું મન બહેલાવતો રહેતો.

અજય પણ 'નવજીવન સેનેટોરિયમ' અને અંજનાની દરરોજ અચૂક મુલાકાત લેતો. અમરની સાથે ઘણો જ હળીમળી ગયો હતો... અમરને પણ અજય માટે ખૂબ જ વહાલ હતું. કુદરતી પ્રેમ હતો... કોઈ વખત પગે ચાલીને તો ક્યારેક જ્યારે અમર પોતાની કાર લાવે તો તેમાં બેસીને પણ ઈવનિંગ વોક કરવા અમર અને અંજના નીકળી પડતાં... અંજના માટે સેનેટોરિયમના દરેક દર્દીઓને જે રીતે મળતો, તે રીતે સાદા ખોરાકની વ્યવસ્થા સેનેટોરિયમ દ્વારા કરવામાં આવી હતી એટલે ટિફિન લાવવું અને લઈ જવું એવો કોઈ પ્રશ્ન હતો નહિ...! અમર સ્કૂલની લાઈબ્રેરીમાંથી ઢગલાબંધ પુસ્તકો અને સાહિત્ય લઈ આવતો રહેતો જે વાંચીને અંજના પોતાનો સમય પસાર કરતી હતી.

આટલી બધી સુંદર વ્યવસ્થા, સરસ ઉપચાર અને ઉત્તમ ગોઠવણ હોવા છતાં 'નવજીવન સેનેટોરિયમ' અંજનાને 'નવજીવન' આપી શક્યું નહિ. અંજનાની તબિયત દિન-પ્રતિદિન બગડતી રહી. શરૂઆતના પંદર દિવસ અંજનાની તબિયત સારી રહી, પણ સત્તરમા દિવસે જૂના દર્દે ઊથલો ખાધો... એ જ પાછી ખાંસી, ઉધરસ... ખોં... ખોં... ખોં... ખોં... એ સતત ખાંસી અને ઉધરસથી બેહોશ થઈ જવાની પ્રક્રિયા શરૂ થઈ એ જ દર્દ અને એ જ રફતાર ચાલુ રહ્યાં...

વિશ્વાસનગરથી રશ્મિનો અમર ઉપર કાગળ આવ્યો તેમાં રશ્મિએ

ભારપૂર્વક લખ્યું હતું કે તે હવે રંગપુર આવવા ઈચ્છે છે… તૃપ્તિની તબિયત સારી છે… તમે એટલે કે રંગપુર શહેરથી કોઈક આવીને તેને તેડી લઈ આવે. છેલ્લા એકાદ મહિનાની દોડાદોડમાં અમરને ક્યાં સમય જ મળતો હતો ? અમર પોતાની સ્કૂલમાં આખો દિવસ વ્યસ્ત રહેતો. વધતો સમય પેઢી, દુકાન અને 'નવજીવન સેનેટોરિયમ'માં અંજનાની સાથે ખાસ કરીને સમય પસાર કરતો હતો. આમ વિશ્વાસનગરથી પાછા આવ્યા દોઢ મહિનો થઈ ગયો અને કરેલા વાયદા પ્રમાણે પોતાને પોતાની પત્ની અને બેબીને પોતાના સાસરે જઈ તેડી લાવવાની વાત સમૂળગી જ તે ભૂલી ગયો. જ્યારે રશ્મિનો કાગળ આવ્યો ત્યારે જ તેને ખ્યાલ આવ્યો…

કાગળમાં લખી જણાવેલી વિગત જ્યારે ઘેર પોતાના બાપુજી અમુલખરાય અને બા કાન્તાગૌરીને અમરે કહી સંભળાવી ત્યારે :

'બેટા, હું અને તારી બા વિશ્વાસનગર જઈ વહુ અને તૃપ્તિને લઈ આવીએ… હમણાંના વેવાઈ, વેવાણને મળ્યાં નથી તો મળી પણ શકાય, બરાબર ને ?' અમુલખરાય બોલ્યા.

અમરે પોતાની સંમતિ દર્શાવી… કાન્તાગૌરી તો તૈયાર જ હતાં.

બીજે દિવસે વેપારધંધામાંથી સમય કાઢીને અમુલખરાય અને કાન્તાગૌરી વિશ્વાસનગર જવા કાર લઈને નીકળી ગયાં… પોતાના દીકરાની વહુ અને દીકરાની દીકરીને તેડીને ત્રીજા દિવસે સાંજે એ… રંગપુર પાછાં ફર્યાં…

■

# 20

## અંજનાની વિદાય; રશ્મિ પણ ગઈ !

ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે ?

જો ભગવાન રામચન્દ્ર ભવિષ્યને ન જાણી શક્યા હોય, કે ન સમજી શક્યા હોય તો પછી પામર માનવીની શી વિસાત ? ઘડિયાળની ટીકટીક, પળે પળે સેકન્ડે સેકન્ડે ખસતો જતો કાંટો અવનવા ભાવિની રચના કરે છે. ચિત્ર-વિચિત્ર જોગ-સંજોગો ઊભા કરતો હોય છે. માનવીએ આવા સંજોગોની સામે લોખંડી મનોબળ, મજબૂત મન સાથે લડવું રહ્યું, બાખડવું રહ્યું અને અથડાવું રહ્યું, એમાં જ માનવજીવનની ભવ્યતા છે, મહાનતા છે. જ્યારે જાણ્યે-અજાણ્યે ઊભા થયેલા સંજોગોને આધીન થઈ જવું, સંજોગોની તાબેદારી સ્વીકારી લેવી એમાં માનવજીવનની પામરતા, કાયરતાનાં દર્શન થાય છે… એ જ આપણા જીવનની કરુણતા છે, એક દુઃખદ ઘટના છે… ગમે તેમ આ પાર કે પેલે પાર, કઠણ કાળજું રાખીને ઊભા થયેલા વિપરીત સંજોગો સામે ટક્કર લેતાં શીખો. પ્રતિકૂળ સંજોગોનો સામી છાતીએ હસતાં હસતાં સામનો કરવો એ જ આપણા જીવનનું શ્રેય બની જવું જોઈએ. અડીખમ વર્ષોથી થાક ખાધા વગર ઊભા રહેલા ખડકો, પર્વતો, ગિરિમાળાઓ, વહી જતાં ઝરણાં, વહેતો પવન, વહેતું પાણી, વહેતી નદી, વગેરે કુદરતનાં અંગો આપણને વિપરીત સંજોગો સામે લડીને, સંજોગોની સામે બાથ ભરીને પણ, સંજોગોને અનુકૂળ થઈ આગળ વધતા જ રહો એવો નિર્દેશ કરે છે. જાણ્યે અજાણ્યે ઉપદેશ આપે છે. આ રીતે આપણને ચોવીસ-ચોવીસ કલાકો સુધી આપણાં આંખ, કાન સદાય ખુલ્લાં રહેતાં હોવા છતાં ઉપર પ્રમાણેની કુદરતી શીખ, કુદરતી ઉપદેશ આપણા મન સુધી પહોંચી શકતાં નથી. ઘણી વખત આપણે બિલકુલ નિરાશ થઈને, સાવ હતાશ થઈને, ઉમંગ વિનાના તરવરાટ, જોમ વિનાના

નિરુત્સાહી બની જઈએ છીએ, ત્યારે સદાય મુક્ત સદાય આઝાદ એવી કુદરત, પ્રકૃતિ આપણી એટલે માનવીના જીવનની ઠેકડી ઉડાવે છે... હાંસીમજાક કરે છે. માનવીની, અસહાય પામર માનવીની ખોટીખોટી દયા ખાય છે... આ બધી ચિત્ર-વિચિત્ર પરિસ્થિતિમાં મુકાઈ જવું અને તેમાંથી અડગ અડીખમ રહીને જેમ સોનું પરીક્ષામાં પાર ઊતરે તે રીતે જે સફળ રહે તે જ માનવી પોતાના જીવનમાં સફળ રહે છે અને સફળતા પામે છે. જેમ લોખંડ કટાય છે તેમ પુરુષાર્થ વગર પ્રારબ્ધને પણ કાટ લાગતો હોય છે. સૂતેલા નસીબને જગાડતાં શીખો.. સંજોગો ગમે તેમ વિપરીત હોવા પ્રતિકૂળ હોય તો પણ તેની સામે રહીને હસીને કોઈપણ જાતના કલેશ કે દુઃખદર્દની ફરિયાદ વગર સંજોગોની સામે લડતાં રહેવું એ જ સફળતાની એક અગત્યની ચાવી છે.

અમરના જીવનમાં પણ આવી સફળતા તથા નિષ્ફળતાથી ભરપૂર એવી ઘણી ઘટનાઓએ જન્મ લીધો હતો. આવી તમામ ઘટનાઓ, આવા તમામ સંજોગોનો અમરે ખેલદિલીપૂર્વક હસીને સામનો કર્યો હતો... સંજોગોની સામે તે ઝઝૂમ્યો હતો.. લડ્યો હતો.

જ્યારે અમર અને અંજના બન્ને સ્કૂટર પર બેસી વરાસી નદીના પુલના છેડે, ફરવા નીકળી પડ્યાં હતાં... રમણીય સંધ્યા ઢળી રહી હતી. નદીકિનારે અમર અને અંજના બેસીને : 'વિપરીત સંજોગો સામે જિંદગીના આખરી દમ સુધી લડતાં રહેવું એ જ આપણા જીવનનું ધ્યેય, લક્ષાંક બની રહેવું જોઈએ...' આવી બધી ચર્ચાઓ કરીને અંજનાની માનસિક સમતુલાને જાળવી રાખવાનો, અંજનાના દિલનો ઉત્સાહ, ઉમંગ, તરવરાટ, ન શમે તે રીતના ઘણા બધા પ્રયાસ અમર કરતો... અંજનાના અંતરની શ્રદ્ધા જીવન જીવવાની શ્રદ્ધા ટકી રહે તે માટે તે તનતોડ મહેનત કરતો.

'અમર તને મારી જિંદગીનો અર્થ શો લાગે છે ?' અંજનાએ પોતાના પગ નદીના વહેણમાં પલાળ્યા. એ શ્વેત સાડી અને શ્વેત બ્લાઉઝમાં શોભતી કોઈ જળપરી સમાન લાગતી હતી...



'અંજના, દરેકની જિંદગીનો અર્થ એટલો કે જેટલું ભગવાન જિવાડે એટલું હસી-ખુશીથી આનંદ-મઝાથી જીવો... કોઈ જાતના દુઃખ, ક્લૅશ કે કકળાટ વગર જીવવું અને જિંદગીનો રસ લૂંટવો એ જ તારી-મારી અને આખી દુનિયાના તમામ જીવોની જિંદગીનો અર્થ છે... ઉદ્દેશ છે.' અમર બોલ્યો.

'અમર, મને મારું જીવન સાવ અર્થ વગરનું રસ વગરનું નીરસ, આકાર વગરનું નિરાકાર અને કોઈ પણ જાતના ઉમંગ કે ઉત્સાહ વગરનું નિરુત્સાહી લાગે છે. હું મહાપરાણે શ્વાસોશ્વાસ લઈ રહી છું. જીવી રહી છું અને તને, મારા ભાઈભાંડુને મારા કુટુંબીને આખી દુનિયાને ભારરૂપ બની રહી છું...' અંજનાનો સ્વર વેદનાથી ભરેલો હતો.

'ના, એવી કોઈ વાત નથી - એવું ખોટું ખોટું સમજીને, વિચારીને તારે દુઃખી થવાની કે કાળજું કકળાવવાની કોઈ જરૂર નથી... અંજના એવી બધી વાતો તને, તારા જેવી ભણેલીગણેલી સમજુ, સુશિક્ષિત યુવતીને ન શોભે ? અને સાચું કહું પણ મને બીક લાગે છે... તને આ બાબતે ખોટું તો નહિ લાગે...?' અમર અચકાયો.

'હવે મેં ખોટું લગાડવું કે સારું લગાડવું એ બધો દુનિયાનો શિરસ્તો તોડી નાખ્યો છે ! કહી નાખ જે તારા મનમાં હોય તે...!'

'અંજના, તે વખતે તેં મારી વાત માની લીધી હોત અને મારી સાથે લગ્ન કરી લીધાં હોત તો તારી આવી હાલત ન હોત, કેમ બરાબર ને ?'

'એક તો તું મારા લીધે આટલો આટલો દુઃખી થઈ રહ્યો છે. દુઃખના તાવમાં શેકાઈ રહ્યો છે... અને તેમાં તે વખતે મારી સાથે લગ્ન કર્યાં હોત તો મારું અસ્તિત્વ હોત કે કેમ એ જ મારા માટે મૂંઝવણરૂપ વાત હોત... ના, ના હું નથી ઇચ્છતી કે તું પણ મારી જેમ સંસારમાળા ઘણા ટૂંકા ગાળામાં પૂરી કરી ભગવાનના દરબારમાં પહોંચી જાય...'

'અંજના, તારા વિના, તારા સંગાથ વિના મારું જીવન અધૂરું છે... અધૂરું રહેશે... મને મારા જીવનમાં સંતોષ પરિસંતોષ કે તૃપ્તિ

નહિ મળે... !'

'તૃપ્તિ તો તને રશ્મિકાથી પણ પ્રાપ્ત થઈ છે. અમર તું ખુશનસીબ છે કે તને રશ્મિ જેવી ભણેલીગણેલી, સમજુ, વિદ્વાન, નોકરી કરતી અને ધનવાન બાપની દીકરી એવી વહુ મળી છે. તારે રશ્મિકા છે... તારે ધનદોલત છે. દેવસ્વરૂપ મા-બાપ છે... સુખવૈભવ છે... તૃપ્તિ છે... બધું છે.' અંજના બોલી.

'અંજના ખરું કહું તો મારા જીવનમાં તારા વગર શાંતિ નથી, ઉમંગ નથી, કોઈ આશા નથી... કોઈ તરવરાટ નથી... કોઈ તૃપ્તિ નથી... એ બધું ફક્ત કહેવા માટે જ છે.' અમરનો અવાજ ભારે થઈ ગયો.

'શું એ વાત સાચી છે કે તું રશ્મિકા અને તૃપ્તિ હોવા છતાં દુઃખી છે ? આટલો બધો વૈભવ, સુખ, સંપત્તિ હોવા છતાં તું દુઃખી છે ? એ વાત મારી સમજમાં આવતી નથી...' અંજના ઉવાચ.

'ખરું કહું અંજના, સુખને હું સાચી રીતે સમજી શકતો જ નથી... મારી પાસે તમામ ચીજવસ્તુઓ હોવા છતાં મારા દિલમાં એક જાતનો અજંપો રહી ગયો છે. તે તારા સાથસહકારમાં જીવન જીવવાના જે અધૂરા ઓરતા રહી ગયા તે બાબતનો અજંપો. મારા અંતરની આ ઝંખના ક્યારેય અને કોઈપણ રીતે શારીરિક કે માનસિક રીતે સુખી નહિ થવા દે... એ એક નગ્નસત્ય હકીકત છે...' અમરના અવાજમાં વિવશતા, દુઃખની, વિષાદની લાગણીઓ ટપકતી હતી. જાણે દુઃખથી ભરપૂર કોઈ શરણાઈ વગાડી ન રહ્યું હોય તેમ અમર બોલતો હતો...

'તો તો તારા-રશ્મિકાના-તૃપ્તિના સુખ વચ્ચે હું જ દીવાલ બનીને ખડી છું. અમર આ એક રેતીની દીવાલ છે. મારા જીવનની રેતીની દીવાલ ક્યારેય પડી જશે... ઊખડી પડશે તેની મને પોતાને જાણ, સમજ કે ખબર નથી. મારું જીવન એક પાણીના પરપોટા જેવું છે... પરપોટો ક્યારે ફૂટી જાય તેની શી ખબર ? માટે આ બધી મોહમાયા અને લાગણીનાં બંધનો છોડીને તું તારી જીવનનૈયાને મારી જીવનનૈયાથી અલગ કરી દે... કારણ કે મારો જીવનમાર્ગ જોખમી છે... અનેક



વિઘ્નોથી ભરપૂર છે... મને મારું ક્ષણભંગુર જીવન ક્યારે ખતમ થઈ જશે તેની પોતાને ખબર નથી... આ બધું તારા ભલા માટે જ કહું છું... અમર, હજી પણ વિચાર કરજે... મારી આ વાતોનો... કાલે હું હોઉં કે ન હોઉં પણ તારે મારા જીવનનાં સુખશાંતિથી વિચાર કરીને, ડગલે-પગલે સારા-નરસા પરિણામને સામે રાખીને તારે પગલું ભરવાનું છે...'

અંજનાના સ્વરમાં એકીસાથે લાંબેલાંબું બોલવાથી ખૂબ જ થાક વરતાતો હતો. વળી પાછી કમબખ્ત ઉધરસ શરૂ થઈ. ઉધરસ... ઉધરસ... ખાંસી... ખાંસી... ખાંસી... ખાંસી... 'ખોં... ખોં... ખોં... ખોં... ખોં... ખોં... મારા જીવનની સારી-ભલી-બૂરી તમામ બાબતોની સાચી અને ઊંડી સમજ મને બરાબર રીતે મળી ચૂકી છે...' અમર બોલ્યો.

પણ અંજના અમરની શબ્દો સાંભળવા જેટલા હોંશમાં પણ રહી ન હતી. અમર ગભરાઈ ગયો અને ઊઠીને ગાડી તરફ ગયો. કારમાંથી વૉટરબૅગ કાઢી અને હાથપંખો પણ લઈ આવ્યો... વૉટરબૅગમાંથી પાણી કાઢી અંજનાના ચહેરા પર પાણીનો છંટકાવ કરી તે ધીમે ધીમે હવા ખાવાના હાથપંખાથી અંજનાને હવા નાખવા લાગ્યો. પાંચેક મિનિટ પછી અંજનાને હોશ આવ્યા. અંજનાએ અમરની છાતી પરથી પોતાનો ચહેરો ખસેડી લીધો.

અંજના જ્યારે અમરની છાતી પર માથું મૂકી બેભાન થઈ ગઈ હતી ત્યારે અને અંજનાની સેવા સારવાર કરતી વખતે અમરના મનને અપાર શાંતિ, પોતાની ફરજ બજાવ્યાનો સંતોષ બધું જ મળી ચૂક્યાં હતાં.

'ચાલો ખૂબ મોડું થયું છે, ચાલીશું હવે...' અમર બોલ્યો.

'હા... ચાલો... મારે તો આ દુનિયા છોડીને વહેલા કે મોડા ચાલવાનું જ છે. જવાનું છે...' કહી અંજનાએ ઊભા થવા પ્રયત્ન કર્યો. અમરે અંજનાનો હાથ પકડી ટેકો આપ્યો... અંજના-અમર

એકમેકના ટેકા-સહારે ફિયાટકાર સુધી ગયાં.

અમરે પોતાની ફિટાયકાર સ્ટાર્ટ કરી અને અંજના ફિયાટકારમાં ગોઠવાઈ ગઈ એટલે કારને 'નવજીવન સેનેટોરિયમ'ની દિશામાં હંકારી દીધી.

અંજનાને 'નવજીવન સેનેટોરિયમ'માં ઉતારી દીધા પછી થાકેલો, ઘવાયેલો, શ્રમિત અમર, મૂંઝાયેલો અમર, નિરુત્સાહી અમર પોતાને ઘરે પહોંચ્યો ત્યારે અમુલખરાય અને કાન્તાગૌરી પોત-પોતાને ઠેકાણે જઈ સૂઈ ગયાં હતાં. અમર આવશે એટલે સાથે જમીશું એવી એમની ઇચ્છા, અમરને મોડું થયું એટલે એ ઇચ્છા મરી પરવારી, એટલે વખત થતાં જમી પરવારી એ બન્ને ઉપર જતાં રહ્યાં... તૃપ્તિ પણ રડતીકકળતી હમણાં જ સૂતી હતી. ફક્ત થાળી સાચવતી 'રશ્મિ' જ બેઠી હતી... રસોઈઘરના મહારાજ પણ સમય થતાં ઊપડી ગયા હતા.

'મને એ વાતની સમજ નથી પડતી કે તમને દરરોજ આટલું બધું મોડું કેમ થાય છે ?' રશ્મિ ઉવાચ.

'હું અંજનાની ખબર કાઢવા નવજીવન સેનેટોરિયમમાં ગયો હતો...' અમરે કહ્યું.

'એ અંજનાબહેન જાય ખાડામાં અને નવજીવન સેનેટોરિયમ પણ પડે ખાડામાં... તમને અંજનાબહેનના દુઃખનું એટલું બધું શું પેટમાં દુઃખે છે કે દરરોજ દરરોજ જ્યારે ને ત્યારે અંજનાબહેન અને અંજનાનું દવાખાનું... એ વાતો કરીને થાકતા જ નથી.' રશ્મિ આજે તીખાતમ મરચા જેવા મૂડમાં હતી. એની જીભમાંથી આજે અગ્નિવર્ષા થતી હતી.

'જો રશ્મિ તું હાથે કરીને તારી અને મારી વચ્ચે ગેરસમજ ઊભી થાય તેવા સંજોગો ઊભા કરીશ નહિ. એમાં તારી-મારી તૃપ્તિની અને આખા કુટુંબની ભલાઈ છે. એમાં જ બધું સારું છે...' અમરે શાંતિથી કહ્યું.

'એટલે એમ કહીને તમે મને ધમકાવવા માગો છો ? ડરાવવા માગો છો... બરાબર ને ? અંજના અને તમારી વચ્ચેના સંબંધોની



ચોખવટ થશે એટલે આપોઆપ મારી ગેરસમજ દૂર થઈ જશે...' રશ્મિએ રોજની એની એ જ રામાયણ શરૂ કરી.

પોતાના પિયરથી પાછી આવ્યા બાદ રશ્મિની આખી મનોદશા જ બદલાઈ ગઈ હતી. આજે વિશ્વાસનગરથી રંગપુર આવ્યે, સાસરે આવ્યે રશ્મિને લગભગ પંદરથી વીસ દિવસો થઈ ગયા હતા અને રશ્મિએ પોતાની નોકરી પણ શરૂ કરી દીધી... સ્કૂલના સ્ટાફનાં ભાઈબહેનોના ચડામણી કે કાનભંભેરણીથી રશ્મિએ પોતાની માનસિક સ્થિરતા, માનસિક સમતુલા ગુમાવી દીધી હતી... એ સાંજે થાક્યા પાક્યા અમરને ઘણા ઘણા શબ્દો સંભળાવતી. અંજનાના અને અમરના ચારિત્ર્ય પર ગંભીર આક્ષેપો મૂકતી... આ વખતે શાળામાં ૧૫મી ઑગસ્ટ નિમિત્તે, પંદરમી ઑગસ્ટે અગાઉ ૧ વર્ષ યોજાઈ ગયેલા ભવ્ય મહોત્સવમાં જેમ અમર અને અંજનાએ ઇનામો પ્રાપ્ત કર્યાં હતાં. તેની ચર્ચા સ્કૂલમાં ઠેરઠેર બધા સ્કૂલનાં શિક્ષક ભાઈઓ અને બહેનો મોઢેથી વખાણ જ્યારે રશ્મિએ સાંભળ્યા ત્યારે કાંઈક કરી બતાવવાની અને અમરનું નામ પ્રખ્યાત કરવાની રશ્મિના દિલમાં ઊંડે ઊંડે ધગશ. તરવરાટ અને ઉમંગ જન્મ્યાં હતાં. તે તરવરાટ એ સમયે જ ઠંડા બરફની જેમ ઠરી ગયા હતા. જ્યારે આ બાબતની ચર્ચા તેણે અમર સાથે કરી અને : 'જુઓ ! જો રશ્મિ મને હવે કોઈ પણ પ્રવૃત્તિ, નાટક, સિનેમા અને ગરબા, મનોરંજનમાં રસ રહ્યો નથી એટલે આ વખતે હું કોઈ પણ આઈટમ રજૂ કરવા માગતો નથી એટલે આ બાબતે મારા સહકારની આશા કે અપેક્ષા ન રાખતી...' અમરે જવાબ આપ્યો.

અમરના આ પ્રકારના જવાબથી રશ્મિને પોતાનું સ્ત્રીત્વ ઘવાયેલું લાગ્યું... એ કોઈ છંછેડાયેલી નાગણની જેમ બહાવરી બહાવરી ફરતી હતી, અધૂરામાં પૂરું પંદરમી ઑગસ્ટ વખતે અમરે કોઈપણ આઇટમ રજૂ કરી નહીં કે પછી રશ્મિ જેની તૈયારી કરી રહી હતી તે આઇટમ-ગરબા અને નાટક સામે તેણે આંખ ફેરવીને જોયું પણ નહિ ત્યારે અને રશ્મિની કોઈ પણ આઈટમ નાટક-ગરબા મહોત્સવમાં ઇનામને પાત્ર

ઠરી નહિ, જાહેર થઈ નહિ ત્યારે રશ્મિના દિલમાં અંજના પ્રત્યે વેરની આગ ભડકી ઊઠી ને અંજનાનું નામ સાંભળતાંવેંત જ અકળાઈ ઊઠતી... તેને કારણે અને સ્કૂલના શિક્ષક-ભાઈ-બહેનોની ભંભેરણીને કારણે રશ્મિ આજે છેલ્લે પાટલે બેઠી હતી...

'બોલો, અંજના અને તમારી વચ્ચે કેવા કેવા સંબંધો છે...? અંજનાબહેન તમારાં સગાંવહાલાં છે કે આખો દિવસ અંજના... અંજના... નામની આરતી ગાયા કરો છો...' રશ્મિએ જ્યારે કહ્યું ત્યારે.

'રશ્મિ... અંજના તો એક દેવી છે. સાક્ષાત્ દેવી... જેની પૂજા કરીએ તો પણ ઓછી છે.. આજે તેં મારા અંજનાના સંબંધો વિશે ગંદી ચર્ચા કરીને મારા હૃદયે તારામાં મૂકેલા વિશ્વાસનું ખૂન કર્યું છે...'

'મેં તમારા વિશ્વાસનું ખૂન કર્યું છે... કે પછી તમે જ પોતે વિશ્વાસઘાતી છો...'

'રશ્મિ આ બધી બાબતોની વધુ પડતી ચર્ચા યોગ્ય નથી. એનું પરિણામ સારું નહિ આવે...'

'મને શું યોગ્ય છે શું અયોગ્ય છે તેનાં સલાહ-સૂચન પસંદ નથી અને હવે તો ગમે તે પરિણામ આવે તો તેની પણ મને પરવા નથી... હવે તો કાં તો ઘરમાં રશ્મિ હોવી જોઈએ અથવા અંજના...'

'આપણી તૃપ્તિનો વિચાર કર્યો તેં...? તું આવી સમજ વગરની વાત કરીશ તો પછી આપણી તૃપ્તિનું શું ? આપણા ઘરનું શું ? આપણા કુટુંબનું શું ? આપણા ઘરની આબરૂનું શું ?'

'મારે હવે બીજું કંઈ જ સાંભળવું નથી.'

'ભલે તારી ઈચ્છા પ્રમાણેનું બધું થશે...' કહી ડાઇનિંગ ટેબલેથી ભૂખ્યા પેટે જ, એક ગ્લાસ પાણી ગટગટાવીને અમર ઊભો થઈ સડસડાટ પોતાના બેડરૂમમાં ચાલી ગયો.

રશ્મિ પણ પોતાના નસીબ પર રડતીકકળતી પાછળ પાછળ ચાલી...



વહેલી સવારે 'નવજીવન સેનેટોરિયમ' પરથી લગભગ પોણા નવ વાગ્યાના સુમારે સમાચાર આવ્યા કે અંજનાની હાલત ઘણી જ ગંભીર છે... અમુલખરાય આજે વહેલા વહેલા કોઈ વેપારીને મળવા રંગપુર શહેર છોડી પરગામ ગયા હતા... સમાચાર મળતાં જ પોતાની બા કાન્તાગૌરીને આ વાતથી વાકેફ કરીને અમરે 'નવજીવન સેનેટોરિયમ'ની દિશામાં પોતાનું સ્કૂટર મારી મૂક્યું. રશ્મિએ કાંઈ વાત અમરને પૂછી નહિ અને અમરે કોઈ વાત રશ્મિને કહી પણ નહિ... અમરને કોઈપણ વાત રશ્મિને કહેવાનો કોઈ અર્થ લાગ્યો નહિ.

અમર 'નવજીવન સેનેટોરિયમ' મધ્યે પહોંચ્યો તે પહેલાં પાંચ મિનિટ અગાઉ જ અંજનાના આત્માએ આ દુનિયા, આ વિશ્વને છોડીને પરલોકગમન કર્યું હતું...

કાલે સાંજ સુધી વાતો કરતી અંજના આજે આ દુનિયામાં ન હતી. અંજના અચાનક રીતે કહ્યા બોલ્યા-ચાલ્યા સિવાય મૃત્યુ પામી હતી. અગ્નિપરીક્ષા ક્યારે શરૂ થઈ અને ક્યારે પૂરી થઈ તેની અમરને ખબર, જાણ, સમજ ન પડી...

વાયુવેગે રંગપુર શહેરની શૈક્ષણિક સંસ્થાઓમાં સમાચાર પ્રસરી ગયા. અંજનાબહેનના અકાળ અવસાનથી શિક્ષણજગત શોકમાં લીન બની ગયું. જાણીતા, ઓળખીતા, પારખીતા સ્કૂલના જેટલા જેટલા શિક્ષકભાઈઓ-બહેનો અને વિદ્યાર્થિની અને વિદ્યાર્થીઓએ આ શોકજનક સમાચાર જાણ્યા કે તરત જ બધા 'નવજીવન સેનેટોરિયમ'માં ઊમટી પડ્યાં. પટેલ ઍન્ડ શાહ હાઈસ્કૂલના તમામ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ ટીચિંગ સ્ટાફ-આચાર્ય સાહેબ, ઉપાચાર્ય સાહેબ, ત્રિવેદી સાહેબ, જોશી સાહેબ, દિનકરભાઈ, ઉષાબેન, મંદાકિની, ચન્દ્રકાન્ત, ઉમેશભાઈ, ધનરાજભાઈ, કરસનકાકા, ગોવિંદભાઈ, વિનુભાઈ વગેરે આ સમાચાર જાણતાં જ 'નવજીવન સેનેટોરિયમ' તરફ દોડી આવ્યાં...

કોઈ ઉપચાર કરવામાં કસર રાખી ન હતી છતાં જેનું મોત નક્કી તેને કોણ રોકી શકે છે ? કોણ કોઈની ભાગ્યરેખાને પલટી શક્યું છે...

અને પલટી શકશે ?

અંજનાના મોટા ભાઈ, અતુલભાઈ, નાના ભાઈ વિકાસભાઈ, બન્ને ભાભીઓ નાનકડો 'અજય' અંજનાની સાસુ સ્વરૂપબા પણ તેમને ગામ આ અશુભ સમાચાર મળતાં જ રોતાં-કકળતાં આવી પહોંચ્યાં હતાં.

આ બધા માનવમહેરામણ વચ્ચે અંજનાની અંતિમયાત્રા નીકળી. અંજનાની આ જગતમાંથી છેલ્લી વિદાય, અંજના આ જગતમાંથી કાયમ માટે વિદાય લેતી હતી. હવે એ ફરીને પાછી ક્યાં આવવાની હતી ? ? ? એ તો ક્યારનીય પરમધામમાં પહોંચી ગઈ હતી.

અંજનાની અંતિમયાત્રા અમરને જાણે સમજાવી રહી ન હોય કે 'અમર, તું મારી જિંદગીમાં જે કોઈ કદમ ઉઠાવે. તે પહેલાં તેનાં પરિણામનો વિચાર કરીને જ ડગલું ભરજે.'

વરાસી નદીના પુલ-છેડાની વચ્ચેના છેડે આવેલા સ્મશાનગૃહમાં અંજનાના દેહને ભસ્મીભૂત કરવા મથતી, આગ, લબકારા ભરતી આગ પ્રજ્વળી ઊઠી... અંજનાને અગ્નિનો સાથ સથવારો વધુ ગમ્યો હોય એમ લાગ્યું.

બહાવરો અમર, થીજી ગયેલો અમર, બેબાકળો બની ગયેલો અમર, સ્મશાનના અગ્નિના ભડકા જોતો અશ્રુભીની આંખે જોઈ રહેલો હતો. તેના હૈયાનાં ડૂસકાં કોણ સાંભળવા નવરું હતું સ્મશાનમાં ? સાડાપાંચ વાગ્યે સૂરજ પણ અંજનાના અવસાન પછી રડી રડીને લાલ લાલ બની ગયો હતો. નદીમાં સૂરજનાં લાલ-હીંગળોક કિરણો રેલાતાં રહ્યાં. આજે પ્રકૃતિ ધીર હતી - ગંભીર હતી. આજે અમરના જોડે વાતો કરનાર કોઈ ન હતું. અમરને સમજાવનાર અને અમરની દિલની કથની જાણનાર અંજનાના પાર્થિવ દેહને અગ્નિની જ્વાળાઓ બાળી રહી હતી. અમર શૂન્યમનસ્ક અને અપલક નયને આ બધું નિહાળી રહ્યો. અમરના હૈયામાં ઘમસાણ મચ્યું હતું... શાંતિ ક્યારે ? ક્યાં મળશે એ ભગવાન જાણે.

શાંતિની દેવી, શાંતિની પૂજારણ હવે આ દુનિયામાં રહી ન



હતી. એનું નામનિશાન રહ્યું ન હતું.

*

આ બધી વિધિમાંથી ઉપરના શોકાગ્ર વાતાવરણમાંથી પરવારીને અંજનાના મોટા ભાઈ અતુલભાઈ, વિકાસભાઈ, બંને ભાભી અને બીજાં બધાં સંબંધીઓને - આ વખતે વિકાસના સસરા વડીલોયે ખૂબ જ દોડાદોડી, પોતાના મન ઉપર ખૂબ જ કાબૂ રાખીને કરી હતી અને બધી વિધિઓ છેક સ્મશાનયાત્રા સુધી અંજનાના મૃતદેહને પહોંચાડીને તેની અંતિમક્રિયા કરવાની તમામ કાર્યવાહી તેમણે પૂરી કરી હતી. બીજા બધાને તો મન અને શરીરનું ક્યાં ભાન રહ્યું હતું...! બધા પાગલ અર્ધપાગલ અવસ્થામાં ઘેર આવ્યા... બધાને આશ્રય આપી અમર ઘરે પહોંચ્યો તો-

'રશ્મિ અહીંથી કાંઈ પણ કહ્યા વગર જતી રહી છે... હું દેવદર્શન કરવા બહાર ગઈ હતી તે વખતે કદાચ જતી રહી હશે... આ તેની તૃપ્તિનો પણ વિચાર કર્યા વગર, એને સાથે લઈને ક્યાંક જતી રહી, કોઈને પૂછ્યું નહિ...'

અમરના હૃદય પર બીજો વજનો ઘા થશે. તેને ઘડી વાર એમ લાગ્યું કે પોતે હોશહવાસ, ભાન, શાન ગુમાવી દેશે... પોતે બેભાન થઈ પડશે... પણ મન મજબૂત કરીને તે પોતાના બેડરૂમમાં દાખલ થશે. બેડરૂમમાં પંખાની બાજુમાં ટિપોઈ પર એક ચિઠ્ઠી પડેલી હતી.

ચિઠ્ઠીમાં —

*'અમર...!*

*હવે તો આ રીતે સંબોધન કરવાનો અધિકાર પણ કોઈએ છીનવી લીધો હોય તેમ મને લાગે છે. આ દુનિયામાં કોઈ મારું નથી અને હું કોઈની નથી. મારે જીવીને શું કામ છે ? તને દુનિયાથી બધા પ્રકારનાં સુખશાંતિ અને સંતોષ મળે. મને મારી તૃપ્તિની ચિંતા સતાવી રહી છે. તૃપ્તિને એકલી છોડીને જતાં જીવ ચાલતો નથી, પણ શું કરું ? જ્યાં મારા પોતાના જીવવા મરવાનું કોઈ નક્કી નથી. મારી કોઈ મંઝિલ નથી, કોઈ રસ્તો નથી, કોઈ ડગર નથી. મારું જીવન અંધકારમય છે. હું પોતે જ જ્યાં સુખ-સમૃદ્ધિ અને તમામ પ્રકારની*

*ભૌતિક સુખ-સગવડો હોવા છતાં તરસી છું. એક પાણીથી ભરપૂર નદી તરસી રહે તે ન મનાય એવી વાત છે. પણ મારા નસીબમાં એ કબૂલમંજૂર હશે. અમર, બીજી કોઈ નહિ તો આપણી તૃપ્તિનો ખ્યાલ રાખજે. કારણ કે એ જ તારા-મારા મિલનની પહેલી અને છેલ્લી નિશાની છે. આ જિંદગીમાં હવે ફરી ભેગાં નહિ થવાય. હું તમને દુઃખી કરવા માગતી નથી. તમને દુઃખમાંથી દૂર કરવા એ મારી પ્રથમ ફરજ છે. તમને ક્યારેક ભૂલમાં યાદ આવી જઈશ તો એને મારું પરમ સૌભાગ્ય જ સમજીશ.*

*'મારા ગયા પછી જ મારા બાબતે કોઈપણ અશુભ સમાચાર મળે તો તમે બેબાકળા, બહાવરા બની ન જશો. કારણ કે મોત માટે હું પોતે જ જવાબદાર છું. જેથી હું અહીંયાં ખાસ ઉલ્લેખ કરું છું. તમે અંજનાબહેનનો લાખોકરોડો રૂપિયા ખર્ચીને ઈલાજ કરાવશો. મને શ્રદ્ધા અને વિશ્વાસ છે કે અંજનાબહેનને મટી જશે. પછી તમે ને અંજના સુખેથી રહેશો. તમારું સુખ અને તમારો સંતોષ એ જ મારો સંતોષ. આપણી તૃપ્તિને હું મારી સાથે લેતી જાઉં છું. તમારી અનામતની ચિંતા કરશો નહિ. મને માફ કરશો ને ? હું પાછી સોંપીને જ મરીશ...! મારી સાથે ભગવાનના ધામ નહિ લઈ જાઉં...*

*એક અભાગણી-*

*- રશ્મિકા'*

આ ચિઠ્ઠી વાંચીને એકીસાથે બબ્બે વજ્રઘાત લાગતાં અમર બેહોશ બની ગયો અને ધડામ દઈને નીચે પડ્યો.

આ ધમાકાથી અમુલખરાયના ઘરમાં એક ધમાલ મચી ગઈ... કાન્તાગૌરી હાવરાંબાવરાં, બેબાકળાં બની ગયાં. એ બિચારાં શું કરે ? અમુલખરાયે આવીને હજી પાણી પણ પીધું ન હતું કે આ બધી ધમાલ, દોડાદોડી જોઈ, એટલે એમનું મગજ પણ બહેર મારી ગયું.

અમરને સિવિલ હૉસ્પિટલમાં દાખલ કર્યો. બીજે દિવસે અમરને ભાન આવ્યું. તે પહેલાં અમરના સાસરેથી વિશ્વાસનગરથી અમરના સસરાનો તાર અમુલખરાયના હાથમાં પહોંચી ચૂક્યો હતો કે...

રશ્મિકા હવે આ દુનિયામાં નથી. રશ્મિકાએ પિયર પહોંચી આત્મહત્યા કરી હતી...



હૃદયદ્રાવક બનાવોની વણઝારથી વળી પાછો અમર બેહોશ થઈ ગયો... સિવિલ હૉસ્પિટલમાં અમરનો જીવ બચાવવા ભારે દોડાદોડી થઈ ગઈ.. અમરને ખૂબ જ માનસિક આઘાત લાગ્યો હતો. તેને બચાવવો મુશ્કેલ હતો.

અમુલખરાય અકળાતા હતા, મૂંઝાતા હતા. અમુલખરાયને પણ ચક્કર આવતાં હતાં. કાન્તાગૌરી પોતાના નસીબ પર કકળાટ કરતાં હતાં. હૈયું ફાટી જાય તે રીતે રડતાં હતાં... કકળતાં હતાં... વલખાં મારતાં હતાં... તડપતાં હતાં... તેમની આ દશા જોઈને બધાંની આંખોમાં આંસુડાની ધાર વહેતી હતી.

■

# 21
# રસહીન દુનિયા - થાપણ સોંપી

જ્યારે જ્યારે કલ્પના બહારના બનાવો, પ્રસંગો એક પછી એક બનવા માંડે ત્યારે બધાનાં મગજ બહેર મારી જાય એ સ્વાભાવિક વાત છે. માનવી એક લાગણીપ્રધાન પ્રાણી છે. માનવ હૃદયમાં હરહંમેશ લાગણીઓના તરંગો ઉછાળા માર્યા કરતા હોય છે. ઘણી લાગણીને લીધે જ આ દુનિયા ટકી રહી છે. લાગણીનાં ઘણાં રૂપ... એક પ્રેમની લાગણી, બીજી નફરતની લાગણી... સુખની લાગણી... દુઃખની લાગણી... વગેરે વગેરે...

પ્રથમ પ્રેમિકા... અંજનાના મૃત્યુથી ત્યારબાદ તરત જ પત્ની રશ્મિ, પોતાની જીવનસંગિનીના અકાળ અવસાનથી અમરનું મગજ સાચે જ બહેર મારી ગયું હતું...!! એ સાવ મૂઢ બની ગયો હતો... એને માનસિક રીતે ખૂબ ખૂબ આઘાત લાગ્યો હતો... તેવો જ સખત આઘાત, સખત આંચકો રંગપુરનાં શહેરીજનો તથા રંગપુરની શાળા કૉલેજમાં ભણાવતાં શિક્ષક ભાઈઓ-બહેનો અને શાળા-કૉલેજમાં

ભણતાં વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ અનુભવ્યો... પરંતુ શહેરની પ્રખ્યાત પટેલ ઍન્ડ શાહ હાઈસ્કૂલ એક ખ્યાતનામ શાળા હતી...!! આ શાળાનાં બે હોશિયાર શિક્ષિકાબહેનના અકાળ અવસાનથી શહેરના વાતાવરણમાં અપાર શોક અને ગંભીરતા છવાઈ ગયાં હતાં...

અમુલખરાય અને કાન્તાગૌરી હૈયાફાટ રુદન કરતાં હતાં. કકળાટ કરતાં હતાં... પોતાના તકદીરનો દોષ કાઢી કાઢીને ધમપછાડા કરતાં હતાં... પણ હવે શું થાય !

હૉસ્પિટલમાંથી રજા મળતાં અમુલખરાય, કાન્તાગૌરી, અમર વગેરે રંગપુર શહેરથી વિશ્વાસનગર પહોંચી ગયાં... રશ્મિકાનું અવસાન થયે આજે ચોથો દિવસ હતો.

ધ્યાનચંદ અને અમુલખરાય એકબીજાની કોટે વળગીને ખૂબ જ રડ્યા... ડૂસકે ને ડૂસકે રડ્યા... અપાર રુદન કર્યું. તે જ રીતે કાન્તાગૌરી અને ચંદ્રલક્ષ્મી પણ હૈયું ફાટી જાય તે રીતે રડી રહ્યાં હતાં... ટેકચંદે બધાંને દિલાસો આપ્યો... આશ્વાસન આપ્યું અને બધાંને શાંત કર્યાં...

અમર અત્યાર સુધી પોતાનું કાળજું કઠણ રાખીને શાંત રહ્યો હતો. ધીરગંભીર નદીની માફક તેણે બિલકુલ શાંતિ રાખી હતી, પણ જ્યારે તેણે પોતાની ત્રણ-ચાર માસની બેબીને પોતાના સસરાને ત્યાં, ધ્યાનચંદને ત્યાં બેસહારા, અસહાય દશામાં જોઈ ત્યારે તેનાથી રહેવાયું નહિ... તે ડૂસકે ને ડૂસકે રડી પડ્યો... છૂટે મોઢે રડી ઊઠ્યો... પોતાની ફૂલ જેવી દીકરીને હાથમાં લેતાં તેણે મહાપરાણે રોકી રાખેલો મનનો ડૂમો ઊભરાઈ આવ્યો... તે છૂટે મોઢે નાના બાળકની જેમ રડતો હતો. આક્રંદ કરતો હતો.

'અરેરેરે! રશ્મિ તેં આ ફૂલ જેવા બાળકનો પણ વિચાર કર્યો નહીં ? બિલકુલ બુદ્ધિ વગરનું કૃત્ય કર્યું અને અધવચ્ચે, મઝધારમાં મને મૂકી દીધો...' અમરના મગજમાં અનેક જાતના વિચારો ઊભરાતા હતા, જાણે કોઈ તોફાની દરિયામાં મોજાં ઉછાળા ન ભરતાં હોય...

ફરી પાછો અમર બેહોશ બની ગયો... અડધા કલાક પછી પણ અમરને ભાન ન આવતાં ધ્યાનચંદે ટેલિફોન કરી પોતાના ફેમિલી



ડૉક્ટર ભાટિયાને બોલાવ્યા... ભાટિયાએ આવી અમરને તપાસ્યો... અને અમરને માનસિક આઘાત, પુષ્કળ માનસિક આઘાત લાગ્યો છે. અમરનું બ્લડપ્રેશર (લૉ) નીચું છે અને તેથી તરત જ હૉસ્પિટલમાં દાખલ કરવા જણાવ્યું... તરત જ બધા પોતપોતાનું દુઃખ ભૂલી જઈ બીજી નવી ધમાલમાં પરોવાયા... ધ્યાનચંદે તરત જ વ્યવસ્થા કરવા ટેકચંદને સૂચના કરી અને અમરનો પરિવાર તથા ધ્યાનચંદનો પરિવાર અમર સહિત વારાણવાળા હૉસ્પિટલમાં પહોંચી ગયા... અમરની સામે જૂની વાતોને યાદ કરીને તેના મગજ પર બોજ ઊભો ન કરવા તેમ જ બીજી રીતે અશાંતિભર્યું વાતાવરણ ઊભું ન કરવા હૉસ્પિટલના તમામ ડૉક્ટરોએ કડક સૂચના આપી.

દોડાદોડી ધમાલ અને ચિંતામાં ને ચિંતામાં દશ દિવસ હૉસ્પિટલમાં ને હૉસ્ટિપલમાં વીતી ગયા... અમરે હજી પૂરેપૂરી સ્વસ્થતા મેળવી જ ન હતી, એનાં ખોરાકપાણીમાં આસમાન જમીનનો તફાવત પડી ગયો હતો... તે મહાપરાણે ઊઠી શકતો, હાલી-ચાલી શકતો. હસી શકતો, અરે ! વાતચીત કરવામાં પણ અમરને પુષ્કળ થાક લાગતો હતો... ડૉક્ટરી અભિપ્રાય મુજબ અમરને પૂરેપૂરો સાજો થવા માટે હજુ દોઢબે માસ લાગે તેમ હતા.

અમુલખરાય, કાન્તાગૌરીએ વિચાર કર્યો કે વેવાઈને ઘેર જ્યારે વેવાઈની સગી દીકરી ગુજરી ગઈ હોય ત્યારે તે સમયે પોતાના બીમાર દીકરાને લઈ ઝાઝું રોકાઈ રહેવું યોગ્ય ન ગણાય. જો કે ધ્યાનચંદ તો ભગવાનના માણસ હતા. તેમણે તથા તેમનાં કુટુંબીજનોએ અમરની સારવાર પાછળ પોતાના ટાંટિયા ઘસી નાખ્યા હતા... દરેકની યથાશક્તિ સેવાશુશ્રૂષા કરી હતી...

થોડી હાલત સુધરતાં અમર અને તેની દીકરી તૃપ્તિને લઈ અમુલખરાય, કાન્તાગૌરી રંગપુર શહેર પાછાં આવી ગયાં-તેમની વિદાય વખતે ધ્યાનચંદ અને તેમના પરિવારને તેમ જ અમુલખરાય અને તેમના પરિવારને પારાવાર દુઃખ થયું. નસીબનો દોષ કાઢી બધાં છૂટાં પડ્યાં... બધાંએ અમરને સાંત્વન આપી, ગઈ ગુજરી ભૂલી જઈ

નવેસરથી પોતાની જિંદગી શરૂ કરવા, તેમ જ હજુ તો તેણે પાછળ 'તૃપ્તિ'ની દેખભાળ કરવાની છે તેને ખાતર તેમ જ વૃદ્ધ માબાપ ખાતર પણ જિંદગી સામે ઝઝૂમવું પડશે... શરીરની દેખભાળ રાખવી પડશે... શરીર તંદુરસ્ત હશે તો બધી જવાબદારીઓ બધાં કામ પતાવી શકાશે માટે શરીરનો ખ્યાલ રાખી, તબિયત ન બગડે તે રીતે જિંદગી શરૂ કરવા એકઠા થયેલા દરેક માણસે અમરને સલાહ આપી.

પણ અમરની દુનિયા જ સુકાઈ ગઈ હતી. એ બરબાદ થઈ ગયો હતો એનું લીલીછમ વાડી જેવું જીવન એકાએક આવી પડેલા તોફાનથી સહરાના રણ જેવું બની ગયું હતું. એનું જીવન રેગિસ્તાની બની ગયું હતું. એના જીવનમાં હવે રણની માફક ગરમાગરમ લ્હાય, બળબળતા રણની અફાટ ગરમી અને રેતીના રણમાં ઊડતાં ગરમાગરમ આંધી અને તોફાન જ બાકી રહ્યાં હતાં. એને પોતાનું જીવન રસહીન... રસકસ, આનંદ, ઉલ્લાસ, તરવરાટ વગરનું લાગવા માંડ્યું... એ હવે ખૂબ જ થાકી ગયો હતો.

દરેક ક્ષેત્રે, દરેક દિશામાં મળતી કુદરત તરફની લપડાકોને કારણે એ સાવ થાકી ગયો હતો. પડી ભાંગ્યો હતો. નિરાશ બની ગયો હતો... પોતાનું જીવન હવે કાંઈ કામનું રહ્યું નથી. પોતાના જીવનનો હવે કોઈ હેતુ રહ્યો નથી. પોતે હવે કોઈપણ પ્રકારનું કામ કરવા શક્તિમાન રહ્યો નથી. પોતે સાવ અપંગ, અસહાય, નિરાધાર બની ગયો હતો.

આ બધું ક્યાં સુધી ચાલ્યા કરશે ? આવી જિંદગીથી શો લાભ ? કોઈ શેરડી પીલતા રસઘરના શેરડીના સાંઠાની માફક સતત પિલાઈ પિલાઈને અમર હવે બિલકુલ નિરુત્સાહી, નિરાશ બની ગયો હતો. એનામાં હવે પહેલાં જેવાં જોમ, તમન્ના, શક્તિ ઉમંગ અને ઉલ્લાસ રહ્યાં ન હતાં...

રહી રહીને અમરને અંજના યાદ આવતી હતી. પોતાનું પ્રિય પાત્ર ઘડીમાં ઝૂંટવાઈ ગયું. ખોવાઈ ગયું હતું અને પોતે એકલો અટૂલો, સાથી વગરનો, સંગાથ વગરનો બની ગયો... એકલવાયું જીવન અમરને હવે કરડવા દોડતું હતું. એકલવાયી જિંદગી અમરના



અસ્તિત્વની સામે ખડખડાટ હસતી હતી. એકલવાયી જિંદગી અમરના અસ્તિત્વને ઓગાળી નાખશે... પોતે આ દુનિયામાં હવે વધુ રહી શકશે નહિ. પોતે રહે, પોતે જીવે તો પણ કોના માટે... કયા હેતથી ? કયા કારણસર ? અમર પાસે તેનો કોઈ ઉત્તર રહ્યો ન હતો, કોઈ જડબાતોડ જવાબ ન હતો.

અમુલખરાય અને કાન્તાગૌરી અમરનું દુઃખ જોઈ અડધાં અડધાં થઈ ગયાં. જો કે અમરનાં દેવી સમાન બા, અમરની પુત્રી 'તૃપ્તિ'નો સવિશેષ ખ્યાલ રાખતાં હતાં. તેનો ઉછેર કરવાની જવાબદારી કાન્તાગૌરીએ લીધી હતી... ભગવાનને પણ એ ઘડીભર માટે ભૂલી ગયાં હતાં.

અતુલભાઈ, વિકાસભાઈ, મનોરમા, ઉષાભાભી તથા પટેલ ઍન્ડ શાહ હાઈસ્કૂલનો તમામ સ્ટાફ અને રંગપુર શહેરના નાના બાળકથી માંડીને છેક વૃદ્ધ સુધીનું તમામ માનવી કે જેને હૈયે અમુલખરાય અને અમર માટે સાચી લાગણી હતી, તેઓ બધા જ આવી ગયાં હતાં. બધાં જ આવીને, ખબરઅંતર અને દિલાસો આપી ગયાં હતાં... બધાંએ હવે અમરને નિવૃત્તિ છોડી પોતાના વિચારોના વંટોળમાંથી બહાર આવી જઈ, મુક્ત બની જઈ પ્રવૃત્તિમય જીવન જીવવાની અને કામ, કામ ને કામમાં પોતાની જાતને જેમ એક સોયદોરામાં અને દોરો સોયમાં - પરોવાયેલા રહે, આલિંગનમાં રહે તે રીતે અમરને કામ સાથે, ઉદ્યમ આડે, પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રહેવા, તન્મય બની જવાની સલાહ આપી.

આ બધાની સલાહ માની અમરે પોતાની નોકરી છોડી દીધી અને પિતાજીની સલાહ પ્રમાણે એ વહેલી સવારથી દુકાને, પેઢીએ જતો રહેતો. દુકાને અને પેઢીએ ત્યાંના કામકાજમાં રચ્યોપચ્યો રહેતો... દુકાને હોય તો દુકાને અને પેઢીઓ હોય તો પેઢીએ ટેલિફોન કરીને ખાતરી કરીને, જમવા માટેનું ટિફિન મોકલી આપવા તેણે ઘરે સૂચના આપી દીધી... વેપારી લાઈનમાં, વેપારમાં અને પેઢીના આવક-જાવકના હિસાબમાં ખોવાઈ જતો. અમર... ઘડીભર બધું ભૂલી જતો... પણ જ્યારે સાંજ પડતી ત્યારે વીતેલી બધી વાતો, ભૂતકાળની તસવીરો

એની સામે નાચી ઊઠતી. એક પ્રોજેક્ટર (સિનેમા પ્રોજેક્ટર) પરથી સામેના પડદા પર પડતા ચલચિત્રની જેમ આખો ભૂતકાળ અમરને યાદ આવતો, વીતી ગયેલી તમામ ઘડી ઘડી, પળ પળ અમરને યાદ આવતી. એ તડપી ઊઠતો.

બહારથી ધીરગંભીર દેખાતા અમરના અંતરમાં એક અઘોર યુદ્ધ ચાલતું હતું. મહાભારતની લડાઈ ચાલી રહી હતી. એ અકળાતો હતો... મથામણ અનુભવતો હતો.

એક દિવસ અમરે દૂર મહાદેવના મંદિરે ફરફરતી ધજા જોઈ કાંઈક અવનવો નિર્ણય કર્યો. વિચિત્ર મનસૂબો ઘડ્યો... પોતે મનોમન નક્કી કર્યું અને તેનો અમલ તાત્કાલિક કરવો એમ પણ નક્કી કર્યું. તેને પરમશાંતિ જોઈતી હતી. અમરનું હૈયું આરામ, સુખ, શાંતિ અને સંતોષ ઝંખતું હતું. જેને માટે અમરે પૂર્વતૈયારી શરૂ કરી.

■

# 22
# પંથભૂલ્યો પથિક

એનું નામ જ જિંદગી છે. જિંદગીમાં ઘણી વાર સુખ અને ઘણી વાર દુઃખ, સુખ અને દુઃખ વારાફરતી આવે છે અને જાય છે. સુખ અને દુઃખ તડકા છાંયડા સમાન છે... જેમ દરિયામાં ભરતી અને ઓટ વારાફરતી હોય છે, પ્રકાશ અને અંધારુ, છત અને અછત... ખાડો અને ટેકરો એવી બે ભિન્ન-ભિન્ન વિરોધાભાસી ચીજવસ્તુઓ છે તેવી જ રીતે માનવીના જીવનમાં સુખ-દુઃખ એ બે વિરોધાભાસી ઘટનાઓ છે. આ ઘટનાઓનું ચક્ર વારાફરતી અસ્તિત્વપણે સંસારમાં ફર્યા કરતું હોય છે અને ફરતું રહેશે...

અમરને મનની શાંતિ જોઈતી હતી. તે પોતાના અંતરની અકળામણ, આત્માની બેચેની, ગૂંગળામણ, અકળામણ, દૂર કરી



પોતાના જીવનમાં સુખ, શાંતિ, સંતોષ, આનંદ અને ઉમંગ લાવવા માગતો હતો.. એ પામવા માટે એનું હૈયું ઉલ્લાસ માટે તલપાપડ હતું. દૂર દૂરના મહાદેવની ફરફરતી, પવનમાં લહેરાતી ધજા, અમરના આત્માને જાણે જગાડતી ન હોય ! ઉઠાડતી ન હોય ! કોઈ ગાઢ નિદ્રામાં પોઢી ગયેલાને એ ધજા એક નવો શુભ સંદેશો આપતી હતી... પોતાના ફડફડાટમાં, મસ્ત પવનમાં ફરફરીને તે ધજા અમરના જીવનમાં પ્રેરણાનો સ્રોત વહેવડાવતી હતી.

તે આખો દિવસ અમરના મનમાં આવતી ઊથલપાથલ મચી રહી... તે આકુળવ્યાકુળ મને પોતાની પેઢીમાં આંટાફેરા મારી રહ્યો હતો... પેઢીની સામે ઝરૂખો... કે ઝરૂખા મકાનનો ઝરૂખો હતો... તે મકાનમાં અંજના રહેતી હતી. અંજનાના અવસાનથી તે મકાન ખાલી પડ્યું હતું. આ ખાલી મકાનને ઘરધણીએ તાળું મારી દીધું હતું. હજી સુધી કોઈ નવો ભાડુઆત તેમાં રહેવા માટે આવેલો ન હતો.

એક ખાલી મકાન સ્મશાન જેવું લાગતું હતું... એ ખાલી મકાન એક હાડપિંજર જેવું ભાસતું હતું... ખાલી મકાનને જોઈને અમરની આંખમાં આંસુઓ ચમકી ઊઠ્યાં... તેના મનમાંથી એક ઊંડો વિશ્વાસ નીકળી ગયો. તેને વીતેલા દિવસો યાદ આવતા... અંજનાની યાદ... એક... મીઠી મધુરી યાદ આવતાં... તે રડી ઊઠ્યો... તડપી ઊઠ્યો... એક ચલચિત્રની સમાન વીતેલા ભૂતકાળની રેખાઓ ફરીથી આકાર રચતી હતી અને ઓગળતી હતી.

અંજના...અંજના...અંજના... તેના હૈયામાંથી, અમરના ઊંડાણમાંથી ધ્વનિ ઊઠતો હતો. તે હતો પ્રતિધ્વનિ...અવાજના પડઘા... પડતા હતા. પણ સાંભળનાર કોઈ હતું નહિ. અંજનાનું અસ્તિત્વ મટી ગયું હતું. તે આ દુનિયામાંથી વિલીન થઈ ગઈ હતી... આ દુનિયામાં હવે તે રહી ન હતી... દુનિયામાં અંજના હતી નહિ પરંતુ અંજનાની મૂર્તિ, અમરના અંતરમાંથી કેમ કરીને મિટાવી શકાય ? અમરે પોતાના અંતરમાં અંજનાની છબી, એક દેવી, સાક્ષાત્ દેવીની છબીને પૂરેપૂરી રીતે ઉતારી લીધી હતી. આ મૂર્તિ આ છબીને તે કોઈ રીતે ખંડિત કરવા

માગતો ન હતો. તે આ મૂર્તિને સાચવીને, જાળવીને તે મૂર્તિનું જતન કરીને, પોતાના અંતરમાં રાખેલી સદાય કાયમ હસતી રહેતી અંજનાની મૂર્તિને, અંતરમાં અંજનાની છબીને સદાય માટે, કાયમ ચિરંજીવ જીવંત રાખવા માંગતો હતો. તેની હરહંમેશ પૂજા કરવા ઈચ્છતો હતો.

'નાના શેઠ સાહેબ... હવે ઘરભણી ચાલીશું કે...' સીતારામભાઈ મહેતાએ અમુલખરાય ઍન્ડ કાં... શ્રોફની કેબિનમાં ચક્કર મારી રહેલા, આંટો મારી રહેલા અમરને જ્યારે ટોક્યો ત્યારે અમર ચમક્યો અને કોઈ ઊડતું પંખી કોઈ શિકારીના બાણથી ઘાયલ થઈ, તરફડિયાં મારી મારીને નીચે જમીન પર આવી જાય તે પ્રમાણેની અમરની દશા થઈ... તે વાસ્તવિકતાની ભૂમિ પર આવી પછડાયો.

તેણે પોતાના કાંડાઘડિયાળમાં દૃષ્ટિપાત કર્યો... રાતના સાડા-આઠ વાગી ગયા... આજે ખૂબ જ મોડું થયું. અમરના પિતા, ચાર વાગ્યા પછી વેપારના કામે પેઢીએથી બહાર નીકળી ગયા હતા... ત્યાર પછી તેઓ પેઢીએ પાછા આવ્યા ન હતા... કદાચ બારોબાર ઘરે જતા રહ્યા હશે...!!!

પેઢીને મહેતાજીએ બારણાં બંધ કરી તાળા મારી શટર પાડી દીધું. તેને પણ તાળું મારી દીધું... કંપાઉન્ડમાં પેઢી માટે રાખેલો વૉચમેન પણ આવી ગયો હતો. તેને પેઢીનો હવાલો સોંપી મહેતાજી ઝાંપો ખોલી બહાર રસ્તા પર આવી ગયા અને અમર શૂન્ય મગજે ખાલી હૈયે સ્કૂટર તરફ વળ્યો... સ્કૂટરને સ્ટાર્ટ કરી અમર પણ ઝાંપો વટાવી રોડ પર આવી ગયો.

'નાના શેઠ સાહેબ, આવતી કાલે મારા મોટા દીકરાના વિવાહ માટે ઘરે મહેમાન આવવાના છે એટલે હું કાલે મારું કામ પતાવીને થોડો મોડો આવીશ...' મહેતાજીએ અમરને વિનંતી કરતા અવાજે કહ્યું.

'કોઈ વાંધો નહિ... કાકા... અને આ લો પૈસા... તમારા મોટા દીકરાની વહુને, મારા તરફથી એક સાડી લઈ જઈ મોકલાવજો...' કહી પોતાના પેન્ટમાં હાથ નાખી પાકીટ બહાર કાઢી અમરે રૂપિયા સો સોની બે નોટો મહાપરાણે મહેતાજીને આપી.



મહેતાજી હા ના હા ના... કરતા રહ્યા પણ એ વાત માને તો અમર શાનો ? મહેતાજીએ મહાપરાણે નોટો આપીને અમરે પોતાનું સ્કૂટર મારી મૂક્યું...!

ઘરે અમરને... અમરની બા કાન્તાગૌરી અને અમુલખરાય ઘણી આતુરતાથી, ચાતક નયને વાટ જોતાં હતાં, ઇન્તજાર કરતાં હતાં... રશ્મિના મોત બાદ અમરના જીવનમાં ઘણી બધી અનિયમિતતા આવી ગઈ હતી... એના હરવા, ફરવામાં, ઊઠવા, બેસવામાં ખાવા, પીવામાં કોઈ જાતનાં નીતિનિયમ કે કોઈ બંધન રહ્યાં ન હતાં. તે સાવ અનિયમિત બની ગયો હતો. પોતાના જીવન પ્રત્યે બિલકુલ બેદરકાર બની ગયો હતો. કાળજી વગરનો બની ગયો હતો. અમર માટે કોઈ ચોક્કસ લક્ષ્ય કે નિશાન હતું જ નહિ !! તેનું જીવન કોઈ દરિયામાં તરતી, પછાડો ખાતી, ઊંચીનીચી થતી એક હોડી જેવું બની ગયું... કોઈ જાતના આધાર વગરનું નિરાધાર અને લક્ષ્ય અને ચોક્કસ નિશાન વગરના જીવનબાણ જેવું અમરનું જીવન બની ગયું હતું.

જમતી વખતે... 'બેટા, હમણાં હમણાં તારો ખોરાક ખૂબ જ ઘટી ગયો છે. આમ ને આમ થશે તો બેટા તારી અશક્તિ ખૂબ જ વધી જાશે... થોડાં ભજિયાં અને બેત્રણ પૂરીઓ આપું...' કાન્તાગૌરીએ કહ્યું.

'ના બા, મને ઝાઝી ભૂખ જ નથી... તમ તમારે નિરાંતે જમો...' કહી થોડુંક જમીને હાથ ધોઈને અમર ઊભો થઈ ગયો... અને તેણે પોતાના સૂવાના ઓરડા તરફ ચાલવા માંડ્યું.

અમુલખરાય અને કાન્તાગૌરી વિષાદપૂર્ણ ચહેરે આ જોઈ રહ્યાં... ઘરમાં સંપૂર્ણ શાંતિ છવાઈ ગઈ હતી... ઘર અને ઘરની મૌન દીવાલો પણ જાણે છાની છાની રડતી ન હોય ! હિબકાં ભરતી ન હોય તેમ લાગતું હતું.

દૂરના ટાવરે રાત્રિના બારના ટકોરા સંભળાયા ત્યારે અમર પોતાની પથારી છોડી દઈ ઊભો થયો... તેણે પોતાની રૂમમાંનો ટેબલ લૅમ્પ ચાલુ કર્યો અને પોતાના લેટરપેડમાંથી બે પાન ફાડીને, પોતાના ટેબલ પરથી પામીસ પેન લઈ, પેન ખોલી લખવા માંડ્યું...!!

*'પૂજ્ય... પિતાશ્રી...*

*તમે તો દરિયાની જેમ ઉદાર છો... તમારી આગળ હું એક પાણીનું બુંદ કે ટીપું પણ નથી. આજે મારી તરફના ઉપસ્થિત થયેલા પ્રસંગોએ મને આ પત્ર લખવા પ્રેરણા આપી છે. હવે હું પણ કાંઈ નાનકડો કીકો કે કોઈ બાળક જેવો રહ્યો નથી. હું જે કાંઈ કરવા જઈ રહ્યો છું, હું જીવવા માટેનો જે માર્ગ અપનાવવા તત્પર થયો છું તે માર્ગ કદાચ આપને નહિ ગમે. કારણ કે હું એક સાધુની જેમ ઘડીકમાં અહીં તો ઘડીમાં બીજે... 'સાધુ તો ચલતા ભલા' પ્રમાણે કોઈ જ ઠેકાણે સ્થિર નહિ, પરંતુ વહેતી સરિતા કે કોઈ વહેતા ઝરણાની માફક સદાય કાળે વહેતું એવું જીવન જીવવા માગું છું. મારા દિલમાં રશ્મિના અવસાનથી એક જાતનો અજંપો પેદા થયો છે. મને ઘરમાં, દુકાનમાં, પેઢીએ, બજારમાં કે કોઈપણ જગાએ ચેન નથી, રાહત નથી... શાંતિ નથી, સુખ નથી. સંતોષ નથી, હું સુખ, શાંતિ, સંતોષ અને પરમ આનંદની શોધમાં અહીંથી ત્યાં એક જગાથી બીજી જગાએ ભટકતો રહીશ...!*

*બાપુજી મારી શોધખોળ કરાવશો નહિ. કારણ કે હું જાણી જોઈને જ આ પિશાચ જગતમાં અનેક ઠેકઠેકાણેથી ભરપૂર અને ઠેકઠેકાણેની વસ્તિથી ભરપૂર વસ્તીના, માનવવસ્તીના દરિયામાં કોઈક ઠેકાણે ખોવાઈ જવા મથામણ કરું છું. જાણી જોઈને ખોવાવા નીકળેલો કોઈ પાછો આવેલો સાંભળ્યો નથી. ખોવાયેલી વસ્તુ ખોવાઈ ગઈ છે...! તેની પાછળ નાહક ચિંતા કરવી નહિ. જીવ બાળવો નહિ. ઉચાટ કરવો નહિ અને મનમાં ઓછું લાવવું નહિ.*

*કાન્તાગૌરી મારાં માતુશ્રી એ એક સાક્ષાત્ દેવી છે, દેવી સમાન છે. પિતાશ્રી, મેં તમને અને બાને કોઈ જાતનું સુખ આપ્યું નથી. કોઈ જ રીતે શાંતિ અને સંતોષ આપ્યાં નથી. તે માટે મારા દિલમાં હંમેશ માટે દુઃખની લાગણી રહેવાની. હું એક દુઃખી માણસ દુઃખ દુઃખ અને દુઃખ સિવાય બીજું કાંઈ આપી શકું તેમ નથી. તમે તમારી અને બાની તબિયત સંભાળીને રહેશો, હરિસ્મરણ કરજો... એ જ સાચો માર્ગ છે.*

*બાપુજી, વિકાસભાઈ સમજુ છે. તેમને મેં મારા ભાઈ કરતાં પણ સવિશેષ ગણ્યા છે... સમજ્યા છે. હું તેમના નિકટ પરિચયમાં આવ્યો છું. તેમને બરાબર રીતે સમજ્યો છું. તેમના પવિત્ર હૃદયમાં આપણા ઘર માટે ખૂબ જ લાગણી છે અને લાગણી રહેશે. મારા ગયા બાદ તમારાથી ન બની શકે તો તેમને પેઢી દુકાનનો તેમ જ વેપારનો બધો વહીવટ સોંપી દેશો. મને ગળા સુધી સંપૂર્ણ ખાતરી છે કે તે કોઈ દિવસ દગો નહિ કરે... કારણ કે દગાનો ગુણ તેના લોહીમાં નથી. તે આપણા સારા ભલા માટે પોતાના જાનની પરવા કરે એવા નથી.*



*પિતાશ્રી, તમારી તમામ જવાબદારીઓ મારા ખભે ઉઠાવી લેવાના બદલે હું એક કાયર માણસની જેમ જીવનસંગ્રામમાં લડતાં લડતાં થાકીને, હારીને, નિરુત્સાહ બનીને પૂંઠ ફેરવીને, ભાગી રહ્યો છું તે મારા માટે, તમારા માટે, કુટુંબ માટે એક કાળી ટીલી સમાન છે. મને ઘણી વખત મારામાં થઈ રહેલા ચિત્રવિચિત્ર, સમજી ન શકાય તે જાતના ફેરફાર, પરિવર્તન સામે નફરત થાય છે, ઘૃણાની લાગણી થાય છે પણ આ સિવાય મારી સમક્ષ કોઈ બીજો રસ્તો નથી - મારી 'તૃપ્તિ'ને તમે હસતી રાખજો, રમતી રાખજો, હરતીફરતી રાખજો. મારી દીકરી 'તૃપ્તિ' કે જે મારી આંખની કીકી જેવી છે તેને ત્યજી જતાં, છોડી જતાં મારા દિલમાં દુઃખનો દાવાનળ લાગી રહ્યો છે. મારું રોમરોમ ભડકે બળી રહ્યું છે. બીજાને જવાબદારીઓ સોંપીને, આંખો મીચીને પોતાની જવાબદારીઓમાંથી વિમુખ થઈ જવાની મારી આ રીત કદાચ તમને નહિ ગમે ! ખરી વાત છે. બાપુજી કે હું ઘડપણમાં તમારી સેવાચાકરી કરવાને બદલે, તમારા શિરે પાર વગરની જવાબદારીઓ નાખીને હું જવાબદારીઓથી દૂર દૂર ભાગી જઉં એ મારા માટે ખૂબ જ શરમરૂપ બાબત છે. બાપુજી આ મને ગમતું નથી પણ મારા મનને, અંતરને સુખ નથી, શાંતિ નથી. ઉમંગ નથી, ઉલ્લાસ નથી, આનંદ નથી... એટલે જ સાચાં સુખ, સંતોષ, ઉમંગ, ઉત્સાહ અને આનંદની શોધમાં આજથી જ હું તમારી વચ્ચેથી ખસી જાઉં છું...*

*મને ખબર નથી કે મારી આ શોધખોળ, દોડાદોડી, રઝળપાટ ક્યારે પૂરાં થશે ? મને ક્યાં જવું તે ખબર નથી. હું એક નિશાન, ધ્યેય કે લક્ષ્ય વગરના બાણ જેવો છું. હું એક વહેતા વાયરા સમાન છું. હું-એક તરંગ છું. પવન છું. વાયરો છું... મને મારા કોઈ ઠામ-ઠેકાણાની ખબર નથી, માહિતી નથી. જ્યારે મારા અશાંત, બેચેન, અજંપાથી ભરપૂર હૈયાને સાચાં સુખ, સંતોષ, આનંદ, ઉમંગ, ઉત્સાહ અને શાંતિ મળશે ત્યારે હું આપની સમક્ષ ફરીથી હાજર થઈશ. મેં સ્મૃતિ રૂપે આપની તથા બા અને તૃપ્તિની છબી મારા હૃદય મંદિરમાં રાખી લીધી છે. ભગવાન તમને ખૂબ જ લાંબી આયુષ્યરેખા આપે. મારા જીવનનું તમામ આયુષ્ય તમને અર્પણ હો. પૂજ્ય*

બાની તબિયત પણ ગુલાબના ફૂલની જેમ સદાય હસતા, રમતા ગુલાબના ફૂલની જેમ હસતીરમતી, ગમતી તંદુરસ્ત રહે. 'તૃપ્તિ'ની પણ તબિયત સારી રહે. તૃપ્તિની મમ્મી 'રશ્મિકા' અવાર-નવાર યાદ આવે છે. તેના નામ-સ્મરણની ધૂન, રામધૂનની જેમ, મારા અંતરના ઊંડાણમાંથી આવતા દરેક શ્વાસ ઉચ્છ્વાસ સાથે જોડાઈ ગઈ છે... અંજનાબહેનને પણ મારા હૈયેથી વિસ્મૃત કરી શક્યો નથી... એ હકીકત છે.

બાપુજી એક વાતની સ્પષ્ટતા કરી લઉં કે તમારા મનમાં હજી પણ એમ થયું હશે કે અંજનાના લીધે અમારા દીકરાનો સંસારબાગ ઊઝડી ગયો... હેરાન થઈ ગયો, સહરાના રણ જેવો બની ગયો, તે હકીકત સાચી નથી. જો કે વાસ્તવમાં હું અંજનાને ખૂબ જ ચાહતો હતો. પૂરા તનમનથી હું અંજનાને ઈચ્છતો હતો... અંજનાનો દીવાનો હતો, તેનો આશિક હતો.

પરંતુ મેં જ્યારે મારા લગ્ન પહેલાં અંજના સમક્ષ મારા હૈયાની ભાવનાને રજૂ કરી અને લગ્ન કરવા માટેની દરખાસ્ત મૂકી ત્યારે અંજનાએ તમારી, તમારા કુટુંબની આબરૂ, માન-મર્યાદા અને મોભાનો વિચાર કરીને મને સ્પષ્ટ રીતે ખોટું ન લાગે તે રીતની અસંમતિની લાચારી દર્શાવી હતી. અમે બંનેએ ત્યારથી જ અલગ-અલગ રહીને જીવન જીવવાનું નક્કી કરેલું. અંજના એક દેવી સમાન હતી. એ દેવીએ જ મને આપણા ઘરની આબરૂ, માન-મર્યાદા અને મોભાને નજરમાં રાખીને મને 'રશ્મિકા' સાથે પરણી જવાની સલાહ આપેલી અને અંજનાની અમૂલ્ય સલાહને મેં દેવીની આજ્ઞા માની માથા પર ચઢાવી દીધી.

પિતાજી, એ મારી કમનસીબી છે કે ન તો હું રશ્મિકાને સમજી શક્યો કે રશ્મિ મને સમજી... મને અનેક અનેક આકરા, અસહ્ય, મર્મલક્ષી શબ્દબાણો મારીને તેણે મારા દેહને, મારામાં રહેલા અતૂટ વિશ્વાસને છેદી નાખ્યો. વિશ્વાસની દીવાલ કડડભૂસ કરીને પડી ગઈ અને અમારી વચ્ચે શરૂ શરૂમાં મૌનરૂપી દીવાલ ચણાઈ ગઈ જે દીવાલે અમારા ગૃહસ્થજીવનને, અમારા સંસારી જીવનને તબાહ કરી દીધું... સળગાવી દીધું...

ઉપરોક્ત હકીકતની સ્પષ્ટતા કર્યા પછી મારા દિલને, કાંઈ ખોટું થઈ રહ્યું છે કે હું કાંઈક ખોટું પગલું ભરી રહ્યો છું તેવું મારા મનમાં થતું નથી, જિંદગીમાં જે કોઈ બનાવો બની ગયા, જે બનાવો બની રહ્યા છે અને ભવિષ્યમાં જે કોઈ બનાવો બનશે તે ઈશ્વરેચ્છા સિવાય થતા નથી, માનીને આપણે



આપણા આત્માને સાંત્વન આપવું રહ્યું.

પ્રભુજી અને પિતાજીને માટે મારા મનમાં એક જ જગા છે... અરે, માતાપિતા તો મારા માટે ભગવાન કે ઈશ્વર કરતાં પણ વધુ મોંઘાં છે મૂલ્યવાન છે. અણમોલ છે. જે ઈશ્વરને આપણે જોયા નથી, પામ્યા નથી, ઓળખતા નથી. તે ઈશ્વરને જોયા વગર, ઓળખ્યા વગર, પામ્યા વગર, પૂરેપૂરા સંપર્કમાં આવ્યા વગર, તે તે પરમાત્માને મહાન માની આપણે અનેકગણી શ્રદ્ધાથી પ્રભુની પ્રાર્થના કરીએ છીએ. સેવાપૂજા કરીએ છે. તે વાત યોગ્ય છે... પરંતુ માતાપિતાને ઓળખીને, તેમની સ્નેહસરિતાના નીરમાં પવિત્ર થઈને, તેમણે કરેલા ભાવની કદરરૂપે તેમની સેવાપૂજા અને પ્રાર્થના કરવી જ જોઈએ... એ એક સત્ય સનાતન સત્ય છે... પિતાજી મેં મારા જીવનમાં બા, માટે અને તમારા માટે એકપણ પળની સેવાપૂજા અને પ્રાર્થના કરી નથી, જેથી મને ખૂબ જ દુઃખ છે ! મારા મનમાં એ વસવસો રહી જવાનો કે... હું... મારા પૂજ્ય માતાપિતાની સેવા, પૂજા, પ્રાર્થના, આરાધના ન કરી શક્યો...

બાપુજી, સાચાં સુખ, શાંતિ, સંતોષ, આનંદ, ઉમંગની શોધખોળ કરવા માટે, રઝળપાટ કરવા માટે, ઠેકઠેકાણે ભટકવા માટે મેં જરૂરી એવી થોડીઘણી રોકડ રકમ લીધી છે એ વાતનો એકરાર કરતાં મને શરમ નહિ આવે... કારણ કે મારે મારા ઘરમાંથી ચોર થઈને ભાગવું નથી.

અંતમાં મારી કોઈ જાતની ચિંતા ફિકર કરશો નહિ. હું જ્યાં જઈશ ત્યાં સુખી હોઈશ, સલામત હોઈશ, મજામાં હોઈશ કારણ કે તમારા આશીર્વાદ મારી સાથે જ છે અને મારી સાથે જ રહેવાના.

ઉપર જણાવ્યા પ્રમાણે વિકાસભાઈને બોલાવી વિકાસભાઈને બધો વહીવટ સોંપી દેતાં ખચકાશો નહિ. બાની તબિયત સારી રહે તેનો ખ્યાલ રાખશો. મારા નાનકડા રમકડાને, મારા વતી રમાડશો, વ્હાલ કરશો... ઉછેરજો...

પિતાજી, હવે હું રજા લઉં છું. મારી શોધખોળ રઝળપાટ, રખડપટ્ટી પૂરી થતાં હું ઘરે પાછો આવીશ... ક્યારે આવીશ તે નક્કી નહિ...!

તમને દુઃખી નહિ કરવા એવી મારા મનની સતત ઈચ્છા હોવા છતાં હું તમને દુઃખી કરી રહ્યો છું તે પણ જાણી જોઈને. મને માફ કરશો ને ?'

તમારો પુત્ર

- અમર

રડતાં રડતાં અમરે પોતાનો પત્ર પૂરો કર્યો. એ પત્રની ગડી વાળી એક પરબીડિયામાં મૂકી, કવર પર… 'પૂજ્ય પિતાજીને સાદર' લખ્યું. બીજો પત્ર વિકાસભાઈને ઉદ્દેશી લખ્યો…

*'વિકાસભાઈ !*

*અંજના અને રશ્મિની વિદાય પછી હું મારા જીવનમાં એકલો અટૂલો ભાગી રહ્યો છું. મને દરેક પળે દરેક ઘડીએ, બંનેની યાદ આવે છે. મને ખબર છે કે એકલા તમે જ મારી - અંજનાની લાગણીને જાણતા હતા, સમજતા હતા… અંજના અને હું તેમ જ મારી રશ્મિ એમ ત્રણ, એક નાવમાં, ત્રણ મુસાફરી કરનાર મુસાફરો હતાં. અંજના અને રશ્મિની વિદાયે મને ભરદરિયે એકલો અટૂલો બનાવી દીધો છે. મારા દિલમાં ઉમંગ નથી, તરંગ નથી, ઉલ્લાસ નથી, આનંદ નથી, સુખ નથી, સંતોષ નથી, તેથી જ હું મારા ઘરના મારા કુટુંબની, મારાં બા-બાપુજી, તૃપ્તિની તમામ જવાબદારીઓ. પેઢી, દુકાન અને વેપારક્ષેત્રની પણ તમામ જવાબદારીઓનો ભાર તમારા ખભે નાખીને હું સાચાં સુખ, શાંતિ, સંતોષ, ઉમંગ, ઉલ્લાસ, આનંદની શોધખોળમાં રખડવા, ભટકવા આ રંગપુર શહેર છોડી દુનિયામાં ખોવાઈ જવા ભાગી રહ્યો છું. કદાચ મારું પગલું તમને નહિ ગમે. વિકાસ મને સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે કે તું મેં જે તારામાં વિશ્વાસ મૂકેલો છે તે વિશ્વાસ અને શ્રદ્ધાને પૂરેપૂરી રીતે જીવંત રાખીશ. મેં તને જે જવાબદારીઓ સોંપી છે તે તમામ જવાબદારી પૂરેપૂરા ઉમંગ, તરવરાટ અને શક્તિ સાથે નિભાવીશ. જો તું તેમ કરવામાં અસફળ રહીશ તો એ મારા માટે અસહ્ય બની રહેશે… કારણ કે તું મારો વિશ્વાસ છે, આધાર છે… તું મારી લાકડી છે…*

*મારી રખડપટ્ટી, મારી શોધખોળ પૂરી થતાં હું પાછો આવીશ જ. સલામત રીતે, ફૂલની માફક હસતો, રમતો પાછો આવીશ, પણ વિકાસ, ત્યાં સુધી મારાં બા-બાપુજીને અને મારી દીકરીને સહીસલામત હસતાં રમતાં કોઈ બગીચાના ફૂલની જેમ સાચવીને રાખીશ એવાં મારાં તારી પ્રત્યેની શ્રદ્ધા-વિશ્વાસ અખંડ છે અને અખંડ રહેશે. ભગવાન તને પૂરી શક્તિ આપે. સાહસ આપે, જોમ આપે. તરવરાટ આપે, ઉમંગ આપે… હું ક્યારે પાછો આવીશ એ નક્કી નથી, પણ હું પાછો આવીશ એ વાત એક સનાતન સત્યની જેમ ખરી હકીકત છે, મને ખાતરી છે કે મનોરમાભાભી પણ તને સંપૂર્ણ સહકાર અને સહાય આપશે જ. મારાં માતાપિતા અને*



*મારી દીકરીને તારે હવાલે સોંપતાં મારા મનમાં કોઈપણ જાતનાં ખચકાટ, દ્વિધા કે કોઈ મૂંઝવણ થતાં નથી. મને આનંદ છે. તું સુખી રહે. બા-બાપુજી, તૃપ્તિ, મનોરમાભાભી, અજય સુખી રહે. દુનિયાના બધા લોકો સુખી રહો… વધુ લખતો નથી, તને બધું લખવાનું કે સમજાવવાનું, ભણાવવાનું ન હોય. હિંમત હાર્યા વગર જીવનસંગ્રામ લડજો. ફરીથી મળીશું.*

*તારો જ ભાઈ,*

*અમર*

અમરે વિકાસભાઈનો પત્ર રડતાં રડતાં પૂરો કર્યો, પત્રની ગડીવાળી અને કવરમાં વિકાસનું પૂરું નામ સરનામું લખી એ કવર પેલા કવર સાથે મૂક્યું.

-રાતના દોઢનો ટકોરો થયો… અમરે એક ચાદર, એક ઓશીકું, એક શેતરંજીનો બિસ્રો બાંધી દીધો. બગલથેલામાં બે લેઘાં, બે પહેરણ અને રૂમાલ, હાથરૂમાલ બીજાં જરૂરી એવાં થોડાંઘણાં કપડાં મૂક્યાં. જરૂરી એવા થોડાઘણા રૂપિયા લઈ લીધા… પોતે ચંપલ પહેરીને ધીમે પગલે નીચે ઊતર્યો બા-બાપુજી જાગી ન જાય તે રીતે હળવાં હળવાં પગલાં માંડી તેમની રૂમ સુધી ગયો.. અધખુલ્લા દ્વારેથી અંદર પ્રવેશીને બાબાપુજીના ચરણનો સ્પર્શ કરી લીધો… નાનકડા ઘોડિયામાં સૂઈ રહેલી 'તૃપ્તિ'ને માથે હાથ ફેરવી લીધો. આંખોમાંથી વહી જતાં ગંગાજમનાને મહાપરાણે રોકી, ખાળવા પ્રયત્ન કરતો અને તમામ પ્રયત્નો નિષ્ફળ જતાં વહી જતાં આંસુઓ, ગંગાજમનાની ધાર સાથે અમર પોતાનું ઘર છોડી દુનિયાના અંધકારમાં ઓગળી ગયો. ટ્યૂબલાઇટના સાફ રસ્તા પરની ટ્યૂબલાઇટો પોતાનાં અપલક નયને આ પંથ ભૂલ્યા પથિકને કોઈ નવો જ સાર, નવો જ માર્ગ શોધવા નીકળી પડેલા અમરને રડી રડીને વિદાય આપતી હતી. રાત્રિ પણ મૌન રહી રહીને તેમાં સાથ પુરાવતી હતી… દૂર દૂર અમર ધીમે ધીમે… હાથમાં બિસ્રો, ખભે બગલથેલો રાખીને ચાલ્યો જતો હતો. હવામાં ઓગળી જતો હતો કોઈ નવા જ સુખની શોધમાં…!!!

■